
# મરણ સમાધિ : એક અધ્યયન



ડૉ. અરુણા મુકુન્દકુમાર લઠ્ઠા

# મરણસમાધિ

(મરણસમાધિ પયન્નાનું સમીક્ષાત્મક અધ્યયન)

ડૉ. અરુણા મુકુંદકુમાર લઠ્ઠા

સ્થાપના : ઈ.સ. ૧૯૧૫

મહાવીર જૈન વિદ્યાલય,

મુંબઈ.

# MARAṆ-SAMĀDHI

© Parimal Lattha

**Copy** : 500

**1st Edition :** 2000

**Price :** Rs. 50/-

**Published by :**
Mahavir Jain Vidyalaya, August Kranti Marg,
Mumbai - 400 036.

**Available at :**
Mahavir Jain Vidyalaya,
Mumbai / Ahmedabad.

**Graphics :**
Rakesh H. Shah
Rakesh Computer Centre,
272, Celler, B.G. Tower, Delhi Gate,
Ahmedabad- 380 004
Phone : 6303200

## પ્રકાશકીય

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે, યુગપુરુષ આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સાહેબે ચીંધેલા માર્ગ પર ચાલવાના પ્રયાસ રૂપે જૈન ધર્મ પરના સંશોધન-અધ્યયન-અભ્યાસને પણ ખૂબ જ મહત્ત્વ આપ્યું છે જૈન ધર્મ વિષે અભ્યાસ-સંશોધન કરતાં ભાઈબહેનોને પ્રોત્સાહિત કરવા જૈન ધર્મના જ્ઞાનના વિસ્તરણને વરેલી આ સંસ્થાએ ડો.અરુણાબેન મુકુંદકુમાર લઠ્ઠાએ તૈયાર કરેલ એક અધ્યયન ગ્રંથ "મરણસમાધિ પ્રકીર્ણક" ને પ્રકાશિત કરતા હર્ષ અનુભવે છે. ડો.અરુણાબેન મુકુંદકુમાર લઠ્ઠાએ તૈયાર કરેલ મહાનિબંધ "મરણસમાધિ- પ્રકીર્ણક" ને ગુજરાત યુનિવર્સિટીએ માન્યતા આપતાં પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે જે આપણા સૌ માટે ખૂબ જ ગૌરવની વાત છે.

પરમપ્રભુ મહાવીરના આગમોનો અને ખાસ કરીને "મરણસમાધિ-પ્રકીર્ણક" નું સરળ અધ્યયન-અભ્યાસ એ આ પુસ્તકની રચનાનું મહત્ત્વનું અંગ છે. આ ગ્રંથ સંશોધનાત્મક અને અનુવાદાત્મક એમ બન્ને દૃષ્ટિએ ઉત્તમ છે. તેમજ તેનું અધ્યયન વ્યક્તિને જીવનના અંતિમ સમયે પણ સ્વસ્થ રાખે છે અને સમજાવે છે કે અંતિમ સમયની સમાધિ અને સ્વસ્થતા મરણને વિશુધ્ધ બનાવે છે. અંત સમયની આરાધનાનું વર્ણન કરતાં આ પ્રકીર્ણકમાં આત્મકલ્યાણની ભરપૂર સામગ્રી છે. મૃત્યુની વાત સામાન્ય માણસને ડરાવી મૂકે છે પરંતુ જૈન ધર્મમાં અનશન, સંથારો, સંલેખના, સમાધિમરણ અને એ માટેની પૂર્વ તૈયારીની જે વિચારણા કરી છે તે દુનિયામાં અજોડ છે.

જૈન ધર્મ પ્રમાણે ઉત્તમ રીતે જીવન જીવવું એ જ પૂરતું નથી. પરંતુ જીવનના અંતિમ સમયે સમાધિપૂર્વક મૃત્યુને વરવું એ પણ એટલું જ આવશ્યક છે. **સમાધિ વગરનું મૃત્યુ એ અનંતવાર જન્મ-મરણનું કારણ બને છે.** આ છે આ મહાનિબંધનો આપણને સંદેશ-સરળ-સમજાઈ શકે તેવી ભાષામાં. શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેની આગવી પરંપરા પ્રમાણે જૈન ધર્મના

આગમોને સરળ ભાષામાં- જે સાધુ તથા શ્રાવક બન્નેને સમજાય તે રીતે પ્રકાશિત કરવાનું કાર્ય અવિરત ચાલુ રાખી જૈન સમાજની ધર્મ જ્ઞાન પિપાસાને સંતોષવાના પ્રયાસો ચાલુ રાખશે.

ડો.અરુણાબેન લઠ્ઠાએ આ અધ્યયનગ્રંથ તૈયાર કરી જૈન સમાજ સમક્ષ મૂકવાની જે તક શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આપેલ છે તે બદલ તેઓશ્રીના અને તેઓશ્રીના અનેક જ્ઞાત અજ્ઞાત સહકાર્યકરોના અમો આભારી છીએ અને વીરપ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે ડો.અરુણાબેન લઠ્ઠાને જૈન ધર્મના આગમો-સૂત્રો પર સંશોધન/અભ્યાસ જાળવી રાખી પ્રેરણાદાયી જૈન શાસનની સેવા અવિરત ચાલુ રાખે એવી શુભેચ્છા.

"મરણસમાધિ-પ્રકીર્ણક" એક અધ્યયન ગ્રંથને પ્રકાશન કરવાની અમોને પ્રેરણા આપનાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના અમો ઋણી છીએ.

આગમોના સંશોધન અને પ્રકાશન માટે "શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ પ્રકાશન ટ્રસ્ટ" ની ખાસ રચના કરવામાં આવી છે. જેના હાલના ટ્રસ્ટીઓ નીચે મુજબ છે.

૧. શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશી
૨. શ્રી કાન્તભાઈ સાકરચંદ વસા
૩. શ્રી ચંદુલાલ ભાઈચંદ શાહ
૪. શ્રી અશોકભાઈ કાંતિલાલ કોરા
૫. શ્રી નવનીતભાઈ ખીમચંદ ડગલી

જૈન ધર્મના અભ્યાસી અને જ્ઞાનપિપાસુ જૈન સમાજ તથા અન્ય માટે આ અધ્યયન ગ્રંથ કંઈક નવીન જ્ઞાનની જ્યોત જગાવશે એવી આશા સાથે વિરમીએ છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ,
મુંબઈ- ૪૦૦૦૩૬
તા. ૨૭-૧-૨૦૦૦

શ્રી ખાંતિલાલ ગોકળદાસ શાહ
શ્રી કાંતભાઈ એસ.વસા
સુબોધરત્ન ચીમનલાલ ગારડી
માનદ્મંત્રીઓ

# જીવનની સફળતાની ચાવી -સમાધિમરણ

આ.વિજય હેમચન્દ્રસૂરિજી
માગ-વ-૧૧. નંદનવન

**જીવનનો છેલ્લો સરવાળો છે મરણ.**

એના ઉપર જ જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર છે. જીવન ગમે તેટલું સારૂં વીત્યું હોય પણ છેલ્લે જો સમાધિમરણની પ્રાપ્તિ ન થઈ તો સમજવાનું કે જીવનની બાજી હારી ગયા અને જીવન કદાચ તેવું આરાધના-સાધનામય ન પણ વીત્યું હોય છતાં છેલ્લે જો સમાધિમરણની પ્રાપ્તિ થઈ ગઈ તો ચોક્કસ સમજવાનું કે જીવનની બાજી જીતી ગયા.

ઘણો મહિમા ગાવામાં આવ્યો છે જૈન શાસનમાં આવા સમાધિમરણનો. એટલા માટે તો પ્રાર્થનાસૂત્રમાં ભગવાનની આગળ એની માંગણી કરવામાં આવી છે.

છુટક છુટક તો અનેક ગ્રંથોમાં એનું નિરૂપણ મળે જ છે પણ 'સમાધિમરણ-પ્રકીર્ણક' તો ખાસ એ માટે નો આગવો ગ્રંથ જ છે. એનો સ્વાધ્યાય/વાચન/મનન કરનારને અચુક સમાધિમરણની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. શ્રી અરુણાબેન લઠાએ વર્ષોના પરિશ્રમ દ્વારા એના ઉપર મહાનિબંધ લખ્યો અને આજે તેના સારભૂત લખાણના સંગ્રહરૂપ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે એ આનંદની વાત છે. જે નિષ્ઠાભર્યા પુરુષાર્થનું આવું સુંદર મજાનું ફળ તેમણે મેળવ્યું છે તે જ રીતે તેઓ પોતાની જ્ઞાનયાત્રાને આગળ ને આગળ વિકસાવતા રહે એવા અંતરના આશિર્વાદ.

# આનંદની ઘટનાને વધાવીએ

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પરંપરામાં પિસ્તાલીસ આગમ ગ્રંથોનુ ખૂબ જ મહત્ત્વ છે-ઘણો મહિમા છે તેમાં પયન્ના ગ્રંથોનું એક આગવું સ્થાન છે. પ્રભુ મહાવીર મહારાજાના શિષ્યોએ પ્રભુની વાણીનું શ્રવણ કરીને વ્યક્તિગત વિષયની પસંદગી મુજબ જે નાની-નાની એક-એક વિષયને આશ્રિને જે પ્રાકૃતમાં રચના કરી તે પયન્ના. સંસ્કૃત શબ્દ પ્રકીર્ણક છે, ચાલુ ભાષામાં જુદા જુદા વિષયના પ્રકરણો.

આ પયન્ના ગ્રન્થોમાં મરણ અને પચ્ચક્ખાણ સંબંધી પ્રકરણોની સંખ્યા વિશેષ છે તેમાં આ સમાધિમરણ પયન્નો ઘણાં ઉત્તમ ભાવોથી ભરેલો છે. પ્રાકૃત ભાષાબધ્ધ પદ્યો મંત્રાક્ષર તુલ્ય છે. તેનું અધ્યયન શ્રી અરૂણાબહેને કર્યું. તે પછી તેના ઉપર મહાનિબંધ લખ્યો તેથી તેમને એના એક એક શબ્દની ભીતર જવાનું બન્યું છે. અને તેની અર્થ વિચારણાથી તેમને આત્મિક લાભ પણ થયો છે. આવો લાભ બીજા જીવોને પણ થાય તેવા શુભાશયથી તેમાંથી સારવીને આ સંકલન પ્રકાશિત થઈ રહ્યું છે તે આનંદની ઘટના છે.

જૈન શિક્ષિત બહેનો આ રીતે પ્રાકૃત ભાષાના ગ્રંથોનું અધ્યયન કરે પરિશીલન કરે તે તરફ તેઓ આના દ્વારા આંગળી ચીંધે છે તે પ્રેરણા બીજા ઝીલી લે અને તેઓ પણ આવા જ બીજા પ્રાકૃત ગ્રંથોના અધ્યયનમાં મંડ્યા રહે તેવી શુભકામના સાથે.

શ્રી નંદનવનતીર્થ — પ્રદ્યુમ્નસૂરિ

માગ.વ.૧૧

રવિ. તા. ૨-૧-૨૦૦૦

# આશીષ અને અપેક્ષા

સાતેક વર્ષ પહેલાં, અમદાવાદની સ્થિરતાના ગાળામાં, ગુરુભક્ત શ્રાવક મુકુંદભાઈએ, તેમનાં પત્ની સૌ. અરૂણાબહેને 'મરણસમાધિ - પ્રકીર્ણક' ઉપર Ph.D. માટેનો શોધનિબંધ તૈયાર કર્યો હોવાનું મને કહ્યું, ત્યારે મારા ચિત્તમાં જે અચંબો પેદા થયેલો, તે આજે પણ શમ્યો નથી. અચંબો એ થાય કે એક રૂઢ- Tipical- જૈન કુટુંબની પરિણીત સ્ત્રી પ્રાકૃત શીખે ? અને અનુસ્નાતક કક્ષાનું અધ્યયન કરે ?

જૈન ભાઈઓ/ બહેનો ભણતાં નથી એવું નથી. અસંખ્ય જૈન યુવક-યુવતીઓ ડિગ્રી અને ડિપ્લોમાના કોર્સ કરતાં જ હોય છે. વળી, તેઓ ધાર્મિક ભણવાનું ટાળે છે તેવું પણ સાવ નથી. ઘણાં ભાઈ-બહેનો જૈન ધર્મનાં સૂત્રો, તેના અર્થ ઈત્યાદિ ભણતાં હોય તો છે કયારેક તો પરણ્યાં પછી પણ ભણે છે. પરંતુ, પ્રાકૃત ભાષા અને સાહિત્યને મુખ્ય વિષય બનાવીને લગ્ન કર્યા પછી અને ઘરસંસારની તથા પતિ-બાળકોની સઘળી જવાબદારી નિભાવવાની સાથે સાથે પણ, ડિગ્રી કોર્સ કરવો, તેમાં ઉચ્ચ ગુણવત્તાથી ઉત્તીર્ણ થવું, અને પછી ડોક્ટરેટ સુધી પહોંચવાના મનોરથ સાથે 'મૃત્યુ' ની વિભાવનાને લઈને રચાયેલા આગમ ગ્રંથ 'મરણ સમાધિ-પ્રકીર્ણક' નો અભ્યાસ કરવો, તે તો સાચ્ચે જ, મારા જેવાને હેરત પમાડી જાય તેવી ઘટના છે. સરેરાશ વણિક વૃત્તિ ધરાવતા મધ્યમવર્ગીય જૈન પરિવારની ગૃહિણીમાં આવો રસ જાગવો, અને તેના પતિ તથા બાળકો તેને આમાં પૂરો સહયોગ આપે, તે તો ખરેખર દુર્લભ ઘટના છે. આ માટે પ્રથમ અને અધિક અભિનંદનના અધિકારી અરૂણાબહેનના પરિવારજનો છે, તે નિઃશંક.

શ્રી અરુણાબહેને સરસ અભ્યાસ કર્યો છે. પોતાના વિષય પરત્વે તેમણે પૂરી નિષ્ઠાથી કામ કર્યું છે, તેમ આ નિબંધ વાંચતા જણાઈ આવે છે. હું

સમજ્યો છું ત્યાં સુધી તેમનું એકમાત્ર લક્ષ્ય હતું : અધ્યયન. ભાષા, સાહિત્ય અને તેથી યે વધુ પોતાના વિષયનો બોધ પ્રાપ્ત કરવો તે જ તેમની લગની હતી. ડિગ્રી કે અન્ય લાભો તો તેમને મન આનુષંગિક બાબતો અથવા આડલાભ હતાં. અને તે બધા તો તેમને મળ્યા જ; પરંતુ તેમને મન તો 'અધ્યયન' કરવા મળ્યાનો પરિતોષ જ સૌથી વધુ અગત્યનો છે, એમ હું જોઈ શક્યો છું. અને એ જ મહત્ત્વનું છે.

અરુણાબહેનના આ અધ્યયન કાર્યને અભિનંદનો તો આપું જ; સાથે એવી અપેક્ષા પણ વ્યકત કરું કે અધ્યયન પછીનો તબક્કો પરિશીલનનો ગણાય. તેઓ આ ગ્રંથનુંઊંડું મનન-ચિંતન અને પરિશીલન કરે, અને આ વિષયનાં ઊંડા રહસ્યોનું અનાવરણ કરીને જૈન દષ્ટિએ મૃત્યુની વિભાવના વર્ણવતો એક બીજો ચિંતન-ગ્રંથ આપણને આપે.

પ્રાકૃત ભાષાના અધ્યયન- સંશોધનના ક્ષેત્રે આજે લગભગ શૂન્યાવકાશ અનુભવાય છે. રૂઢિચુસ્ત જૈનોને 'શાસન પ્રભાવના' શબ્દ જેટલો વહાલો છે તેટલો શાસનના આધારસ્તંભસમા શ્રુતજ્ઞાન અને જૈનાગમો વહાલાં નથી, કે નથી વહાલી તે આગમોની કેવલજ્ઞાની- પ્રણીત પ્રાકૃત ભાષા. આ સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે એક ધર્મપરાયણ પરિવારની ગૃહિણી આવું સરસ અધ્યયન કરે તે કેટલું બધું સંતર્પક બને ! શ્રી અરુણાબહેનને ફરી ફરી અભિનંદન અને આશીર્વાદ.

તા. ૯-૧-૨૦૦૦ **– શીલચન્દ્ર વિજય**

H. C. Bhayani

C/o. Utpal Bhayani
12, Madhuvan,
81 Sarasvati Road,
Santacruz (W.)
Mumbai-400054
20-01-2000

Dear Dr. Mrs. Aruna Lattha

I am happy to learn that your Ph.D. thesis on the Āgamic Text Maraṇa-Samādhi will be shortly published. Yours will be the first full-length study of that important work that prescribes voluntary mode of death according to the Jain tradition. Your comparative notes relating to this theme in the other religious and non-religious traditions would provide a large perspective.

I sincerely hope your research work in the area of the Jain Āgams will continue.

With best wishes,

Yours sincerely

S/d. H. C. Bhayani

# બે બોલ

આદિકાળથી જગતભરના ચિંતકોએ મૃત્યુ વિષે ચિંતન કરેલ છે, તે જ રીતે જૈન ધર્મના પ્રાચીન આચાર્યોએ પણ મૃત્યુ વિષે ખૂબ જ ઊંડાણથી ચિંતન કર્યું છે. આગમોમાં અનેક સ્થળોએ આ મૃત્યુચિંતન વિવિધરૂપે વ્યક્ત થતું જણાય છે, અને તે પછી તો અનેક સ્વતંત્ર ગ્રંથો પણ માત્ર મૃત્યુના જ કેન્દ્રવર્તી વિચાર લઈને રચાયા છે.

પિસ્તાલીસ આગમગ્રંથોમાંના અંતિમ ગ્રંથો ગણાતા એવા પ્રકીર્ણકોમાં મૃત્યુને લગતાં ઘણા બધા નાના મોટા ગ્રંથો મળે છે. મરણસમાધિ પ્રકીર્ણક પણ આવી જ એક રચના છે. જૈનાચાર્યોએ સમગ્ર જીવન દરમ્યાન કર્મથી મુક્ત થવા માટે અનેક પ્રકારના આરાધનાના માર્ગો વિકસાવ્યા છે તેમાં જ અનિવાર્ય એવા મૃત્યુને લક્ષમાં રાખી અંતિમ આરાધના એટલે કે મૃત્યુ પૂર્વે કરવાની આરાધના વિષે વિચાર કર્યો છે. મરણસમાધિ ગ્રંથમાં આ વાત-અંતિમ આરાધના વિષયક અત્યંત સૂક્ષ્મ વિગતો આલેખાઈ છે.

મરણસમાધિ પ્રકીર્ણક આમ તો એક સંગ્રહ ગ્રંથ છે, જેની રચના કોઈ અજ્ઞાત આચાર્યે ૧૧ મી શતાબ્દી પછી કરી છે. તેઓએ પોતાના સમયમાં મળતી આઠેક જેટલી સમાધિમરણને લગતી રચનાઓનો આધાર લીધો છે. આમ મરણસમાધિ પ્રકીર્ણક જેન ધર્મની મૃત્યુને લગતી આરાધનાના તમામ પાસાઓને આવરી લેતો ગ્રંથ બન્યો છે. તેના અભ્યાસથી જૈનધર્મમાં મોક્ષમાર્ગના આરાધકે જીવનના અંત સમયે કેવી રીતે આરાધના કરવી કે જેથી કરીને તે સુખપૂર્વક મૃત્યુને ભેટે તેનું વિસ્તૃત-નિરૂપણ કરાયેલ છેં.

મૃત્યુચિંતનના અર્થાત્ અંતિમ આરાધનાને લગતા બીજા પાંચેક પ્રકીર્ણકો ઉપલબ્ધ છે પરંતુ તે બધામાં પણ મરણસમાધિ વિસ્તૃત અને અંતિમ આરાધનાને લગતી બધી બાબતને આવરી લેતું હોઈ વધુ મહત્વપૂર્ણ છે. આથી જયારે

અરુણાબેને મારી પાસે પીએચ.ડી. કરવા માટે વિષય આપવા કહ્યું, ત્યારે મારા મનમાં તેમની દૃઢ ધર્મભાવના જોઈ તેમને મેં આ વિષય સૂચવ્યો અને મને સંતોષ છે કે તેમણે પોતાની સમગ્ર શક્તિપૂર્વક અભ્યાસ કરી. "મરણસમાધિ પ્રકીર્ણક -એક અધ્યયન" મહાનિબંધ લખ્યો, અને તેના ઉપર પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરી.

આજે તે પુસ્તક રૂપે પ્રગટ થાય છે તે મારા માટે અત્યંત આનંદની વાત છે. અભ્યાસીઓ તથા જૈન ધર્મના ભાવકો બન્ને માટે આ પુસ્તક ઉપયોગી બની રહેશે.

૧૯-૧-૨૦૦૦ — ૨.મ.શાહ

# સમર્પણ

જેમણે મને અણમોલ માનવજીવનનું પ્રદાન કર્યું

તથા ધર્મના સંસ્કારોથી તેને વાસિત કર્યું  તેવા મારા

પરમ પૂજ્ય સદ્‌ગત માતુશ્રી મણિબેન અંબાલાલ શાહ

તથા

પરમ પૂજ્ય સદ્‌ગત પિતાશ્રી અંબાલાલ હેમચંદ શાહના

ચરણકમળમાં.....

# આમુખ

અધ્યયનના ક્ષેત્રથી ઘણા વર્ષો દૂર રહ્યા પછી લગભગ ૨૨ વર્ષે શુભ પુન્યોદયથી લા.દ. વિદ્યામંદિરમાં દેવનાગરી લિપિ શીખવાનો મોકો મળ્યો, સાથેસાથે આગમિક સાહિત્ય વિષે પણ થોડું જાણવાનું મળ્યું; પ્રાકૃત ભાષાની રુચિ વધતા એમ.એ.કર્યું, તે પછી પીએચ.ડી. માટે વિષય નક્કી કરતાં પરમ પ્રભુ મહાવીરના આગમોનો યત્કિંચિત સ્વાધ્યાય કરી શકાય એ ઉદ્દેશ મુખ્યપણે રાખ્યો હતો, આથી મેં પીએચ.ડી.ના મહાનિબંધ તરીકે મરણસમાધિ પ્રકીર્ણકનું અધ્યયન કરવાનું નક્કી કર્યું. પ્રસ્તુત ગ્રંથ મરણસમાધિ પ્રકીર્ણકના અધ્યયનવાળા મારા મહાનિબંધનું જ સંકલિત રૂપ છે.

આગમમાં પ્રકીર્ણકસૂત્રોના માળખામાં આવેલા ઘણા પ્રકીર્ણકોનું સંશોધન, અધ્યયન હજુ બાકી છે. ૬૬૧ ગાથાઓવાળા પ્રસ્તુત પ્રકીર્ણકનું, સમાધિમરણને લક્ષમાં રાખીને લખાયેલાં છએક પ્રકીર્ણકોમાં પોતાનું આગવું સ્થાન છે. આવા પ્રકીર્ણકનું અધ્યયન કરવાની તક મને મળી તે માટે હું ધન્યતા અનુભવું છું. આ માટે મારા માર્ગદર્શક પ્રાધ્યાપક ડો.રમણીકભાઈ શાહે મને શરૂથી જ પ્રોત્સાહન આપ્યું તથા મરણસમાધિ પ્રકીર્ણકની સમજૂતી આપી. વળી પ્રસ્તુત પુસ્તક માટે પણ 'બે બોલ' લખી આપ્યા તે બદલ હું તેમની આભારી છું.

અજ્ઞાતકર્તૃક મરણસમાધિ ગ્રંથ મરણવિષયક વિચારણાનો એક તાત્ત્વિક ગ્રંથ છે. જીવનના અંતિમ સમયે સમાધિ તથા સ્વસ્થતા રાખવાથી મરણ વિશુધ્ધ બને છે; એ મુખ્ય વિષયને આવરી લેતાં મરણસમાધિ ગ્રંથમાં સમાધિની આવશ્યકતા, આલોચના, પ્રાયશ્ચિત, પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) બાર ભાવના, પરિસહ, સંલેખના આદિ વિષયોની સમજૂતી મળે છે. બે પ્રકારના મરણ-બાલમરણ તથા પંડિતમરણનું સ્વરૂપ અહીં જાણવા મળે છે. તથા તે પ્રકારે પંડિતમરણને સમાધિપૂર્વક પામેલા અનેક મહાપુરુષોના દૃષ્ટાંતો પણ ગ્રંથકારે અહીં મૂક્યા છે. તિર્યંચયોનિમાં રહીને પણ જીવ સમાધિ કેવી રીતે રાખી શકે છે તે પણ આપણને જાણવા મળે છે. જૈન મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષામાં લખાયેલા પ્રસ્તુત ગ્રંથનો રચનાસમય લગભગ બારમી શતાબ્દીનો છે.

આગમના અધ્યયનના આ કાર્યમાં સૌ પ્રથમ મને દોરવણી આપનાર, તથા વખતોવખત પ્રોત્સાહન તથા સૂચન આપનાર શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરના સમુદાયના પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરીજીની હું સદાયે ઋણી રહીશ. મરણસમાધિ ગ્રંથમાં આવેલી ઘણી કઠીન ગાથાઓની સમજૂતી-અનુવાદમાં પૂજ્ય આચાર્યશ્રી શીલચન્દ્રસૂરિજીએ ઘણું જ માર્ગદર્શન આપ્યું છે તે બદલ હું તેમની પણ ઋણી છું. વળી મારા આ કાર્યને "આનંદની ઘટના" દર્શાવી માનસિક બળ આપનાર પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીનો પણ હું ઘણો આભાર માનું છું.

પૂજ્ય આગમ પ્રભાકર મુનિ શ્રી પુન્યવિજયજી મહારાજ સાહેબે ઘણા પ્રકીર્ણકોનું સંશોધન કર્યું હતું. પંડિત અમૃતલાલ ભોજકે સંપાદિત કરેલ આ પ્રકીર્ણકો બે ભાગમાં મહાવીર જૈન વિદ્યાલયે પ્રકાશિત કરેલ છે. આ ગ્રંથો મને ખાસ ઉપયોગી બન્યા છે. આ માટે હું પં.અમૃતલાલભાઈનો અત્રે આભાર માનું છું.

આગમ સાહિત્યના પ્રખર અભ્યાસી પંડિત દલસુખભાઈ માલવણિયા તથા અન્ય વિદ્વાનોના ગ્રંથોનો મેં ઉપયોગ કર્યો છે તે માટે સહુનો અત્રે આભાર માનું છું. પ્રાકૃત ભાષાના મૂર્ધન્ય વિદ્વાન ડો.ભાયાણી સાહેબ અને ડો.કે.આર.ચન્દ્રાસાહેબે જયારે પણ જરૂર પડી ત્યારે પ્રેમપૂર્વક માર્ગદર્શન આપ્યું છે તે માટે હું તેમની ઋણી છું. લા.દ.વિદ્યામંદિરના સર્વ કર્મચારીઓના સાથ બદલ તે સર્વેનો પણ અત્રે આભાર માનું છું.

આ ઉપરાંત વિજય રામસૂરીજી ડેલાવાળાનો જૈન જ્ઞાનભંડાર, આંબાવાડી જૈન જ્ઞાનભંડાર, શારદાબેન ચીમનલાલ સંસ્થાનો મને જે સહકાર સાંપડ્યો છે તે બદલ હું સૌનો આભાર માનું છું. દિગંબર ગ્રંથ "ભગવતી આરાધના" ઘણા સમય સુધી મને ન મળતાં તેને મહાવીર જૈન દિગંબર મંદિરમાંથી (કૉમર્સ કોલેજ પાસે-નવરંગપુરા) મેળવી આપવા માટે કરેલી સુરેશભાઈની મહેનતને પણ હું યાદ કરું છું.

આ બધાનો સાથ હોવા છતાં જ્ઞાનના આ યજ્ઞમાં મને પરાણે ઘસડી જનાર અને અંતે તેને પૂર્ણ કરાવવામાં વચનબધ્ધ એવા મારા જીવનસાથીનો

કદાચ સાથ મને ન મળ્યો હોત તો આમાંનું કંઈ પણ શક્ય ન બનત.

મારા બન્ને બાળકો ચિ.મોના તથા ચિ.પરિમલે ખૂબ જ સાહજિકતાથી મારા કાર્યને વધાવ્યું છે. શરૂઆતથી અંત સુધી તે બંનેનો મને સાથ રહ્યો છે, મારા પ્રત્યેની તે બન્નેની લાગણી તથા ધર્મ પ્રત્યેનો તેમનો અહોભાવ ભૂલાય એમ નથી.

મારા પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટીઓએ રસ લીધો તથા મંજૂરી આપી તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટીગણનો હું આભાર માનું છું.

આચાર્યશ્રી શીલચન્દ્રસૂરિજીએ પુસ્તકના પ્રકાશનમાં રસ લઈને મને સતત પ્રોત્સાહિત કરી છે, ધીરજ આપી છે તે અમારા જેવા ગૃહસ્થને માટે ઘણી આનંદની વાત છે. તેમણે રાખેલી અપેક્ષા તથા પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ રાખેલી શુભકામનાને હું પૂરી કરી શકું તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

સુંદર આવરણ ચિત્ર કરી આપવા બદલ આચાર્યશ્રી શીલચન્દ્રસૂરિજીના ભક્ત શ્રી જબીર કુરેશી નામના નવોદિત ચિત્રકારનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તથા ટાઈટલ ડીઝાઈન તૈયાર કરવા બદલ શ્રી આનંદભાઈ શાહનો પણ આભાર માનુ છું.

શ્રી રાકેશ કોમ્પ્યુટર સેન્ટરવાળા શ્રી રાકેશભાઈએ રસપૂર્વક પુસ્તકનું મુદ્રણ કર્યું છે, તેમનો પણ હું આભાર માનું છું.

તા.૨-૧-૨૦૦૦

**અરુણા એમ. લઢા**
ડી-૭, સુકૃતિ ફલેટ્સ,
માણેકબાગ, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| **પ્રકરણ - ૧.૧** | **પ્રકીર્ણક સાહિત્ય** | ૧-૯ |
| | (ક) વ્યાખ્યા અને લક્ષણ | |
| | (ખ) કર્તા-સમય-ભાષા-શૈલી-વિષય | |
| | (ગ) પ્રકીર્ણકોના વિકાસ તથા પ્રકીર્ણકોની સંખ્યા અંગે વિવિધ મત | |
| **૧.૨** | **પ્રકીર્ણકોનો પરિચય-કર્તા-સમય-ભાષા-શૈલી-વિષયના આધારે** | ૧૦-૪૮ |
| **પ્રકરણ-૨** | **સમાધિ વિષયક અન્ય પ્રકીર્ણકો તથા મરણસમાધિ પ્રકીર્ણકનો સામાન્ય પરિચય** | ૪૯-૮૩ |
| | (૧) ભૂમિકા | |
| | (૨) ચઉશરણ પયન્ના (ચતુઃશરણ) | |
| | (૩) મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન) | |
| | (૪) આઉરપચ્ચક્ખાણ (આતુરપ્રત્યાખ્યાન) | |
| | (૫) ભત્તપરિણ્ણા (ભક્ત પરિજ્ઞા) | |
| | (૬) સંથારગ (સંસ્તારક) | |
| | (૭) મરણસમાહિ (મરણસમાધિ) | |
| | ક. કર્તા તથા સમય | |
| | ખ. ભાષા અને શૈલી | |
| | ગ. મરણસમાધિમાં સંભવિત પ્રકરણો. | |
| | ઙ મરણસમાધિ પ્રકીર્ણક વિષયવસ્તુ (ગાથાવાર પરિચય) | |
| **પ્રકરણ - ૩** | **મરણસમાધિ પ્રકીર્ણકના વિષયવસ્તુનું તુલનાત્મક અધ્યયન** | ૮૪-૧૫૪ |
| | (૧) ભૂમિકા | |
| | (૨) સાધુજીવનવ્યવહારના અનેક આનુષંગિક મુદ્દાઓ | |

(૩) તુલનાત્મક અધ્યયન માટે લીધેલા નવ મુદ્દાઓ.
મરણના પ્રકાર (૮૯) સમાધિ અસમાધિ (૧૦૯)
સમાધિમરણસ્વરૂપ(૧૧૫) આરાધના (૧૩૪)
આલોચના (૧૩૫) તપ (૧૩૮)
પ્રત્યાખ્યાન(૧૪૧) પરીષહ ઉપસર્ગ (૧૪૨)
બાર ભાવના (૧૪૮)

**પ્રકરણ - ૪ મરણસમાધિ પ્રકીર્ણકમાંની દૃષ્ટાંત કથાઓ ૧૫૫-૨૦૨**

૧. ભૂમિકા
૨. આગમોમાં કથા
૩. જાણવા મળતા વિવિધ વિષયો
૪. સમાધિ અને બોધિ દ્વારા અનંત જન્મોનો નાશ
૫. સમાધિમરણને ભેટનાર અને મહાપુરૂષોના દૃષ્ટાંતો

**પ્રકરણ - ૫ જૈનેતર અને જૈન મરણવિચારધારા-એક તુલના ૨૦૩-૨૧૬**

**પરિશિષ્ટો**

૧. ઈતર ગ્રંથોની સાથે મરણસમાધિ ગ્રંથની સમાન ગાથાઓની સૂચિ ૨૧૭-૨૨૧
૨(અ) મરણસમાધિ ગ્રંથમાં આવતાં દૃષ્ટાંતોના આગમ અને અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખ સ્થાનો(૧) ૨૨૨-૨૨૪
૨(બ) મરણસમાધિ ગ્રંથમાં આવતાં પરિષહોનો દૃષ્ટાંતોના આગમ તથા અન્ય ગ્રંથોમાં ઉલ્લેખ-(૨) ૨૨૫-૨૨૭
૩. ઉપયોગમાં લીધેલ પુસ્તકોની સૂચિ ૨૨૮-૨૩૫
પુસ્તકમાં આવતાં સંકેત ચિહ્નો ૨૩૬

# મરણસમાધિ : એક અધ્યયન

तण- कट्ठेण व अग्गी लवणसमुद्दो व नइसहस्सेहिं।
न इमो जीवो सक्को तिप्पेउं काम-भोगेहिं ॥ २४९ ॥

तृણ (ઘાસ) કે કાષ્ટ (લાકડા) વડે (જેમ) અગ્નિ, હજારો નદીઓના પાણી વડે (જેમ) લવણસમુદ્ર ધરાતો નથી (તેમ) જીવને પણ કામ-ભોગથી તૃપ્ત કરવો શક્ય નથી. (૨૪૯)

धीरेण वि मरियव्वं काउरिसेण विं अवस्स मरियव्वं ।
तम्हा अवस्समरणे वरं खु धीरत्तणे मरिउं ॥ ३२२ ॥

ધીર પુરૂષને પણ મૃત્યુ આવવાનું છે તથા કાયર પુરૂષને પણ મૃત્યુ અવશ્ય ભેટવાનું છે, અવશ્ય એવા મરણને તેથી ખરેખર પૂર્ણ ધીરતાપૂર્વક (સમભાવપૂર્વક) ભેટવું સારૂં. (૩૨૨)

## પ્રકરણ - ૧.૧ પ્રકીર્ણક સાહિત્ય

तव-नियम-नाणरुक्खं आरूढो केवली अमियनाणी ।
तो मुयई नाणवुट्ठिं भवियजणविबोहणट्ठाए ॥
तं बुद्धिमएण पडेण गणहरा गिण्हिउं निरवसेसं ।
तित्थयरभासियाइं गंथंति तओ पवयणट्ठा ॥[1]

તપ-નિયમ-જ્ઞાનમય વૃક્ષ ઉપર આરૂઢ થઈને અનંતજ્ઞાની કેવળી ભગવંત ભવ્યજનોના બોધ માટે જ્ઞાન પુષ્પની વૃષ્ટિ કરે છે. ગણધર પોતાના બુદ્ધિના પટમાં તે બધાં જ પુષ્પોને ઝીલીને પ્રવચનમાળા ગૂંથે છે.

તીર્થંકર દ્વારા પ્રતિપાદિત થયેલા અર્થને આધારે ગણધરો સૂત્રની રચના કરે છે.[2] ગણધરો દ્વારા રચાયેલા ગણિપિટક દ્વાદશાંગી અથવા અંગપ્રવિષ્ટ થી પણ ઓળખાય છે. દ્વાદશાંગીથી ભિન્ન અંગબાહ્ય ગણાતાં શાસ્ત્રો પણ આગમમાં માન્ય છે તે ગણધરો દ્વારા નહીં પરંતુ સંપૂર્ણ શ્રુતજ્ઞાની એવા સ્થવિરો અથવા દસપૂર્વીઓ દ્વારા આગમને અનુસરીને રચાયાં. આગળ જતાં અંગબાહ્ય ગ્રંથોમાંથી ઉપાંગ, છેદ મૂલ, ચૂલિકા, પ્રકીર્ણકો છૂટા પાડવામાં આવ્યા.

હાલમાં શ્વેતાંબર મૂર્તિપૂજકોને માન્ય આગમો - ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ છેદસૂત્ર, ૪ મૂલસૂત્ર, ૨ ચૂલિકાસૂત્ર, ૧૦ પ્રકીર્ણકસૂત્રો - એમ છ વિભાગમાં વહેંચાયેલા છે.

પ્રકીર્ણકસૂત્રો અત્યંત મહત્વપૂર્ણ હોવા છતાં તેમનું અધ્યયન અતિ અલ્પ પ્રમાણમાં થયું છે.

**(ક) વ્યાખ્યા અને લક્ષણ :-**

પ્રકીર્ણકનો અર્થ પરચૂરણ (miscellaneous). જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસમાં પ્રકીર્ણકનો અર્થ વિવિધ બતાવ્યો છે.[3]

---

૧. વિ.આ.ભા. ૧૦૯૪-૯૫. આ.નિ. ૮૯-૯૦.

૨. अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा निउणं । વિ.આ.ભા. ૧૧૧૯.

૩. જૈન સા. બૃ. ઈ. ભાગ ૨. પૃ. ૩૪૫.

શબ્દચિંતામણી નામના શબ્દકોશમાં પ્રકીર્ણકનો અર્થ અનેક વિષયોના સંગ્રહ તરીકે બતાવ્યો છે.[૪]

જૈન આગમોના એક કરતાં વધુ અને વિવિધ કૂટકળ વિષયોના સંગ્રહગ્રંથો પ્રકીર્ણક તરીકે ઓળખાયાં. જૈન આગમોનું દિગ્દર્શન (પૃષ્ઠ ૧૨)માં હીરાલાલ કાપડિયા પ્રકીર્ણકગ્રંથોનો અર્થ સમજાવતાં કહે છે કે - જેનો અભ્યાસ ફક્ત સાધુઓ જ નહીં પરંતુ શ્રાવકો પણ કરી શકે તે પ્રકીર્ણક.

અભિધાન રાજેન્દ્ર કોષ પ્રમાણે પ્રકીર્ણક એટલે - તીર્થંકરોના સામાન્ય સાધુ દ્વારા રચાયેલાં ગ્રંથો. વળી વિશેષમાં કહે છે આ પ્રમાણે શ્રી ઋષભદેવ ભગવાનના સમયમાં ૮૪ હજાર પ્રકીર્ણકો હતા. તે પછીના બાવીસ તીર્થંકરોના સમયમાં સંખ્યાત હજાર પ્રકીર્ણકો અને ભગવાન મહાવીરના સમયમાં ૧૪ હજાર પ્રકીર્ણકો હતા. એટલે કે જે તીર્થંકરોના જેટલા શિષ્યો ઔત્પાતિકિ, વૈનયિકી, કર્મજા, પારિણામિકી બુદ્ધિથી યુક્ત હોય તેટલાં હજાર પ્રકીર્ણકો હતા અને તેટલાં જ પ્રત્યેક બુદ્ધોનાં પણ હતા.[૫]

નંદીસૂત્ર(સૂત્ર ૪૪)માં અંગબાહ્ય ગ્રંથોને 'પ્રકીર્ણક' શબ્દથી પ્રયોજવામાં આવ્યા. તથા કયા તીર્થંકરોના સમયમાં કેટલા પ્રકીર્ણકો હતા તેનો પણ નિર્દેશ છે.

જયધવલા પૃષ્ઠ ૧૨૨માં પણ અંગબાહ્ય ગ્રંથોને પ્રકીર્ણક તરીકેની સંજ્ઞા અપાઈ છે.

---

૪. શબ્દચિંતામણિ - શબ્દકોશ.

૫. एवमाइयाइं चउरासीइं पईण्णग - सहस्साइं भगवओ अरहओ उसह सामियरस आइ तित्थयररस । तहा संखिज्जाइं पईण्णग सहस्साइं मज्झिमगाण जिणवराणं । चोदस पईण्णग सहस्साणि भगवओ वद्धमाण सामिस्स । अहवा जस्स जत्तिया सीसा उप्पत्तियाए वेणइयाए कम्मियाए पारिणामियाए चउव्विहाए बुद्धीए उववेया, तरस तत्तियाइं पईण्णगसहस्साइं । पत्तेयबुद्धा वि तत्तिया चेव । (नंदीसूत्र-५१)

નંદીસૂત્રના ૪૪મા સૂત્રની વૃત્તિ (પત્ર ૨૦૮ અ) માં પ્રકીર્ણકના લક્ષણ બતાવતાં આચાર્ય મલયગિરિએ કહ્યું છે કે :-[૬]

૧) તીર્થંકર ભગવાને ઉપદેશેલાં શ્રુતને અનુસરીને શ્રમણો જે શ્રુત રચે તે પ્રકીર્ણક કહેવાય.

૨) શ્રુતને અનુસરીને પોતાના વચનકૌશલ્યથી ધર્મદેશનાદિના પ્રસંગે ગ્રંથપદ્ધતિરૂપે જે કહે તે પ્રકીર્ણક.

૩) ઔપપાતિકી, વૈનયિકી, કર્મજા, પારિણામિકી બુદ્ધિને ધારણ કરનારા શ્રી તીર્થંકરદેવોના શિષ્યો જે બનાવે તે અથવા ઉત્તમ સૂત્રોને બનાવવાની શક્તિને ધારણ કરનારા મુનિઓએ કે પ્રત્યેક બુદ્ધે રચેલી રચનાને પ્રકીર્ણક કહેવાય.

ઉપાસકાધ્યયનમાં આચાર્ય સોમદેવસૂરિ પ્રકીર્ણકની વ્યાખ્યા આપતાં કહે છે:[૭]

विप्रकीर्णार्थ वाक्यानामुक्तिरुक्तं प्रकीर्णकं ।
उक्तानुक्तामृतस्यन्दबिन्दुस्वादन-कोविदः ॥

અર્થાત્ ઉક્ત તથા અનુક્ત બધા વિષયરૂપી અમૃતમાંથી ટપકતીવાળી બુંદોના સ્વાદ લેવામાં ચતુર પંડિતજનોએ ફૂટકળ વાતોના કથનને પ્રકીર્ણક કહ્યું છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં કર્તા શ્યામાચાર્ય બે પ્રકારના દર્શનાર્યનું વર્ણન કરે છે-[૮] સરાગદર્શનાર્ય, વીતરાગદર્શનાર્ય. સરાગદર્શનાર્યના દસ પ્રકાર છે - ૧) નિસર્ગથી ૨) ઉપદેશથી ૩) આજ્ઞારુચિથી ૪) સૂત્રથી ૫) બીજરુચિથી ૬) અધિગમરુચિથી ૭) વિસ્તારુચિથી ૮) ક્રિયાની રુચિથી ૯) સંક્ષેપથી ૧૦) ધર્મરુચિથી.

---

૬. इह यद भगवदर्हदुपदिष्टं श्रुतमनुसृत्य भगवतः श्रमणा विरचयन्ति तत्सर्वं प्रकीर्णकमुच्यते । अथवा श्रुतमनुसरन्तो यदात्मनो वचन कौशलेन धर्मदेशनादिषु ग्रन्थपद्धतिरूपतया भाषन्ते तदपि सर्व प्रकीर्णकम । –

(अभिधानराजेन्द्र भा. ५, पृ. ३)

૭. ઉપાસકાધ્યયન, કલ્પ-૪૬. ગાથા ૯૦૬.

૮. પ્રજ્ઞાપનાસૂત્ર સૂ. ૧૧૦. ગા. ૧૨૬.
सो होइ अहिगमरुई सुयणाणं जस्स अत्थओ दिट्ठं ।
एक्कारस अंगाइं पइण्णगं दिट्ठिवाओ य ॥

છઠ્ઠા અધિગમરુચિની વ્યાખ્યા આપતાં કર્તા શ્યામાચાર્ય કહે છે -

અગિયાર અંગો, પઈણ્ણગ, દ્રષ્ટિવાદરૂપી શ્રુતજ્ઞાનને અર્થથી જાણે તેને અધિગમરુચિ કહેવાય. વિશિષ્ટ પરિજ્ઞાન, નય અને પ્રમાણ દ્વારા તત્ત્વરુચિથી જેને જ્ઞાન થાય તે અધિગમરુચિ. પ્રકીર્ણકનું મહત્ત્વ અહીં અંગો જેટલું ગણાયું.

વિક્રમના ચૌદમા શતકમાં થયેલા આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિએ પોતાના 'વિચારસારપ્રકરણ'માં ૪૫ આગમોના નામકરણ પ્રસંગે ચંદાવેજ્જય, તંદુલવેયાલિય ઈત્યાદિ ગ્રંથોને 'પઈન્ન' અથવા 'પઈન્ના' શબ્દથી ઓળખાવ્યાં છે.[૯]

શ્રી સમયવાયાંગસૂત્રમાં ૮૪માં સમવાયના ૧૩મા સૂત્રમાં આપેલ **चोरासीइं पईण्णग सहस्सा पण्णत्ता ।** બતાવે છે કે એક સમયે (ઋષભદેવના સમયમાં) ૮૪ હજાર પ્રકીર્ણકો હતા.

જિનપ્રભસૂરિ વિરચિત સિદ્ધાંતાગમની અવચૂરિમાં ૩૨ અને ૩૩ નંબરના શ્લોકોમાં જે ૧૩ ગ્રંથોનો ઉલ્લેખ છે તેને આ સ્તવની વિવૃત્તિમાં વિશાલરાજના શિષ્યે 'તેર પઈણ્ણગ' તરીકે ઓળખાવ્યાં છે.[૧૦]

આ રીતે પ્રકીર્ણક એટલે અનેક વિષયોના સંગ્રહવાળા ગ્રંથો - જેમાં પરચૂરણ અને ફૂટકળ વાતોનો સંગ્રહ હોય, જેને ફક્ત સાધુઓ જ નહીં બલ્કે શ્રાવકો પણ ભણી શકે, જેના રચનાર તીર્થંકર ભગવાનના ઔપપાતિકી આદિ ચાર બુદ્ધિથી યુક્ત શિષ્યો હોય. તેમણે અધ્યયનસંબંધી વિવિધ વિષયો પર રચના કરી અને તે બધા પ્રકીર્ણકગ્રંથોને આગમમાં સ્થાન મળ્યું.

---

૯. વિચારસારપ્રકરણ - પ્રદ્યુમ્નસૂરિ. આગમોદય સમિતિ, મહેસાણા. ૧૯૨૩. જુઓ. પઈણ્ણયસુતાઈ - ૧. પ્રસ્તાવના, પૃ. ૨૧ ટિપ્પણ.

૧૦. नन्द्यनुयोगद्वारयोः पूर्वं कथनादार्याद्वयेन त्रयोदश प्रकीर्णकानि स्तौति -

वन्दे मरणसमाधिं प्रत्याख्याने महातुरोपपदे ।
संस्तार चन्द्रवेध्यक भक्तपरिज्ञा चतुः शरणम् ॥
वीरस्तव देवेन्द्रस्तव गच्छाचारमपि च गणिविद्याम् ।
द्वीपाब्धिप्रज्ञप्तिं तंदुलवैतालिकं च नमः ॥

## (ખ) કર્તા - સમય - ભાષા - શૈલી - વિષય :-

પ્રકીર્ણકો લાંબા સમય પૂર્વેથી રચાતા રહ્યાં હોવાથી તેની રચનાનો સમયગાળો ઘણો લાંબો છે. વળી તેમના રચનાકારોનો પ્રશ્ન પણ વણઉકલ્યો છે. મોટાભાગના પ્રકીર્ણકોના કર્તા અજ્ઞાત છે. જો કે ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, આરાધનાપતાકા - આ ચારના કર્તા વીરભદ્રાચાર્ય મનાય છે.[૧૧] તેમ જ દેવેન્દ્રસ્તવના કર્તા તરીકે પણ ઋષિભાષિત સ્થવિરનો ઉલ્લેખ મળે છે.[૧૨] પરંતુ બીજા ઘણા બધા પ્રકીર્ણકોના રચયિતા અજ્ઞાત છે.

પ્રકીર્ણકો સામાન્યતયા જૈન મહારાષ્ટ્રીમાં લખાયાં છે. જો કે કોઈક જગ્યાએ અર્ધમાગધી ભાષાનું પ્રાચીન સ્વરૂપ પણ જોવા મળે છે. જેમ કે ઋષિભાષિતમાં 'आत्मा' ને સ્થાને 'आता'નો પ્રયોગ થયો છે વળી 'त' શ્રુતિનો વપરાશ પણ થયો છે.

પ્રકીર્ણકો મોટાભાગે પદ્યમાં રચાયાં છે. ગાથા છંદનો ઉપયોગ ઘણા પ્રમાણમાં કરવામાં આવ્યો છે. અનુષ્ટુપ છંદનો પણ અહીં ઉપયોગ થયેલો જણાય છે. આતુરપ્રત્યાખ્યાન, તંદુલવૈચારિક, અંગવિદ્યા જેવા પ્રકીર્ણકોની ભાષા પદ્યગદ્યમિશ્રિત છે. વળી પ્રકીર્ણકોમાં પ્રશ્નોત્તર શૈલીનો પણ ઉપયોગ થયો છે.

વિવિધ વિષયોની છણાવટ કરતાં પ્રકીર્ણકોના વિષયવસ્તુ આ પ્રમાણે છે -

જ્યોતિષ વિષયને છેડતાં ગણિવિદ્યા પ્રકરણમાં દિવસ, તિથિ, નક્ષત્ર, ગ્રહ, મુહૂર્ત, નિમિત્ત વિશે જાણકારી મળે છે. તે પ્રમાણે જ્યોતિષકરંડકમાં પણ ગ્રહ, નક્ષત્ર, સંવત્સર, કાળનું માપ કરવાની પદ્ધતિ વ. અંગે જાણવા મળે છે. અંગવિદ્યા શરીરમાંના આંખ વગેરે અંગોના ફરકવા અંગેનું શાસ્ત્ર છે. દેવેન્દ્રસ્તવમાં દેવેન્દ્રોના નામ, સ્થિતિ, ભવનસંખ્યા, ઊંચાઈ વગેરેની માહિતી મળે છે. દ્વીપસાગરપ્રજ્ઞપ્તિમાં દ્વીપો, સાગરોનું વર્ણન તથા માનુષોત્તર પર્વત અને નંદીશ્વરદ્વીપનું વર્ણન છે. ઋષિભાષિતમાં ૪૫ જેટલા પ્રત્યેક બુદ્ધની વાત છે. તથા સર્વ દુઃખોનું મૂળ કર્મ છે તેથી તેનો ક્ષય કરવા ધર્માભિમુખ આચરણનું, અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં માધ્યસ્થભાવે રહેવું તેનો ઉપદેશ છે. તિત્થોગાલીમાં

૧૧. પઈણ્ણપસુત્તાઈં ભાગ ૧. પ્રસ્તાવના પૃ. ૧૭-૧૮.

૧૨. દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક ગાથા ૩૧૦.

ઋષભદેવનું ચરિત્ર, ૨૪ તીર્થંકરોના પૂર્વભવો, કલ્યાણકો, છ આરાનું સ્વરૂપ અસમાન અનેક દ્રવ્યોના સંયોગની યોનિઓ, શક્તિ સામર્થ્યથી સર્પ સિંહ વગેરેની ઉત્પત્તિના વર્ણન છે.

પ્રકીર્ણકો મોટાભાગે આત્મલક્ષી હોવાથી આરાધના વિષયક ગ્રંથોમાં જ્ઞાનનું મહાત્મય, શીલ અને વિનયનું મહત્ત્વ, ક્ષણિકસુખની નિષ્ફળતા, જિનાજ્ઞાની આરાધનાથી શાશ્વત સુખની પ્રાપ્તિ - તેને માટે પંડિતમરણની આવશ્યકતા, પંડિતમરણ માટે સુખ તથા આરામ છોડી ધૈર્યપૂર્વક કષ્ટો, પરિષહોને સહી અભિમાન તથા કષાયોને છોડી, પાંચે ઈંદ્રિયો પર કાબુ મેળવી આરાધનાની વિશુદ્ધિ કરવાનો ઉપદેશ અહીં વણી લેવાયો છે. આરાધનાના માર્ગમાં અતિચારો લાગે તેની વિશુદ્ધિ કરવી, શલ્યરહિતપણે આલોચના લેવી, અંતિમ આરાધનાના પ્રસંગે કેવું આસન સ્વીકારવું , સંસ્તારકના ગુણો, લાભ, તેને ગ્રહણ કરનાર મહાત્માઓના ઉદાહરણો તથા ૧૨ ભાવનાઓ ક્ષમાપનાના ભાવ સાથે પ્રકીર્ણકોમાં રજુ કરાઈ છે.

આમ તો પ્રકીર્ણકોમાં બધો ઉપદેશ મુનિને ઉદ્દેશીને જ અપાયો છે પણ ગૃહસ્થજીવનમાં શ્રાવકે જો આત્માનું શ્રેય સાધવું હોય તો તેણે પણ આ બધા ગુણોને અપનાવી આરાધનામાં અપ્રમત્તતા કેળવવી જોઈએ. આગમમાં પ્રકીર્ણકગ્રંથોનું જૂથ જ એવું છે કે જેનો અભ્યાસ શ્રાવકો પણ કરી શકે અને અભ્યાસના પરિશીલનથી સદ્‌ગતિ તરફ અભિમુખ થઈ શકે.

### (ગ) પ્રકીર્ણક - સંખ્યા અંગે વિવિધ સૂચિઓ :-

શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાને માન્ય અંગ-ઉપાંગ આદિ ૩૫ તથા ૧૦ પ્રકીર્ણકો એમ ૪૫ આગમો છે. આગળ આપણે આગમોની વર્ગીકૃત સૂચિ પણ જોઈ ગયા. તે સૂચિમાં ૧૦ પ્રકીર્ણક છે. તેમના નામો અંગે મતભેદ છે. ઘણા વિદ્વાનોએ ૧૦ પ્રકીર્ણકોના નામો નિશ્ચિત કરવાની કોશિશ કરી છે પણ તેમાં સફળતા મેળવી શક્યા નથી. આમ છતાં સૌ પ્રથમ આગમોની સંખ્યાની સંગતિ માટે આગમોદ્ધારક પૂજ્યપાદ શ્રી સાગરાનન્દસૂરિએ ૧૦ પ્રકીર્ણકોની યાદી કરી, તે બધા સંસ્કૃત છાયાસહિત પ્રકાશિત પણ કર્યા છે.[૧૩] જે નીચે પ્રમાણે છેઃ-

---

૧૩. चतुः शरणादि मरणसमाध्यन्त प्रकीर्णकदर्शकं - આગમોદય સમિતિ. મુંબઈ - વિ.સં. ૧૯૮૬, ઈ.સ. ૧૯૨૭.

| | |
|---|---|
| ૧) ચઉસરણ (ચતુઃશરણ) | ૨) આઉરપચ્ચક્ખાણ (આતુરપ્રત્યાખ્યાન) |
| ૩) મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન) | ૪) ભત્તપરિણ્ણા (ભક્તપરિજ્ઞા) |
| ૫) તંદુલવેયાલિય (તંદુલવૈચારિક) | ૬) સંથારગ (સંસ્તારક) |
| ૭) ગચ્છાયાર (ગચ્છાચાર) | ૮) ગણિવિજ્જા (ગણિવિદ્યા) |
| ૯) દેવિન્દથય (દેવેન્દ્રસ્તવ) | ૧૦) મરણસમાહિ (મરણસમાધિ) |

જૈન સાહિત્યના ઈતિહાસના અન્વેષણ માટે અથાગ પરિશ્રમ કરનાર તથા મહત્ત્વની સામગ્રી એકઠી કરનાર મોહનલાલ દલીચંદ દેસાઈ જેવા અન્વેષકને પણ ૧૦ પ્રકીર્ણકસૂત્રોના નિશ્ચિત નામ મળ્યાં ન હતા. તેથી તેમણે સંકલિત કરેલી જૈન ગ્રંથાવલીમાં ૩૦ પ્રકીર્ણકોને ૧૦ પ્રકીર્ણકોના માળખામાં ત્રણ રીતે ગોઠવ્યાં છે.[૧૪]

| | | |
|---|---|---|
| ૧) ચઉસરણ (ચતુઃશરણ) | ૧) અજીવકપ્પ (અજીવકલ્પ) | ૧) પિંડવિસોહી (પિંડવિશુદ્ધિ) |
| ૨) આઉરપચ્ચક્ખાણ (આતુરપ્રત્યાખ્યાન) | ૨) ગચ્છાયાર (ગચ્છાચાર) | ૨) સારાવલી |
| ૩) ભત્તપરિણ્ણા (ભક્તપરિજ્ઞા) | ૩) મરણસમાહી (મરણસમાધિ) | ૩) પજ્જંતારાહણા (પર્યંતઆરાધના) |
| ૪) સંથારગ (સંસ્તારક) | ૪) સિદ્ધપાહુડ (સિદ્ધપ્રાભૃત) | ૪) જીવવિભત્તિ (જીવવિભક્તિ) |
| ૫) તંદુલવેયાલિય (તંદુલવૈચારિક) | ૫) તિત્થોગાલી (તીર્થોદ્ગાર) | ૫) ક્વચદ્વાર |
| ૬) ચંદાવેજ્જય (ચંદ્રાવેધ્યક) | ૬) આરાહણાપડાગા (આરાધનાપતાકા) | ૬) જોણિપાહુડ (યોનિપ્રાભૃત) |
| ૭) દેવિંદત્થઓ (દેવેન્દ્રસ્તવ) | ૭) દીવસાગરપણ્ણત્તી (દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ) | ૭) અંગચૂલિયા (અંગચૂલિકા) |
| ૮) ગણિવિજ્જા (ગણિવિદ્યા) | ૮) જોઈસકરંડય (જ્યોતિષકરંડક) | ૮) વંગચૂલિયા (વર્ગચૂલિકા) |
| ૯) મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન) | ૯) અંગવિજ્જા (અંગવિદ્યા) | ૯) ચઉસરણ (વૃદ્ધચતુઃશરણ) |
| ૧૦) વીરત્થઓ (વીરસ્તવ) | ૧૦) તિથિપઈણ્ણય (તિથિપ્રકીર્ણક) | ૧૦) જંબૂપયન્નો (જંબૂપ્રકીર્ણક) |

---

૧૪. જૈન ગ્રંથાવલી (પ્રકાશક) જૈન કોન્ફરન્સ - પૃ. ૪૪, ૬૨, ૬૪.

નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રના ઉત્કાલિતશ્રુતના વિભાગમાં ઉપરની સૂચિમાંથી ૧) દેવેન્દ્રસ્તવ ૨) તંદુલવૈચારિક ૩) ગણિવિદ્યા ૪) ચન્દ્રવેધ્યક ૫) મરણવિભક્તિ ૬) આતુરપ્રત્યાખ્યાન ૭) મહાપ્રત્યાખ્યાન નો ઉલ્લેખ મળે છે, અને કાલિક શ્રુતના વિભાગમાં ૧) **ઋષિભાષિત ૨) દ્વીપસાગર-પ્રજ્ઞપ્તિ તથા અંગચૂલિકા, વર્ગચૂલિકા તથા વ્યાખ્યાચૂલિકા**નો ઉલ્લેખ મળે છે.

જૈનસાહિત્યના બૃહદ્ ઈતિહાસમાં પં. બેચરદાસ દોશી નીચે પ્રમાણે પ્રકીર્ણકોની સૂચિ આપે છે.[૧૫]

૧) ચતુઃશરણ ૨) આતુરપ્રત્યાખ્યાન ૩) ભક્તપરિજ્ઞા ૪) સંસ્તારક ૫) તંદુલવૈચારિક ૬) ચન્દ્રવેધ્યક ૭) દેવેન્દ્રસ્તવ ૮) ગણિવિદ્યા ૯) મહાપ્રત્યાખ્યાન ૧૦) વીરસ્તવ ૧૧) અંગચૂલિકા ૧૨) અંગવિદ્યા ૧૩) અજીવકલ્પ ૧૪) આરાધનાપતાકા ૧૫) કવચદ્વાર ૧૬) ગચ્છાચાર ૧૭) જંબૂસ્વામી સ્વાધ્યાય ૧૮) જ્યોતિષકરંડક ૧૯) તીર્થોદ્ગાલિક ૨૦) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ ૨૧) પર્યન્તારાધના ૨૨) પિંડવિશુદ્ધિ ૨૩) મરણવિધિ ૨૪) યોનિપ્રાભૃત ૨૫) વંકચૂલિકા ૨૬) સારાવલિ ૨૭) સિદ્ધપ્રાભૃત.

ઈ.સ. ૧૩૦૬માં આચાર્ય જિનપ્રભસૂરિએ આગમોના સ્વાધ્યાય અને તપની વિધિનું વર્ણન કરતો 'વિધિમાર્ગપ્રપા' નામે ગ્રંથ લખ્યો હતો, તેમાં તેમણે નીચે પ્રમાણે ૧૫ પ્રકીર્ણગ્રંથોના નામો દર્શાવ્યા છે.[૧૬]

૧) દેવેન્દ્રસ્તવ ૨) તંદુલવૈચારિક ૩) મરણસમાધિ ૪) મહાપ્રત્યાખ્યાન ૫) આતુરપ્રત્યાખ્યાન ૬) સંસ્તારક ૭) ચંદ્રાવેધ્યક ૮) ભક્તપરિજ્ઞા ૯) ચતુઃશરણ ૧૦) વીરસ્તવ ૧૧) ગણિવિદ્યા ૧૨) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ ૧૩) સંગ્રહણી ૧૪) ગચ્છાચાર ૧૫) ઋષિભાષિતાનિ.

ઉપર આપણે જોયા તેમાંના ઘણા પ્રકીર્ણકગ્રંથોનું પૂજ્યપાદ મુનિ શ્રી પુન્યવિજયજીએ હસ્તપ્રતોને આધારે સંશોધન્ન કર્યું છે. જે તેમના અંતેવાસી શ્રી

૧૫. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ. ભા. ૧, પૃ. ૩૨,૩૩.

૧૬. વિધિમાર્ગપ્રપા પૃ. ૫૭-૫૮.

અમૃતલાલ ભોજકે સંપાદિત કરી પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧ તથા ૨માં પ્રકાશિત કર્યા છે.[૧૭] જેમાં તેમણે નીચે પ્રમાણે પ્રકીર્ણકગ્રંથોનો સમાવેશ કર્યો છે -

૧) દેવેન્દ્રસ્તવ ૨) તંદુલવૈચારિક ૩) ચન્દ્રવેધ્યક ૪) ગણિવિદ્યા ૫) મરણસમાધિ ૬) આતુરપ્રત્યાખ્યાન ૭) મહાપ્રત્યાખ્યાન ૮) ઋષિભાષિતાનિ ૯) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ ૧૦) સંસ્તારક ૧૧) વીરસ્ત્વ ૧૨) ચતુઃશરણ ૧૩) આતુરપ્રત્યાખ્યાન-૨ ૧૪) ચતુઃશરણ નં.૨ ૧૫) ભક્તપરિજ્ઞા ૧૬) આતુરપ્રત્યાખ્યાન નં.૩ ૧૭) ગચ્છાચાર ૧૮) સારાવલી ૧૯) જ્યોતિષકરંડક ૨૦) તિત્થોગાલિ

- આટલાં પ્રકીર્ણકો - પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧ માં પ્રકાશિત થયા છે તથા પઈણ્ણસુત્તાઈ ભાગ-૨માં શ્રી અમૃતલાલે 'આરાધનાપતાકા', પર્યંતારાધના, આરાધના પ્રકરણ-૨ જેવા આરાધના અંતર્ગત ૮ પ્રકીર્ણકોને પ્રકાશિત કર્યા છે, બીજા ચાર પ્રકીર્ણકો એવા છે કે જેમાં મિથ્યાદુષ્કૃતનું વિવિધ પ્રકારે આલોચના દ્વારા પ્રાયશ્ચિત્ત, સર્વજીવોની સાથે ક્ષમાપના અને એમ કરતાં છેવટે આત્માની વિશુદ્ધિ પ્રાપ્ત કરવા માટેની સામગ્રી છે.

હાલમાં આગમ અહિંસા સંસ્થાન, ઉદયપુર - દ્વારા ડૉ. સાગરમલ જૈન તથા ડૉ. સુરેશ સિસોદિયા પ્રકીર્ણકગ્રંથોને પ્રકાશિત કરી રહ્યા છે, છતાં હજુ ઘણા પ્રકીર્ણકો અપ્રકાશિત છે.

આપણે જોયું કે ભગવાન મહાવીર સમયમાં ૧૪,૦૦૦ પ્રકીર્ણકો હતા. ઘણા વર્ષો સુધી આ પ્રમાણે કદાચ રહ્યાં હશે ; પછીથી કાળક્રમે શ્રુતનો હ્રાસ થયો તેમાં પ્રકીર્ણકગ્રંથોને પણ આપણે ગુમાવ્યા. આજે જે પ્રકીર્ણકોના નામ આપણને મળે છે એમાંના ઘણાની ખાસ કોઈ માહિતી મળતી નથી ફક્તતેમના નામોલ્લેખથી જ આપણે સંતોષ માનવો પડે છે. પુન્યવિજયજી મહારાજ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોનો તેના પરિચય આપણે મેળવીશું અને તે પછી ક્રમથી અપ્રકાશિત ગ્રંથોનો પરિચય કરવાનો પણ શક્ય પ્રયાસ કરીશું.

---

૧૭. પઈણ્ણયસુત્તાઈ ભા. ૧. મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ - ૧૯૮૪
" " ભા. ૨. મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ - ૧૯૮૯.

## પ્રકરણ -૧.૨ પ્રકીર્ણકોનો વિગતે પરિચય

### ૧) દેવિંદત્થઓ (દેવેન્દ્રસ્તવ) :-

ગ્રંથનો ઉપસંહાર કરતી અંતિમ ગાથાઓમાં - ઋષિપાલિતનો ઉલ્લેખ થયો છે.[૧] તે જોતાં પ્રસ્તુત પ્રકીર્ણકના કર્તા ઋષિપાલિત સ્થવિર મનાય છે.

નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં આનો નિર્દેશ છે. નંદીસૂત્રની ચુર્ણિ તથા વૃત્તિમાં આનો પરિચય નથી આપ્યો પરંતુ પ્રાક્ષિકવૃત્તિમાં આ પ્રમાણે પરિચય છે.[૨]

देविन्दत्थओ त्ति·देवेन्द्राणां चमर वैरोचनादिनाम स्तवनम,
भवनस्थित्यादि स्वरूपादि - वर्णनं यत्रासौ देवेन्द्रस्तव इति ।

ગ્રંથની મૂળ ગાથાઓનો આંક જુદો જુદો મળે છે. જૈનગ્રંથાવલીમાં ૩૦૩ ગાથાઓ,[૩] નોંધાયેલી છે. જગદીશચન્દ્ર જૈન ૩૦૭ ગાથાઓ નોંધે છે.[૪] પ્રસ્તુત પ્રકીર્ણકનું પ્રકાશન પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧ પૃષ્ઠ ૩ થી ૩૪ ઉપર થયું છે તેમાં તેની ગાથાઓ ૩૧૧ છે.

સમગ્ર ગ્રંથ પ્રશ્નોત્તરીરૂપે છે. બત્રીસ દેવેન્દ્રો દ્વારા પૂજાયેલા ભગવાન મહાવીરની સ્તુતિ કરીને શ્રાવક પોતાની પત્નીની સમક્ષ તે ઈન્દ્રોની ઋદ્ધિ, મહિમા વગેરેનું વર્ણન કરે છે. પત્ની દ્વારા પૂછાયેલા તેર પ્રશ્નોના જવાબમાં દેવેન્દ્રોના નામ, નિવાસસ્થાન, આયુષ્ય, કયા ઈન્દ્રના તાબામાં કયા ભવન-વિમાન હોય છે ? વિમાનો કેવાં હોય છે ? ઈન્દ્રોના શ્વાસોચ્છ્વાસ તથા દરેક ઈન્દ્રના અવધિજ્ઞાનની હદ અંગેની વાત વગેરે ઘણી બાબતો અહીં જાણવા મળે છે.

વળી ઈષત્પ્રાગ્ભાર પૃથ્વીનું વર્ણન, સિદ્ધ ભગવંતોના સ્થાન-સંસ્થાન આદિનું અહીં નિરુપણ છે. સિદ્ધોના સુખ તથા જિનેશ્વરોની ઋદ્ધિનું પણ અહીં વર્ણન છે.

---

૧. જુઓ દેવેન્દ્રસ્તવ - ગાથા ૩૧૦ અને પઈણ્ણયસુત્તાઈ ભા. ૧. પૃ.૩૩.
૨. પાક્ષિકસૂત્રવૃત્તિ - યશોદેવસૂરિ. જુઓ " "
૩. જૈન ગ્રંથાવલી પૃ. ૪૪.
૪. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ ભા.૨, પૃ.૨૯૧.

## ૨) તંદુલવેયાલિય (તંદુલવૈચારિક) :-

પ્રસ્તુતગ્રંથના કર્તા અજ્ઞાત છે. પરંતુ તેમના સમય અંગે અનુમાન થાય છે કે તેઓ દશવૈકાલિક ચૂર્ણિકારના સમયની પહેલાંના કોઈ મહાપ્રભાવશાળી સ્થવિર ભગવંત હોવા જોઈએ. કારણ દશવૈકાલિકસૂત્રની ચૂર્ણિમાં તંદુલવેયાલિયનો ઉલ્લેખ થયો છે.[૫]

નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં પણ આનો ઉલ્લેખ જોવા મળે છે. નંદીસૂત્રની ચૂર્ણિ તથા વૃત્તિમાં આનો પરિચય નથી પરંતુ પાક્ષિકસૂત્રની વૃત્તિ (પત્ર ૬૩)માં આનો પરિચય આ પ્રમાણે આપ્યો છે -

तंदुलवेयालियं त्ति तन्दुलानां वर्षशतायुष्क – पुरुष प्रतिदिन भोग्यानां संख्याविचारेणोपलक्षितो ग्रंथविशेषसः तंदुलवैचारिकमिति ।

જૈન ગ્રંથાવલીમાં પ્રસ્તુત ગ્રંથની મૂળ ગાથાઓ ૪૦૦ હોવાની નોંધ છે. જગદીશચન્દ્ર જૈન પ્રસ્તુત ગ્રંથની ૧૩૯ ગાથાઓ હોવાનો ઉલ્લેખ કરે છે, જ્યારે પ્રકીર્ણકોના સંપાદન સમયે પ્રસ્તુત પ્રકીર્ણકની ૧૭૭ ગાથાઓ પં. અમૃતલાલ ભોજકે આપી છે. તંદુલવૈચારિક ગ્રંથની વૃત્તિના કર્તા વિજયવિમલ હતા.[૬]

પદ્ય અને ગદ્ય મિશ્રિત આ પ્રકીર્ણકમાં ઘણાખરા ગદ્યસંદર્ભો અક્ષરશઃ ભગવતીસૂત્રના છે.[૭]

અહીં અરુચિભાવનું અપૂર્વ અને બોધદાયક વર્ણન વિસ્તારથી આપવામાં આવ્યું છે.

પ્રારંભમાં મંગલાચરણ કર્યા પછી જીવના ગર્ભવાસના સમયનું પ્રમાણ, ગર્ભોત્પત્તિયોગ્ય યોનિનું સ્વરૂપ, ગર્ભવાસનો ઉત્કૃષ્ટ સમય, ગર્ભગત જીવની જાતિનું નિરૂપણ, ગર્ભગત્ત જીવનો વિકાસક્રમ, આહાર તથા આહારનું પરિણામ,

---

૫. દશવૈકાલિક ચૂર્ણિ - અગત્સ્યસિંહ પૃ.૩, પં.૧૨. જુઓ પઈણ્ણયસુત્તાઈ ભા.૧, પૃ.૧.

૬. તંદુલવૈચારિક - વૃત્તિ (પત્ર ૩૮)-કર્તા વિજયવિમલ. જુઓ જૈન ગ્રંથાવલી પૃ.૪૪.

૭. પઈણ્ણયસુત્તાઈ ભા.૧, પ્રસ્તાવના, પૃ.૩૩.

ગર્ભગત જીવના માતાપિતાને સંબંધિત અંગો, ગર્ભાવસ્થામાં મૃત્યુ પામનાર જીવની નરક કે દેવગતિમાં ઉત્પત્તિની વિચારણા, ગર્ભના ચાર પ્રકાર વગેરેનું અહીં વિસ્તારથી નિરૂપણ છે.

નારીજાતિના સંબંધમાં અહીં વિસ્તારથી વિચાર પ્રકટ કર્યો છે. ગાથા ૪૭, ૪૮માં સો વર્ષના આયુષ્યવાળો પુરુષ કેટલાં ચોખા ખાય તેનો સંખ્યાપૂર્વક વિચાર છે. વળી ગાથા ૫૫માં દસ દશા (દસ અવસ્થા)ઓનું વર્ણન કરતાં કહ્યું છે કે :- 'સુખી જીવે ધર્મની આરાધના કરવી જોઈએ તેનાં કરતાં દુઃખી આત્માઓએ દુઃખનો નાશ કરવા માટે, સુખ પામવા માટે ધર્મની આરાધના વધુ કરવી જોઈએ, પુણ્યથી ઉત્તમ કુળ, જાતિ મળે છે.'

અહીં યુગલિયાઓનું સ્વરૂપ, તેમના સંસ્થાન તથા સંઘયણનું સ્વરૂપ કહ્યું છે. વર્ષના દિવસાદિનું પ્રમાણ સમજાવ્યું છે. અને તેમાં પણ મનુષ્યાદિના સંપૂર્ણ આયુષ્યમાં નિદ્રાદિના વિભાગો જણાવ્યાં છે અને ઉપદેશ આપ્યો છે કે ધર્મારાધનાનો કાળ બહુ થોડો છે માટે પ્રમાદનો ત્યાગ કરી પરમ ઉલ્લાસથી શ્રી જિનધર્મની આરાધના કરી માનવજીવનની સાચી સાર્થકતારૂપ મુક્તિનું સુખ મેળવવું.

વૈરાગ્ય ભાવનાના ઉપદેશમાં કહે છે કે - દેહની સુંદરતામાં રાચનાર ખરેખર અજ્ઞાની અને મૂઢ છે. મલમૂત્રાદિથી અશુભ પદાર્થોથી અપવિત્ર એવા શરીરને ગમે તેટલાં વસ્ત્રાલંકારોથી શણગારશો તો પણ તે સુખ ક્ષણિક છે. કિંપાકફળની જેમ આ વિષયો ભયંકર દુઃખ આપનારા છે.

ગ્રંથના સમાપનમાં કહ્યું છે કે :-

एयं सगऽसरीरं जाइ - जरा - मरण - वेयणा - बहुलं।
तह घत्तह काउं जे जह मुच्चह सव्व - दुक्खाणं ॥ [૮]

"જન્મ, જરા, મરણની વેદનાથી ભરેલું આપણું આ શરીર એક પ્રકારની ગાડી છે જેને પામીને સમસ્ત દુઃખોમાંથી મુક્તિ મળે તેવું કાર્ય કર."

---

૮. તંદુલવેયાલિય - ગાથા ૧૭૭. જુઓ પઈણ્ણયસુત્તાઈ પૃ.૬૨.

૩) ચંદાવેજ્ઝય (ચંદ્રાવેધ્યક) :-

પૂર્વાચાર્યલિખિત આ ગ્રંથનું નામ અર્થસભર છે. સ્વયંવરમંડપમાં ઊંચા સ્તંભના અગ્રભાગ ઉપર ફરતી પૂતળીની આંખને વીંધવાને રાધાવેધ કહેવામાં આવે છે. તે રાધાવેધ અથવા ચંદ્રવેધમાં જે પ્રકારની સાવધાની તથા ચોકસાઈ જરૂરી છે તેમ મરણસમયની આરાધનામાં અપ્રમત્તતા તથા સાવધાની જરૂરી છે તેમ દર્શાવ્યું છે.

चंदावेज्झयं त्ति इह चंद्रः यंत्रपुत्रिकाक्षि गोलको गृह्यते तथा आमर्यादया विध्वत इति आवेध्यम,

तद्देवावेध्यकं चंद्रलक्षणमावेध्यकं चंद्रावेध्यकम, राधावेध इत्यर्थः ।

तदुपमान मरणाराधना प्रतिपादको ग्रंथविशेषः चंद्रावेध्यकम् इति ।

ગ્રંથનું બીજુ નામ 'ચંદ્રકવેધ્યક' પણ છે.

જૈનગ્રંથાવલીમાં આ ગ્રંથની ગાથા ૧૧૪ નોંધી છે[૯] પરંતુ અમૃતલાલ ભોજકે પઈણ્ણયસુત્તાઈંમાં પ્રકાશિત કરેલ ચંદાવેજ્ઝયમાં ૧૭૫ ગાથાઓ છે.

અંતસમયની આરાધનાનું વર્ણન કરતાં આ ગ્રંથમાં આત્મકલ્યાણની ભરપૂર સામગ્રી છે. મુખ્યત્વે ૭ વિષયોનું નિરુપણ કરતાં પ્રસ્તુત ગ્રંથમાં સાધકના ગુણો, જ્ઞાન, આચરણની મહત્તા, વિનયની મહત્તા વગેરે વિષયો પર પ્રકાશ પાડવામાં આવે છે. જે નીચે પ્રમાણે છે.

૧) વિનયગુણ :- અવિનયી શિષ્યની ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત કરેલી વિદ્યા પણ નિષ્ફળ જાય છે ; અને તેની ગતિ ઋષિઘાતકની જેવી બને છે.

૨) આચારગુણ :- પૃથ્વી જેવા સહનશીલ, મેરુ જેમ અંકાય વગેરે વિશેષણોથી આચાર્ય પ્રત્યે બહુમાનપૂર્વક તેમની ભક્તિથી થતાં લાભોનું નિરૂપણ કર્યું છે.

૩) શિષ્યગુણ :- વિનયી, અલ્પેચ્છાવાળો, ઋદ્ધિગારવથી રહિત, દસ પ્રકારના વૈયાવૃત્યમાં તત્પર, આચાર્યની પ્રશંસા કરનાર ગુણસેવી જ સાચો શિષ્ય બની શકે અને તે જ પાછળથી ગુરુ પણ બની શકે.

૯. જૈન ગ્રંથાવલી પૃ.૪૬.

૪) વિનયનિગ્રહણ :- અલ્પજ્ઞાની પણ વિનયીના કર્મનો જલ્દી ક્ષય થાય છે. ગુણહીન અને વિનયહીન સાધક બહુશ્રુત હોય તો પણ તાત્ત્વિક દ્રષ્ટિએ તેની ગણના અલ્પશ્રુતમાં થાય છે..

૫) જ્ઞાનગુણ :- જ્ઞાન અને ક્રિયા બન્નેનું પ્રાધાન્ય, જ્ઞાનની ઉપાસના અને જ્ઞાનથી ચારિત્રશુદ્ધિ થાય છે આવું કહી અહીં સ્વાધ્યાયમહિમાનું નિરુપણ છે.

૬) ચરણગુણ :- મનુષ્યના ભવમાં સમ્યક્દર્શનની દુર્લભતા, તે પછી ચારિત્રગ્રહણની દુર્લભતા, ચારિત્ર પછી જ્ઞાનપ્રાપ્તિ અને ચારિત્રશુદ્ધિની દુર્લભતા અહીં વર્ણવી છે. મુક્તિ મેળવવા માટે સમ્યક્દર્શન અતિ આવશ્યક છે એમ જણાવ્યું છે.

૭) મરણગુણ :- સંપૂર્ણપણે તૈયારી વિના બેકાબુ બનેલાં ઘોડા ઉપર આરુઢ થનાર સૈનિક શત્રુસૈન્યના સામના વખતે પરાજિત બને છે તેમ મૃત્યુના સમયે પૂર્વ તૈયારી વિના પરીષહોને સહી શકાતાં નથી. પૂર્વે બહુ મોહવાળો હોવા છતાં જિંદગીની ઉત્તરાવસ્થામાં સમ્યક્ભાવે કષાય અને ઈંદ્રિયો ઉપર કાબુ મેળવનાર આરાધક કહેવાય છે તેથી ઈંદ્રિયો તથા કષાય ઉપર વિજય મેળવવો જરૂરી છે અને તે પછી મોક્ષમાર્ગમાં આત્માને અપ્રમત્તપણે જોડવો જોઈએ.

જૈનદર્શનમાં આરાધનાવિષયક ઘણા ગ્રંથો છે. અંતિમ સમયે જીવની પરિસ્થિતિ કેવી હોય છે અને આગામી ભવમાં સદ્ગતિ માટે કેવી માનસિક તૈયારી જરૂરી છે તે સમજાવવાનો અહીં પ્રયત્ન છે. અંતસમયની આરાધના પણ જીવની દુર્ગતિ અટકાવી દે છે. આવા જ વિષયની ચર્ચા કરતાં મરણસમાધિ ગ્રંથમાં તથા પ્રસ્તુત ગ્રંથમાં ૭ થી ૮ ગાથાઓ સમાન છે તથા અન્ય આગમગ્રંથોમાં આવતી ગાથાઓ પણ અહીં જોવા મળે છે.[૧૦]

**૪) ગણિવિજ્જા (ગણિવિદ્યા) :-**

પ્રસ્તુત પ્રકીર્ણકના કર્તા અજ્ઞાત છે પરંતુ વિષયની ગહનતા તથા ગંભીરતા જોતાં કોઈ બહુશ્રુત સ્થવિરની આ રચના હશે એમ જણાય છે.

જૈનગ્રંથાવલી (પૃષ્ઠ ૪૪)માં પ્રસ્તુત પ્રકીર્ણકની ગાથાઓ ૧૦૫ છે એમ

---

૧૦ જુઓ પરિશિષ્ટ ૧.

નોંધછે. જગદીશચન્દ્ર જૈન ઈતિહાસમાં ૮૨ ગાથાઓ નોંધેછે.[૧૧] પં. અમૃતલાલ ભોજક દ્વારા સંપાદિત પઈણ્ણસુત્તાઈ ભાગ-૧માં પ્રસ્તુત પ્રકીર્ણક પૃષ્ઠ ૯૦ થી ૯૮ પર પ્રકાશિત થયુંછે. તેની ૮૬ ગાથાઓ છે.

આ પ્રકીર્ણકનો ઉલ્લેખ નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં મળે છે. નંદીસૂત્રની ચુર્ણિ તથા હરિભદ્રસૂરિકૃત વૃત્તિમાં આનો પરિચય આપ્યો છે. ગુણનો સમૂહ જેનામાં છે તે ગણિને જ 'આચાર્ય' કહેવામાં આવે છે. આ આચાર્યની વિદ્યાને 'ગણિવિદ્યા' કહેવામાં આવે છે.[૧૨]

અંગઆગમમાં સ્થાનાંગ, સમવાયાંગ તથા દ્રષ્ટિવાદના ૧૧માં કલ્યાણપ્રવાદ પૂર્વમાં જ્યોતિષની બીના વિસ્તારથી કહી છે. ઉપાંગમાં સૂર્યપજ્ઞપ્તિ, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં જ્યોતિષની બીના કહી છે. તેમ જ પ્રકીર્ણકસૂત્રોમાં ગણિવિદ્યા પ્રકીર્ણકમાં જ્યોતિષની ટૂંકી છતાં બહુ જરૂરી માહિતી વર્ણવાઈ છે. કર્તાએ આ પ્રકીર્ણકનો કોઈ મોટાં ગ્રંથમાંથી ઉદ્ધાર કર્યો હોય એવો સંભવ છે.[૧૩]

પ્રસ્તુત પ્રકીર્ણક પદ્યમાં રચાયુંછે. ગાથા ૫૨ થી ૫૮ સુધીના શ્લોકો અનુષ્ટુપ છંદમાં તથા બાકીના આર્યા છંદમાં છે.

ગ્રંથના પ્રારંભમાં જ કર્તાએ કહ્યું છે હું બલાબલ વિધિ કહીશ અને તે માટે તેમણે પ્રસ્તુત પ્રકીર્ણકનું નવ વિષયોમાં વર્ગીકરણ કર્યું છે.

૧) દિવસ - દિવસને લક્ષીને બલાબલ વિધિનું નિરૂપણ.

૨) તિથિ - શુભકાર્ય તથા ત્યાગ કરવાલાયક કાર્યોની તિથિઓ જણાવી છે.

૩) નક્ષત્ર - વિવિધ શુભકાર્યો જેવાં કે વિદ્યાનો આરંભ, જ્ઞાનની વૃદ્ધિ, દીક્ષાગ્રહણ કાર્યોમાં અનુકૂળ શુભ નક્ષત્રો, શિષ્યને દીક્ષા તથા વ્રત આપવાના નક્ષત્રો, તેમના ફળ વગેરે જણાવ્યું છે.

૪) કરણ - જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે અમુક પ્રકારની તિથિઓને 'કરણ' કહે

---

૧૧. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ ભા.૨, પૃ.૨૯૦.

૧૨. નંદીસૂત્રવૃત્તિ, પ્રા. ટે. સો., પૃ.૭૧.
( गुणगणीऽ स्यास्तीति गणी, स चाऽऽचार्य, तस्य विया ज्ञानं गणिदिया ।)

૧૩. પ્રવચન કિરણાવલી - વિજયપદ્મસૂરીશ્વર, પૃ.૪૪૩.

છે. અહીં કરણના ભેદ જણાવી દીક્ષાપ્રદાન, વ્રતસ્થાપન, અનશન કરવા માટેના કરણોનું નિરૂપણ છે.

૫) ગ્રહ દિવસ - દીક્ષાપ્રદાન, ગણિ-વાચકાનુજ્ઞા, ચરણકરણ, તપ, અનશન માટેના દિવસો જણાવ્યા છે.

૬) મુહૂર્ત - દિવસ રાત્રિના શુભ અને અશુભ મુહૂર્ત જણાવ્યાં છે.

૭) શકુનબલ - દીક્ષાપ્રદાન, સમાધિકરણ, વ્રતોસ્થાપન, સ્વાધ્યાય કરણ, મરણ, હર્ષનું સૂચન કરનાર સૂચનો તથા સર્વ કાર્યમાં વર્જ્ય એવા શુકનો જણાવ્યાં છે.

૮) લગ્નબલ - મેષ આદિ ૧૨ રાશિઓના ઉદયના અર્થમાં 'લગ્ન' શબ્દ છે. સારા અને નરસાં બન્ને લગ્ન કહ્યાં છે.

૯) નિમિત્તબલ - શુભ-અશુભ નિમિત્તો, વર્જ્ય નિમિત્તો, નિમિત્તોનું પ્રાધાન્ય, દીક્ષાદિ કાર્યોમાં સ્વીકાર્ય અને નિષિદ્ધ નિમિત્તો અહીં જણાવ્યાં છે.

આમ પ્રસ્તુત ગ્રંથમાં જ્યોતિષને લગતી ઘણી વિગતો જાણવા મળે છે.

**૫) મરણસમાહિ (મરણસમાધિ) :-**

મરણ એટલે પ્રાણત્યાગ. મરણના પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે ભેદ પડે છે. આ બે પ્રકારના મરણનું જેમાં વિસ્તારથી વર્ણન છે તે અધ્યયન એટલે 'મરણસમાધિ', તેનું બીજું નામ 'મરણવિભક્તિ' પણ છે.

પ્રસ્તુત ગ્રંથના કર્તા અજ્ઞાત છે તેમણે અહીં વાપરેલી ભાષા તથા પ્રકીર્ણકની રચનાને જોતાં કોઈ મહાજ્ઞાની શ્રુતસ્થવિર ભગવંતની આ રચના લાગે છે.

જૈનગ્રંથાવલીમાં [૧૪] આ ગ્રંથની મૂળ ગાથાઓ ૬૫૬ બતાવી છે. બૃહટ્ટિપ્પનિકામાં પણ આ ગ્રંથની મૂળ ગાથાઓ ૬૫૬ નોંધાઈ છે. શ્રી અમૃતલાલ ભોજકે પ્રસ્તુત પ્રકીર્ણકનું પ્રકાશન કર્યું છે તેમાં તેની ગાથાઓ ૬૬૧ છે.[૧૫]

---

૧૪. જૈન ગ્રંથાવલી પૃ.૬૨.

૧૫. પઈણ્ણસુત્તાઈ-૧. પ્રકાશક-મહાવીર જૈન વિદ્યાલય, પૃ.૯૯.

ગ્રંથની અંતિમ ગાથાઓમાં રચનાકારે પાતાની કૃતિ માટે લીધેલાં ૮ આધારશ્રોતોનો ઉલ્લેખ કર્યો છે. મુખ્યત્વે મરણને કેન્દ્રમાં રાખીને આ આઠે ગ્રંથોમાં વિવરણ હશે એમ માની શકાય.

સંપૂર્ણ ગ્રંથ પદ્યમાં છે. ગાથા છંદ અહીં વપરાયો છે. પ્રશ્નોત્તરીના રૂપે અહીં અભ્યુદ્યત મરણનું સ્વરૂપ વર્ણવાયું છે અને તેને માટેની વિધિ દર્શાવાઈ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના, પાંચે ઈન્દ્રિયોના વિષયને જીતી, રાગદ્વેષથી પર બની આરાધનાની વિશુદ્ધિ કરવાનો અહીં ઉપદેશ છે. આરાધના દરમ્યાન લાગેલાં અતિચારોની શલ્યરહિતપણે આલોચના લેવી, શુદ્ધ જીવન જીવવું વગેરે બાબતોનો અહીં ઉપદેશ છે. અંતમાં વિશુદ્ધપણે મૃત્યુને વરનાર મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ છે.

વળી પાદપોપગમન, ઈંગિની, ભક્તપ્રત્યાખ્યાન વગેરેની વિધિ, ૧૨ ભાવનાનું સ્વરૂપ સમજાવી હિતશિક્ષા ફરમાવી છે કે મનુષ્યપણું, શ્રી જિનવચનનું શ્રવણ વગેરે વાંરંવાર મળવાં દુર્લભ છે એમ સમજી મોક્ષમાર્ગની આરાધના કરી સિદ્ધિના સુખ પામવા પ્રયત્ન કરવો.

પ્રસ્તુત મરણસમાધિ પ્રકીર્ણક વિશે વિશેષ ચર્ચા પછીના પ્રકરણમાં કરેલ છે.

## ૬.૧ આઉરપચ્ચક્ખાણ (આતુરપ્રત્યાખ્યાન) :-

પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧ ગ્રંથમાં 'આતુરપ્રત્યાખ્યાન' નામના ૩ પ્રકીર્ણકસૂત્રો છે તેનાં ક્રમાંક ૬, ૧૩ અને ૧૬ છે.

૬ઠા ક્રમાંકનું આતુરપ્રત્યાખ્યાન ૩૦ ગાથાવાળુંછે. તેનો પરિચય નંદીસૂત્રની ચૂર્ણિ અને હરિભદ્રીય આવૃત્તિ તથા પાક્ષિકસૂત્રવૃત્તિમાં આપ્યો છે-[૧૬] "જેનો વ્યાધિ અસાધ્ય છે તેવા બિમારને ગીતાર્થ પુરુષો પ્રતિદિન ખાદ્ય પદાર્થો ઘટાડીને પ્રત્યાખ્યાન કરાવે, છેવટે બિમાર આહારના વિષયમાં વૈરાગ્ય પામીને અનાસક્ત થાય ત્યારે તેને ભવચરિમ પ્રત્યાખ્યાન કરાવે છે. આ નિરૂપણ જે અધ્યયનમાં છે તે આતુરપ્રત્યાખ્યાન છે."

---

૧૬. પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧. પ્રસ્તાવના. પૃ.૪૧. શ્રી અમૃતલાલ ભોજક

પદ્ય-ગદ્યાત્મક આ સૂત્રમાં પાંચ પરમેષ્ઠિને નમસ્કાર, સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના, ૧૮ પાપસ્થાનકનો ત્યાગ અને શરીરના મમત્ત્વત્યાગની પ્રરૂપણા છે.

**૬.૨ આઉરપચ્ચક્ખાણ :-**

૧૩મા ક્રમાંકનું આતુરપ્રત્યાખ્યાન ૩૪ ગાથાનું છે જેમાં અવિરતિનું પ્રત્યાખ્યાન અને મિથ્યાદુષ્કૃતની ગર્હા, મમત્વનો ત્યાગ, ૧૮ પાપસ્થાનકનો ત્યાગ, અરિહંતાદિના સ્મરણનો ઉપદેશ છે.

**૬.૩ આઉરપચ્ચક્ખાણ :-**

૧૬મા ક્રમે આવેલું આતુરપ્રત્યાખ્યાન ઉપરના બે સૂત્રોના પ્રમાણમાં મોટું છે તેથી બૃહદ્ આતુરપ્રત્યાખ્યાન તરીકે પણ ઓળખાય છે. પં. અમૃતલાલ ભોજકે આ પ્રકીર્ણકનું સંપાદન કર્યું છે, જેમાં ૭૧ ગાથાઓ છે; પણ જૈન સાહિત્યના બૃહદ ઈતિહાસ ભાગ-૨માં જગદીશચંદ્ર જૈન તેની ૭૦ ગાથાઓ નોંધે છે.[૧૭] આ આતુરપ્રત્યાખ્યાન વીરભદ્રાચાર્યની રચના છે.[૧૮] વીરભદ્રાચાર્ય વિક્રમના ૧૧મા શતકમાં થઈ ગયા છે.[૧૯]

વીરભદ્રાચાર્યકૃત આ પ્રકીર્ણક પદ્ય-ગદ્યાત્મક છે. પ્રારંભની ૧૦ ગાથાઓ પછી ૧૧મું સૂત્ર ગદ્યરૂપે છે. તે પછીની રચના પદ્યરૂપે છે.

મરણના સંબંધી પ્રત્યાખ્યાન વગેરેની વાત અહીં કહેવાઈ છે તેથી આનું બીજું નામ અન્તકાલ પ્રકીર્ણક પણ છે.[૨૦] શ્રી ભગવતીસૂત્રના ૧૩મા શતકના ૭મા ઉદ્દેશકમાં મરણના વિવિધ પ્રકારનું વિસ્તારથી વર્ણન છે. પ્રસ્તુત ગ્રંથનો મૂળસ્રોત ભગવતીસૂત્ર પણ હોઈ શકે. દિગંબર સંપ્રદાયના મૂલાચાર ગ્રંથમાં પણ આ પ્રકીર્ણકની ઘણી ગાથાઓ મળે છે.[૨૧] તેથી આ પ્રકારની રચનાની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે.

---

૧૭. જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ. ભા.૨. જગદીશચન્દ્ર જૈન. પૃ. ૨૭૮.

૧૮. પઈણ્ણયસુત્તાઈ ભા.૧, પ્રસ્તાવના, પૃ.૫૫.

૧૯. જુઓ પઈણ્ણયસુત્તાઈ ભા.૧, પ્રસ્તાવના. પૃ.૧૮ - તથા બૃહટ્ટિપનિકામાં પણ 'आराधनापताका १०७८ वर्षे वीरभद्राचार्यकृता' એવો ઉલ્લેખ છે. તેથી વીરભદ્રાચાર્યનો સમય ૧૧મી સદી નક્કી થાય છે.

૨૦. જૈન. સા.બૃ.ઈ. ભા.૨, પૃ.૩૪૭.

૨૧. જુઓ પરિશિષ્ટ ૧.

આ પ્રકીર્ણકમાં સમાધિમરણ પામવા ઇચ્છનાર પુણ્યવાન આત્માઓનાં હિત માટે પંડિતમરણ તથા બાલમરણનું સંક્ષેપમાં નિરૂપણ, ફળ તથા મહત્ત્વ બતાવ્યું છે. આ પ્રસંગે કરવા યોગ્ય કર્તવ્યનું વિવેચન કરતાં કહ્યું છે કે :-

"અસંયમાદિ દોષોને ત્યજી, આરંભાદિના પચ્ચક્ખાણ કરવા, સર્વ જીવો ઉપર સમભાવ કેળવી ધન, સંપત્તિ, કુટુંબ વગેરેની આસક્તિનો ત્યાગ કરવો તથા સમાધિપૂર્વક આહાર, ગૌરવ, કષાય અને મમત્વનો ત્યાગ કરી, ઉપધિ તથા શરીરને પણ વોસિરાવી, સર્વ જીવો સાથે ક્ષમાપના કરવી જોઈએ."

કામભોગોથી નિવૃત્ત થયાં વિના કોઈ કાળે તૃપ્તિ થતી નથી એ વાત ગાથા ૫૦માં સુંદર રીતે સમજાવી છે.[૨૨]

ગાથા ૩૧માં રોગીએ ભાવવાલાયક ભાવના દર્શાવી છે. "ખરેખર આ સંસારમાં અનાદિથી હું દુઃખ ભોગવી રહ્યો છું તેનું મૂળ કારણ પદાર્થોની મમતા છે, આ મમતાનો હું ત્યાગ કરું છું."

અંતસમયે સમાધિભાવની મહત્તા દર્શાવતા કહ્યું છે કે "જેઓ અસમાધિભાવમાં એટલે કે મિથ્યાભાવમાં રાચનારા હોય, કૃષ્ણલેશ્યાના અધ્યવસાયવાળા હોય તેવા જીવો નિદાન કરીને મરણ પામે તો આગામી કાળમાં દુર્લભ બોધીપણાને પ્રાપ્ત કરે છે.[૨૩] અને શુભ પરિણામપૂર્વક નિદાનરહિત મરણને પામે છે તેઓ સમાધિમરણના યોગે ભવિષ્યકાળમાં સુલભબોધિપણાને પામે છે."[૨૪]

મરણસમાધિ પ્રકીર્ણકમાં પણ ઉપરની વાતો જ સમજાવવાનો આશય છે. પ્રસ્તુત પ્રકીર્ણકની ઘણી ગાથાઓ મરણસમાધિમાં મળે છે.[૨૫]

### ૭) મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન) :-

અજ્ઞાત કર્તા દ્વારા રચાયેલા પ્રસ્તુત પ્રકીર્ણકનો ઉલ્લેખ નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં છે. નંદીસૂત્રની ચુર્ણિ (પૃ.૬૮) હરિભદ્રીયાવૃત્તિ (પૃ.૭૨)માં આ

---

૨૨. संसारचक्कवालम्मि मए सव्वे वि पोग्गला बहुसो ।
आहारिया य परिणामिया य नाहं गओ तित्तिं ॥ ५० ॥

૨૩. આતુરપ્રત્યાખ્યાન ગાથા ૪૧.

૨૪. આતુરપ્રત્યાખ્યાન ગાથા ૪૨.

૨૫. જુઓ પરિશિષ્ટ - ૧.

પ્રકીર્ણકનો પરિચય મળે છે.[૨૬]

મરણસમાધિ ગ્રંથમાં પણ આ પ્રકીર્ણકનો ઉલ્લેખ મળે છે. મરણસમાધિકારે જે ૮ ગ્રંથોના આધારે પોતાની રચના કરી છે તે ૮ માંનો ૧ ગ્રંથ આ 'મહાપ્રત્યાખ્યાન'છે.

જૈનગ્રંથાવલી (પૃ.૪૪)માં પ્રસ્તુત પ્રકીર્ણકની ૧૪૩ ગાથાઓ નોંધાઈ છે. પં. અમૃતલાલ ભોજક સંપાદિત પઈણ્ણયસુત્તાઈ-ભાગ ૧માં (પૃ.૧૬૩ પર) આ પ્રકીર્ણકની ગાથાઓ ૧૪૨ છે.

મહાપ્રત્યાખ્યાનનો રચનાનો સમય કયો હશે તે વિચારતાં આપણે તેને નંદીની પૂર્વે તો મૂકી જ શકીએ. એટલે કે પાંચમી શતાબ્દી પહેલાં તે રચાયું હશે. હાલમાં મહાપ્રત્યાખ્યાનના સંબંધમાં ડૉ. સુરેશ સિસોદિયાએ લેખક તથા રચનાકાળનો વિસ્તારથી વિચાર કરી નિષ્કર્ષરૂપે ગ્રંથનો સમય બીજીથી ચોથી શતાબ્દીના મધ્યનો માન્યો છે.[૨૭]

ગ્રંથનું મહાપ્રત્યાખ્યાન નામ સાર્થક છે તેના સંદર્ભમાં નીચેના કારણો આપી શકાય -

દેશવિરતિવાળા ગૃહસ્થો માટે આતુરપ્રત્યાખ્યાનમાં વિધિ બતાવી છે જેના દ્વારા અંતિમ સમયની આરાધના કરી શકાય. મહાપ્રત્યાખ્યાનમાં સાધુને માટે પ્રત્યાખ્યાન - ત્યાગની વાત કરી છે. જીવનમાં સૌથી મોટો ત્યાગ કોઈપણ હોઈ શકે તો તે દેહત્યાગ છે. પ્રત્યાખ્યાનપૂર્વક દેહ છોડી, સમાધિમરણને ભેટવાની દરેક મોક્ષાભિલાષી સાધકની ઈચ્છા હોય જ છે.

દરેક જીવને પોતાના શરીર ઉપર રાગ-આસક્તિ, મોહ હોય જ છે એવા આસક્તિના મૂળ રૂપ શરીરની આસક્તિના ત્યાગ ઉપર આ પ્રકીર્ણકમાં ભાર મૂકાયો છે.

મંગલાચરણ કર્યા પછી સમ્યક્ત્વ, પાપના પ્રત્યાખ્યાન, દુશ્ચરિત્રની નિંદા,

---

૨૬. પઈણ્ણયસુત્તાઈ - ભા.૧, પૃ.૪૨.

૨૭. મહાપચ્ચક્ખાણ પ્રકીર્ણક. સંપા. ડૉ. સુરેશ સિસોદિયા. આગમ અહિંસા સંસ્થાન અને પ્રાકૃત સંસ્થાન - ઉદયપુર.

'સામાયિક' પાઠનો ઉચ્ચાર, ઉપધિ, રાગ, દ્વેષ, કષાય, હર્ષ, દીનતા આદિનો ત્યાગ, સર્વ જીવોની સાથે ક્ષમાપના, ૧૮ પાપસ્થાનકોની નિંદા, ગર્હા, આત્માનું સ્વરૂપ, એકત્વાદિની ભાવના વગેરેનું અહીં વિવરણ છે. અસંયમ, મિથ્યાત્વાદિને કારણે પાપ કર્યાં હોય, ગુનો કર્યો હોય તે સર્વને શુદ્ધ ભાવપૂર્વક ખામવા તથા ખમાવવા ; કારણ પાપ કરવું તેનાં કરતાં નિર્મલ ભાવથી થયેલાં પાપોને ગીતાર્થગુરુ સમક્ષ શલ્યરહિતપણે એકરાર કરી પ્રાયશ્ચિત્ત લેવામાં વધુ સામર્થ્યની જરૂર પડે છે. ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત તપના રૂપમાં કે સ્વાધ્યાયના રૂપમાં જરૂરથી પૂરું કરવું જોઈએ. તેનાથી સાધનાનો માર્ગ વધુ મોકળો બને છે.

તે પછી આરંભાદિના પચ્ચક્ખાણ તથા ભાવની વિશુદ્ધિનું સ્વરૂપ જણાવ્યું છે. લોકાકાશના દરેક પ્રદેશમાં દરેક યોનિમાં થયેલાં જન્માદિની વાત કરી છે. અનાદિથી આ જીવ બાલમરણથી મર્યો, તેથી જ સંસારમાં રખડે છે. પંડિતમરણથી જન્મમરણનો અંત આવે છે, કરેલાં કર્મ જીવ પોતે જ ભોગવે છે માટે સમભાવે રહેવું - ઈંદ્રિયોને વશ કરી વિષય કષાયના ત્યાગ માટે સદા ઉદ્યમશીલ રહેવું અને અંતે અનશનનો સ્વીકાર કરવો. આવા આવા ઉપદેશનું અહીં નિરૂપણ છે.

ગ્રંથના અંતભાગમાં પંડિતમરણને પામવા માટે જઘન્યથી, મધ્યમથી, ઉત્કૃષ્ટતાથી આરાધના કરે તો તેનું શું ફળ મળે તે અંગે વાત કરે છે અને કહે છે આવા મરણને ભેટનારા કાં તો વૈમાનિક દેવ થાય છે અથવા સિદ્ધિપદને પામે છે.

મહાપ્રત્યાખ્યાનનું વિષયવસ્તુ મરણસમાધિને ઘણું મળતું આવે છે. અલબત્ત મરણસમાધિકારે મહાપ્રત્યાખ્યાનનો આધાર લીધો છે જ. વિષયવસ્તુના સામ્યને લીધે બન્ને ગ્રંથોની ઘણી ગાથાઓમાં સામ્ય છે.[૨૮]

## ૮) ઈસિભાસિયાઈ (ઋષિભાષિતાનિ) :-

નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં કાલિક શ્રુત અંતર્ગત પ્રસ્તુત પ્રકીર્ણકનો ઉલ્લેખ છે પાક્ષિકસૂત્રની વૃત્તિમાં આ અંગે આવતાં પિસ્તાલીસ અધ્યયનોનો પણ ઉલ્લેખ છે.[૨૯]

---

૨૮. જુઓ પરિશિષ્ટ નં. ૧.

૨૯. પાક્ષિકસૂત્રવૃત્તિ. પત્ર ૬૭ની પ્રથમ પૃષ્ઠિ.

આચાર્ય ઉમાસ્વાતિએ તત્ત્વાર્થભાષ્યમાં અંગબાહ્ય ગ્રંથોની સૂચિ આપી છે, તેમાં ઋષિભાષિતનો ઉલ્લેખ કર્યો છે.[30]

આચાર્ય જિનપ્રભસૂરિએ વિધિમાર્ગપ્રપા (પૃ.૫૮) ઉપર આગમોના સ્વાધ્યાયની વિધિનું વર્ણન કર્યું છે ત્યાં પ્રકીર્ણકના ઉલ્લેખના સમયે ઋષિભાષિતનો ઉલ્લેખ કર્યો છે.[31]

સ્થાનાંગસૂત્રમાં પ્રસ્તુત પ્રકીર્ણકનો ઉલ્લેખ પ્રશ્નવ્યાકરણદશાના એકભાગરૂપે થયો છે.[32]

સમવાયાંગસૂત્ર (૪૪મા સૂત્ર)માં ઋષિભાષિતનો આ પ્રમાણે ઉલ્લેખ છે :-

चोतालीसं अज्झयणा इसिभासिया दिवलोगयुताभासिया पण्णत्ता ।

હરિભદ્રસૂરિકૃત આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં (પૃ.૨૦૬માં) પ્રસ્તુત ગ્રંથને ધર્મકથાનુયોગનો ગ્રંથ કહેલ છે.

નિશીથસૂત્ર ચૂર્ણિ (વિભાગ ૪, પૃ.૨૫૩)માં પણ ધર્મકથાનુયોગમાં ઋષિભાષિતની ગણના થઈ છે.[33]

ઉપરના બધા પ્રમાણોથી ઋષિભાષિતને આપણે અર્ધમાગધી જૈનાગમ સાહિત્યનો પ્રાચીન ગ્રંથ કહી શકીએ.

૧૨ અંગ અને ૧૪ અંગબાહ્ય આગમોને જ માનતા દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં ઋષિભાષિતનો ઉલ્લેખ નથી. સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાય પણ ઋષિભાષિતને માનતાં નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં ૮૪ આગમોની ગણત્રીમાં તેનો ઉલ્લેખ છે.

---

૩૦. अंगबाह्यमनेकविधभ् । तद्यथा-सामायिकं, चतुर्विशंतिस्तव, वंदनं, प्रतिक्रमणं, काय-व्युत्सर्गः, प्रत्याख्यानं, दशवैकालिकं, उत्तराध्यायाः, दशाः, कल्पव्यवहारौ, निशीथं, ऋषिभाषितानीत्येवमादि । ૧/૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર-સ્વોપજ્ઞભાષ્ય.

૩૧. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ - ભા.૧, પૃ.૪૦.

૩૨. સ્થાનાંગ સૂત્ર. ૧૦મું અધ્યયન. ૧૦મું સ્થાન. પ્રકાશક-મહાવીર જૈન વિદ્યાલય-પૃ.૩૧૧.

૩૩. પઈણ્ણયસુત્તાઈ-૧. પૃ.૪૭.

જૈન ગ્રંથાવલીમાં પ્રસ્તુત પ્રકીર્ણકનો ઉલ્લેખ છે.[૩૪] પં. અમૃતલાલ ભોજકે પઈણ્ણસુત્તાઈ ભાગ-૧માં આ પ્રકીર્ણકને પ્રકાશિત કર્યું છે.[૩૫]

આચારાંગમાં પ્રથમ શ્રુતસ્કન્ધને બાદ કરતાં ઋષિભાષિત બધા જૈન આગમોમાં પ્રાચીન સિદ્ધ થયું છે. ડૉ. સાગરમલ જૈને ઋષિભાષિતના સમયના પુરાવા માટે ઘણી દલીલો આપીને તેને ઈ.સ. પૂર્વ ૫મી શતાબ્દીથી ઈ.સ.પૂર્વે ત્રીજી શતાબ્દીની વચ્ચેની રચના તરીકે ઠરાવ્યું છે.[૩૬] ઐતિહાસિક દ્રષ્ટિએ વિચારીએ તો પણ પ્રસ્તુત ગ્રંથની રચના મહાવીર તથા બુદ્ધના નિર્વાણની પહેલી શતાબ્દીમાં થઈ લાગે છે, કારણ 'ઋષિભાષિત'માં આવતાં ઋષિઓનાં વર્ણન ભગવાન મહાવીર તથા બુદ્ધની પહેલાં અથવા સમકાલીન છે.

પ્રથમ અધ્યાયમાં બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સાથે માનીને ધર્મની વાતને લીધે એક મત એવો ઊભો થયો છે કે ઋષિભાષિત પાર્શ્વનાથની પરંપરામાં નિર્માણ પામ્યું હશે.

મુખ્યત્વે જૈનધર્મની માન્યતાઓનું પ્રતિપાદન કરતાં આ ગ્રંથમાં ૪૫ ઋષિઓના ઉપદેશરૂપ ૪૫ અધ્યયનો છે. આ ૪૫ પ્રત્યેકબુદ્ધ હતા.[૩૭] પારમાર્થિક ભાવથી આત્મિક જ્ઞાનની પ્રાપ્તિ કરનાર પ્રત્યેકબુદ્ધ કહેવાય છે.

ચાતુર્યામ ધર્મ, ૫ મહાવ્રત, ૪ કષાય, ૧૮ પાપ સ્થાનક, પુણ્ય, પાપ, સંવર, ૪ ગતિ, ૭ ભયસ્થાન, ૮ મદસ્થાન, ૯ પ્રકારે બ્રહ્મચર્યની વાડ, ૧૦ પ્રકારે સમાધિ, કર્મોનું સ્વરૂપ, કર્મનાશથી સુખોનો અનુભવ, કર્મબંધના કારણો, લોક પરલોકની આશંસાના નિષેધનો ઉપદેશ, સમ્યગ્દર્શનની ઉપાદેયતા, ઉત્તમ પુરુષોના લક્ષણ, પરિસહ-ઉપસર્ગને સમભાવથી સહેવાનો ઉપદેશ વગેરે વિષયો અહીં વર્ણવાયાં છે.

સમગ્ર ગ્રંથ દુ:ખોના નાશ માટે કર્મમૂળને ઉખેડવા માટે જિનાજ્ઞાપાલન અને ઉત્તમ સંયમ ધર્મની આચરણા, સમભાવ વગેરેથી સિંચાયેલ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ

૩૪. જૈન ગ્રંથાવલી. પૃ.૬૦.

૩૫. પઈણ્ણયસુત્તાઈ ભા.૧. પૃ.૧૮૧ થી ૨૫૬.

૩૬. ઋષિભાષિત - એક અધ્યયન - પ્રસ્તાવના - પૃ.૬ - ડૉ. સાગરમલ જૈન.

૩૭. (નેમિનાથના સમયમાં વીસ, પાર્શ્વનાથના સમયમાં પંદર અને વર્ધમાન સ્વામીના સમયમાં દસ.) જુઓ ઋષિભાષિત સંગ્રહણી - પૃ.૧૭૯. ગાથા નં..૧.

કરતાં જીવોને ઉત્તમ માર્ગદર્શક બની રહે એવો છે.

### ૯) દીવસાગરપણ્ણત્તિ (દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ) :-

જૈનગ્રંથાવલીમાં પ્રસ્તુત ગ્રંથની ૨૨૩ ગાથાઓ છે એવી નોંધ છે.[૩૮] પં. અમૃતલાલ ભોજકે પઈણ્ણયસુત્તાઈ-૧ માં પ્રસ્તુત પ્રકીર્ણક પ્રગટ કર્યું છે.[૩૯] તેની ૨૨૫ ગાથાઓ છે. ગ્રંથમાં કર્તાનો નામોલ્લેખ કોઈ જગાએ મળતો નથી, અન્યત્ર પણ તેના રચનાકાર વિષેનો ઉલ્લેખ મળતો નથી.

પાક્ષિકસૂત્રની વૃત્તિમાં 'દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ'નો પરિચય આ પ્રમાણે છે - "દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ ગ્રંથમાં દ્વીપો અને સાગરોનું વર્ણન છે."[૪૦]

સ્થાનાંગસૂત્રમાં ચાર અંગબાહ્ય પ્રજ્ઞપ્તિ હોવાનો ઉલ્લેખ છે તેમાં દ્વીપસાગરપ્રજ્ઞપ્તિનું નામ નોંધાયું છે. સ્થાનાંગમાં તેના ઉલ્લેખને લીધે પ્રસ્તુત ગ્રંથનો સમય પાંચમી શતાબ્દી પહેલાંનો હોવો જોઈએ એમ ચોક્કસ કહી શકીએ.[૪૧]

દિગંબર સંપ્રદાયના ષટ્ખંડાગમની ધવલા ટીકામાં પ્રસ્તુત ગ્રંથનો આ પ્રમાણે પરિચય છે - "દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ નામનું પરિકર્મ બાવન લાખ છત્રીસ હજાર પદો દ્વારા ઉદ્ધારપલ્યથી દ્વીપ અને સમુદ્રોના પ્રમાણ તથા દ્વીપ - સાગરની અંદર વિવિધ પ્રકારના બીજા પદાર્થોનું વર્ણન કરે છે."[૪૨]

પ્રસ્તુત ગ્રંથનો ઉલ્લેખ આવશ્યકચૂર્ણિ તથા હરિભદ્રસૂરિકૃત નંદીસૂત્ર તથા આવશ્યકસૂત્રની ટીકામાં પણ છે.[૪૩]

---

૩૮. જૈન ગ્રંથાવલી. પૃ. ૬૪.

૩૯. પઈણ્ણયસુત્તાઈ - ૧. પૃ.૨૫૭ થી ૨૭૯.

૪૦. પઈણ્ણયસુત્તાઈ-૧. પ્રસ્તાવના. પૃ.૫૩.

૪૧. જુઓ દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ-ડૉ. સુરેશ સિસોદિયા.

૪૨. दीवसागरपण्णत्ती बादण्ण-लक्ख-छत्तीस-पद-सहरसेहि उद्धारपल्ल पमाणेण दीव-सायर-पमाणं अण्णं पि दीव-सायरंतएभूदत्यं बहुभेयं वण्णेदि ।
ષટ્ખંડાગમન - ૧/૧/૧ પૃ.૧૦૯-જુઓ દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ-ડૉ. સુરેશ સિસોદિયા. પૃ.૧૧.

૪૩. જુઓ પ્રવચન કિરણાવલી - વિજયપદ્મસૂરિજી - પૃ.૪૬૭.

મોટે ભાગે મંગલાચરણ કર્યા પછી ગ્રંથની શરૂઆત થતી હોય છે. અહીં કર્તાએ સીધી જ વિષયની સાથે ચર્ચા શરૂ કરી છે. માનુષોત્તર પર્વતનું વિવરણ પ્રારંભમાં કર્યું છે. તે પછી નલીનોદક સાગર, સુરારસ સાગર, ક્ષીરજલસાગર, ધૃતસાગર તથા ક્ષોદરસસાગરમાં ગોતીર્થથી રહિત વિશેષ ક્ષેત્રોનું તથા નંદીશ્વરદ્વીપના વિસ્તારનું નિરૂપણ કર્યું છે. અંજન પર્વત - તેના ઉપર જિનમંદિરો, અંજન પર્વતોની ઊંચાઈ, ઊંડાઈ, એની આજુ બાજુ એક હજાર યોજન ઊંડી તથા એક લાખ યોજન પહોળી સ્વચ્છ જલવાળી પુષ્કરણિઓનું વર્ણન છે. પુષ્કરણિઓની વચ્ચે દધિમુખ પર્વત, પર્વતોની ઉપર ગગનચુંબી જિનમંદિરનો અહીં ઉલ્લેખ કર્યો છે. તે પછી કુંડલદ્વીપનું વર્ણન, તેના મધ્યમાં આવેલાં કુંડલ પર્વતની ઊંચાઈ, વિસ્તાર વગેરેનું વિવેચન છે. કુંડલસમુદ્ર તથા રોચકદ્વીપના વિસ્તારનું પરિમાણ અહીં સંક્ષેપમાં આપ્યું છે. રુચક દ્વીપની મધ્યમાં આવેલાં રુચક પર્વતની ઊંચાઈ વગેરે તથા રુચક પર્વતની બહાર આઠ લાખ ચોર્યાસી હજાર યોજન પછી રતિકર પર્વત આવેલ છે તેનો અહીં નિર્દેશ મળે છે. રુચક સમુદ્રમાં પહેલાં અરુણદ્વીપ અને પછી અરુણ સમુદ્ર આવે છે અને અરુણ સમુદ્રની દક્ષિણે તિગિચ્છ પર્વત આવેલો છે તેના વિસ્તાર આદિનું પણ વર્ણન છે. જંબૂદ્વીપમાં માનુષોત્તર પર્વતમાં તથા અરુણ સમુદ્રમાં દેવોનો આવાસ હોવાની જાણ આપણને અહીં થાય છે.

આમ પ્રસ્તુત પ્રકીર્ણકમાં શ્વેતાંબરની માન્યતા પ્રમાણે મધ્યલોકના દ્વીપસાગરોનું વિવરણ અને માહિતી મળે છે.

**૧૦) સંથારગ પઈણ્ણય (સંસ્તારક પ્રકીર્ણક) :-**

પ્રસ્તુત ગ્રંથના કર્તા અજ્ઞાત છે અને તેથી તેની રચનાનો સમય પણ નિશ્ચિત નથી.

જૈનાગમોની સૂચિઓ ધરાવતાં 'જૈન ગ્રંથાવલી'માં આ ગ્રંથની ગાથાઓ ૧૨૧ નોંધાઈ છે.[૪૪] જગદીશચંદ્ર જૈન ૧૨૩ ગાથાઓ નોંધે છે.[૪૫] આ પ્રકીર્ણક પં. અમૃતલાલ મોહનલાલ ભોજક સંપાદિત પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં પૃષ્ઠ ૨૮૦ પર પ્રકાશિત થયું છે, તેમાં ૧૨૨ ગાથાઓ છે.[૪૬] પ્રસ્તુત ગ્રંથ ઉપર

૪૪. જૈન ગ્રંથાવલી. પૃ.૪૬.

૪૫. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ-ભા.૨. પૃ.૨૮૬.

૪૬. પઈણ્ણયસુત્તાઈ-૧, પૃ.૨૮૦-૨૯૭.

ગુણરત્નસૂરિએ અવચૂરિ લખી છે.[૪૭]

સંથારગ એટલે અંતિમ આરાધના પ્રસંગે સ્વીકારવામાં આવતું દર્ભ, તૃણ, કાષ્ઠ આદિનું આસન.

પ્રારંભમાં મંગલાચરણ કર્યા પછી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને સંસ્તારકના ગુણો દર્શાવાયાં છે. તે પછી સંસ્તારકનું સ્વરૂપ કેવું હોવું જોઈએ, સંથારો વિશુદ્ધ કેવી રીતે બને તે માટેના ઉપાયો બતાવ્યા છે. જેમ કે :- "અભિમાનથી રહિત બની ગુરુ પાસે આલોચના લેવી, સમ્યક્દર્શનની નિર્મળતા હોવી, રાગ, દ્વેષ અને શલ્યરહિતપણું, ત્રણ ગુપ્તિથી યુક્ત હોવું, ત્રણ દંડથી વિરમવું, ચાર પ્રકારના કષાય તથા વિપાકથી નિત્ય દૂર હોવું, પાંચ મહાવ્રતનું પાલન તથા પાંચ સમિતિનું સમ્યક્પ્રકારે આચરણ, છ કાયની વિરાધનાથી અટકવું, ભયના સ્થાનોનો ત્યાગ કરવો, નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડને ધારણ કરવી, દસ પ્રકારના શ્રમણધર્મમાં હમેશા ઉદ્યત રહેવું" વગેરે.[૪૮]

તે પછી સંથારાના લાભ બતાવતાં કહે છે કે સંસ્તારકની વિધિને અંગીકાર કર્યાની સાથે જ મુનિને કર્મનિર્જરાનો અપૂર્વ લાભ મળે છે. આવી આરાધનાની યથાર્થ સાધના દ્વારા જીવ ત્રીજે ભવે મોક્ષ પામે છે. વળી શુદ્ધ સંથારો કયો હોઈ શકે ? તેના સંદર્ભમાં કહ્યું છે કે :-

આત્મા જ સંથારો છે. વિશુદ્ધ ચારિત્રધર્મનું પાલન કરતાં આત્માની શુદ્ધ પરિણતિ દ્વારા કર્મની જે નિર્જરા થાય છે તે તૃણ કે દર્ભના સંથારા અથવા પ્રાસુક એવી ભૂમિમાં પણ થતી નથી.[૪૯]

ભૂતકાળમાં આવી રીતે સંથારાને ગ્રહણ કરી, અનશન આદરી, સમાધિભાવને ટકાવીને સિદ્ધિપદને પામેલાં મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ અહીં આપ્યાં છે. જેમ કે :- અર્ણિકાપુત્ર આચાર્ય, સ્કંદકસૂરિના શિષ્યો, સુકોશલમુનિ, અવંતિસુકુમાર, ચિલાતિપુત્ર, ગજસુકુમાલ વગેરે.

---

૪૭. જૈન ગ્રંથાવલી. પૃ.૪૬.
૪૮. સંસ્તારક પ્રકીર્ણક-જુઓ પઈણ્ણયસુત્તાઈ ભા.૧, પૃ.૨૮૬. ગા.૩૩-૪૩.
૪૯. સંસ્તારક પ્રકીર્ણક ગાથા ૫૩.

મરણસમાધિ ગ્રંથમાં આમાંના ઘણા દ્રષ્ટાંતો આવે છે. વળી સમાધિને માટે જરૂરી મુદ્દાઓની છણાવટમાં પણ ઘણી ગાથાઓ મરણસમાધિને મળતી આવે છે.[૫૦]

**૧૧) વીરત્થઓ (વીરસ્તવ) :-**

જૈનગ્રંથાવલીમાં આ પ્રકીર્ણકનો ઉલ્લેખ છે.[૫૧] પં. અમૃતલાલ ભોજકે પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં વીરસ્તવ પ્રકીર્ણકનું પ્રકાશન કર્યું છે.[૫૨] - ૪૩ ગાથાઓવાળા આ પ્રકીર્ણકની નોંધ જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસમાં પણ લેવાઈ છે.[૫૩]

પ્રસ્તુત પ્રકીર્ણકના કર્તા અજ્ઞાત છે, જો કે પ્રવચન કિરણાવલિકાર[૫૪] (પૃષ્ઠ ૪૬૮) જણાવે છે કે ઘણા વિદ્વાનો આને હરિભદ્રસૂરિ મહારાજની રચના જણાવે છે.

આ પ્રકીર્ણકમાં શ્રમણ ભગવાન મહાવીરની છવ્વીસ નામો વડે સ્તુતિ કરાઈ છે, તે છવ્વીસ નામોના અન્વયાર્થ પણ જણાવ્યાં છે. તે નામો આ પ્રમાણે છે -

१) अरुह २) अरिहंत ३) अरहंत ४) देव ५) जिण ६) वीर
७) परमकारुणिय ८) सव्वण्णु ९) सव्वदरिसी १०) पारय
११) तिकालविऊ १२) नाह १३) वीयराय १४) केवली
१५) तिहुयणगुरु १६) सव्व १७) तिहुयणवरिट्ठ १८) भयवं
१९) तित्थयर २०) सक्कनमंसिय २१) जिणिंद २२) वद्धमाण
२३) हरि २४) हर २५) कमलासण २६) बुद्ध

---

૫૦. જુઓ પરિશિષ્ટ-૧.
૫૧. જૈન ગ્રંથાવલી. પૃ.૪૬.
૫૨. પઈણ્ણસુત્તાઈ ભા.૧, પૃ.૨૯૨-૨૯૭.
૫૩. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ-ભા.૨, પૃ.૨૯૪.
૫૪. પ્રવચન કિરણાવલી-વિજય પદ્મસૂરિશ્વરજી, પ્રકાશક-જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર, દ્વિતીય આવૃત્તિ-ઈ.સ. ૧૯૭૯.

**૧૨) ચઉસરણ - પયન્નય (ચતુઃશરણ પ્રકીર્ણક) :-**

इय जीव । पमायमहारिवीरभद्दंतमेयमज्झयणं ।
झाएसु तिसंझमसंझकारणं निव्वुइसुहाणं ॥६३॥

ચઉસરણ પયન્નયની ઉપર્યુક્ત અંતિમ ગાથા ઉપરથી સ્પષ્ટ રીતે કર્તાના નામની આપણને જાણ થાય છે. એક માન્યતા એવી છે કે વીરભદ્ર ભગવાન મહાવીરના હસ્તદીક્ષિત શિષ્ય હતા.[૫૫] પરંતુ જ્ઞાનાંજલી પૃષ્ઠ ૪૩માં વૃદ્ધચતુઃશરણ તથા આરાધનાપતાકાના રચનાકાર તરીકે વીરભદ્રગણિનો ઉલ્લેખ છે અને ત્યાં તેમનો સમય વિ.સં. ૧૦૭૮નો જણાવ્યો છે. જો કે વૃદ્ધચતુઃશરણ (ગાથા ૯૦)ના રચનાકાર તરીકે જૈનગ્રંથાવલિ દેવેંદ્રસૂરિનો ઉલ્લેખ કરે છે.[૫૬]

પ્રકીર્ણકોના સંપાદનકાર શ્રી અમૃતલાલ ભોજક પઈણ્ણયસુત્તાઈ -૧માં પ્રસ્તુત પ્રકીર્ણકના પરિચયસમયે તેના કર્તા તરીકે ૧૧મી સદીમાં થયેલાં વીરભદ્રાચાર્યને જ બતાવે છે.[૫૭] ખુદ સ્વ. આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજીએ પણ કહ્યું છે કે - "પ્રસ્તુત ચતુઃશરણ (ગાથા ૬૩)ના વિષય તથા રચનાના ક્રમને જોતાં તે ૧૧મી સદીમાં થયેલાં વીરભદ્રાચાર્યનું હોવું જોઈએ એવું ચોક્કસ લાગે છે."[૫૮]

પ્રસ્તુત પ્રકીર્ણકને 'કુશલાનુબંધિ અધ્યયન' તરીકે પણ ઓળખાવાયું છે.

'ચતુઃશરણ' નામવાળા ત્રણ પ્રકીર્ણકો મળે છે જેમાંથી અમૃતલાલે (૧) ચતુઃશરણ - ગાથા ૨૭ તથા (૨) કુશલાનુબંધિ અજ્ઝયણ અથવા ચતુઃશરણ - ગાથા ૬૩, પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં ક્રમાંક ૧૨ અને ૧૪ ઉપર પ્રકાશિત કર્યા છે અને (૩) વૃદ્ધચતુઃશરણ પ્રકીર્ણક હજુ સુધી પ્રકાશિત થયું નથી.

---

૫૫. (અ) ચઉસરણ તથા આઉરપચ્ચક્ખાણ પયન્નાનું ભાષાંતર-પ્રસ્તાવના. પૃ.૧. પ્રકાશક - શ્રી જૈન તત્ત્વ વિવેચક સભા.
(બ) પ્રવચન કિરણાવલી - પૃ.૪૨૨.
૫૬. જુઓ જૈન ગ્રંથાવલી. પૃ.૬૮.
૫૭. જુઓ પઈણ્ણસુત્તાઈ-૧, પૃ.૫૪.
૫૮. જુઓ પઈણ્ણસુત્તાઈ -૧. પ્રસ્તાવના. પૃ.૧૮.

જૈનગ્રંથાવલી (પૃષ્ઠ ૪૪)માં ચતુઃશરણ ઉપર ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચનાર આચાર્ય ભુવનતુંગસૂરિનો ઉલ્લેખ છે તથા સોમચંદ્રસૂરિના ગુરુભાઈ ગુણરત્નસૂરિએ અવચૂરિ લખેલી છે તેનો પણ ઉલ્લેખ છે.

ચતુઃશરણ પ્રકીર્ણક (ગાથા ૬૩) સંપૂર્ણપણે પદ્યમાં છે. તેમાં ગાથા છંદનો ઉપયોગ થયો છે.

અંતિમ સમયે જીવને અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ લેવાનું હોવાથી પ્રસ્તુત ગ્રંથનું નામ ચતુઃશરણ પડ્યું છે. અરિહંતાદિ ચારેનું શરણ લેવાથી તથા વિચાર અને આચારની નિર્મળતા રાખવાથી ઘણા ચીકણા પાપકર્મોનો નાશ થાય છે એ આ પ્રકીર્ણકનો મુખ્ય સાર છે. પ્રારંભમાં ગ્રંથકારે મંગલરૂપ છ આવશ્યકોને યાદ કર્યા, અને તેમાંથી પ્રથમ આવશ્યક 'સામાયિક'ની મહત્તા બતાવી - "સામાયિક એ સદોષ મનોવૃત્તિનો ત્યાગ કરીને નિર્દોષ ત્રિવિધ વ્યાપારમાં આત્માને જોડવાનું સાધન છે." સામાયિકને શુદ્ધ રૂપે આચરીને બાકીના ૫ આવશ્યકો - ચતુર્વિશંતિસ્તવ, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાનને યથાર્થ સાધી શકાય છે.

ચાર શરણ, દુષ્કૃત ગર્હા તથા સુકૃતની અનુમોદનાની વાત અહીં સરળ ભાષામાં રજૂ કરાઈ છે. અરિહંતાદિ ચારેના સ્વરૂપનું વર્ણન કરી જે ભવ્ય જીવોને આચારનું શરણ મળે છે તેમને ધન્ય કહ્યાં છે. તે પછી જન્મજન્માંતરમાં આત્માએ જે કોઈ દુષ્કૃત્ય આચર્યા હોય, જેમ કે - મિથ્યાત્વ, અરિહંતાદિની આશાતના, જીવોને કરેલાં પરિતાપ, ધર્મવિરુદ્ધ કથન - તે સર્વેની નિંદા કરવી જોઈએ - તેનું નિરૂપણ અહીં થયું છે અને જેમ ખોટાં કામોનો પશ્ચાત્તાપ જરૂરી છે તેમ સારા કાર્યો જેવા કે - અરિહંતાદિના ગુણોની સ્તવના, જિનવચન અનુસાર કરેલાં દાનાદિ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, જિનપૂજા, ગુરુસ્તુતિ, રથયાત્રા, ઉપશમ, વિવેક, સંવર, દયા વગેરે કાર્યો કરવાની તક મળી હોય તે સર્વેને યાદ કરી ફરી ફરી એવા શુભકાર્યો કરવાનો અવસર પ્રાપ્ત થાય એવા વિચારપૂર્વક સુકૃતની અનુમોદનાની પણ અહીં આવશ્યકતા બતાવી છે. કરેલાં સુકૃતને વાગોળવાથી શુભ ભાવની વૃદ્ધિ થાય છે. અંતિમ ગાથાઓમાં ચતુઃશરણ ગમન, દુષ્કૃત નિંદા તથા સુકૃત અનુમોદનાનું ફળ જણાવ્યું છે.

**૧૩) ભત્તપરિણ્ણા (ભક્તપરિજ્ઞા) :-**

પ્રસ્તુત ગ્રંથની ૧૭૨મી ગાથામાં વીરભદ્રનો ઉલ્લેખ હોવાથી ગ્રંથના કર્તા પૂર્વોક્ત વીરભદ્રાચાર્ય મનાય છે.[૫૯]

જૈન ગ્રંથાવલી પ્રમાણે આ પ્રકીર્ણકની ગાથાઓ ૧૭૧ છે. જૈન સાહિત્યના બૃહદ ઈતિહાસ ભાગ-૨માં જગદીશચંદ્ર જૈન ૧૭૨ ગાથાઓ હોવાનું નોંધે છે. પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં પ્રકાશિત ભક્તપરિજ્ઞામાં ૧૭૩ ગાથાઓ છે.

પ્રસ્તુત પ્રકીર્ણક સમગ્રપણે પદ્યમાં છે. ગીતાર્થ ગુરુ લાયક જીવને અંતકાળે આહારના પચ્ચક્ખાણ કેવી રીતે કરાવે તેની વિગતો દર્શાવતું હોવાથી તેનું 'ભક્તપરિજ્ઞા' એવું નામ યથાર્થ છે.

પ્રારંભમાં કર્તાએ શાસનનાયક શ્રી મહાવીરદેવની સ્તુતિ કરી મોક્ષના સુખને જ સાચું સુખ માની તેના માટે જિનાજ્ઞાની આરાધનાની આવશ્યકતા બતાવી છે. તે પછી ઉત્તમ મરણના ત્રણ ભેદો - ભક્તપરિજ્ઞા, ઈંગિની, પાદપોપગમનનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે તથા ગીતાર્થ ગુરુ અનશનની વિધિ કેવી રીતે કરે છે તે બતાવ્યું છે. તથા શ્રાવક માટે પણ અનશનની વિધિ અહીં બતાવી છે.[૬૦]

ભક્તપરિજ્ઞાના બે પ્રકાર - સવિચાર ભક્તપરિજ્ઞા તથા અવિચાર ભક્તપરિજ્ઞાની સમજ તથા બન્નેના ભેદની વ્યાખ્યા ગાથા નં.૧૦ માં કરી છે. અનશની મુનિને અંતકાળે ચિત્તની સમાધિ માટે અપાતાં સમાધિપાનની હકીકત, આલોચના અને પ્રાયશ્ચિત્તકરણ તથા ક્ષમાપના વગેરે બાબતનું અહીં નિરૂપણ છે. ગીતાર્થ ગુરુ અનશન લેનાર મુનિને કેવી હિતશિક્ષા આપે છે તે પણ અહીં દર્શાવ્યું છે. જેમ કે :- નવકારમંત્રનું સ્મરણ, સ્વાધ્યાયાદિ, જિનશાસન ઉપર દ્રઢ શ્રદ્ધા, ભવભ્રમણને ટાળવાં સમ્યક્ત્વાદિની આવશ્યકતા અને તે માટે યથાયોગ્ય દ્રષ્ટાંતો.

હિતશિક્ષાને ગ્રહણ કરવાનું ફળ બતાવતાં કહે છે - આવી હિતશિક્ષા ગ્રહણ

---

૫૯. इअ जोइसर जिणवीरभदभणिआणुसारिणीमिणमो ।
भत्तपरिन्नं धन्ना पठंति निसुणंति भावेति ॥ १७२ ॥
પૂર્વનોંધ મુજબ આચાર્ય વીરભદ્રનો સમય ૧૧મી શતાબ્દીનો છે.

૬૦. ભત્તપરિણ્ણા - ગાથા ૨૯ થી ૩૫

કરવાથી અને તેની ભાવના વારંવાર કરતાં રહેવાથી નિજગુણની રમણતા વધે છે. તે પછી નિયાણાનું સ્વરૂપ, રાગ દ્વેષ, મોહ વગેરેના ભેદની સમજાવટ આપી છે. રાગદ્વેષ મોહમાં જે ફસાય તેની સરખામણી કાચના ટૂકડાની ખાતર વૈડૂર્યરત્નનો નાશ કરનાર મૂર્ખની સાથે કરી છે.[૬૧]

વળી ગાથા ૧૪૧માં કહ્યું છે કે ઈંદ્રિયોના વિષયોમાં આસક્ત બનેલાં મહામૂઢ જીવો, પીંછાઓ વિનાના અને છેદાયેલી પાંખવાળા પંખીઓની જેમ સંસારરૂપ સાગરમાં ડૂબી મરે છે.[૬૨]

પરિસહો કે બીજી પીડાના અવસરે મનને સ્થિર રાખવું, પોતાની અનશનની પ્રતિજ્ઞા સંભારવી વગેરે ઉપદેશના અંતે કહ્યું - "અનશનપૂર્વક, સમાધિપૂર્વક મૃત્યુને વરનાર શ્રાવક જઘન્યથી સૌધર્મ દેવલોક અને ઉત્કૃષ્ટ આરાધના કરનાર અચ્યુત દેવલોક તથા સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણું પામે છે તથા પરિણામની વિશુદ્ધિથી મધ્યમ આરાધના કરનાર સાધુપુરુષ સર્વાર્થસિદ્ધ વિમાનના સુખને તથા ઉત્કૃષ્ટ આરાધના કરનાર સાધુ મહાત્મા મોક્ષના અનંત સુખોને મેળવે છે."[૬૩]

મરણસમાધિગ્રંથની ગાથાઓમાં ભક્તપરિજ્ઞાની ગાથાઓ જેવા ભાવ, વિષયવસ્તુની સમાનતા ઘણી જોવા મળે છે. જેમ કે - અરિહંતપદના નમસ્કારથી પાપનો છેદ, પાંચ મહાવ્રતો, વિષયકષાયનું દમન કરીને આરાધનાપતાકાનું હરણ, કર્મના ઉદયે વેદના આવે તો સમભાવે સહન કરવાનો ઉપદેશ, શલ્યના ઉદ્ધરણથી આરાધકત્વ વગેરે તથા સમાધિમરણને પામેલાં મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ ઘણા મરણસમાધિની જેવા છે.[૬૪]

### ૧૪) ગચ્છાયાર (ગચ્છાચાર) :-

પ્રસ્તુત પ્રકીર્ણકના કર્તા કોઈ અજ્ઞાત શ્રુતજ્ઞાની અથવા સ્થવિર ભગવંત હોવાનું મનાય છે. કર્તાની જાણ આપણને નથી તેથી સૂત્રની રચનાનો સમય જાણવો પણ મુશ્કેલ છે.

---

૬૧. ભક્તપરિણ્ણા - ગાથા ૧૩૭.

૬૨. इंदियविसयपसत्ता पडंति संसारसायरं जीवा ।
पक्खि व्व छिन्नपक्खा सुसीलगुणपेहुणविहूणा ॥ १४१ ॥

૬૩. ભક્તપરિજ્ઞા ગાથા - ૧૬૯-૧૭૦.

૬૪. જુઓ પરિશિષ્ટ-૨.

જૈન ગ્રંથાવલી પ્રસ્તુત પ્રકીર્ણકની ૧૩૮ ગાથાઓ હોવાનું નોંધે છે.[૬૫] પં. અમૃતલાલ ભોજકે પઈણ્ણસુત્તાઈં ભાગ-૧માં પ્રસ્તુત પ્રકીર્ણકનું પ્રકાશન કર્યું છે તેમાં ૧૩૭ ગાથાઓ છે.[૬૬]

ગ્રંથની અંતિમ ગાથાઓમાંથી આપણને જાણવા મળે છે કે બૃહદ્કલ્પ, કલ્પસૂત્ર, મહાનિશીથસૂત્ર તથા વ્યવહારસૂત્રનો આધાર લઈ પ્રસ્તુત પ્રકીર્ણકની રચના થઈ છે.[૬૭]

ગચ્છાચાર ઉપર આનંદવિમલસૂરિના શિષ્ય વિજયવિમલ ગણિએ વિ.સ. ૧૬૩૪માં ૫૮૫૦ શ્લોકપ્રમાણ વૃત્તિની રચના કરી છે. ગચ્છાચાર ઉપર ત્રણ અવચૂરિ મળે છે - એક ૧૫૬ શ્લોકપ્રમાણ વાનરર્ષિની રચના, બીજી હર્ષકુલની ૧૬૦૦ શ્લોકપ્રમાણ, ત્રીજી ૪૦૦ શ્લોકપ્રમાણ અવચૂરિના કર્તા અજ્ઞાત છે.[૬૮]

પ્રારંભમાં રચનાકારે ભગવંત મહાવીરદેવને નમસ્કાર કરીને ગચ્છનો આચાર, ગચ્છમાં રહેવાથી થતો લાભ, ઉત્તમ આચાર્ય તથા અધમ આચાર્યના લક્ષણ, સાધુ તથા સાધ્વીના આચારાદિનું વર્ણન કર્યું છે.

સંસારને અસાર જાણી, માબાપના વાત્સલ્યને તિલાંજલિ દઈ, સંસારજન્ય કષ્ટોને દૂર કરવા માટે જે સાધુપણું અંગીકાર કરે છે તેઓના ગચ્છ સુવિહિત ગચ્છ કહેવાય છે. આત્માર્થી સાધુઓના સમુદાયરૂપ ગચ્છમાં સાધુને રહેવાની અહીં ભલામણ કરી છે.

ગચ્છમાં આચાર્ય મુખ્ય હોય છે તેથી તેમની પરીક્ષા કરવાનો વિધિ દર્શાવ્યો છે ; ઉન્માર્ગે ગયેલા આચાર્યને પણ વિનયાદિ ગુણવાળા શિષ્યો સન્માર્ગે લાવી દે છે. ગુરુને સન્માર્ગે વાળવાની વિધિનું અહીં વિસ્તારથી વર્ણન છે. ગચ્છમાં પૃચ્છા, પ્રતિપૃચ્છા જરૂર થવા જ જોઈએ, નહીં તો ગચ્છ સ્વચ્છંદી બની જાય.

---

૬૫. જૈન ગ્રંથાવલી. પૃ.૬૨.

૬૬. પઈણ્ણસુત્તાઈ-૧. પૃ.૩૩૭.

૬૭. ગચ્છાચાર ગાથા ૧૩૫ -
महानिसीह कप्पाओ ववहारो तहेव य ।
साहु - साहुणिअट्ठाए गच्छायारं समुद्धरियं ॥ १३५ ॥

૬૮. જૈન ગ્રંથાવલી. પૃ.૬૨.

ગચ્છ તથા કુગચ્છનું લક્ષણ, ગીતાર્થનો મહિમા, અગીતાર્થની નિંદા અને અગીતાર્થની સોબત નહીં કરવાનો ઉપદેશ અહીં આપ્યો છે.

ગ્રંથના અંતે કહ્યું છે કે ગચ્છાચારમાં બતાવેલાં આચાર પ્રમાણે ગચ્છમાં રહીને પરમોલ્લાસથી સંયમાદિની સાત્વિક આરાધના જે કરશે તેઓ જરૂર મુક્તિના અવ્યાબાધ સુખો પામશે.

**૧૫) સારાવલી :-**

જૈનગ્રંથાવલી પૃ.૬૬ ઉપર પ્રસ્તુત ગ્રંથનો ઉલ્લેખ છે. ગ્રંથકાર અજ્ઞાત છે. શ્રી અમૃતલાલ ભોજકે પ્રકાશિત કરેલાં પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં (પૃ.૩૫૦ થી ૩૬૦) આ પ્રકીર્ણક પ્રકાશિત થયું છે.

૧૧૬ ગાથાના આ પ્રકીર્ણકમાં શત્રુંજય મહાતીર્થની સાર એટલે કે શ્રેષ્ઠ ગુણ - સ્તવના છે. વળી શત્રુંજયના ૨૧ નામ જે હાલમાં પ્રચલિત છે તેનું મૂળસ્થાન પણ આ પ્રકીર્ણક છે. તેમ જ આ પ્રકીર્ણકના આધારે શત્રુંજયના મહાકલ્પાદિની રચના થઈ છે.[૬૯]

પાંચ પરમેષ્ઠિનું મહાત્મ્ય તથા ઋષભદેવના મુખ્ય ગણધર પુંડરીક સ્વામીનું ચરિત્ર ગ્રંથમાં વર્ણવાયું છે. આ સઘળી વાત અતિમુકતક કેવલી ભગવંત નારદજીને કહે છે. વળી, શત્રુંજયના પૂજ્યત્વ વિશે, નારદઋષિની દીક્ષા, કેવળજ્ઞાન પ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિ વગેરે હકીકત અહીં જાણવા મળે છે. તેમ જ શત્રુંજય ઉપર કરેલાં દાનનું અમૂલ્ય ફળ, પ્રકીર્ણકની નકલ કરાવવાનું ફળ પણ અહીં જણાવ્યું છે.

**૧૬) જોઈસકરંડગ (જ્યોતિષકરંડક) :-**

પ્રસ્તુત પ્રકીર્ણકનો જૈન ગ્રંથાવલી (પૃ.૬૪)માં ઉલ્લેખ છે. પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં અમૃતલાલ ભોજક દ્વારા પ્રસ્તુત પ્રકીર્ણક (પૃ.૩૬૧-૪૦૮) પ્રકાશિત થયું છે. પ્રકીર્ણકની કુલ ગાથાઓ ૪૦૫ છે. પ્રસ્તુત પ્રકીર્ણક ઉપર આચાર્ય મલયગિરિ દ્વારા વૃત્તિ રચાઈ છે.[૭૦]

---

૬૯. પ્રવચન કિરણાવલી-પૃ.૪૬૮.

૭૦. જૈન ગ્રંથાવલી પૃ.૬૪ તથા પઈણ્ણયસુત્તાઈ-૧. પૃ.૫૬.

જ્યોતિષકરંડક પ્રકીર્ણકના રચનાકાર સ્થવિર ભગવંત શ્રી પાદલિપ્તસૂરિ છે[૭૧] અને તેની રચનાનો આધાર સૂર્યપ્રજ્ઞપ્તિ નામનું ઉપાંગસૂત્ર છે.[૭૨]

'વેદાંગજ્યોતિષ' નામનો જ્યોતિષ ગ્રંથ સંસ્કૃત જ્યોતિષગ્રંથોમાં પ્રાચીનતમ મનાય છે ; તે ગ્રંથના સંશોધનકાર્યમાં અથાગ પ્રયત્ન પછી ડૉ. શામશાસ્ત્રી (મૈસૂર) એ તેને સંપૂર્ણ સુગમ કરી બતાવ્યું. "વેદાંગજ્યોતિષ" ના પ્રથમ સંશોધક શામશાસ્ત્રી સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક અને કાલલોકપ્રકાશ ત્રણ જૈનગ્રંથોના આધારથી આ સફળતા મેળવી શક્યા.[૭૩]

**"ભાષા અને રચનાશૈલીની પરીક્ષાથી એમ લાગે છે કે આ ગ્રંથ ઈ.પૂ. ૩૦૦-૪૦૦ નો છે."** આ વાક્યો છે જ્યોતિષશાસ્ત્રના અધિકારી વિદ્વાન ડૉ. નેમિચન્દ્ર શાસ્ત્રીના ; તેમણે લખેલાં 'ભારતીય જ્યોતિષ' ગ્રંથમાં ૫૭ થી ૬૦ પાના ઉપર સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષકરંડક સંબંધી સંશોધનાત્મક માહિતી આપી છે.

જ્યોતિષકરંડક પ્રકીર્ણકરૂપી કરંડિયામાં વિવિધ પ્રકારની જ્યોતિષને લગતી હકીકતોરૂપી રત્નાદિ પદાર્થો ભરેલા છે માટે શાસ્ત્રમાં તેનું નામ જ્યોતિષકરંડક પડ્યું.

પ્રસ્તુત ગ્રંથ ઉપર વૃત્તિ ઉપરાંત બીજી અનેક રચનાઓ થઈ છે જેની નોંધ જૈન ગ્રંથાવલી (પૃ.૬૨)માં છે જે આ પ્રમાણે છે :-

| | | |
|---|---|---|
| દીપિકા અવચૂરિ | - | વિ.સં. ૧૬૨૭ કર્તા - મહેશ્વરસૂરિના શિષ્ય અજીતદેવ. |
| | - | વિ.સં. ૧૫૭૩ માં વિચારરસાયણ પ્રકરણ. |
| દીપિકા અવચૂરિ | - | ૬૦૦ શ્લોક કર્તા - શ્રી ચંદ્ર |
| વૃત્તિ (દીપિકા) | - | ૭૦૩ શ્લોક કર્તા ઉદયસિંહસૂરિ. |

ઉદયસિંહસૂરિ માણિકયચંદ્રસૂરિના શિષ્ય હતા. ૧૨૫૩માં શ્રી પ્રભસૂરિએ

---

૭૧. જુઓ જ્ઞાનાંજલિ પૃ.૨૫-૨૬. તથા જ્યોતિષકરંડક ગાથા ૪૦૫.

૭૨. જુઓ જ્યોતિષકરંડક ગાથા ૭ અને ૪૦૪.

૭૩. ઐતિહાસિક દ્રષ્ટિએ પ્રાચીન વાઙમયનું મહત્ત્વ અને એના સંશોધનની આવશ્યકતા - જૈન સત્યપ્રકાશ વર્ષ ૬ - અંગ ૧૧. ડી.ભા.ર. કુલકર્ણી(શિરપુર)

ધર્મવિધિ પર ટીકા રચી અને ટીકાનો નાશ થતાં ૧૨૮૬માં તે ટીકા પૂર્ણ કરી આ વૃત્તિ રચી.

પ્રસ્તુત પ્રકીર્ણક ૨૧ પ્રાભૃતોમાં વહેંચાયેલું છે. સંવત્સર, નક્ષત્ર, ગ્રહ વગેરે હકીકતો, કાળનું માપ કરવાની બીના, સંવત્સરના પાંચ ભેદો, અધિક માસનું વર્ણન, પર્વતિથિનું વર્ણન, ક્ષયતિથિનું વર્ણન, નક્ષત્રોના પરિણામની હકીકત, સૂર્ય-ચંદ્રની સંખ્યા, સૂર્ય-ચંદ્ર તથા નક્ષત્રોની ગતિનું સ્વરૂપ, ચંદ્રાદિની સાથે નક્ષત્રોના યોગની બીના, સૂર્ય-ચંદ્રના માંડલા, એક મુહૂર્તમાં સૂર્ય-ચંદ્ર અને નક્ષત્રોની ગતિ, વર્ષા વગેરે છ ઋતુઓનું વર્ણન, સૂર્યના તાપક્ષેત્ર, દિવસ નાના-મોટા થવા સંબંધી બીના, પૌરુષીનું પ્રમાણ - આ બધા વિષયોને કર્તાએ અહીં ચર્ચ્યા છે.

**૧૭) તિત્થોગાલી (તીર્થોદ્દ્ગાલિક) :-**

અંગબાહ્ય આગમગ્રંથોમાં પ્રકીર્ણકોના માળખામાં તિત્થોગાલીની ગણતરી કરવામાં આવી છે પરંતુ હાલમાં શ્વેતાંબરોને માન્ય ૪૫ આગમગ્રંથોની અંદર તે સમાવેશ પામી શક્યું નથી. ૮૪ આગમગ્રંથોના માળખામાં પ્રસ્તુત ગ્રંથની ગણના થઈ છે છતાં અંદર આવતી ઘણી અસંગત વાતોને લીધે શ્વેતાંબર સંપ્રદાયમાં આ પ્રકીર્ણક પ્રચલિત નથી.

તિત્થોગાલી ગ્રંથનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી પૃ.૬૨, જિનરત્નકોશ પૃ.૧૬૧, ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ - કેટેલોગ વેલ. ૧૭. ભા-૧ ની ત્રણ મેન્યુસ્ક્રીપ્ટ ૩૯૫ થી ૩૯૭માં છે. ગાથાની સંખ્યા જુદી જુદી જગ્યાએ - અલગ અલગ મેન્યુસ્ક્રીપ્ટમાં જુદી જુદી મળે છે જેમ કે કોઈમાં ૧૨૩૩, કોઈમાં ૧૨૫૪, ૧૨૫૧ કે ૧૨૬૧ છે.[૭૪] પઈણ્ણયસુત્તાઈ ભાગ-૧માં (પૃ.૪૦૯ થી ૫૨૨)માં પ્રસ્તુત પ્રકીર્ણક પ્રકાશિત થયું છે. તેની ગાથા ૧૨૬૧ છે.

પ્રસ્તુત ગ્રંથના કર્તા શ્વેતાંબરોને માન્ય હોવા જોઈએ એમ લાગે છે, કારણ શ્વેતાંબરોને માન્ય પરંપરાનું આમાં વિવેચન છે. જેમ કે -

૧) તીર્થંકરની માતા ૧૪ સ્વપ્નો જુએ છે એમ શ્વેતાંબરો માને છે તે જ વાત

---

૭૪. તિત્થોગાલી - એક અધ્યયન. શ્રી દલસુખભાઈ માલવણિયા-ભારતીય પુરાતત્ત્વ-મુનિ જિનવિજયજી અભિનંદન ગ્રંથ - પૃ. ૧૨૯.

ગાથા ૧૦૦માં કહી છે. (દિગંબરો ૧૬ સ્વપ્ન માને છે.)

૨) મરુદેવી માતાનું મોક્ષગમન - તીર્થંકરોની માતાઓમાં ૮ ને સિદ્ધિપદ - ૮ ને સનતકુમાર દેવલોક, ૮ ને માહેન્દ્ર દેવલોકમાં જન્મ વગેરે હકીકત ગાથા ૪૬૩માં દર્શાવી છે. વળી કુલકરોની સંખ્યા પણ શ્વેતાંબરોને માન્ય એવી ૭ બતાવી છે. જ્યારે દિગંબરો ૧૪ કુલકરો હોવાની માન્યતા ધરાવે છે.[૭૫]

૩) હૂંડા અવસર્પિણી કાળના ૧૦ અચ્છેરાનું અહીં વિવેચન છે - ગાથા ૮૮૩ થી ૮૮૫. જે પણ શ્વેતાંબરોને માન્ય છે. આ બધી વાતો ઉપરથી ગ્રંથ શ્વેતાંબર પરંપરાનો છે તેનું પ્રમાણ મળે છે.

પ્રસ્તુત ગ્રંથમાં કલ્પ અને કાળચક્રના વર્ણન માટે ભગવતીસૂત્ર - ૨૮૭નો આધાર લીધો છે તથા ભારતમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ કાળચક્રના બે ભાગ બતાવતાં જંબુદ્વીપપ્રજ્ઞપ્તિનો આધાર લીધો છે. કુલકરો અને એમની નીતિ માટે શ્રી સ્થાંનાંગસૂત્ર - ૫૫૬ તથા સમવાયાંગસૂત્ર - ૧૫૭ નો આધાર લીધો છે અને બીજી ઘણી વાતોના આધાર માટે આવશ્યક નિર્યુક્તિનો ઉપયોગ થયો છે.[૭૬]

**સમય :-** વ્યવહારભાષ્ય પ્રમાણે અંગોના ક્રમસર વિચ્છેદની નોંધ તથા વર્ણન તિત્થોગાલીમાં છે.

નંદીસૂત્રની આદ્યમંગલ ગાથા ૪ થી ૮ અને તિત્થોગાલી પ્રકીર્ણકની ગાથા ૮૪૪ થી ૮૪૮ સમાન છે.

ઋષભદેવના તથા બીજા તીર્થંકરોના ચરિત્ર તથા લક્ષણ વિશેની વાત જે પ્રસ્તુત પ્રકીર્ણકમાં છે તે આવશ્યક નિર્યુક્તિમાં પણ જોવા મળે છે. જેની પં.દલસુખભાઈ માલવણિયાએ વિગતવાર નોંધ લીધી છે.[૭૭]

તિત્થોગાલી પ્રકીર્ણકની ગાથા ૧૨૨૬-૧૨૨૭ ઉત્તરાધ્યયન અ.૩૬ ગાથા ૫૩,૫૭ ને મળતી આવે છે :-

---

૭૫. તિલોયપણ્ણત્તી - ભા.૪. પૃ.૪૨૧-૫૦૪.

૭૬. તિત્થોગાલી - એક અધ્યયન - શ્રી દલસુખભાઈ માલવણિયા - ભારતીય પુરાતત્ત્વ-જિનવિજયજી અભિનંદન ગ્રંથ - પૃ. ૧૩૭.

૭૭. તિત્થોગાલી એક અધ્યયન - શ્રી દલસુખભાઈ માલવણિયા - પૃ. ૧૩૭.

जं अन्नाणी कम्मं खवेइ बहुवाहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो खवेइ उसासमेत्तेण ॥१२१३॥

ઉપરની ગાથા બૃહદ્‌કલ્પમાં(૧૧૭૦), મહાપચ્ચક્ખાણમાં(૧૦૧), સંથારગમાં(૧૧૪), મૂલાચાર સટિકમાં(૪૭), મરણસમાધિ પ્રકીર્ણકમાં(૧૩૫) પર આવેલી છે. થોડાક ફેરફાર સાથે વિમલસૂરિના પઉમચરિયં (૧૦૨.૧૭૭)માં તથા કુંદકુંદાચાર્યકૃત પ્રવચનસારમાં (૩.૩૮)માં પણ જોવા મળે છે. પરંતુ આ બધાનો સમય નક્કી ન હોવાથી તિત્થોગાલીના સમય વિશે પણ અનિશ્ચિતતા રહે છે. છતાં છેલ્લે વ્યવહારભાષ્યમાં એનો ઉલ્લેખ મળે છે.[૭૮] તેથી આપણે પ્રસ્તુત ગ્રંથને વ્યવહારભાષ્યની પહેલાં રચાયેલો માની શકીએ. મુનિ કલ્યાણવિજયજીએ પણ તેમના નિબંધ "વીર નિર્વાણ સંવત"માં લખ્યું છે કે તિત્થોગાલીની રચના વિક્રમની પાંચમી સદી પહેલાં થઈ ગઈ હશે.[૭૯]

**વિષયવસ્તુ :-** મંગલાચરણ કરતાં શ્રી મહાવીરપ્રભુને નમસ્કાર કરીને કર્તાએ પ્રસ્તુત પ્રકીર્ણકમાં મુખ્યત્વે કાલ એટલે કે સમયનાં અવસર્પિણી - ઉત્સર્પિણી ભેદ, છ આરાનું સ્વરૂપ વર્ણવ્યું છે. ઋષભદેવનું જીવન, ભરતક્ષેત્રાદિ ૧૦ ક્ષેત્રોમાં થયેલા પહેલા તીર્થંકર, પહેલા ચક્રવર્તીના તથા વાસુદેવોના નામો તથા તેમના વિશેની માહિતી અહીં આપણને મળી રહે છે. વળી પ્રભુ મહાવીરના નિર્વાણ પછી પાલક, નંદ, પુષ્યમિત્ર, ગર્દભિલ્લ, વગેરે રાજાઓના રાજ્યકાળની બીના તથા ભવિષ્યમાં થનાર કલ્કિરાજાનું અહીં વિસ્તારપૂર્વક વર્ણન છે. દત્તરાજ, તેના પછીનો રાજવંશ, વિમલવાહન રાજાનું પણ અહીં વર્ણન થયેલું છે. શ્રુતજ્ઞાનની હાનિ થવાની હકીકત તથા વલ્લભીપુરનો નાશ થયાની બીના અહીં જણાવાઈ છે.

દુપ્પસહસૂરિનો પૂર્વભવ, જન્મ, નાગીલાચાર્ય પાસે દીક્ષા, દશવૈકાલિક સુધી અભ્યાસ વગેરે હકીકતો ગાથા ૮૩૦ થી ૮૭૯માં જણાવી છે. ત્રીજા અને ચોથા આરાના ભરતક્ષેત્રનું વર્ણન અહીં જોવા મળે છે. તો વળી દુષમ કાળના ચતુર્વિધ સંઘ, રાજા, પ્રજા, દેશની પરિસ્થિતિ, ધર્મ, દાન, શીલ, ઔષધિ વગેરેનું

---

૭૮. વ્યવહારસૂત્રભાષ્ય ઉદ્દેશ ગા. ૭૦૧.
૭૯. તિત્થોગાલી - એક અધ્યયન - શ્રી દલસુખભાઈ માલવણિયા-પૃ.૧૩૮.

સ્વરૂપ અહીં સમજાવાયું છે. દુષમ કાળની ભવિષ્યની હકીકત તથા ઉત્સર્પિણી કાળનું વર્ણન પણ અહીં કર્યું છે.

અંતિમ ૭૦ ગાથાઓમાં પ્રસ્તુત પ્રકીર્ણકને સાંભળવાલાયક જીવોની વાત, સામાયિક, કષાય જય, ૧૦ પ્રકારે સાધુધર્મ, સમ્યક્ દર્શનાદિ, મોક્ષમાર્ગ, સિદ્ધશીલા, સિદ્ધોની અવગાહના તથા સુખ વગેરેનું સ્પષ્ટ વર્ણન છે.

**૧૮) આરાહણાપડાગા (આરાધનાપતાકા):**

આરાધનાપતાકા માટે બૃહટ્ટિપ્પનિકામાં આ પ્રમાણે છે -

'आराधनापताका १०७८ वर्ष वीरभद्राचार्यकृता'[૮૦]

અર્થાત પ્રસ્તુત ગ્રંથના કર્તા બૃહટ્ટિપ્પનિકાકાર પ્રમાણે વીરભદ્રાચાર્ય હતા. આ વીરભદ્રાચાર્યનો સમય સંવત ૧૦૭૮ હોવાની નોંધ મુનિ પુણ્યવિજયજીએ આપી છે. ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા અને આરાધનાપતાકાની પ્રશસ્તિમાં विक्कमनिवकालाओ अट्ठुत्तंरिमे समासहस्सम्मि અનુસાર વિક્રમ સંવત ૧૦૦૮માં થયા હોવાની નોંધ છે. વળી, આરાધનાપતાકા ગાથા નં. ૫૧માં ગ્રંથકાર કહે છે. 'आराहणाविहिं पुण भत्तरिए गाइ वण्णिमो पूर्व्वि' અર્થાત્ આરાધનાવિધિનું વર્ણન અમે પહેલાં ભક્તપરિજ્ઞામ. કર્યું છે. આમ, બન્ને ગ્રંથના રચનાકાર એક હોવાનું જણાય છે.[૮૧]

દિગંબર સંપ્રદાયના 'ભગવતીઆરાધના' ગ્રંથનું અનુકરણ અહીં પ્રસ્તુત આરાધનાપતાકામાં થયું હોવાનું મનાય છે.[૮૨] 'આરાધના' અંતર્ગત ઘણા ગ્રંથો તે સમયે પ્રચલિત હશે. એમાંથી પઇણ્ણયસુત્તાઈ-૨માં શ્રી અમૃતલાલે પર્યંતઆરાધના, આરાધનાપ્રકરણ, આરાધનાપંચક પ્રકાશિત કર્યા છે જેમાં પ્રસ્તુત આરાધનાપતાકા (વીરભદ્રાચાર્ય તથા પ્રાચીન વિરચિત આરાધનાપતાકા)નો સમાવેશ કર્યો છે. પ્રસ્તુત ગ્રંથની ગાથા ઓ ૯૮૯ છે.[૮૩]

---

૮૦. બૃહટ્ટિપ્પનિકા.

૮૧. જુઓ પઈણ્ણયસુત્તાઈ-૧. મુનિ પુન્યવિજયજી, અમૃતલાલ ભોજક, પૃ.૧૮.

૮૨. એજન. પૃ. ૧૮.

૮૩. એજન-૨. પૃ.૮૯ થી ૧૬૮.

અહીં અભ્યંતર તપમાં સ્વાધ્યાયનું સ્થાન દર્શાવ્યું છે અને ગર્હાપૂર્વક પાપનો એકરાર, સર્વભાવથી આલોચના લેવાનો તથા ભાવશલ્યને પણ ન છૂપાવવાનો ઉપદેશ છે. ભાવશલ્યને છૂપાવવાથી દુર્લભબોધિપણું પ્રાપ્ત થાય અને અનંત સંસાર વધી જાય. વળી સંલેખનાના પ્રકાર બતાવી એને આચરનાર વિષમ પરિસ્થિતિમાં, ઘોર જંગલમાં, પર્વત પર, કિલ્લામાં કેવી રીતે આરાધના કરે છે તે દર્શાવ્યું છે. સમતાપૂર્વક આરાધના કરીને સિદ્ધિને પામેલાંના દ્રષ્ટાંતો પણ અહીં છે. આરાધનાપતાકાની ઘણી ગાથાઓ મરણસમાધિને મળતી આવે છે.[૮૪]

**૧૯) પજ્જંતારાહણા (પર્યંતારાધના) :**

આગમમાં 'આરાધના' અંતર્ગત ઘણા ગ્રંથો લખાયાં છે. પ્રસ્તુત પર્યંતારાધના પ્રકીર્ણકને પઇણ્ણયસુત્તાઇં - ૨ માં અમૃતલાલ ભોજકે પ્રકાશિત કર્યું છે.[૮૫] ગ્રંથના કર્તા અજ્ઞાત છે. તેની ગાથાઓ ૨૬૩ છે.

અંતિમ સમયની આરાધનાવિષયક પ્રસ્તુત ગ્રંથ સમાનવિષયક આરાધનાપતાકાને ઘણો મળતો આવે છે. તેથી તેને 'લઘુઆરાધના પ્રકીર્ણક' અથવા 'આરાધનાસાર' નામથી પણ ઓળખવામાં આવે છે.

ગ્રંથમાં આરાધનાના ચોવીસ દ્વારો બતાવ્યાં છે. જેમ કે અરિહંતાદિ ચારનું શરણ, દુષ્કૃતની ગર્હા, સુકૃતઅનુમોદના, ક્ષમાપના, અનશન, ભાવના શુક્લધ્યાન, નિયાણાના અતિચાર, આરાધનાના ફળ વગેરે.

ગુજરાતી અનુવાદ સાથે પ્રસ્તુત ગ્રંથ પ્રકાશિત થયો છે.[૮૬]

જૈન ગ્રંથાવલીમાં પર્યંતારાધના પ્રકીર્ણકનો ઉલ્લેખ છે તેમાં પ્રકીર્ણકની ગાથાઓ ૬૯ નોંધાઈ છે અને તેના કર્તા તરીકે આચાર્ય સોમસૂરિનો ઉલ્લેખ છે, જે કદાચ અપ્રકાશિત છે તેની હસ્તપ્રતો પાટણના તથા પૂનાના ડેક્કન કૉલેજના ભંડારમાં છે.[૮૭]

---

૮૪. જુઓ પરિશિષ્ટ ૧.

૮૫. પઈણ્ણયસુત્તાઈ-ભા.૨. પૃ.૧૬૯-૯૨.

૮૬. જુઓ અંતિમ સાધના. આચાર્ય શ્રી હેમસાગરસૂરિ. પૃ.૨૨ થી ૨૭. (પ્રકાશક- ધનજીભાઈ દેવચંદ, મુંબઈ) ઈ.સ. ૧૯૬૨.

૮૭. જૈન ગ્રંથાવલી. પૃ. ૬૬-૬૭.

## ૨૦) અંગવિજ્જ (અંગવિદ્યા) :

અંગવિદ્યાનો ઉલ્લેખ જૈન ગ્રંથાવલી (પૃ.૬૪)માં છે. પ્રાકૃત ટેક્ષ્ટ સોસાયટી દ્વારા તેનું પ્રકાશન થયું છે.

જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઈતિહાસ[૮૮] જેવા ઐતિહાસિક ગ્રંથમાં અંગવિદ્યાના કર્તા તરીકે શ્રી વાદિવેતાલ શાંતિસૂરિશ્વર મહારાજનું નામ છે, જેમણે ઉત્તરાધ્યયન ઉપર પાઈય ટીકા પણ રચી છે. પ્રસ્તુત ગ્રંથની રચના પ્રાચીન અંગવિદ્યા ઉપરથી થઈ હોય અને પ્રાચીન અંગવિદ્યાનો ઉદ્ધાર દ્રષ્ટિવાદમાંથી થયો હોય એવો સંભવ છે.[૮૯]

અંગવિદ્યા એટલે કે શરીરમાંના આંખ વગેરે અંગોના ફરકવાની હકીકત જણાવનારું શાસ્ત્ર. અહીં વિદ્યા શબ્દનો અર્થ બોધ તથા જ્ઞાન બંન્ને થાય છે.

પ્રસ્તુત ગ્રંથની ભાષા ગદ્યપદ્યમય છે, સામાન્યતયા મહારાષ્ટ્રી પ્રાકૃત છે પરંતુ અર્ધમાગધીની અસર હેઠળ છે. તેથી હ્રસ્વ દીર્ઘ સ્વર, અદ્વિર્ભાવ, સ્વર વ્યંજનોનો વિકાર-અવિકાર, વિવિધ પ્રકારના વ્યંજન વિકાર, વિચિત્ર પ્રયોગ વિભક્તિઓ અહીં મળે છે.[૯૦]

૯૦૦૦ શ્લોકવાળો પ્રસ્તુત ગ્રંથ ફલાદેશનો મહાકાય ગ્રંથ છે. ૧૬ પ્રકારના ફલાદેશ અહીં કર્તાએ બતાવ્યાં છે. આયુર્વેદ, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ વગેરે માટે આ ગ્રંથમાં વિપુલ સામગ્રી પડેલી છે. પ્રાકૃત જૈન વ્યાકરણના પંડિતોને પણ આ સામગ્રી ઘણી ઉપયોગી થઈ પડે તેમ છે. પ્રાકૃતના કોશને રચવાની ઈચ્છાવાળા માટે આ ગ્રંથનું સાદ્યન્ત અવલોકન જરૂરી છે.

શ્રી સિંધી જૈન ગ્રંથમાલા તરફથી છપાયેલ શ્રી પ્રભાવકચરિત્રના ૧૨૮માં પૃષ્ઠમાં શ્રી વીરચરિત્રમાં કહ્યું છે કે સામુદ્રિકશાસ્ત્રનું વિવરણ કરનારા આ શાસ્ત્રનો શ્રી વીરસૂરિએ અભ્યાસ કર્યો હતો.[૯૧]

---

૮૮. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, મોહનલાલ દેસાઈ-પૃ. ૨૦૭.

૮૯. પ્રવચન કિરણાવલી. પૃ.૪૫૪.

૯૦. જ્ઞાનાંજલી પૃ. ૬૪,૬૫.

૯૧. પ્રવચન કિરણાવલી. પૃ.૪૫૪.

## ૨૧) પિંડવિસોહી (પિંડ વિશુદ્ધિ) :

વિજયદાનસૂરિશ્વરજી જૈન ગ્રંથમાલા (સુરત) તરફથી ઇ. સ. ૧૯૩૯માં પ્રસ્તુત પ્રકીર્ણક પ્રકાશિત થયું છે. ગ્રંથની રચના શ્રી જિનવલ્લભગણિ નામના મુનિરાજે વિ. સં. ૧૦૭૮માં ભદ્રબાહુસ્વામીકૃત પિંડનિર્યુક્તિના આધારે કરી છે.[૯૨]

પ્રકીર્ણકની ગાથા ૧૦૩ છે.

જૈન ગ્રંથાવલી પૃષ્ઠ ૬૩ પ્રમાણે પિંડવિસોહી ઉપર નીચેની કૃતિઓ પણ હયાત છે.

૧) પિંડવિસોહી ઉપર ૪૦૦૦ શ્લોકપ્રમાણની વૃત્તિ છે જેના રચનાકાર શ્રીચંદ્ર હતા; જેઓ મલધારી હેમચંદ્રાચાર્યના શિષ્ય હતા અને જેમણે વિ. સં. ૧૧૯૩માં 'મુનિસુવ્રત સ્વામી ચરિત્ર'ની રચના કરી હતી.

૨) યશોદેવની લઘુવૃત્તિ છે જે તેમણે વિ. સં. ૧૧૭૬માં લખી છે અને તેમાં ૨૮૦૦ શ્લોક છે.

૩) ૫૫૦ શ્લોકવાળી દીપિકા (લઘુવૃત્તિરૂપા) છે, જેનો ઉલ્લેખ બૃહટ્ટિપ્પનિકામાં છે. (કોઈ ભંડારમાં તે મળતી નથી.)

૪) વિ. સં. ૧૬૨૭માં મહેશ્વરસૂરિના શિષ્યે આ સૂત્ર ઉપર દીપિકા અવચૂરિ લખી હતી.

૫) વિ. સં. ૧૨૯૪માં માણેકચન્દ્રસૂરિના શિષ્ય ઉદયસૂરિએ ૭૦૩ શ્લોક પ્રમાણની વૃત્તિ (દીપિકા)ની રચના કરી.

૭) અજ્ઞાત કર્તા દ્વારા રચાયેલ સ્તબકાર્થ (ટબો) પણ છે.

પ્રસ્તુત ગ્રંથ ઉપર આટલી બધી ટીકાઓ મળે છે તે બતાવે છે કે ગ્રંથ ઘણો મહત્ત્વપૂર્ણ ગણાતો હશે.

મુનિએ શુદ્ધ આહાર, પાણી, વસતિ વગેરે કેવી રીતે મેળવવાં તેની વિવેચના અહીં છે.

---

૯૨. પ્રવચન કિરણાવલી. પૃ.૪૬૭.

હવે થોડાંક અપ્રકાશિત પ્રકીર્ણકોની માહિતી મેળવીએ. જેમાંના ઘણાખરાની હસ્તપ્રતો એક અથવા બીજા ભંડારમાં સચવાયેલાના ઉલ્લેખો પણ મળ્યા છે તેની નોંધ લઈએ.

**૨૨) અજીવકપ્પ (અજીવકલ્પ) :**

૪૪ ગાથાઓવાળા પ્રસ્તુત પ્રકીર્ણકસૂત્રના રચનાકાર અજ્ઞાત છે પરંતુ તેનો ઉલ્લેખ બૃહટ્ટિપ્પનિકામાં છે એમ જૈન ગ્રંથાવલીમાં નોંધાયું છે.[૯૩] વળી તેની હસ્તપ્રતો પણ મળે છે.[૯૪]

મુનિએ આહાર, ઉપધિ વગેરેમાં દોષ લાગે તેવા કારણોને સમજીને નિર્દોષ આહાર તથા ઉપધિની પ્રાપ્તિ કરવી જોઈએ તેમ જ અજીવ પદાર્થો જેવા કે શય્યા, દંડ અવલેખનિકા (જેનાથી પગે ચોંટેલી ધૂળ દૂર કરી શકાય), આહાર, ઉપધિ વગેરે પદાર્થોને વહોરવાનો કલ્પ એટલે કે વિધિ જેમાં કહ્યો છે તે અજીવકલ્પ.

અહીં ઉપઘાત શબ્દનો અર્થ અતિક્રમાદિ દોષ, જેમાં ઉપઘાત લાગવાનો સંભવ ન હોય તેવા આહાર, ઉપધિ વગેરે મુનિએ વહોરવા જોઈએ.

અહીં મિશ્રકલ્પની પણ હકીકત સમજાવી છે.

**૨૩) સિદ્ધપાહુડ (સિદ્ધપ્રાભૃત)[૯૫] :**

ઐતિહાસિક બીનાના જાણકાર ઘણા વિદ્વાનો આની રચના સ્થૂલભદ્રજીના સમય પછી થઈ હોય એમ માને છે. આની પ્રાચીન ટીકા છે એમ છપાયેલ પ્રતની છેવટમાં કહ્યું છે. જૈન ગ્રંથાવલી વગેરે ગ્રંથના આધારે જણાય છે કે જેસલમેરના

---

૯૩. જૈન ગ્રંથાવલી. પૃ. ૬૨.

૯૪. પાટણમાં ઝવેરીવાડમાં શ્રી પાર્શ્વનાથજીના ભંડારમાં તથા કોફલિયાવાડામાં વખતચંદજીની શેરીના જૂના ભંડારમાં, લીંબડી, ખંભાત અને ભાવનગરમાં તથા અમદાવામાં ડેલાનો ભંડાર અને ચંચળબાના ભંડારમાં અજીવકલ્પની હસ્તપ્રતો સચવાયેલી છે.

૯૫. પાટણના ઝવેરીવાડમાં કોફલિયાવાસમાં આગલી શેરીના ભંડારમાં તથા વખતચંદજીની શેરીમાં સંઘના નવા ભંડારમાં વળી, જેસલમેર, લીંબડી, ખંભાત, અમદાવાદના બે ભંડાર તથા ડેક્કન કોલેજ (પૂના)ના ભંડારમાં ૧૨૦ ગાથાઓ વાળો આ ગ્રંથ વૃત્તિસહિત મોજૂદ છે.

ભંડારમાં વિ. સં. ૧૪૧૨માં તાડપત્રની ઉપર લખાયેલી હાથપોથીમાં આની ટીકા છે. સંભવ છે કે કદાચ તે પ્રાચીન ટીકા હોય.[૯૬]

બીજા અગ્રાયણીય પૂર્વના ઝરણારૂપ સિદ્ધપ્રાભૃતની ૧૨૧ ગાથાઓ છે. સિદ્ધ પરમાત્માની હકીકત અહીં વિસ્તારથી વર્ણવી છે. બીજી ગાથામાં ચૌદ પૂર્વધર ભગવંતોને વંદના કરી છે.

**૨૪) જીવવિભત્તિ (જીવવિભક્તિ):**

જૈન ગ્રંથાવલીમાં આનો ઉલ્લેખ છે. [૯૭] પ્રસ્તુત પ્રકીર્ણક ૨૫ગાથાઓવાળું અને તેમાં જીવોના ભેદોનું નિરૂપણ છે.

**૨૫) કવચદ્વાર :**

પ્રવચન કિરણાવલી (પૃ.૪૫૫)માં આ પ્રકીર્ણકના ૧૨૯ શ્લોકો બતાવ્યાં છે.

કવચપ્રકરણ નામે બીજું એક સૂત્ર મળે છે, પરંતુ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ રચિત શ્રી જીતકલ્પભાષ્યની ૪૭૬મી ગાથાથી ૪૯૦મી ગાથાઓ દ્વારા આપણને જાણવા મળે છે કે કવચદ્વાર અને કવચપ્રકરણ બન્ને એક નથી.

કવચપ્રકરણ માટે જૈન ગ્રંથાવલીમાં ઉલ્લેખ છે.[૯૮] તેના કર્તા શ્રી જિનચંદ્રસૂરિ હતા. જિનચંદ્રસૂરિ જિનેશ્વરસૂરિના શિષ્ય અને નવાંગી ટીકાકાર અભયદેવસૂરિના ગુરુ હતા.જિનચંદ્રસૂરિએ સંવેગરંગશાલા નામનો મહાન ગ્રંથ પણ લખ્યો છે.

**૨૬) જંબૂપયન્ના(જંબૂસ્વામી અધ્યયન) :** [૯૯]

જૈન ગ્રંથાવલી (પૃ.૬૩)માં આનો ઉલ્લેખ છે. ૪૫ પત્ર અને ૫ લાઈનવાળી આ કૃત્તિ છે. તે ડેક્કન કૉલેજના ભંડારમાં છે.

---

૯૬. પ્રવચન કિરણાવલી. પૃ.૪૬૮.

૯૭. જૈન ગ્રંથાવલી-પૃ.૬૬-૬૭. ફક્ત પૂનાના ડેક્કન કોલેજના ભંડારમાં જ તેની હસ્તપ્રત મળે છે.

૯૮. એજન પૃ.૬૬. ૨.૧ પાટણમાં ઝવેરીવાડામાં તથા કોફલિયાવાડાની વખતચંદજીની શેરીમાં અને પૂનાના ડેક્કન કોલેજના ભંડારમાં ઉપલબ્ધ છે.

૯૯. અમદાવાદમાં ચંચળબાના ભંડારમાં તથા પૂનાના ડેક્કન કોલેજના ભંડારમાં આની હસ્તપ્રતો મળે છે.

પ્રવચનકિરણાવલીકાર (પૃ.૪૫૬)માં આનો પરિચય આપતાં કહે છે કે ૨૧ ઉદ્દેશકવાળી આ કૃતિમાં ચરમકેવળી શ્રી જંબુસ્વામીના ૫ ભવોની કહીકત છે. ઐતિહાસિક ગ્રંથોમાં ઘણી જગ્યાએ આના જંબૂદ્રષ્ટાંત, જંબૂચરિત, જંબૂસ્વામી કથાનક એવા નામો અપાયાં છે. ઉપાધ્યાય શ્રી પદ્મસુંદરગણિએ આ પ્રકીર્ણક સૂત્ર પર બાલાવબોધ કર્યો છે.

**૨૭) જોણિપાહૂડ (યોનિપ્રાભૃત) :**[૧૦૦]

યોનિપ્રાભૃતની વિ. સં. ૧૫૮૨માં એક છિન્ન ભિન્ન હસ્તપ્રત પૂનાના ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરમાં અત્યારે હયાત છે એમાં પ્રસ્તુત ગ્રંથના કર્તા તરીકે શ્રી પન્હશ્રમણ (?)નું નામ આપ્યું છે.[૧૦૧]

બૃહટ્ટિપ્પનિકામાં યોનિપ્રાભૃત વિશે આવો ઉલ્લેખ છે. 'योनिप्राभृतं वीरात् ६०० धारसेनम् '

સૂત્રકૃતાંગના પહેલા શ્રુતસ્કંધના ૮મા અધ્યાયની નિર્યુક્તિની ૯૩મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે વિવિધ પ્રકારના દ્રવ્યોના સામર્થ્યને સમજવા માટે 'યોનિપ્રાભૃત' ગ્રંથ હોવો જોઈએ.[૧૦૨]

સિદ્ધસેનસૂરિકૃત જિતકલ્પસૂત્રની ચૂર્ણિ (પૃ.૨૮)માં યોનિપ્રાભૃતનો ઉલ્લેખ છે.

જિનદાસગણિ નિશીથસૂત્રના ૪થા ઉદ્દેશની વિશેષ ચૂર્ણિમાં યોનિપ્રાભૃત વિશે કહે છે કે યોનિપ્રાભૃતના જાણકાર મુનિશ્વરો શ્રી જિનશાસનની રક્ષા કાજે તથા પ્રભાવનાના હેતુસર ખાસ કારણસર એકેન્દ્રિય સુધીના પ્રાણીઓ ઉત્પન્ન કરી શકે. સિદ્ધસેને ઘોડા બનાવ્યા હતા; તે વાત બૃહત્કલ્પભાષ્ય ૨૬૮૧મી ગાથાની વૃત્તિમાં પણ જણાવી છે.[૧૦૩]

જૈન ગ્રંથાવલી (પૃ.૬૬) પ્રમાણે પ્રસ્તુત ગ્રંથ ૮૦૦ શ્લોકપ્રમાણનો છે.

મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે વિશેષાવશ્યકની ૧૭૭૫મી ગાથાની

---

૧૦૦. જેસલમેર તથા ડેક્કન કોલેજના ભંડારમાં મળે છે.

૧૦૧. જુઓ પ્રવચન કિરણાવલી, પૃ. ૪૬૧.

૧૦૨. એજન. પૃ. ૪૬૧.

૧૦૩. પ્રવચન કિરણાવલી. પૃ.૪૬૧.

ટીકામાં કહ્યું છે કે 'યોનિપ્રાભૃત' ગ્રંથમાં અસમાન અનેક દ્રવ્યોના સંયોગની યોનિઓ (શક્તિઓ, સામર્થ્યો), સર્પ, સિંહ વગેરે પ્રાણીઓ, મણિઓ, સુવર્ણ વગેરે વિવિધ જાતના પદાર્થોની ઉત્પત્તિનું વર્ણન છે.

છેદસૂત્રોની જેમ ગૂઢ રહસ્યવાળા આ શાસ્ત્રને ભણવાની સંપૂર્ણ લાયકાત ધરાવનાર મુનિઓને અયોગ્ય જીવોને કાને ન પડે તે હેતુથી, મધરાતે ભણાવાય છે; કારણ આ ગ્રંથમાં રહેલી હકીકતોનો પ્રયોગ ગમે તે કારણે કોઈપણ સમયે કરવાનો હોતો નથી. મહાગીતાર્થ મહાત્માઓ - જેમ કે વજ્રસ્વામી - સંઘ ઉપર આવેલી આપત્તિને દૂર કરવા અથવા જૈનશાસનની પ્રભાવનાના હેતુથી જ અહીં જણાવેલાં પ્રયોગોમાંનો કોઈ પણ પ્રયોગ કરતા હતા.

દિગમ્બર સંપ્રદાયમાં પ્રવચનસારની પ્રસ્તાવનામાં કહેલા ૪૩ પ્રાભૃતોમાં યોનિપ્રાભૃત છે તે આનાથી જુદું છે.

**૨૮) અંગચૂલિયા (અંગચૂલિકા) :**

જૈન ગ્રંથાવલિમાં પ્રસ્તુત પ્રકીર્ણકનો ઉલ્લેખ મળે છે.[૧૦૪] વળી નંદીસૂત્રમાં કાલિક અંગબાહ્ય ગ્રંથોની સૂચિમાં ૧૩માં સ્થાને પ્રસ્તુત ગ્રંથનો ઉલ્લેખ છે. તેના કર્તા તથા વર્ગચૂલિકાના કર્તા બન્ને એક જ હતા એમ પણ જૈન ગ્રંથાવલીમાં ઉલ્લેખ છે. યશોભદ્ર મહારાજે આની પણ રચના કરી છે.[૧૦૫]

પ્રસ્તુત ગ્રંથના શ્લોકનો પણ ચોક્કસ નિર્ણય નથી. પાટણની એક ટીપમાં ૧૭૨૮ શ્લોક, લીંબડીની એક ટીપમાં ૧૬૪૮ શ્લોક તથા કોડાયની ટીપમાં ૮૦૦ શ્લોકછે. હાલમાં એક હાથપોથીમાં ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં હયાત છે, તેનો સ્તબકાર્થ પણ થયો છે.[૧૦૬]

પ્રારંભમાં 'અંગચૂલિયા' શબ્દની વ્યાખ્યા કર્યા પછી મુનિવરોના વિનય આદિ ધર્મનું પ્રાકૃત ગદ્યમાં વિસ્તારથી વર્ણન છે. સૂત્રમાં નંદી તથા અનુયોગદ્વારનું

---

૧૦૪. જૈન ગ્રંથાવલી પૃ.૬૭-૬૯. પાટણ કોફલિયાવાડામાં, અમદાવાદમાં ડેલાના ભંડારમાં તથા ડેક્કન કોલેજના ભંડારમાં આની હસ્તપ્રતો મળે છે.

૧૦૫. જુઓ જૈન ગ્રંથાવલી પૃ.૬૮-૬૯ તથા પ્રસ્તુત સૂત્રના અંતે કર્તાએ લખ્યું છે કે જે હકીકત અહીં નથી તે વંગચૂલિયામાંથી જાણી લેવી.

૧૦૬. પ્રવચન કિરણાવલી. પૃ.૪૫૩.

નામ આવે છે તેથી ઈતિહાસવેત્તાઓ પ્રસ્તુત ગ્રંથને ઈ. સ.ના પાંચમાં સૈકાની આ રચના છે એમ માને છે. અંગોમાં કહેલી સંક્ષિપ્ત બીના અહીં વિસ્તારથી સમજાવવામાં આવી છે.

૨૯) વંગચૂલિયા (વર્ગચૂલિકા) : [૧૦૭]

નંદિસૂત્રમાં કાલિક અંગબાહ્ય ગ્રંથોની સૂચિમાં આનો વગ્ગચૂલિયાના નામે ઉલ્લેખ છે.[૧૦૮] જૈન ગ્રંથાવલિ પ્રમાણે પણ વંગચૂલિયાનું ખરું નામ વગ્ગચૂલિયા છે. વળી તેનું નામ 'સુયહીલુપ્પત્તિ અજ્ઝયણ' પણ છે એવી પણ નોંધ છે. [૧૦૯]

કર્તાને અંગે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. છતાં અમદાવાદના ચંચળબાના ભંડારમાં તેના કર્તા યશોભદ્ર જણાવેલ છે. [૧૧૦]

આચાર્ય અભયદેવસૂરી કહે છે કે અંતકૃતદશાંગાદિ અધ્યયનોના સમુદાયરૂપ ૮ વર્ગો કહ્યાં છે. તેની ચૂલિકા તે 'વંગચૂલિયા'.[૧૧૧] વર્ગોમાં કહેલાં અને નહીં કહેલા અર્થોને અહીં વિસ્તારથી સમજાવ્યાં છે. તથા શ્રુતજ્ઞાનની હીલના કરતાં કોણે કેવા દુઃખો ભોગવ્યાં તેનું અહીં યશોભદ્ર મહારાજે વર્ણન કર્યું છે.

વિ. સં. ૧૯૭૯માં હીરાચંદ કકલભાઈ (હેડમાસ્તર)એ 'ચમત્કારિક સાવચૂરિ સ્તોત્ર સંગ્રહ' અને 'વંકચૂલિયાસૂત્ર સારાંશ' નામની બુક પ્રસિદ્ધ કરી હતી તેમાં પ્રસ્તુત સૂત્રનો સારાંશ આપ્યો છે.[૧૧૨]

આજે પ્રાપ્ત થતું આ પ્રકરણ કૂટ ગ્રંથ હોવાનું પ્રમાણિત થયેલ છે. તે માટે સંદર્ભો જુઓ.

---

૧૦૭. પાટણના કોફલિયાવાડામાં, અમદાવાના ડેલાના ભંડારમાં, પાટણ તથા પૂનાના ડેક્કન કોલેજના ભંડારમાં ૫ પંત્રોવાલી આંની હસ્તપ્રતો સચવાયેલી જોવા મળે છે.

૧૦૮. નંદીસૂત્ર-સૂત્ર ૮૪.

૧૦૯. જુઓ જૈન ગ્રંથાવલી પૃ. ૬૮-૬૯.

૧૧૦. એજન. પૃ. ૬૮-૬૯.

૧૧૧. જુઓ પ્રવચન કિરણાવલી. પૃ. ૪૬૭.

૧૧૨. જુઓ પ્રવચન કિરણાવલી. પૃ. ૪૬૭.

**૩૦) વૃદ્ધચતુઃશરણ :** [૧૧૩]

જૈન ગ્રંથાવલી (પૃ.૬૮)માં આ સૂત્રનો ઉલ્લેખ છે અને કર્તા તરીકે દેવેન્દ્રસૂરિનું નામનોંધાયું છે. ગાથાની સંખ્યા ૯૦ની દર્શાવી છે.

ચતુઃશરણ નામે બીજા બે પ્રકીર્ણક સૂત્રો પણ મળે છે. જેની નોંધ પઇણ્ણયસુત્તાંઈ ભાગ-૧માં લેવાઈ છે અને બન્ને પ્રકાશિત પણ કર્યા છે. બેમાંથી એક ચતુઃશરણ જે કુશલાનુબંધી અધ્યયન તરીકે ઓળખાય છે. તે વીરભદ્રાચાર્યની રચના મનાય છે. પ્રસ્તુત વૃદ્ધચતુઃશરણના કર્તાનું નામ પણ નિશ્ચિત નથી. જો કે જ્ઞાનાંજલી (પૃ.૪૩)માં કર્તા તરીકે વીરભદ્રાચાર્યના નામનો ઉલ્લેખ છે.

**૩૧) વિયાહચૂલિયા (વ્યાખ્યાચૂલિકા) :**

નંદિસૂત્રમાં કાલિક અંગબાહ્ય ગ્રંથોની સૂચિમાં આનો ઉલ્લેખ મળે છે. વ્યવહારભાષ્યાદિમાં કહ્યું છે કે વિયાહની જે ચૂલિકા તે વ્યાખ્યાચૂલિકા.[૧૧૪]

**૩૨) સંસક્ત નિર્યુક્તિ :-** [૧૧૫]

જૈન ગ્રંથાવલી પૃ.૬૦માં આ સૂત્રની ૬૪ ગાથાઓ હોવાનો ઉલ્લેખ છે. અને તેની રચના ૧૪ પૂર્વધર ભદ્રબાહુસ્વામીએ કરી છે એવો પણ ઉલ્લેખ છે અને તેથી ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિની માફક સૂત્ર તરીકે તેની ગણતરી કરી શકાય એમ છે.

બીજી ગાથામાં કહ્યું છે કે કોઈ સ્થવિર ભગવંતે બીજા અગ્રાયણીય પૂર્વમાંથી આનો ઉદ્ધાર કર્યો છે. આની ઉપર સંસ્કૃત અવચૂર્ણિ રચાઈ છે.[૧૧૬]

મુનિવરોને ખપતાં આહારાદિનું વર્ણન અહીં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. અમુક સંયોગોમાં ઉપજતાં સંમૂર્છિમ જીવોનું પણ વર્ણન અહીં છે.

---

૧૧૩. પાટણમાં ઝવેરીવાડામાં, ચુનીલાલ મુલચંદના ઘરભંડારમાં તથા કોડાઈ અને ડેક્કન કોલેજના ભંડારમાં આ પ્રકીર્ણક હસ્તપ્રતમાં સચવાયેલું છે.

૧૧૪. જુઓ પ્રવચન કિરણાવલી. પૃ.૪૬૮.

૧૧૫. જેસલમેર, ભાવનગર, અમદાવાદમાં ચંચળબાના ભંડારમાં તથા કોડાયમાં આ પ્રકીર્ણક સચવાયેલું છે.

૧૧૬. પ્રવચન કિરણાવલી. પૃ.૪૬૮.

અત્યાર સુધી જે પ્રકીર્ણકગ્રંથોનો પરિચય મેળવ્યો તેમાં સમાન વિષય ધરાવતાં પ્રકીર્ણકો ઘણાં છે. જેમ કે :-

| | |
|---|---|
| મુનિના આચારવિષયક પ્રકીર્ણકો | :- પિંડવિશુદ્ધિ, સંસક્તનિર્યુક્તિ |
| જ્યોતિષ વિષયક પ્રકીર્ણકો | :- ગણિવિદ્યા, જ્યોતિષકરંડક, અંગવિદ્યા, |
| આરાધના વિષયક | :- તંદુલવૈચારિક, ચંદ્રવેધ્યક, આરાધનાપતાકા |
| મૃત્યુ સમયની આરાધના વિષયક | :- ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, સંસ્તારક, મરણસમાધિ |

ઉપર જણાવેલા છ પ્રકીર્ણકોનો એક અલગ તરી આવતો ગુચ્છ અન્ય પ્રકીર્ણકગ્રંથોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વળી છ પ્રકીર્ણકોમાં અન્યોન્યમાંથી પણ ઘણું આદાન પ્રદાન થયેલું છે.

મૃત્યુ સમયે, સમાધિ મેળવી પંડિતમરણને વરવું જેથી આ ભવભ્રમણનો અંત આવે - તે આ છ પ્રકીર્ણકોનો કેન્દ્રવર્તી વિચાર છે.

મરણસમાધિ પ્રકીર્ણક પ્રસ્તુત સંપુટમાં વિશિષ્ટ છે, એનું અધ્યયન કરતાં પૂર્વે અન્ય પાંચની વિશિષ્ટતાઓ જોઈ લેવી આવશ્યક છે તેથી અહીં ક્રમથી આપણે સમાધિમરણ વિષયક પાંચ પ્રકીર્ણકો વિશે જોઈશું.

❖ ❖

# પ્રકરણ - ૨ સમાધિકરણ વિષયક અન્ય પ્રકીર્ણકો અને મરણસમાધિ પ્રકીર્ણકનો સામાન્ય પરિચય

**ભૂમિકા :-**

પૂર્વ પ્રકરણમાં આપણે જોયું કે આત્માને હિતકર એવી અખૂટ સામગ્રીઓથી ભરેલાં પ્રકીર્ણકોમાં વિવિધ વિષયોની છણાવટ થઈ છે. પ્રકીર્ણકોમાં 'સમાધિમરણ' ને લગતી જૈન વિભાવનાને કેન્દ્રમાં રાખી તેને સંલગ્ન બીજી ઘણી બાબતોનો વિચાર જેમાં છે તેવો એક અલગ સમૂહ તરી આવે છે. તેમાં ભાષા અને શૈલીનું પણ ઘણું સામ્ય છે. વળી તે ગ્રંથોમાં અન્યોન્ય પણ ઘણું આદાન પ્રદાન થયું છે તેવા ૬ ગ્રંથોનું બનેલું ગુચ્છ મરણ-ઉત્તમ મરણ અંગેની ચર્ચાને લીધે આગમ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

જૈન ધર્મ પ્રમાણે ઉત્તમ રીતે જીવન જીવવું એ જ પૂરતું નથી ; પરંતુ જીવનના અંતિમ સમયે સમાધિપૂર્વક મૃત્યુ પામવું એ આવશ્યક છે. સમાધિમરણ સંસારચક્રનું મારણ છે. સમાધિ વગરનું મૃત્યુ અનંત વાર મરણનું કારણ બને છે. મૃત્યુ સમયની આ સમાધિ એકદમ મળી જતી નથી. એના માટે જીવન દરમ્યાન સાધકે શું કરવું, કેવી આરાધના કરવી, એ આરાધનાના પ્રકારો કેટલાં, આરાધના દ્વારા મળતું ફળ શું હોઈ શકે વગેરે વિષયો આ ગુચ્છમાં ચર્ચાયા છે. વળી મરણના પ્રકાર, ઉત્તમ મરણનું સ્વરૂપ, કર્મક્ષય માટે જ્ઞાનનું મહત્ત્વ, સાવદ્યકર્મ ત્યાગનું મહત્ત્વ, કષાયો અને અશુભ ધ્યાનના ત્યાગની આવશ્યકતા, પરિષહને સહન કરવાનો ઉપદેશ તથા અનિત્યાદિ ૧૨ ભાવનાઓનું આ પ્રકીર્ણકોમાં સુંદર નિરૂપણ થયું છે.

પ્રસ્તુત સંપુટમાં 'મરણસમાધિ' પ્રકીર્ણક વિશિષ્ટ છે. તેનું અધ્યયન કરતાં પૂર્વે અન્ય પાંચની વિશિષ્ટતાઓ જોઈ લેવી આવશ્યક છે, તેથી અહીં ક્રમથી આપણે પાંચ પ્રકીર્ણકો વિશે જોઈશું.

આ પાંચ પ્રકીર્ણકો છે -

૧) ચતુઃશરણ પ્રકીર્ણક ૨) મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક ૩) આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક ૪) ભક્તપરિજ્ઞા ૫) સંસ્તારક પ્રકીર્ણક

## ૧. ચઉસરણ પયન્ના (ચતુઃશરણ પ્રકીર્ણક) :-

આગળના પ્રકરણમાં આપણે જોઈ ગયા કે પ્રસ્તુત પ્રકીર્ણકની રચના ૧૧મા શતકમાં થયેલાં શ્રી વીરભદ્રાચાર્યે કરી હતી.

સંપૂર્ણપણે પદ્યમાં રચાયેલાં આ ગ્રંથમાં ગાથાછંદનો ઉપયોગ થયો છે. ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે. અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલી પ્રરूપિત ધર્મનું શરણ, દુષ્કૃત ગર્હા તથા સુકૃત અનુમોદનાની વાતો અહીં કર્તાએ વિસ્તારપૂર્વક ચર્ચી છે.

### અરિહંતાદિનું શરણ :-

મરણસમયે આત્માની જાગૃતિ ન રહે તો દુર્ગતિનું આયુષ્ય બંધાઈ જાય અને તેના વિરુદ્ધમાં અંતિમ સમયે સંપૂર્ણ સાવધાની તથા સમતામાં જીવ રહી શકે તો સદ્ગતિ મળે. જૈનશાસનમાં આવી સદ્ગતિ મેળવવા માટે પંડિત મરણ - સમાધિમરણ - અનશન - સંથારો પ્રાપ્ત કરવા માટેના સાધનો તથા વિધિ બતાવાઈ છે. બધા સાધનોમાં ઉત્કૃષ્ટ સાધન જો કોઈ હોય તો તે અરિહંતાદિ ચારનું શરણ છે. સંસારમાં પ્રાણીને દુઃખથી બચાવવા માટે કોઈ સમર્થ નથી, માતા, પિતા, પુત્ર, સ્નેહીઓ ઘણા ઉપાયો કરે છતાં ભવાંતર માટે કોઈ કારણભૂત અથવા સહાયભૂત બનતાં નથી. અરિહંતાદિ ચાર જ સાચા સહાયકારી, તારનાર તથા ભવરૂપી અટવીમાંથી બચાવનાર છે.

ગ્રંથકારે પ્રારંભમાં 'છ આવશ્યક' તથા તેની અંતર્ગત દરેક 'આવશ્યક'ને વિશેની વિશિષ્ટ સમજ આપી છે. જેમ કે :-

રાગદ્વેષથી થતાં પાપસહિત મન, વચન, કાયાના વ્યાપારથી નિર્વત્તવારૂપ 'સામાયિક' નામનું પહેલું આવશ્યક, ૨૪ જિનેશ્વરોની સ્તુતિ કરવારૂપ 'ચઉવિસત્થો' નામે બીજું આવશ્યક, ૫ મહાવ્રતને પાળનાર શુદ્ધ ગુરુની 'વંદનારૂપ' ત્રીજું આવશ્યક, ૫ મહાવ્રત કે ૫ અણુવ્રતમાં લાગેલાં અતિચારની નિંદા - 'પ્રતિક્રમણ' - તે ચોથું આવશ્યક, પ્રતિક્રમણમાં શુદ્ધ નહિ થયેલાં ભાવવ્રણને શુદ્ધ કરવા 'કાઉસગ્ગ' તે પાંચમું આવશ્યક અને સાધુને ૫ મહાવ્રત, શ્રાવકને ૫ અણુવ્રત, મૂલગુણ અને દિશાવિરમણ આદિ ઉત્તરગુણને ધારણ કરવારૂપ 'પચ્ચક્ખાણ' છઠ્ઠું આવશ્યક છે.

**દુષ્કૃતગર્હા :-**

જીવે પોતાનાથી થયેલાં દુષ્કૃતોની નિંદા કરવી જોઈએ તે કર્તાએ બતાવ્યું છે. અરિહંતાદિના શરણ લીધા પછી ભાવિત થયેલો આત્મા જાણે - અજાણે પોતાનાથી થયેલાં પાપોનો પારાવાર પશ્ચાતાપ કરે છે. ફરીથી એવા પાપો ન થાય એ માટે સાવધ રહે છે.

દુષ્કૃત ગર્હાને વિધિપૂર્વકની બનાવવા માટે સાધકનું હૈયું શુદ્ધ આશયવાળું તથા નિખાલસ હોવું જરૂરી છે. પરમ સંવેગ ભાવ સાથે પાપને ત્યાજય માની ગુરુ ભગવંતની સાક્ષીએ પાપની નિંદા અને ગર્હા કરવાથી અશુભ કર્મની પરંપરાનો પણ વિચ્છેદ થાય છે. પાપનો સાચો પસ્તાવો પતિતને પણ પાવન કરે છે. કલાપીએ કહ્યું છે ને કે :-

**"હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,**
**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."**

આમ અરિહંતાદિની શરણાગતિ સ્વીકારીને સ્વશલ્યનો ગુરુ પાસે એકરાર કરી વિશુદ્ધ બનેલો આત્મા સુકૃત તરફ પગલાં માંડે છે. કર્તાએ અહીં સુકૃત અનુમોદનાની વાત કરતાં કહ્યું છે કે સાચી અનુમોદના કે સાચી આરાધના પોતાનાથી થયેલાં દુષ્કૃત્યો જેવા કે મિથ્યાત્વ, અરિહંતાદિની આશાતના, ધર્મવિરુદ્ધ કથન, જીવોને કરેલો પરિતાપ વગેરેની નિંદા અને ગર્હા વગર શક્ય જ નથી.

**સુકૃત અનુમોદના :-**

અનાદિ અનંત સંસારમાં કોઈપણ પુણ્યાત્મા, જે કોઈ મોક્ષસાધક અનુષ્ઠાન - સુકૃત કરે તે બધાની આદરપૂર્વક પ્રશંસા કરવી તે અનુમોદના. આમ કરવાથી પુણ્યનો સંચય થાય છે. ગુણીના ગુણો પ્રત્યે બહુમાન, અનુરાગ એ ગુણ પ્રાપ્તિનો અજોડ ઉપાય છે. ગુણાનુરાગ કેળવવાથી જ સાચી અનુમોદના પ્રગટે છે.[1]

ગુણાનુરાગી બનેલો આત્મા સૌ પ્રથમ પંચપરમેષ્ઠિના સુકૃતોની અનુમોદના કરે છે. અરિહંતપદની તથા અરિહંતોની અનુમોદના કરનાર પુણ્યાત્મા અરિહંતપદને પ્રાપ્ત કરી શકે તેવા મહાન અનુષ્ઠાનો આચરવાનું અદ્‌ભૂત સામર્થ્ય

૧. જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ - શ્રી પદ્મવિજયજીકૃત શ્રી ઋષભદેવનું સ્તવન.

પ્રાપ્ત કરી શકે છે. સિદ્ધ પરમાત્માના અનંત ગુણોની આદરભાવે અનુમોદન કરનાર સાધકના જીવનમાં એવા ગુણો પ્રગટાવવાની તાલાવેલી જાગે અને જીવ મટીને શિવ બનવાના પ્રયત્નમાં લાગી જાય..

ગચ્છની સુરક્ષા કરનાર, સંઘના યોગક્ષેમને વહન કરનારા આચાર્ય ભગવંતોના તથા ઉપાધ્યાય ભગવંતોના અધ્યયન અધ્યાપનની અનુમોદના પણ કરવી અને સાધુ ભગવંતોની ઘોર સંયમ સાધના, અપ્રમત્તભાવની આરાધના અને પરમતત્ત્વની ઉપાસના આદિ સુકૃત્યોની પણ અનુમોદના જીવે કરવી જોઈએ. તે પછી દેશવિરતિધર શ્રાવકના ગુણોની અનુમોદના કરે અને છેવટે વીતરાગના વચન અનુસાર જે કંઈ પણ સુકૃત જ્યાં પણ થાય તેની અનુમોદના કરે. આમ ગાથા ૫૮ સુધી અનુમોદનાની વાત કહ્યાં પછી અંતિમ ૫ ગાથાઓમાં ગ્રંથકારે કહ્યું કે "જેણે ચતુઃશરણ ન ગ્રહ્યું, ચતુરંગ જિનધર્મ ન કર્યો (દાનાદિ ચાર અંગ), દેવગતિ આદિ ચાર અંગવાળા સંસારનો છેદ ન કર્યો તે ચિંતામણિરત્ન તુલ્ય પોતાનો જન્મ વૃથા હારી ગયો છે."

**૨. મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક) :-**

મહાપ્રત્યાખ્યાનના રચનાકાર અજ્ઞાત છે. ગ્રંથમાં કોઈ પણ જગાએ એમના નામનો ઉલ્લેખ નથી.

આ પ્રકીર્ણકનો સર્વ પ્રથમ ઉલ્લેખ નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રના ઉત્કાલિક શ્રુતના માળખામાં મળે છે. આના ઉપરથી પ્રસ્તુત ગ્રંથની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. વળી નંદીસૂત્રની ચૂર્ણિ [૨] અને હરિભદ્રીયવૃત્તિમાં [૩] તથા પાક્ષિકસૂત્ર [૪] વૃત્તિમાં આ પ્રકીર્ણકનો પરિચય આપ્યો છે.

પ્રાકૃત પદ્યમય આ પ્રકીર્ણક ગ્રંથ ૧૪૨ ગાથાઓનો છે. પ્રત્યાખ્યાન એટલે કે પચ્ચક્ખાણ, નિયમપૂર્વક ત્યાગ કરવાની ઈચ્છા. મહાપ્રત્યાખ્યાન એટલે સૌથી મોટો ત્યાગ. સૌથી વધારે આસક્તિ માણસને પોતાના શરીરની હોય છે, એ શરીરનો પ્રત્યાખ્યાનપૂર્વક ત્યાગ કરવો અને સમાધિમરણને વરવું તે મોટો ત્યાગ.

---

૨. નંદીસૂત્ર ચૂર્ણિ. પૃ.૫૮.

૩. નંદીસૂત્રવૃત્તિ. પૃ.૭૨.

૪. પાક્ષિકસૂત્રવૃત્તિ પત્ર. ૬૫.

આવા દેહત્યાગની ઘડીએ આનુષંગિક બીજી બાબતો પણ લક્ષમાં લેવાની હોય છે જેનો અહીં કર્તાએ પરિચય આપ્યો છે જેમ કે :- પાપનું પ્રત્યાખ્યાન, દુષ્કૃત નિંદા, ક્ષમાપના વગેરે.

પ્રારંભમાં તીર્થંકરો, જિનો, સિદ્ધો, કેવળીને પ્રણામ કર્યા છે, અને તેમ કરીને સાધક સમ્યક્ત્વમાં સ્થિર થાય છે. તે પછી પોતાના પાપનો નિંદાપૂર્વક એકરાર કરી, મન, વચન, કાયાથી સામાયિકના પાઠનો ઉચ્ચાર કરે છે. અને તે પછી ક્રમે ક્રમે ઉપધિનો તથા રાગાદિનો ત્યાગ, સર્વ જીવોની સાથે ક્ષમાપના, અઢાર પાપસ્થાનકોમાં થયેલાં પાપોની નિંદા, ગર્હા, આત્માના સ્વરૂપની, આત્માના એકત્વની ભાવના ભાવે છે. ભાવનામાં આગળ વધતો જીવ અનુભવે છે કે શરીરના સંયોગને લીધે જ હું ઘણું દુ:ખ ભોગવું છું. જ્ઞાન, દર્શન અને લક્ષણવંતો મારો આત્મા શાશ્વત છે. હું એકલો છું, મારું કોઈ નથી. હું કોઈનો નથી. કરેલાં કર્મનો જીવને ભોગવટો કરવો પડે છે અને કર્મરહિત થયા પછી જ મોક્ષ મળે છે. આવું દ્રઢપણે માનનાર જીવ પોતે રાગાદિના કારણે કરેલાં પાપોને ગુરુ પાસે શલ્યરહિતપણે નિર્મલભાવે જણાવે, પ્રાયશ્ચિત લઈને શુદ્ધ બને.

આલોચના કે ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તના પરિણામે કર્મો પાતળાં પડે છે. આલોચના લીધા પછી તેની પૂર્તિ કરીને આરાધક સકલ જીવસૃષ્ટિ સાથે પોતે જાણતા, અજાણતાં કરેલાં અપરાધની ક્ષમાપના કરે છે. ઉત્તમમરણ માટે આવશ્યક એવી ક્ષમાપનાથી કષાય, માન, અભિમાન વગેરે મંદ પડે છે અને ભાવના વધતાં તે બધા દૂર પણ થાય છે.

ગ્રંથકાર આમ અહીં પંડિતમરણની વિધિ બતાવી તેનું ફળ કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ ચાર આરાધનાના ભેદથી જે આરાધક ઉત્કૃષ્ટ આરાધના કરે તે કર્મરહિત થઈ તે જ ભવે મોક્ષ મેળવે, જઘન્ય આરાધનાને આરાધે તે સાત આઠ ભવો સંસારમાં ફરીને પછી મુક્તિ પામે છે. નહીં તો વૈમાનિક દેવલોકમાં જન્મે છે.

પંડિતમરણ મેળવવા માટે અંતિમ આરાધના કરવા માટેના સ્થળ અંગે ગ્રંથકાર કહે છે કે પર્વતની ગુફા, બખોલ, સ્મશાનભૂમિ ગમે ત્યાં આરાધના થઈ શકે, સાધુસમુદાયરૂપ ગચ્છમાં પણ થઈ શકે. આત્માની વિશુદ્ધતાની આવશ્યકતા છે તે બતાવતાં કહે છે તરણાંનો સંથારો અથવા પ્રાસુકભૂમિ ખરો સંથારો નથી.

મનુષ્યનો વિશુદ્ધ આત્મા જ ખરો સંથારો છે.[૫]

પંડિતમરણ માટે અનશન પણ આવશ્યક છે તેમ અહીં દર્શાવ્યું છે. તેનાથી કર્મોનું સંવરણ થાય. તે સંવરરૂપી અગ્નિ કર્મરૂપી લાકડાંને બાળે. જ્ઞાની આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિની આરાધના કરતાં થોડા સમયમાં જ ઘણા કર્મો ખપાવે છે.

અંતસમયે નવકારમંત્રનું એક પદ ગણવાથી કે ઉપયોગપૂર્વક સાંભળવાથી મરણ સુધરે છે એમ કહીને અંતસમયે સમભાવ જરૂરી છે તે માટે મૃત્યુની વેદના વખતે શું વિચારવું તે અહીં કર્તાએ બતાવ્યું છે. સાધકે પોતે એમ વિચારવું કે નરકની તીવ્ર વેદના આગળ આ વેદના શા હિસાબમાં છે? અત્યારે મૂંઝાયા વગર સમભાવથી સહીં લે, મનને મજબૂત કર, 'સંસારરૂપી રંગભૂમિમાં ધીરજરૂપી બલ અને ઉદ્યમરૂપી બખ્તર પહેરી સજ્જ થયેલો તું મોહરૂપી મલ્લને હણીને આરાધનારૂપી જયપતાકાનું હરણ કર.'[૬]

અંતે કહ્યું - 'આવી હિતશિક્ષાથી સ્થિર થયેલો આરાધક સમ્યક્ પ્રકારે કાળ કરીને ઉત્કૃષ્ટ ત્રણ ભવ અતિક્રમીને મોક્ષ પામે.'[૭]

મુખ્યત્વે મરણને કેન્દ્રમાં રાખીને લખાયેલાં પ્રસ્તુત પ્રકીર્ણકની ઘણી ગાથાઓ મરણસમાધિને મળતી આવે છે. મરણસમાધિકાર પોતાના ગ્રંથના અંતે પોતે પોતાની કૃતિના આધારશ્રોતોને ગણાવતાં આઠ ગ્રંથોના નામ આપે છે. તેમાં પ્રસ્તુત મહાપ્રત્યાખ્યાનનો પણ સમાવેશ છે.[૮]

**૩. આતુરપ્રત્યાખ્યાન :-**

અંતિમ કાળે સાધકે આચરવા યોગ્ય આરાધનાનું નિરૂપણ કરતાં પ્રસ્તુત

---

૫. न वि कारणं तणमओ संथारो, न वि य फासुया भुमी ।
अप्पा खलु संथारो होइ विसुद्धो मणो जस्स ॥ १६ ॥ (મહાપ્રત્યાખ્યાન)

૬. संसाररंगमज्झे धिइबलववसायबद्धकच्छाओ ।
हंतूण मोहमल्लं हराहि आराहणपडागं ॥ १२९ ॥ (મ.પ્ર.)

૭. आराहणोवउत्तां सम्मं काऊण सुविहिओ कालं ।
उक्कोसं तिण्णि भवे गंतूण लभेज्ज नेव्वाणं ॥ १३१ ॥ (મ.પ્ર)

૮. મરણસમાધિ ગાથા ૬૬૧-૬૬૩.

ગ્રંથના કર્તા વીરભદ્રગણિ છે વીરભદ્રગણિનો સમય વિક્રમ સંવત ૧૦૦૮ અથવા ૧૦૭૮ ગણાય છે. [૯]

આ પ્રકીર્ણકની રચનામાં ગદ્ય અને પદ્યનું મિશ્રણ છે. શરૂઆતની દસ ગાથાઓ પછી અગિયારમા સૂત્રમાં ગદ્ય લેવામાં આવ્યું છે. બાકી પછી આખું પ્રકીર્ણક પદ્યમાં છે.

૭૧ ગાથાવાળાં આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણકસૂત્રની વૃત્તિના રચનાકાર ભુવનતુંગસૂરિ છે. તથા ગુણરત્ન ગણીએ અવચૂરિની રચના કરી છે. [૧૦]

'આતુર' એટલે રોગથી પીડાયેલો અથવા રોગની પીડા, વેદનાથી ઘેરાયેલો આત્મા ; પ્રત્યાખ્યાન એટલે નિયમ. આમ રોગી આત્માને પરભવની આરાધના કરવાના અવસરે કરવા લાયક પ્રત્યાખ્યાનની વિવેચના અથવા સમજૂતિ જેમાં કરી છે તે આતુરપ્રત્યાખ્યાન.

આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણકમાં સમાધિમરણ પામવા ઈચ્છનાર પુણ્યવાન આત્માઓના હિત માટે પંડિતમરણ તથા બાલમરણનું સંક્ષેપમાં નિરૂપણ છે. તથા રોગીએ અંતિમ સમયે કેવા ભાવ રાખવા તેની સમજણ આપી છે.

વળી કહ્યું કે, કામભોગોની લાલસા છોડવી જોઈએ, કારણ કામભોગથી નિવૃત્ત થયા વિના કોઈ કાળે કામભોગોથી તૃપ્તિ થતી નથી, એને સમજાવવા માટે ગાથા ૫૧મા સુંદર ઉદાહરણ આપ્યું છે કે જેમ તરણાં કે લાકડાઓથી અગ્નિ ઠંડો પડતો નથી, હજારો મહાનદીઓના પાણીથી પણ લવણસમુદ્ર પૂરાતો નથી તેમ આ આત્મા કોઈ દિવસ કામભોગોથી તૃપ્ત થતો નથી[૧૧] બલ્કે એની ઝંખનાના પરિણામ સ્વરૂપ તંદુલિયા મત્સ્યની માફક - ફક્ત આહારની ઈચ્છાથી સાતમી નરકે જાય છે - દુર્ગતિને પામે છે.

---

૯. પઈણ્ણયસુત્તાઈ ભાગ ૧. પૃ.૧૮. બૃહટ્ટિપ્પનિકાકારે પણ વીરભદ્રનો સમય સં.૧૦૭૮ કહ્યો છે.

૧૦. જૈન ગ્રંથાવલી. પૃ.૪૪.

૧૧. तणकट्ठेहि व अग्गी लवणजलो वा नईसहरसेहिं ।
न इमो जीवो सक्को तिप्पेउं कामभोगेहिं ॥ ५१ ॥

વળી, બધા કર્મોમાં વધુ શક્તિશાળી મોહનીય કર્મને તોડવા એવી ભાવના દર્શાવી છે - ખરેખર આ સંસારમાં અનાદિથી હું દુઃખ ભોગવી રહ્યો છું તેનું મૂળ કારણ પદાર્થો ઉપરની મમતા છે, આ મમતાનો હું ત્યાગ કરું છું. હું એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી, મોહને કારણે મને દુનિયાનું સ્પષ્ટ દર્શન ન થયું એવા મોહને હું તજું.

આવી ભાવના ભાવ્યા પછી પોતાની થયેલી ભૂલોનું ગુરુ આગળ જઈ પ્રાયશ્ચિત્ત લેવું અને તે પ્રાયશ્ચિત્ત પૂરું કરવું એમ કહી અહીં ગ્રંથકારે પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુના ગુણો પણ બતાવ્યાં છે.

અંતસમયે સમાધિભાવ રાખવાની મહત્તા દર્શાવતાં કહ્યું કે જેઓ અસમાધિભાવમાં એટલે કે મિથ્યાભાવમાં રાચે છે તથા કૃષ્ણલેશ્યાના અધ્યવસાયોમાં વર્તે છે તેવા જીવો નિદાનપૂર્વક મરણને પામી દુર્લભબોધિપણાને પ્રાપ્ત કરે છે (ગાથા ૪૧)[૧૨] વળી જેઓ શુભપરિણામપૂર્વક, નિદાનરહિત મરણને પામે છે તેઓ સમાધિમરણના યોગે ભાવિકાલમાં સુલભબોધિપણાને પામે છે.

સમાધિભાવને અખંડિત રાખવા માટે શ્રી જિનકથિત શ્રુતજ્ઞાનના પરિશીલનની આવશ્યકતા છે. પરંતુ સમર્થ મનોયોગને ધરાવનાર આત્માઓ પણ મરણના અવસરે બાર અંગરૂપ શ્રુતજ્ઞાનનું ચિંતન કરી શકતાં નથી તો તે વખતે શું કરવું? તેના વિષે ગ્રંથકાર કહે છે કે વીતરાગના શાસનમાં કોઈ પણ એક પદના ચિંતનથી આત્મા વારંવાર સંવેગને પામે છે. તે પદના વારંવાર પરિશીલન મનનથી તે અવશ્ય આરાધક થાય છે. આવો સુવિહિત આત્મા સમાધિભાવથી કાળ કરીને ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મોક્ષ મેળવે છે. [૧૩]

વર્તમાનકાળમાં જીવોના આયુષ્યનો નાશ થાય એ અચોક્કસ છે, ધીરપુરુષ તથા કાયર પુરુષ બન્નેએ મરવું પડે છે. મરણની બીક કોને નથી લાગતી? તેના

---

૧૨. मिच्छदंसणत्या सनियाणा कण्हलेसमीगाढा ।
इय जे मरंति जीवा तेसिं दुलहा भवे बोहि ॥ ४१ ॥

૧૩. एगंमि वि जम्मि पए संवेगं वीयरायमग्गंति ।
गच्छइ नरी अभिक्खं तं मरणं तेण मरियव्वं ॥ ६० ॥
आराहणीवउत्तो कालं काऊणं सुविहिओ सम्मं ।
उक्कोसं तिन्नि भवे गंतूणं लहइ निव्वाणं ॥ ६२ ॥ (આતુર.)

જવાબમાં કહ્યું છે કે જિનવચનરુપી સુભાષિતને મેળવીને શુભગતિનો માર્ગ મેળવનારને મરણનો ભય રહેતો નથી. કારણ આવા સમાધિમરણને પામ્યા પછી વારંવાર મરવું પડતું નથી. જીવન-મરણના ફેરા ટળી જાય છે.

આમ પંડિતમરણને ઇચ્છનાર સાધુપુરષ માટે ઘણી ઉપયોગી માહિતી અહીં ગ્રંથકારે આપી છે.

પ્રકીર્ણકના અંતે ત્રિલોકનાથ શ્રી વીરભગવાનને પોતાના સર્વ દુઃખોનો ક્ષય કરવાની વિનંતી કરી છે. વળી કહ્યું કે મરણના અવસરે જે આત્મા ધીરતાપૂર્વક, મુંઝવણરહિતપણે આ પ્રકીર્ણકની વિધિ મુજબ પચ્ચક્ખાણને કરશે તે અવશ્ય શાશ્વત સુખના સ્થાન મોક્ષને મેળવશે. [૧૪]

પંડિતમરણ વિષયક મરણસમાધિ પ્રકીર્ણકમાં આતુરપ્રત્યાખ્યાનની ઘણી ગાથાઓ મળે છે. તેમ જ ‘મૂલાચાર’ નામે દિગંબર ગ્રંથની લગભગ ૧૯ ગાથાઓ આ પ્રકીર્ણકને મળતી આવે છે. [૧૫]

**૪. ભક્તપરિજ્ઞા :-**

આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણકની જેમ આ પ્રકીર્ણકના કર્તા પણ વીરભદ્રગણિ છે.

વીરભદ્રગણિના વિષે આપણને સ્હેજે ખ્યાલ આવે છે કે તેઓ મહાન જ્ઞાની, તત્ત્વજ્ઞ, ધૈર્યવાન મુનિ હતા. તેમના રચેલાં બધા (૪) પ્રકીર્ણકોમાં તેમણે મરણને કેન્દ્રમાં રાખીને જૈનધર્મની વિશિષ્ટ વાતોની રજુઆત કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં (૧૭૩ ગાથાઓમાં) પણ તેઓએ જેનું વર્ણન કર્યું છે તેનો વિષય અંતકાલે ગીતાર્થ ગુરુ મહારાજ લાયક જીવને આહારનું પચ્ચક્ખાણ કેવી રીતે કરાવે તે છે. તેથી પ્રકીર્ણકનું નામ યર્થાર્થ જ છે.

પ્રારંભમાં મહાન પ્રભાવશાળી શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર કરી પોતાના સ્મરણ માટે તથા પરહિત માટે ભક્તપરિજ્ઞા પયન્નાની રચનાનો હેતુ

---

૧૪. एयं पच्चवखाणं जो काही मरणदेसकालम्मि ।
धीरो अमूढसन्नो सी गच्छइ सासयं ठाणं ॥ ४१ ॥

૧૫. જુઓ પરિશિષ્ટ નં. ૧.

બતાવતાં વીરભદ્રગણિએ અહીં માનવભવની પ્રાપ્તિની દુર્લભતા દર્શાવી અને માનવભવમાં પણ જિનેશ્વરદેવના વચનોના શ્રવણની દુર્લભતા બતાવી છે. પૂર્વના પુન્યના યોગે સામગ્રી પામેલાં પુરુષોએ રત્નત્રયીની આરાધના કરી મોક્ષના રસિક બનવું જોઈએ એમ ઉપદેશ આપ્યો છે. સંસારનું સુખ અસ્થિર છે, દુર્ગતિનું કારણ બને એમ છે એમ કહી જિનાજ્ઞાનું મહત્ત્વ બતાવ્યું છે.

વિષયોના સેવનજનિત સુખો આજે કદાચ ટકી રહે પણ આવતીકાલે તે સુખો અવશ્ય નાશ પામે છે. કારણ કે વિષયજનિત સુખો ભાવિકાળમાં કેવળ સ્વપ્નની જેમ સ્મરણરૂપ રહે છે.[૧૬] માટે સમજુ પુરુષો મોક્ષના સ્વાધીન, શાશ્વત અને નિરુપદ્રવી સુખોને જ ઈચ્છે છે. મોક્ષના સુખોની પાસે દેવલોકના સુખો પણ પરમ અર્થથી દુઃખ છે કારણ તેની શાશ્વતતા નથી ; અને મનુષ્યલોકના સુખો પણ દારુણ ને અશાશ્વત છે આવા સુખોને મેળવવાની લાલસા ન રાખવી જોઈએ.

જિનેશ્વરદેવના વચનથી નિર્મલ બુદ્ધિવાળા બનેલાં જીવે જિનેશ્વરદેવની આજ્ઞાનું આરાધન કરવું, કારણ જિનની આજ્ઞા એ મોક્ષના અનંત સુખો અને શાશ્વત સુખોની પ્રાપ્તિનું એક અનન્ય સાધન છે.[૧૭]

સમ્યક્ દર્શન, સમ્યક જ્ઞાન, સમ્યક્ ચરિત્ર, તપનું નિરતિચાર આરાધન એ જિનેશ્વરદેવોની આજ્ઞા છે. આના વડે કર્મનો ક્ષય થાય છે અને તેથી સંસારના સર્વ દુઃખોને ટાળનારું તે ભાવઔષધ ગણાય છે.

ગ્રંથકારે આરાધનાના પરમ અંગ સમાન સમાધિમરણના અહીં ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. (૧) ભક્તપરિજ્ઞા (૨) ઈંગિની (૩) પાદોપગમન.

ભક્તપરિજ્ઞા પણ બે પ્રકારે છે - અવિચાર, સવિચાર.

સંલેખનાના સામર્થ્યથી રહિત હોય તેવાનું સમાધિપૂર્વક મરણ તે અવિચાર ભક્તપરિજ્ઞા મરણ.

સંલેખના કરીને શરીરને દુર્બળ બનાવી જે સમાધિમરણને પામે તે સવિચાર ભક્તપરિજ્ઞા.

---

૧૬. ભક્તપરિજ્ઞા - ગાથા ૪.

૧૭. ભક્તપરિજ્ઞા ગાથા ૬.

સવિચાર ભક્તપરિજ્ઞા મરણ કોણ સ્વીકારી શકે તેના જવાબમાં કહ્યું - વર્તમાનમાં નિરવદ્ય, સુશીલ સાધુ, શોક, હાસ્ય જેવા નોકષાયથી રહિત, પોતાના જીવનની સ્પૃહા વિનાનો, વિષયસુખની તૃષ્ણાથી મુક્ત અને ધર્મઆરાધનામાં સતત ઉદ્યમશીલ, પોતાના મરણકાળને સામાન્ય જાણવાવાળો, સંસારની નિર્ગુણતાને સમ્યક્ પ્રકારે જાણનાર, રોગગ્રસ્ત દશા કે રોગરહિત દશાવાળા પુણ્યવાન આત્માઓ સંસારની અસારતાને વિચારે અને પછી ગુરુભગવંત પાસે આવી ભક્તપરિજ્ઞાની આજ્ઞા માગે. ગુરુ ભગવંત પણ તે સમયે ઉપદેશમાં એમ કહે છે કે -

"પૂર્વના પાપોને આલોચી, વ્રતોને ફરી ઉચ્ચરી, સર્વ જીવરાશિને ખમાવી પછી ભક્તપરિજ્ઞા અનશન સ્વીકારવું જોઈએ અને મનમાં સતત એવો વિચાર રાખવો કે હું ધન્ય છું, લાખો ભવોનો પ્રયત્નો પછી પણ ન પામી શકાય એવો ધર્મ મને મળ્યો છે - જે ચિંતામણીસમાન, કલ્પવૃક્ષસમાન, અમૃતસમાન છે."

આ પ્રમાણે હિતશિક્ષા આપ્યાં પછી ગુરુ મહાપુરુષોના દ્રષ્ટાંતો આપે છે જેમના શુભધ્યાન સહિતની આરાધનાની યાદથી સાધકને સમતા, સમાધિનો ભાવ લાવવામાં સફળતા મળે છે.

અનશન કરનાર આત્માઓએ કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની યાતો તેવા પ્રકારના વિ઼શિષ્ટ જ્ઞાનીના જ્ઞાનના બળથી આયુષ્યનું નિશ્ચિત જ્ઞાન મેળવી યાવજ્જીવ ભવચરિત સાગારિક અનશન લેવું અને એવા વિશિષ્ટ જ્ઞાનીઓનો વિરહ હોય અને તેથી આયુષ્યનું જ્ઞાન શક્ય ન હોય ત્યારે નિયતકાલીન સાગારિક અનશન સ્વીકારવાની વિધિ છે.

વિશુદ્ધ એવા પરિણામથી ભક્તપરિજ્ઞા અનશનની જઘન્યથી આરાધના કરનાર શ્રાવક સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિકદેવ અને સાધુ સર્વાર્થસિદ્ધ દેવલોકના સુખને પામે છે - ઉત્કૃષ્ટ આરાધના કરનાર શ્રાવક અચ્યુતકલ્પમાં મહર્ધિકદેવ અને સાધુ મોક્ષના અનંત સુખોને મેળવે છે.[૧૮]

અંતે બે ગાથાઓમાં આ પયન્નાનું મહત્ત્વ બતાવતાં કહે છે - ઉત્કૃષ્ટથી અઢી દ્વીપમાં વર્તતા ૧૭૦ તીર્થંકરોની સંખ્યાની જેમ ૧૭૦ ગાથાના આ પયન્નાને જે

---

૧૮. ભક્તપરિજ્ઞા ગાથા ૧૬૯. આરાધના સાર-હેમચન્દ્રસૂરિ-ભાવાનુવાદમાંથી.

વિધિપૂર્વક ભણે અથવા સાંભળે, શુભભાવથી પરિશીલન કરે તે પુણ્યવાન જીવો શાશ્વત સુખરૂપ મોક્ષને મેળવે છે.

**૫. સંથારગ - સંસ્તારક :-**

પ્રસ્તુત પ્રકીર્ણકના કર્તા અજ્ઞાત છે અને તેથી સમયની નિશ્ચિતતા નથી. આ પ્રકીર્ણક ૧૨૨ ગાથાઓવાળું છે.

નિર્મલ ચારિત્રાદિના સાધક મુનિવરો પોતાના જ્ઞાનના ઉપયોગથી કે ગુરુ મહારાજ પાસેથી પોતાનો અંતસમય નજીક જાણીને વિધિપૂર્વકની આરાધના કરે છે તે આરાધનાનું અહીં વર્ણન છે. સર્વ આરાધનાઓમાં શ્રેષ્ઠતર આરાધનારૂપ સંથારાની મહત્તા કર્તાએ અહીં દર્શાવી છે. પ્રશ્નોત્તર શૈલીનો અહીં ઉપયોગ થયો છે.

સંસ્તારકનું સ્વરૂપ જણાવતાં કર્તા કહે છે કે આત્માને સારી રીતે તારે એટલે કે શુક્લધ્યાન, કેવળજ્ઞાન, મોક્ષનો લાભ પમાડે તે સંસ્તારક. સંથારાની શ્રેષ્ઠતા દર્શાવવા માટે ગ્રંથકારે અનેકવિધ ઉપમાઓનો ઉપયોગ કર્યો છે. ગાથા ૧૭માં સંથારાની શ્રેષ્ઠતા બતાવતાં ગ્રંથકાર કહે છે કે -

જ્ઞાનનું મહત્ત્વ મોક્ષનું પરમ કારણ હોવાથી સંથારો સુવિહિત આત્માઓ માટે અનુપમ આલંબન છે. જિનકથિત આ સંથારો ગુણોનું નિવાસસ્થાન છે, પરમકલ્પ - આચારરૂપ છે ; તથા સર્વોત્તમ શ્રીતીર્થંકરપદ, મોક્ષગતિ અને સિદ્ધદશા વગેરેનું મૂળ કારણ સંથારો છે.[૧૯]

વળી સંથારાની વિશિષ્ટતા બતાવતાં કહ્યું છે કે ઉત્તમ પુરુષોમાં શ્રી અરિહંત પરમાત્મા, જગતની બધી સ્ત્રીઓમાં તીર્થંકરની માતા, મણિઓમાં વૈડૂર્યમણિ, સુગંધી દ્રવ્યોમાં ચંદન, રત્નોમાં વજ્ર, વંશોમાં જિનેશ્વર દેવોનો વંશ, સર્વકુળોમાં શ્રાવકકુળ, ગતિઓમાં સિદ્ધગતિ, સર્વ સુખોમાં મોક્ષનું સુખ, સર્વ ધર્મોમાં શ્રી જિનકથિત અહિંસાધર્મ, સર્વ પ્રકારની શ્રુતિઓમાં જિનવચનરૂપ શ્રુતિ, સર્વ પ્રકારની સિદ્ધિમાં સમ્યક્ તત્ત્વરૂપ આત્મગુણની સિદ્ધિ, ધ્યાનોમાં શુક્લધ્યાન, જ્ઞાનમાં કેવળજ્ઞાન, ચારિત્રોમાં યથાખ્યાત ચારિત્ર છે, તે જ પ્રમાણે સંથારાના

૧૯. परमेट्ठो परमउलं परमाययणं ति परमकप्पो त्ति ।
परमुत्तम तित्थयरो, परमगई परमसिद्धि त्ति ॥ १७ ॥ संथारगपइण्णयं.

સ્વીકાર દ્વારા કરાતું પંડિતમરણ (જે મોક્ષનું કારણ છે તે) શ્રેષ્ઠ છે.[20] આવી કલ્યાણકારી આરાધના દેવોને પણ દુર્લભ છે. દેવલોકના ૩૨ ઈંદ્રો પણ સમાધિપૂર્વકના પંડિત મરણની મનથી અભિલાષા રાખે છે.[21] ગાથા ૧૩માં તો સઘળા ગુણોમાં શ્રામણ્યપણાની પ્રધાનતા કહી અને એનાથી પણ અધિક સંથારાની મહત્તા બતાવી.

સંથારાની આરાધના ક્યારે સ્વીકારાય ? કયાં આલંબનથી થાય ? એવા શિષ્યના પ્રશ્નના જવાબમાં ગુરુ મહારાજ કહે છે 'જેના મન, વચન, કાયાના શુભયોગો સીદાતા હોય, અનેક રોગો ઉત્પન્ન થયાં હોય, મરણકાળ નજીક હોય તો તે સમયે સ્વીકારાયેલો સંથારો વિશુદ્ધ છે.'

સંથારો સ્વીકારતાં પહેલાં સાધક ગુરુની પાસે નિર્મળભાવપૂર્વક દોષોની આલોચના લે છે, ત્રણ પ્રકારના શલ્ય, ચાર કષાયોનો ત્યાગ કરનાર, પાંચ મહાવ્રતોના પાલનમાં તત્પર, છ જીવનિકાયની રક્ષામાં તત્પર, હિંસાના પાપથી વિરક્ત, સાતે પ્રકારના ભયથી રહિત બુદ્ધિવાળા, આઠ જાતિના મદથી રહિત, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિનું વિધિ મુજબ પાલન કરનારા, દસ પ્રકારના યતિધર્મનો નિર્વાહ કરવામાં કુશળ એવો મહાભાગ સાધુ સંથારાને સ્વીકારે તે સુવિશુદ્ધ સંથારો ગણાય.[22]

**સંથારા માટેનો સમય :-** સંથારો સ્વીકારવા માટે સમય લગભગ હેમંત ઋતુ શ્રેષ્ઠ છે, વર્ષાકાલમાં અનેક તપોને સારી રીતે કરીને સર્વ અવસ્થાઓને વિશે હેમંત ઋતુમાં જે મહાભાગ સાધુ સંથારા પર આરૂઢ થાય છે તે પંડિતમરણ પામે છે.[23]

**વિધિ :-** સંથારાને સ્વીકારનાર સાધુ સંઘસમુદાયની વચમાં ગુરુના આદેશ મુજબ આગારોપૂર્વક ચાર અથવા ત્રણ આહારનું પચ્ચક્ખાણ કરે છે અને કેવળ પ્રાસુકજળનું પાન કરે છે પછીથી તે પણ છોડી દે છે.

---

૨૦. સંથારગ પઈણ્ણય, ગાથા. ૫,૬,૭.

૨૧. कल्लाणं अब्भुदओ देवाण वि दुल्लहं दुल्लहं तिहुयणम्मि ।
बतीसं देविंदा जं तं झायंति एगमणा ॥

૨૨. સંથા. પઈ. ગાથા. ૩૭,૩૮,૩૯,૪૦.

૨૩. સંથા. પઈ. ગાથા. ૩૭,૩૮,૩૯,૪૦.

સકલસંઘની સાથે તે ક્ષમાપના કરે છે - "પૂર્વે મન, વચન, કાયાના યોગથી કરવા, કરાવવા કે અનુમોદવા દ્વારા મેં જે કોઈ અપરાધ કર્યા હોય તે સર્વને ખમાવું છું."

**હિતશિક્ષા :-** સંથારો સ્વીકાર્યા પછી પૂર્વના અશુભ કર્મના યોગે જો કોઈ સાધક મુનિ વેદના પામે તો તે વખતે ગીતાર્થ નિર્યામકો તેને સમતા અપાવવા બાવના ચંદન જેવી હિતશિક્ષા આપે છે -

"હે વિનેય ! તું સાવધાન થા, નરક તિર્યંચ, દેવગતિ અને મનુષ્યગતિમાં તેં કેવા કેવા દુઃખો ભોગવ્યાં છે? જન્મ મરણરૂપ રેંટના સદા ચાલુ રહેતાં આવર્તોવાળા સંસારમાં અનંતકાળ તું ભટક્યો છે, માટે વર્તમાનના દુઃખોથી મૂંઝાઈશ નહીં અને આરાધનાને ભૂલીશ નહીં. મરણ જેવો મહાભય નથી, જન્મ જેવું કોઈ દુઃખ નથી. જન્મ મરણરૂપ મહાભયોના કારણરૂપ શરીરના મમત્ત્વભાવને તું છેદી નાખ. શરીર અને આત્માને ભિન્ન માન, પૂર્વના અશુભ કર્મના ઉદયે ઉત્પન્ન થયેલી વેદનાને સમભાવથી સહી લે અને તેમ કરીને અશુભના કલંકની પરંપરાની વેલડીને મૂળથી હલાવી નાખ." વળી આગળ કહે છે, "પૂર્વે અત્યંત ધીરવૃત્તિને ધરાવનારા મહર્ષિઓ જંગલમાં કોઈની પણ સહાય વગર ધ્યાનમાં રહેતા અને ત્યાં જંગલી જાનવરોની દાઢમાં આવવાં છતાં સમાધિભાવને અખંડ રાખતાં, હે સુવિહિત ! ધીર અને સ્વસ્થ મનોવૃત્તિવાળા નિર્યામક સાધુઓ તને સહાય કરનાર છે, તો તું સમાધિભાવને ટકાવી રાખ અને ઉત્તમ અર્થને સાધ."

**લાભ :-** વિધિપૂર્વક સંથારા પર આરૂઢ થયેલા ક્ષપકને પ્રથમ દિવસથી લાભની પ્રાપ્તિ થાય છે, કારણ વિશિષ્ઠ પ્રકારના શુભ ભાવોથી સંખ્યાત ભવોની સ્થિતિવાળા સર્વ કર્મો તે પ્રત્યેક સમયે ખપાવે છે. તૃણ અથવા ઘાસના સંથારા પર હોવા છતાં તે ચક્રવર્તી અને દેવતાઓના સુખ અને આનંદ કરતાં વધુ સુખ મેળવી શકે છે, કારણ જૈનશાસનમાં મોક્ષપ્રાપ્તિ માટે લાંબા વર્ષકાળને ગણતાં નથી કેવળ આરાધક આત્માઓની અપ્રમત્ત દશા પર સઘળો આધાર છે.[૨૪]

---

૨૪. સંથા. પઈ. ગાથા. ૩૭,૩૮,૩૯,૪૦.

ગુરુ તથા વડીલોની પ્રશંસા તથા હિતશિક્ષાથી સ્થિર બનેલો તે ક્ષપક ધીરતાપૂર્વક સર્વકર્મને ખપાવવાપૂર્વક તે ભવમાં અથવા ત્રીજા ભવમાં અવશ્ય સિદ્ધિ પામે છે.[૨૫]

ઉપસંહારમાં ગ્રંથકારે સંથારાને સ્વીકારીને સદ્‌ગતિને પામેલાં શ્રમણ પુરુષોને પ્રાર્થના કરીને કહ્યું કે અમોને પણ સદાને માટે શાશ્વત, સ્વાધીન, અક્ષત સુખોની પરંપરા આપો.[૨૬]

મરણસમાધિમાં આ પ્રકીર્ણની ૭ થી ૮ ગાથાઓ મળે છે.[૨૭]

સમાન વિષયવાળા આ ગુચ્છમાં 'મરણસમાધિ'નું સર્વશ્રેષ્ઠ સ્થાન છે. અહીં પહેલાં તેનો પણ સામાન્ય પરિચય આપેલ છે.

**૬. મરણસમાધિ પ્રકીર્ણક - પરિચય :-**

આગળના પાંચે પ્રકીર્ણકોની તુલનાએ વધુ ગાથાસંખ્યા, વિસ્તૃત નિરૂપણ, અનેક દ્રષ્ટાંતો આદિ હોવાથી જાણે કે એ પાંચેનો સંગ્રહ ન હોય તેમ મરણસમાધિ પ્રકીર્ણક સૌથી મહત્ત્વપૂર્ણ છે.

આગમોના સમયથી જ ઉત્તમ મરણ અંગેનું સાહિત્ય આપણને મળે છે.[૨૮] શ્રી આચારાંગસૂત્ર, શ્રી સ્થાનાંગસૂત્ર તથા શ્રી ભગવતીસૂત્રમાં મરણ, બાલમરણ - ઉત્તમ મરણ અંગેની વાતો આપણને જાણવા મળે છે. તે પછીના સમયમાં પણ તે તે કાળે વિદ્વાનો તથા અનેક સ્થવિર ભગવંતો દ્વારા આ વિષય પર લખાણ થયું છે. તે સમયે આ રીતે ઉત્તમ મરણને પામેલાં વિરલા પુરુષોના દ્રષ્ટાંતો પણ આપણને તેમાંથી જાણવા મળે છે.

પ્રસ્તુત મરણસમાધિ ગ્રંથમાં પણ મરણને કેન્દ્રમાં રાખી ઉત્તમ મરણ - તેના પ્રકારો - તેની પ્રાપ્તિ માટેની રીત વગેરે ઘણી બાબતોનું નિરૂપણ થયું છે અને તેથી જ તેના બીજા નામો જેવા કે - 'મરણવિધિ' અને 'મરણવિભક્તિ' પણ છે.

---

૨૫. એજન. ગાથા ૫૧.

૨૬. એજન. ગાથા ૧૧૬.

૨૭. પરિશિષ્ટ - ૧.

૨૮. જુઓ આ પુસ્તકનું પ્રકરણ ૩. મુદ્દો ૧. મરણના પ્રકારો.

ગ્રંથના કર્તા અજ્ઞાત છે. કર્તાએ ગ્રંથમાં કોઈ જગ્યાએ પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી. તેમ જ બીજે ક્યાંય પણ એવો ઉલ્લેખ મળતો નથી. તેમ છતાં કર્તા અત્યંત ધીર, ગંભીર, તત્ત્વજ્ઞ, સ્થવિર ભગવંત હોવા જોઈએ એ નિશ્ચિત છે.

સમગ્ર ગ્રંથ પદ્યમાં છે. ગાથા છંદ અહીં વપરાયો છે. પ્રાચીન નિર્દેશ પ્રમાણે ગ્રંથના પાંચ ઉદ્દેશક હતા. હાલમાં તે પ્રમાણે ઉદ્દેશક નથી. જો કે સંભવિત પાંચ ઉદ્દેશક મેં આ જ પ્રકરણમાં ગ્રંથની ભાષા તથા શૈલીની ચર્ચામાં રજૂ કર્યા છે. (પૃષ્ઠ ૭૫)

પૂર્વના અનેક આગમગ્રંથો તથા ગુરુ પરંપરાનો આધાર લઈ કર્તાએ અહીં સમાધિમરણની વિશિષ્ટ ચર્ચા સમગ્રતયા કરી છે. વળી અન્ય પ્રકીર્ણકગ્રંથોમાં પણ મરણસમાધિની ગાથાઓનું મળતું સામ્ય તથા ગ્રંથની સમાપ્તિમાં કર્તાએ નોંધેલા આઠ આધારસ્રોતો ઉપરથી પ્રસ્તુત ગ્રંથ એક સંગ્રહગ્રંથ કહી શકાય. બલ્કે પ્રારંભમાં કર્તા પોતે જ કહે છે :-

" समणस्स उत्तिमट्ठे मरणविहीसंगहं वोच्छं। "

પ્રશ્નોત્તર શૈલીનો અહીં ઉપયોગ થયો છે. ગુરુ-શિષ્યના સંવાદરૂપે ગ્રંથનો આરંભ થાય છે. શિષ્યને મરણસમાધિ વિશે જાણવાની ઈચ્છા હતી, તેની પૂર્તિ આચાર્યશ્રી પોતાના જ્ઞાનથી અને અનુભવથી કરે છે. પોતાની વાત સરળતાથી અને સુગમતાથી શિષ્યને અને તે દ્વારા આપણા ગળે ઉતરે તે માટે ઉત્તમ મરણને આનુષંગિક ઘણી વાતો કરી છે. જેમ કે :-

જ્ઞાનારાધના, દર્શનારાધના, ચારિત્રારાધના, આલોચના, સંલેખના, શલ્યરહિતપણું, વિનયનું સ્વરૂપ, પ્રાયશ્ચિત્ત દેવાનો તથા લેવાનો વિધિ, પ્રાયશ્ચિતાદિથી થતી આત્માની નિર્મલતા, ઉપધિને વોસિરાવવાની બીના, તપમાં પ્રયત્નશીલ બનવાની સૂચના, પરિકર્મનો વિધિ, નિર્યામકનું સ્વરૂપ, આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવાની સૂચના, મરણકાળે આવી પડતી વેદનાને સમભાવથી સહન કરવી, અને તેના સમર્થનમાં સમભાવથી વેદના, ઉપસર્ગ કે પરીષહને સહન કરી, ઉત્તમ મૃત્યુને ભેટનાર અનેક મહાપુરુષોના દ્રષ્ટાંતો આપ્યા છે. ખરેખર તો સમગ્ર ગ્રંથનો ૧/૩ ભાગ આવી રીતે ઉત્તમ મરણને પામેલાં ઉચ્ચ કોટિના મુનિઓ અને અન્ય નરનારીઓ તથા તિર્યંચોના ઉદાહરણોમાં રોકાયેલો છે.[૨૯]

૨૯. મરણસમાધિ ગાથા ૪૦૯ થી ૫૨૪.

મરણસમાધિ પ્રકીર્ણક સૌ પ્રથમ ઈ.સ. ૧૯૨૭માં આગમોદય સમિતિ તરફથી 'चतुःशरणादिमरणसमाध्यन्त प्रकीर्णकदशकं'માં પ્રકીશિત થયું. તે પછી પં. અમૃતલાલ ભોજકે પઈણ્ણયસુત્તાઈ-૧માં પ્રકીર્ણકોના સંપાદન સમયે પ્રસ્તુત મરણસમાધિને પ્રકાશિત કર્યું. તેમણે વાપરેલી હસ્તપ્રત તથા તાડપત્ર સિવાય બીજી પણ હસ્તલિખિત પ્રતો પાટણભંડારમાં સચવાયેલી છે, જેના ક્રમાંક તથા વિગત હું નીચે આપું છું જે વિદ્વાનોને કદાચ ઉપયોગી થાય.[૩૦]

પ્રસ્તુત ગ્રંથની આટલી બધી પ્રતો મળે છે, જે તેનું તે સમયમાં મહત્ત્વ દર્શાવે છે.

**(ક) કર્તા તથા સમય :-**

'મરણસમાધિ' ગ્રંથના કર્તાએ કોઈ પણ જગ્યાએ પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી, અન્યત્ર પણ કર્તાનો ઉલ્લેખ થયો નથી. તેથી કર્તા વિશે સીધી રીતે આપણને કોઈ પણ જાણ થતી નથી ; પરંતુ તેમની કૃતિને તપાસતાં, તેમણે ચર્ચેલાં ગહન વિષયનો વિચાર કરીએ તો કર્તાની વિદ્વત્તા વિશે કોઈ શંકા રહેતી નથી. કોઈ સમર્થ આચાર્ય ભગવંત અથવા સ્થવિર ભગવંત આ ગ્રંથના રચનાકાર હોવા જોઈએ. જેઓ તત્ત્વજ્ઞ, સાધુના આચારોને માનનારાં, સમ્યક્ જ્ઞાનમાં

---

૩૦. પાટણ ભંડાર-હસ્તલિખિત ગ્રંથોનું સૂચિપત્ર ભાગ-૧.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. ક્રમાંક | ૬૬૩- | મરણસમાધિ- | ૧૪ પત્ર. | |
| ૨. " | ૬૬૬- | મરણવિભક્તિ | ૬૬૧ ગાથા- | ૫૦-૮૦. |
| ૩. " | ૬૬૫- | મરણસમાધિ. | ગાથા- | ૩૯-૪૮. |
| ૪. " | ૯૦૨- | મરણસમાધિ પ્રાકૃત | ગાથા - | ૧૬૯-૧૯૬. |

પાટણ ભંડાર ભાગ-૨.

| | ક્રમાંક | નામ | પત્ર | ભાષા | ગાથા | સંવત |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૬૫૬૯(૧) | મરણવિધિ | ૩૮ | પ્રાકૃત | - | - |
| ૨. | ૬૮૪૪ | " | ૧૮ | " | - | - |
| ૩. | ૧૦૫૫૬(૮) | " | ૪૮-૯૨ | " | ૬૫૨ | વિ.સ. ૧૫૫૪ |
| ૪. | ૯૪૪૭(૮) | મરણવિશોધિ | ૨૩-૨૪ | " | - | |
| ૫. | ૧૦૦૯૦ | મરણસમાધિ | ૧૩ | " | - | |

આસ્થાવાળા, પ્રાયશ્ચિત અને આલોચના વિધિના નિષ્ણાત, આચાર્ય તથા નિર્યામકોના ગુણોના જાણકાર, આગમમાં દ્રઢ શ્રદ્ધાવાન, પંડિતમરણના પ્રશંસક, જીવનમાં તથા મૃત્યુ સમયે સમાધિની આવશ્યકતાના આગ્રહી હોવા જોઈએ. પ્રસ્તુત ગ્રંથમાં કર્તાની આગવી સૂઝ દેખાઈ આવે છે. પંડિતમરણને કેન્દ્રમાં રાખીને તેને આનુષંગિક વાતોનું એટલું સુંદર જાળું બનાવીને તેમણે મૂક્યું છે કે ઉત્તમમરણરૂપે સમાધિની મહત્તા આપોઆપ દેખાઈ આવે.

ગ્રંથકારે પોતે જ પોતાની કૃતિને સંગ્રહ ગ્રંથ કહી, સંગ્રહ માટે પોતે વાપરેલાં ગ્રંથોનો ઉલ્લેખ પણ કર્યો છે.[૩૧] જે આઠ ગ્રંથોનો તેમણે ઉલ્લેખ કર્યો છે, તે બધા મરણના વિષયને લક્ષીને જ રચાયેલા છે.

**સમય :-**

આપણે આગળ જોયું કે પ્રસ્તુત ગ્રંથના કર્તા અજ્ઞાત છે. તેથી આપણે તેની રચનાના સમય વિષે પણ અજાણ જ છીએ. તેમ છતાં સમયની તારવણી કાઢવા માટે આપણે નીચેના મુદ્દાઓ દ્વારા કોશિશ કરીશું.

(અ) પૂર્વસીમા :- મરણસમાધિ ગ્રંથમાં થયેલાં ગ્રંથોના ઉલ્લેખ, ઉદ્ધરણો અને અન્ય આંતરિક પુરાવા.

(બ) ઉત્તરસીમા :- અન્ય ગ્રંથોમાં થયેલ મરણસમાધિનો ઉલ્લેખ.

**(અ) પૂર્વસીમા :-**

આપણે જાણીએ છીએ કે પ્રસ્તુત ગ્રંથ એક સંગ્રહગ્રંથ છે. કર્તાએ ઘણે ઠેકાણેથી ગાથાઓ લઈને મરણ, તેના પ્રકારો, ઉત્તમમરણ તથા તેને માટે આવશ્યક ઘણી વાતોનું સુંદર સંકલન કરી, ગ્રંથને આગમગ્રંથોમાં આગવું સ્થાન આપ્યું છે.

જે જે ગ્રંથોમાંથી તેમણે ગાથાઓ લીધી છે, તે નીચે પ્રમાણે છે, જેના આધારે પ્રસ્તુત ગ્રંથની રચનાના સમય વિશે અટકળ પણ લગાવી શકીએ -

---

૩૧. મરણવિભક્તિ, મરણવિસોહિ, મરણસમાધિ, સંલેહણસુય, ભત્તપરિણ્ણા, આઉરપચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ, આરાહણા પઈણ્ણય. (મ.સ.ગાથા ૬૬૧ થી ૬૬૩)

(૧) **બૃહત્કલ્પસૂત્ર :-** પ્રસ્તુત મરણસમાધિકારે બૃહત્કલ્પસૂત્રમાંથી ૪ ગાથાઓ લીધી છે.[૩૨] (ગાથા નં. ૬૨, ૧૨૮, ૧૩૫, ૧૬૦)

ભદ્રબાહુસ્વામીની બીજી રચના નિશીથસૂત્રમાંથી પ્રસ્તુત ગ્રંથકારે ૧૩ ગાથાઓ લીધી છે.[૩૩]

બૃહત્કલ્પ ભદ્રબાહુસ્વામીની રચના છે. તેઓ શ્રુતકેવળી હતા. ૧૪ વર્ષ સુધી તેમણે યુગપ્રધાનપદને શોભાવ્યું હતું. સ્થૂલભદ્રના તેઓ ગુરુ હતા.

ભદ્રબાહુસ્વામીનો સમય ઈ.સ. પૂર્વે ૩૫૭ની આસપાસનો ગણાય છે.[૩૪] પ્રસ્તુત ગ્રંથકારે તેમની રચનાનો ઉપયોગ કર્યો એટલે પ્રસ્તુત ગ્રંથનો સમય આપોઆપ ભદ્રબાહુ પછીનો થાય.

૨) પ્રસ્તુત મરણસમાધિકારે પોતાની રચના માટેના જે આધારશ્રોતોની વાત ગાથા ૬૬૧ થી ૬૬૩ માં કરી છે (જેની ચર્ચા મેં આ જ પ્રકરણમાં પ્રસ્તુત ગ્રંથની શૈલીમાં પૃષ્ઠ ૭૩ કરી છે.) તેમાંથી મરણવિભત્તિ, ભક્તપરિજ્ઞા, આતુર-પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન ગ્રંથનો ઉલ્લેખ નંદીસૂત્રમાં છે. નંદીસૂત્રનો સમય વિ.સં. ૫૨૩નો એટલે કે ૫મી સદીનો છે. આઠમાંથી મોટા ભાગનાની રચના તે પૂર્વે થઈ હતી. આપણા ગ્રંથકારે એમનામાંથી આધાર લીધો છે, તેથી નક્કી થાય છે કે, નંદીસૂત્રના સમય સુધી પ્રસ્તુત ગ્રંથની રચના થઈ ન હતી, પરંતુ તેના પછી થઈ હશે.

૩) પ્રસ્તુત મરણસમાધિકારે નિર્યુક્તિઓમાંથી ઘણી ગાથાઓ ઉપયોગમાં લીધી છે. આચાર્ય ભદ્રબાહુ બીજાએ ઘણી નિર્યુક્તિઓની રચના કરી છે. તેમનો સમય ઈ.સ. ૫૦૮નો મનાય છે.[૩૫] પાંચમીથી છઠ્ઠી શતી સુધીમાં એમણે અનેક રચનાઓ કરી, તેમાંથી પ્રસ્તુત ગ્રંથકારે નીચે પ્રમાણે નિર્યુક્તિઓમાંથી ગાથાઓ લીધી છે.

---

૩૨. જુઓ પરિશિષ્ટ નં. ૧.

૩૩. " " "

૩૪. જૈન સાહિત્યકા બૃહદ ઈતિહાસ. ભાગ-૧. બેચરદાસ દોશી-પૃ.૫૩.

૩૫. જૈન ધર્મ કે પ્રભાવક આચાર્ય. સાધ્વી સંઘમિત્ર-જૈન વિશ્વભારતી પ્રકા. પૃ.૪૬૪. ઈ.સ. ૧૯૮૬.

આવશ્યક નિર્યુક્તિમાંથી ૮ ગાથાઓ
પિંડનિર્યુક્તિમાંથી ૨ ગાથાઓ
ઓઘ નિર્યુક્તિમાંથી ૮ ગાથાઓ
ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાંથી ૨ ગાથાઓ
દસવૈકાલિક નિર્યુક્તિમાંથી ૧ ગાથા

આમ, પ્રસ્તુત રચનાનો સમય ૫મી શતીના ઉત્તરાર્ધ પછીનો હોઈ શકે.

૪) **જીતકલ્પ સૂત્ર**માંથી પ્રસ્તુત ગ્રંથકારે ૨૪ ગાથાઓ લીધી છે, તથા વ્યવહારભાષ્યમાંથી ૨૦ ગાથાઓ અહીં લેવામાં આવી છે.

બન્ને ગ્રંથો - જીતકલ્પ તથા વ્યવહારભાષ્યના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. જિનભદ્રગણિનો સમય લગભગ વિ.સ. ૫૪૬-૬૫૦ નો છે.[૩૬]

આથી પ્રસ્તુત મરણસમાધિ ગ્રંથનો સમય વિક્રમની ૬ઠ્ઠી શતી પછીનો થયો.

૫) **ઈ.સ. ની ૮મી શતાબ્દી**માં થયેલાં હરિભદ્રસૂરિ રચિત 'પંચાશક' સૂત્રમાંથી પ્રસ્તુત ગ્રંથકારે ૫ ગાથાઓ લીધી છે, આ ઉપરથી લાગે છે કે ૮મી શતાબ્દી સુધી પ્રસ્તુત ગ્રંથ લખાયો ન હતો.

૬) જુદા જુદા સમયે લખાયેલ પ્રકીર્ણક ગ્રંથોમાંથી ઘણા પ્રકીર્ણકોની ગાથાઓ મરણસમાધિને મળતી આવે છે. જેમ કે -

**ક. મહાપ્રત્યાખ્યાન** - પ્રસ્તુત મરણસમાધિ અને મહાપ્રત્યાખ્યાનની ૬૬ ગાથાઓ સમાન છે.[૩૭] મહાપ્રત્યાખ્યાનનો સમય આમ તો નિશ્ચિત નથી, પરંતુ ૫મી શતીની આસપાસનો કહી શકાય છે, કારણ નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્રમાં તેનો ઉલ્લેખ છે.

**ખ. નંદીસૂત્ર તથા પાક્ષિકસૂત્ર**માં ઉલ્લેખ થયેલ ચંદ્રાવેધ્યક પ્રકીર્ણકમાંથી પણ મરણસમાધિ ગ્રંથની સાત ગાથાઓ મળતી આવે છે.[૩૮]

**ગ. તે જે પ્રમાણે સંથારગ પઈણ્ણયની** પણ આઠ ગાથાઓ મરણસમાધિને મળતી આવે છે.[૩૯]

---

૩૬. જૈનાગમ સ્વાધ્યાય. પૃ.૩૩૭.
૩૭. જુઓ પરિશિષ્ટ નં. ૧.
૩૮. જુઓ પરિશિષ્ટ નં. ૧.
૩૯. જુઓ પરિશિષ્ટ નં. ૧.

**ઘ. વ્યવહારસૂત્રના ભાષ્યમાં**[40] જેનો ઉલ્લેખ થયેલો છે તેવા તિત્થોગાલી પ્રકીર્ણકની ૨ ગાથાઓ સમાન છે.

ડ. **વિક્રમની ૧૧મી શતી**માં થયેલાં વીરભદ્રાચાર્યકૃત આઉરપચ્ચક્ખાણની ૧૬ ગાથાઓ તથા તેમની જ રચેલી આરાધનાપતાકાની ૧૦ ગાથાઓ પ્રસ્તુત મરણસમાધિને મળતી આવે છે.[41]

**ચ. અભયદેવસૂરિની** આરાધના પ્રકરણની ૭ ગાથાઓ સમાન છે. અભયદેવસૂરિનો સમય ૧૧મી થી ૧૨મી શતીની વચ્ચેનો મનાય છે.[42]

૭) પ્રસ્તુત ગ્રંથના આઠ આધારશ્રોતોમાંથી ભક્તપરિજ્ઞા, આતુરપ્રત્યાખ્યાન તથા આરાધનાપતાકાના રચયિતા વીરભદ્રાચાર્ય છે. વીરભદ્રચાર્યનો સમય વિ.સ. ૧૦૭૮ અથવા ૧૦૦૮ નો મનાય છે. બૃહટ્ટિપ્પનિકામાં પણ આરાધનાપતાકાના રચનાકાર તરીકે શ્રી વીરભદ્રાચાર્યનો ઉલ્લેખ કરી તેમનો સમય વિ.સ. ૧૦૭૮ એટલે કે ઈ.સ. ૧૦૨૨ નો બતાવ્યો છે.[43]

વીરભદ્રાચાર્યની કૃતિઓ પ્રસ્તુત ગ્રંથના સમયના પ્રશ્નના નિરાકરણમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ધરાવે છે. તેમની કૃતિઓ લગભગ સમાન વિષયને ધરાવનારી છે. તેમની કૃતિ ચતુઃશરણ પ્રકીર્ણકમાં ઉત્તમ મરણ માટે અરિહંતાદિ ચારનું શરણ, સુકૃત અનુમોદના તથા દુષ્કૃત ગર્હાની ચર્ચા કરી છે. મરણસમાધિ ગ્રંથમાં પણ તે જ પ્રમાણે ઉત્તમ મરણ માટે જરૂરી વિગતોના સંદર્ભમાં આ બધી વાતોનું નિરૂપણ કર્યું છે.

વળી, તેમના રચેલા ભક્તપરિજ્ઞામાં તથા મરણસમાધિમાં વિષયનું ઘણું સામ્ય છે જેમ કે - અરિહંતપદના નમસ્કારથી પાપનો છેદ થાય છે તે વાત ભક્તપરિજ્ઞા ગાથા નં. ૭૭માં કહી, તે જ વાત મરણસમાધિમાં ગાથા ૨૯૪, ૨૯૫ તથા ૩૦૩માં આવે છે. પાંચ મહાવ્રતોના રક્ષણ માટેની વાત ભક્તપરિજ્ઞા ગાથા ૧૦૧, ૧૦૭ અને મરણસમાધિ ગાથા ૨૫૮, ૨૬૩ માં કરવામાં આવી

૪૦. જુઓ પઈણ્ણયસુત્તાઈ ભા.૧. પ્રસ્તાવના. પૃ.૫૬.
૪૧. જુઓ પરિશિષ્ટ નં.૧.
૪૨. જૈન ધર્મ કે પ્રભાવક આચાર્ય. પૃ. ૪૬૪.
૪૩. પઈણ્ણસુત્તાઈ ભા.૧. પૃ.૧૮.

છે. કર્મના ઉદયે આવી પડેલી વેદનાને સહન કરવી, તે ભક્તપરિજ્ઞા ગાથા ૧૫૬ અને મરણસમાધિ ગાથા ૪૦૬, ૪૦૯માં કહી છે. આલોચના, શલ્યઉદ્ધરણની વાત ભક્તપરિજ્ઞા ગાથા ૧૯ અને મરણસમાધિ ગાથા ૪૯માં કહી છે.

તદુપરાંત, જીવનની અંતિમ ક્ષણોમાં આવી પડેલી વેદનાને સમભાવથી સહન કરનાર મહાપુરુષો જેવા કે - ચાણક્ય, અવંતિસુકુમાલ, સુકોશલ મુનિના દ્રષ્ટાંતો પણ બન્ને ગ્રંથમાં છે.

આતુરપ્રત્યાખ્યાન અને સમાધિમરણની પણ ૧૭ ગાથાઓ એકસરખી જોવા મળે છે.[૪૪] ઉપરાંત, સમગ્ર ગ્રંથમાં જે વાત કરવામાં આવી છે, તેના ઘણા ભાવોને મરણસમાધિકારે ઝીલ્યાં છે, અને પોતાના ગ્રંથમાં સ્થાન આપ્યું છે. જેમ કે - મરણસમાધિ ગાથા ૨૧૭ અને આઉરપચ્ચક્ખાણ ગાથા ૨૯, મરણસમાધિ ગાથા ૨૮૮ આઉરપચ્ચક્ખાણ ૫૨, મ.સ.ગાથા ૨૦૮ આઉરપચ્ચક્ખાણ ગાથા ૫૩, મ.સ.ગાથા ૨૫૬ અને આ.પ.ગાથા ૫૭-સમાન ભાવવાળી ગાથાઓ છે.

આરાધનાપતાકા નામક ૨ ગ્રંથો છે.

૧) પ્રાચીન આચાર્ય વિરચિત ૨) વીરભદ્રાચાર્યકૃત.

પ્રસ્તુત ગ્રંથકારે બન્નેમાંથી ગાથાઓ લીધી છે.[૪૫]

પૂર્વસીમા નક્કી કરવા ઉપર ૭ મુદ્દામાં આપણે જોયું કે, પ્રસ્તુત સંગ્રહીત ગાથાઓ છેલ્લામાં છેલ્લી ૧૧મી શતીના ગ્રંથકારોમાંથી લીધેલી છે. પ્રસ્તુત ગ્રંથ આમ ૧૧મી શતીની પછી લખાયેલો માની શકાય.

**(બ) ઉત્તરસીમા :-**

(૧) જૈન ગ્રંથોના સૂચિપત્ર બૃહટ્ટિપ્પનિકામાં પ્રસ્તુત ગ્રંથનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં પ્રસ્તુત પ્રકીર્ણકનું નામ મરણસમાધિ જ છે અને ગાથા ૬૫૬ નોંધી છે.

બૃહટ્ટિપ્પનિકાનો સમય લગભગ ઈ.સ. ૧૫૬૬ની આસપાસ છે.[૪૬] એમાં પ્રસ્તુત મરણસમાધિનો ઉલ્લેખ સાબિત કરે છે કે, એ પહેલાં ગ્રંથ લખાઈ ગયો હોવો જોઈએ. બૃહટ્ટિપ્પનિકાકાર સામે તે હોવો જોઈએ.

---

૪૪. જુઓ પરિશિષ્ટ નં. ૧.

૪૫. જુઓ પરિશિષ્ટ નં. ૧.

૪૬. જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ. ભા.૧. પૃ.૩૮.

(૨) પાટણના ભંડારમાં હસ્તલિખિત પ્રતોના સૂચિપત્રમાં પ્રસ્તુત ગ્રંથનો ઉલ્લેખ મળે છે, જે આ પ્રમાણે છે - "સૂચિપત્ર નં. ૧૦૫૫૬ (૮) મરણવિધિ પત્ર ૪૮-૭૨. ગાથા ૬૫૨ પ્રાકૃત."

પ્રસ્તુત ગ્રંથમાં જો કે, ૬૬૩ ગાથાઓ છે, પણ તે માટે તો એમ માની શકાય કે, અમુક ગાથાઓ પાછળથી પ્રક્ષિપ્ત થઈ હોય, કારણ સમગ્ર ગ્રંથ તો આરાધના વિષયક છે. આરાધનાને લગતી વાતો ફરી ફરીને થતી જ રહે છે.

ઉપર નોંધાઈ છે, તે હસ્તલિખિત પ્રતોનો લખાણ સમય વિ.સં. ૧૫૫૪ એટલે કે ઈ.સ. ૧૪૯૮ છે, એટલે કે આ સમય પહેલાં પ્રસ્તુત ગ્રંથ લખાઈ ગયો હતો.

(૩) આચાર્ય જિનપ્રભસૂરિએ 'વિધિમાર્ગપ્રપા' ગ્રંથમાં આગમોના સ્વાધ્યાયની વિધિનું વર્ણન કર્યું છે, તેમાં ૫૧ આગમગ્રંથોનો ઉલ્લેખ નામ સાથે કર્યો છે. અંગ, ઉપાંગ પછી, પ્રકીર્ણક ગ્રંથોના ઉલ્લેખ સમયે ૩૭માં સ્થાને મરણસમાધિ નામ ત્યાં આવે છે. આના ઉપરથી સાબિત થાય છે કે શ્રી જિનપ્રભસૂરિના સમય પહેલાં, એટલે કે ઈ.સ. ૧૩૦૬ની પહેલાં પ્રસ્તુત ગ્રંથની રચના થઈ ગઈ હશે.

આગળ આપણે જોયું કે, પૂર્વસીમા તરીકે ગ્રંથને ૧૧મી શતીની પછી મૂકી શકાય અને અહીં ઉત્તરસીમામાં પ્રસ્તુત ગ્રંથનો સર્વપ્રથમ ઉલ્લેખ ઈ.સ. ૧૩૦૬માં મળે છે, તેથી ૧૩મી શતીની પહેલાંનો કાળ નિશ્ચિત છે.

ટૂંકમાં, મરણસમાધિ પ્રકીર્ણક ઈ.સ.ની ૧૧મી શતી અને ૧૩મી શતીની વચ્ચેના કાળમાં રચાયું હોવું જોઈએ.

**(ખ) ભાષા અને શૈલી :-**

મરણસમાધિ ગ્રંથની ભાષા અર્ધમાગધી છે. આગમ સાહિત્યના પાછળના ગ્રંથો, જે મહારાષ્ટ્રી મિશ્રિત અર્ધમાગધીમાં લખાયેલાં છે, તે જ ભાષા અહીં પણ વપરાઈ છે. કેટલાંક દેશ્ય શબ્દો જેવા કે - कुडंगी, घंतं, सढाणि, घत्तह, भल्लुंकीं અહીં વપરાયેલાં જોવા મળે છે. સામાસિક શબ્દોનો પણ અહીં પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ થયો છે. ઉપરાંત અપભ્રંશની છાંટ કોઈક ઠેકાણે જણાય છે.

ભાષા અત્યંત સરળ અને પ્રવાહી છે. સમગ્ર ગ્રંથ પદ્યબદ્ધ છે. કર્તાએ અહીં ગાંથા છંદનો ઉપયોગ કર્યો છે.

પ્રાચીનકાળથી જ ઉત્તમ મરણનો પ્રશ્ન ચર્ચાસ્પદ રહ્યો છે, અને તેથી આગમમાં ઠેર ઠેર અને તે પછી પાછળના ગ્રંથોમાં પણ ઘણી જગ્યાએ સમાધિ અને ઉત્તમમરણની ચર્ચા થયેલી છે. પ્રસ્તુત ગ્રંથકારે પોતાના વિષયને સંલગ્ન ઘણી વાતો, ઘણા ભાવો, ઘણી ગાથાઓ, તે તે આગમગ્રંથોમાંથી તથા સમર્થ આચાર્યોના રચેલાં ગ્રંથોમાંથી લીધી છે.[૪૭] કેટલીક પ્રાચીન સંગ્રહગ્રંથોની દ્વારગાથા પણ કર્તાએ અહીં મૂકી છે.

વળી ગાથાઓનું પુનરાવર્તન અહીં ઘણું જોવા મળે છે. (જો કે, એક જ વિષય ફરીફરીને ચર્ચવાનો આશય તેની ગંભીરતા અને મહત્ત્વ રજુ કરવાનો પણ હોઈ શકે.)

દા.ત. શલ્યનું ઉદ્ધરણ કેટલું બધું આવશ્યક છે, તે ૧૦૧મી ગાથામાં બતાવી દીધા પછી ફરીથી 'આઉરપચ્ચક્ખાણ'ના મથાળા હેઠળ ૨૨૪ નંબરની ગાથામાં મૂક્યું.

તે જ પ્રમાણે, ગાથા નં. ૧૧૧ અને ૨૨૮માં પણ એક જ વિષય - ભાવશલ્યના નહીં ઉદ્ધરવા દ્વારા દુર્લભબોધિપણાની પ્રાપ્તિ તથા અનંત સંસારની પ્રાપ્તિની વાત છે.

૧૧૦મી ગાથા તથા ૨૨૭ મી ગાથામાં પણ સમાન વિષય છે. ગાથા નં. ૧૨૦ તથા ૨૨૨મા આલોચનાની વાત કરતાં કહે છે - "જિનેશ્વરોનો જે જે અપરાધ કર્યો, તે સર્વની માફી માંગું છું."

આરાધનાકાળ દરમ્યાન એટલે કે , જીવનના અંતિમ સમયે ઈંદ્રિયોના સુખમાં લંપટ જીવ કેવો મુંઝાય છે, તે ગાથા ૧૬૬ અને ગાથા ૨૮૬માં બતાવ્યું છે.

તાત્ત્વિક મુદ્દાને અનુલક્ષીને ગ્રંથ લખાયો હોવાને કારણે પારિભાષિક શબ્દો તથા તત્ત્વની ઘણી ઘણી વાતો આપણને જાણવા મળે છે. જો કે, અમુક જગ્યાએ અર્થ સંદિગ્ધ પણ રહે છે.

---

૪૭. જુઓ પરિશિષ્ટ નં.૧.

**શૈલી :-**

પ્રસ્તુત ગ્રંથમાં પ્રશ્નોત્તર શૈલીનો ઉપયોગ થયો છે. પ્રારંભમાં જ શિષ્ય ગુરુ સમક્ષ મરણસમાધિ વિશે જાણવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

इच्छामि जाणिउं जे मरणसमाहि समासेणं ॥ ७ ॥

- અને ઉત્તરમાં ગુરુ કહે છે, તીર્થંકરોએ જે પ્રમાણે બતાવ્યું છે, તે પ્રમાણેની અભ્યુદ્યત મરણ અંગેની વિગત હું તને જણાવીશ.

सुण दाणि घम्मवच्छल । मरणसमाहि समासेणं ॥ १० ॥

શિષ્યે કરેલો પ્રશ્ન અને ગુરુના ઉત્તરમાં કર્તા આપણને મરણના પ્રશ્નનું વિશિષ્ટ વિશ્લેષણ કરી બતાવી અંતિમ સમયે જીવને સમાધિ કેવી રીતે મળે ? તે માટે શું શું જરૂરી છે ? તે બધી વિગતો જણાવે છે. પ્રારંભમાં મંગલાચરણના સમયે જ કર્તા કહે છે,

" समणस्स उत्तिमट्ठे मरणविहीसंगहं वोच्छं ॥ १ ॥ "

કર્તા પોતે જ પોતાના ગ્રંથને સંગ્રહગ્રંથ માને છે, તેમ જ પોતે પ્રસ્તુત ગ્રંથ માટે આઠ ગ્રંથોનો આધાર લીધો છે, એ પણ ગ્રંથના અંતે આવેલી ત્રણ ગાથાઓમાં ઉલ્લેખે છે.[૪૮]

આ ત્રણ ગાથાઓ જૈન સાહિત્યના બૃહદ ઈતિહાસમાં જગદીશચન્દ્ર જૈન તથા મોહનલાલ મહેતા પ્રકીર્ણકને અંતે નોંધેલી માને છે.

मरणसमाध्यन्तर प्रकीर्णक दशकम् માં આચાર્ય સાગરાનંદસૂરિશ્વરજીએ પણ પ્રસ્તુત ગ્રંથની ગાથાઓ ૬૬૩ કહીને પ્રકીર્ણકમાં જ સમાવિષ્ટ કરી છે. પરંતુ પઈણ્ણયસુત્તાઈં ભાગ-૧ માં પ્રકાશિત મરણસમાધિમાં શ્રી અમૃતલાલ ભોજકે પ્રસ્તુત પ્રકીર્ણકની ગાથાઓ ૬૬૧ લખી છે અને આધારશ્રોતોનો ઉલ્લેખ કરતી ત્રણ ગાથાઓ ટિપ્પણમાં મૂકી છે. વાસ્તવમાં, પ્રસ્તુત ગ્રંથના સમયના નિર્ણયને અંગે તે ઘણો મોટો પુરાવો સાબિત થાય એમ છે.

(ગ) ત્રણ ગાથાઓના ભાવાનુવાદ પ્રમાણે પ્રસ્તુત મરણસમાધિના રચનાર (જે પોતાના ગ્રંથનું બીજું નામ 'મરણવિભક્તિ' આપે છે) પોતાની રચના માટે

---

૪૮. શ્રી મરણસમાધિ ગાથા ૬૬૧ થી ૬૬૩.

લીધેલાં જે આઠ ગ્રંથોનો આધાર તરીકે ઉલ્લેખ કરે છે તે આ પ્રમાણે :-

૧) મરણવિભક્તિ ૨) મરણવિસોહી ૩) મરણસમાહિ ૪) સંલેહણસુય ૫) ભત્તપરિણ્ણા ૬) આઉરપચ્ચક્ખાણ ૭) મહાપચ્ચક્ખાણ ૮) આરાહણા પઈણ્ણ.

**૧) મરણવિભક્તિ** - નંદીસૂત્રમાં જેનો ઉલ્લેખ છે તે મરણવિભક્તિ હોવું જોઈએ. મરણના ભેદ, પ્રકારો વગેરે મરણને લગતી વાતોવાળો આ ગ્રંથ હોવો જોઈએ, જેમાંથી પ્રસ્તુત ગ્રંથકારે ગાથાઓ લીધી છે.

**૨) મરણવિસોહી** - પાક્ષિકસૂત્રમાં 'મરણવિસોહી' નામનો ઉલ્લેખ છે.[૪૯] મરણને વિશુદ્ધ કરનાર સઘળી વાતોની અહીં વિસ્તાર હશે , જેમાંથી પ્રસ્તુત ગ્રંથકારે ઘણી ગાથાઓ લીધી હશે.

**૩) મરણસમાધિ** - પ્રસ્તુત ગ્રંથકારે ઉલ્લેખ કરેલો મરણસમાધિ ગ્રંથ ક્યારનો હશે તે કહી શકાતું નથી. પરંતુ પ્રસ્તુત ગ્રંથની રચનાના સમયે તેમની પાસે તે ગ્રંથ (મરણસમાધિ) હોવો જોઈએ. જેમાંની ઘણી વાતોને પ્રસ્તુત ગ્રંથમાં કર્તાએ સંકલિત કરી લીધી હશે અને તેથી મૂળ મરણસમાધિ ગ્રંથની જરૂરત ન રહેતાં તે કદાચ લુપ્ત થયું હોય.

પ્રસ્તુત ગ્રંથના કર્તા મૂળ 'મરણસમાધિ' ગ્રંથથી એટલાં પ્રભાવિત થયા કે તેમણે પોતાની કૃતિને પણ 'મરણસમાધિ' તરીકે અપનાવી. જેમાં ગાથા નં. ૩૨૫ પછી મહદ્અંશે સમાધિની જ ચર્ચા તેમણે કરી છે.

**૪) સંલેહણસુયં** - સંલેખનાનું વર્ણન કરતું શ્રુત.

પ્રસ્તુત ગ્રંથમાં સંલેખના, તેના પ્રકારોને આવરી લેતી લગભગ ૩૩ ગાથાઓ છે (ગાથા નં. ૧૭૬ થી ૨૬૯). બાહ્ય અને અભ્યંતર સંલેખનાના વર્ણન સમયે કર્તાએ સંલેહણાસુયનો ઉપયોગ કર્યો હશે અને તેથી જ કદાચ ગાથા નં. ૬૬૧ પછી **'इति संलेहणसुय'** કર્તાએ મૂક્યું છે. જો કે, એવું બની શકે કે ઉપરોક્ત **'इति संलेहणसुय'** શબ્દો આગળ પાછળ થઈ ગયા હોય.

---

૪૯. શ્રી પાક્ષિકસૂત્ર-શ્રમણસૂત્રાદિ સંગ્રહ-મૂલચંદ ઝવેરચંદ.

**૫) ભત્તપરિણ્ણા** - અંત સમયે આહારના પ્રત્યાખ્યાન કરવાના વિષયને મુખ્યત્વે ચર્ચતા આ ગ્રંથનો પાક્ષિકસૂત્રમાં ઉલ્લેખ છે.[૫૦]

**૬) આઉરપચ્ચક્ખાણ** - અસાધ્ય રોગથી પીડાતા સાધકને અંતિમ સમય નજીક જાણીને કરાવવામાં આવતાં પચ્ચક્ખાણની મુખ્યત્વે ચર્ચા કરતો આ ગ્રંથ છે. જેનો ઉલ્લેખ નંદીસૂત્ર ચૂર્ણિમાં મળે છે.[૫૧]

વીરભદ્રાચાર્યે પણ ભત્તપરિણ્ણા તથા આઉરપચ્ચક્ખાણ નામક કૃતિ લખી છે. આ બન્ને ગ્રંથોની સરખામણી મરણસમાધિ ગ્રંથ સાથે આ જ પ્રકરણમાં પ્રસ્તુત ગ્રંથના સમયની ચર્ચામાં મેં કરી છે.

**૭) મહાપચ્ચક્ખાણ** - ઘણો પ્રાચીન ગ્રંથ છે. તેનો ઉલ્લેખ નંદીસૂત્ર ચૂર્ણિમાં મળે છે.[૫૨] પ્રસ્તુત ગ્રંથકારે લગભગ ૬૫ થી ૭૦ ગાથાઓ મહાપચ્ચક્ખાણમાંથી લીધી છે.[૫૩]

**૮) આરાહણા પઈણ્ણ** - આરાધના પ્રકીર્ણક.

'આરાધના' નામધારી આઠ પ્રકીર્ણકો છે,[૫૪] તથા દિગંબર ગ્રંથ ભગવતી આરાધના અને મૂળાચારમાં પણ આરાધનાની જ મુખ્યત્વે ચર્ચા છે.

આઠ પ્રકીર્ણકો નીચે મુજબ છે.

**ક) પ્રાચીન આચાર્ય વિરચિત** આરાહણા પડાગા

**ખ) વીરભદ્રાચાર્યકૃત આરાહણા પડાગા** - સમય -૧૧ મી શતીનો પ્રારંભ.

**ગ) આરાહણા સાર** - જેને પર્યંતારાધના કે લઘુઆરાધના પ્રકીર્ણક પણ કહે છે.[૫૫]

---

૫૦. યશોદેવસૂરિકૃત પકખીસૂત્ર ટીકા. દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર. ગ્રથાંક ૪. નગીનભાઈ ઘેલાભાઈ ઝવેરી. ઈ.સ. ૧૯૧૧.

૫૧. નંદીસૂત્ર ચૂર્ણિ-સૂત્ર ૮૧.

૫૨. નંદીસૂત્ર ચૂર્ણિ-સૂત્ર ૮૧.

૫૩. જુઓ પરિશિષ્ટ નં. ૧.

૫૪. પઈણ્ણયસુત્તાઈ ભા.૨.

૫૫. પર્યંતારાધના-જિનસમુદ્રસૂરિના સમયમાં લખાઈ. ઈ.સ. ૧૫૩૬.

**ઘ) આરાહણા પણગ** - કુવલયમાલાકથા અંતર્ગત આ પાંચ આરાધનાની રચના છે.

**ઙ) અભયદેવસૂરિકૃત આરાહણા પયરણ** - અભયદેવસૂરિનો સમય વિ.સં. ૧૧ થી ૧૨મી શતીનો છે.[૫૬]

**ચ) જિનશેખર શ્રાવક પ્રતિ શ્રાવકે** કરાવેલી આરાધના.

**છ) નંદનમુનિએ આરાધેલી આરાધના** - ત્રિશષ્ટિશલાકાપુરુષ ચરિત્રાન્તર્ગત આ કૃતિ છે.

**જ) આરાહણા કુલયં** - આઠે પ્રકીર્ણકગ્રંથોના વિષય - ચતુઃશરણ, અરિહંતાદિનું શરણ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના, ક્ષમાપના તથા શુભ ભાવના લગભગ સમાન છે.

પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારે પ્રાચીન આચાર્ય વિરચિત આરાધનાપતાકા તથા વીરભદ્રાચાર્યકૃત આરાધનાપતાકામાંથી, અભયદેવસૂરિકૃત આરાધના પ્રકરણમાંથી ગાથાઓ લીધી છે.[૫૭]

દિગંબર આગમગ્રંથો જેવા કે, મૂલાચાર તથા ભગવતી આરાધનાની ઘણી ગાથાઓ પણ પ્રસ્તુત મરણસમાધિને મળતી આવે છે.[૫૮]

**(ઘ) મરણસમાધિમાં સંભવિત પ્રકરણો :-**

ગ્રંથની સમાપ્તિમાં " ॥ मरणविही पंचमो उद्देसो सम्मत्तो ॥ " દર્શાવે છે, કે મરણસમાધિ ગ્રંથના પાંચ પ્રકરણો હોવા જોઈએ. શ્રી અમૃતલાલ ભોજકે પણ પઈણ્ણયસુત્તાઈં ભાગ-૧ માં પ્રસ્તુત ગ્રંથના પરિચય પ્રસંગે પાંચ ઉદ્દેશો હોવા જોઈએ તેનો ઉલ્લેખ કર્યો છે.

આ પાંચ ઉદ્દેશો કયા છે? અથવા કેવા હોઈ શકે?, તે અંગે વિચાર કરવાનો પ્રાપ્ત થાય છે, ત્યારે વિષયના આધારે આ પાંચ ઉદ્દેશોની ઓળખાણ કરવાની આપણે કોશિશ કરી શકીએ.

---

૫૬. જૈન ધર્મ કે પ્રભાવક આચાર્ય-પૃ.૪૬૪.(અભયદેવસૂરિનો સમય વિ.સ.૧૧૨૦)

૫૭. જુઓ પરિશિષ્ટ નં.૧

૫૮. એજન.

**(૧) ૧ લો ઉદ્દેશક ગાથા નં. ૧ થી ગાથા નં. ૮૩ સુધીનો હોવો જોઈએ.**

પ્રારંભમાં મંગલાચરણ કર્યા પછી શિષ્યના પ્રશ્નના જવાબમાં આચાર્યશ્રીએ મરણની વિધિ અંગે હકીકત જણાવી છે. જેમાં -

આરાધનાના ભેદ, સમ્યક્ આરાધનાનું નિરૂપણ, બાલમરણ અને પંડિતમરણનું નિરૂપણ પંડિતમરણ માટે કરણીય કૃત્યો, જ્ઞાન, દર્શન, ચારિત્રનું મહાત્મય, સંકિલષ્ટ ભાવનાનો નિષેધ, અસંકિલષ્ટ ભાવના સેવવાનો નિર્દેશ, પાંચ પ્રકારની શુદ્ધિની અપેક્ષાએ સમાધિ, બાલમરણનું સ્વરૂપ, અભ્યુદય મરણની વાત, મરણવિધિના ચૌદ સ્થાનો અને છ સ્થાનો - આટલી વાતો એકબીજાને સંલગ્ન વિષયની વાત છે, અને તેથી તેનો એક વિભાગ જુદો પડી જાય છે.

**(૨) બીજો ઉદ્દેશક ગાથા નં. ૮૪ થી ગાથા નં ૧૨૬** - મુખ્યત્વે આલોચના અંતર્ગત આ ઉદ્દેશકમાં નીચે પ્રમાણે હકીકત જાણી શકાય છે -

આચાર્યના ૩૬ ગુણો, આચાર્યના પદકમળમાં આલોચના વિધાન, શલ્યના પ્રકાર, વિસ્તારપૂર્વક આલોચનાની સમજ, વિશુદ્ધભાવથી આલોચના લેનાર કોઈ દોષની ઓલોચના લેવાનું ભૂલી પણ જાય છતાં તે આરાધક ગણાય તે અંગેનું વિધાન.

**(૩) ગાથા નં. ૧૨૭ થી ગાથા નં. ૨૬૯** સુધીના ત્રીજા ઉદ્દેશક અંતર્ગત નીચેના વિષયોનું નિરૂપણ છે -

બાહ્ય - અભ્યંતર તપ, તેના ભેદ, જ્ઞાન-ચરિત્રના ગુણ અને મહત્ત્વ, સમ્યક્ત્વસહિત ચરણકરણના ગુણો, નિર્યામક આચાર્ય અને આત્મશુદ્ધિ, સંલેખનાના બે પ્રકાર - બાહ્ય અને અભ્યંતર સંલેખના, આતુરપ્રત્યાખ્યાન, તૃષ્ણાની દુર્નિવારિતા, નિંદા અને ગર્હાપૂર્વક મરણની પ્રતિક્ષા અને તે સમયે પણ પાંચ મહાવ્રતોનું પાલન.

**(૪) ૪ થો ઉદ્દેશક - ગાથા નં. ૨૦૦ થી ૩૨૪** સુધીની ગાથાઓમાં મુખ્યત્વે આરાધનાની વાત છે.

પ્રથમ તો આરાધનાનો ઉપદેશ આપી આરાધના કરવાના [illegible] બતાવે છે. તે પછી જ્ઞાનીની આરાધનાનું આગવું મૂલ્ય દર્શાવ્યું છે.

આરાધનામાં આગળ ધપતી વખતે જિનેશ્વરોની આજ્ઞાનું પાલન તે મુખ્ય અંગ બનાવી તેમની આજ્ઞા વિરુદ્ધ સઘળી વસ્તુને વોસિરાવવી જોઈએ તેનું નિરૂપણ છે. વળી અરિહંત, સિદ્ધ, કેવળી ત્રણેમાંથી કોઈપણ એકની આરાધનાથી, તે કરનાર આરાધક કહેવાય છે તે પણ જણાવ્યું છે.

આરાધકે વેદના આવી પડે તો સહિષ્ણુતાપૂર્વક – સમભાવથી સહન કરવી તેનો ઉપદેશ અહીં છે. અભ્યુદયવિહાર – એટલે કે પંડિતમરણની પ્રરૂપણાપૂર્વક આરાધનાપતાકાના હરણનો ઉપદેશ પણ આપ્યો છે, અને અંતે આરાધનાના ભેદ, પ્રભેદ અને ફળનું નિરૂપણ છે.

**(૫) ગાથા નં. ૩૨૫ થી ૬૬૩** – ૫ મો ઉદ્દેશકમાં મુખ્યત્વે અંતિમ સમયે જીવને સમાધિ મળવા માટે આવશ્યક વસ્તુઓનો ઉપદેશ છે.

સમાધિ ટકી રહે તે માટે અનશની સાધુને નિર્યામક આચાર્યની જરૂર પડે છે, તે નિર્યામકનું સ્વરૂપ અહીં સમજાવ્યું છે. તે પછી સમાધિમરણને ઈચ્છનાર સાધુએ કષાયાદિના ખામણા કરી, પોતાની થયેલી ભૂલોનો એકરાર કરી, સંઘ સમક્ષ પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ, તે વાત સમજાવી છે.

અંતિમ સમયે કદાચ વેદનાથી જીવ પીડાય તો તે વખતે સંસારની અનિત્યતા આદિ ભાવનાને સમજી સમભાવ રાખવાનો ઉપદેશ અહીં છે. પૂર્વમાં આ જીવે ઘણા કષ્ટો સહ્યાં છે. ગર્ભાવાસ, નરકના દુઃખો, તિર્યંચપણાના કષ્ટો વગેરે આગળ આં દુઃખ કંઈ વિસાતમાં નથી, તેમ માની ઉપસર્ગ અને પરીસહ વખતે સહિષ્ણુતા કેળવી અશુભ ધ્યાનમાં ન પડી જતાં, શુભધ્યાનમાં રહેવું તેનો ઉપદેશ અહીં આપ્યો છે, અને તેમ કરનાર અનેક મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ અહીં આપ્યાં છે.

આમ ૧) મરણના પ્રકારો ૨) આલોચના ૩) તપ ૪) આરાધના ૫) સમાધિ જેવા પાંચ વિષય હેઠળ પ્રસ્તુત ગ્રંથને પાંચ પ્રકરણોમાં વિભાજિત કરી શકાય.

**ગ્રંથનું સંકલન :-**

પ્રસ્તુત ગ્રંથના કર્તાએ પ્રારંભથી અંત સુધી સુંદર સંકલન કરી, વિષયની સાતત્યતા જાળવી પંડિતમરણને પામવા માટેના શ્રેષ્ઠ ઉપાય તરીકે સહિષ્ણુતાને દર્શાવી, તેવા સહિષ્ણુ મહાપુરુષોના ઉદાહરણો આપી પોતાની વાતનું સમર્થન પણ કર્યું છે.

જે જે વાતો પોતે ગ્રંથમાં કરતાં ગયા, તેનું નિરાકરણ પોતે આપતાં ગયાં છે, તેથી શૈલીના આધારે સાંકળ બરોબર છે. ગાથાઓનું સંકલન પણ ઘણી સુંદર રીતે કર્યું છે.

**(ક) મરણસમાધિ પ્રકીર્ણક વિષયવસ્તુ (ગાથાવાર પરિચય) :-**

પ્રારંભમાં મંગલાચરણ કર્યા પછી, આચાર્યના ગુણોનું વર્ણન કરી, ૭મી ગાથામાં 'મરણસમાધિ' વિષે જાણવાની શિષ્યની ઈચ્છા વ્યક્ત થઈ છે. શિષ્યના જવાબમાં આચાર્ય ઉત્તમ મરણવિધિની પ્રરૂપણા કરે છે.

"ભગવાન મહાવીર દ્વારા બતાવાયેલ - ઉદાર, નિશ્ચિતપણે હિતકારક એવા અભ્યુદય મરણને પામવાની વિધિ તું સાંભળ"

એમ કહીને, આરાધનાના ત્રણ પ્રકાર ગાથા ૧૪, ૧૫માં બતાવ્યાં છે, તે પછી ૬૦ ગાથા સુધીમાં આરાધક, વિરાધકનું સ્વરૂપ, ત્યાગ કરવાને લાયક પાંચ સંકિલષ્ટ ભાવનાઓ વગેરેનું વર્ણન છે. આરાધક માટેનું પંડિત મરણનું સંક્ષેપમાં નિરૂપણ ૨૨ થી ૪૪ ગાથાઓમાં કરતાં કહે છે -

અનારાધક જીવો કે જે તત્ત્વમાં શ્રદ્ધા નથી રાખતાં, તે ભૂતકાળમાં અનંતવાર બાલમરણથી મર્યા છે. પંડિત મરણ માટે સુખનો ત્યાગ, ચારિત્રનું પાલન, ઈંદ્રિયદમન, કષાયો ઉપર જીત તથા પરીષહોને સહેવાની આવશ્યકતા ઉપર ૪૫ થી ૫૦ ગાથામાં ભાર મૂક્યો છે.

પંડિત મરણને માટે યોગ્ય સાબિત થવા સાધકે સમ્યક્જ્ઞાન મેળવવું જોઈએ, ગાથા ૧૪૬માં જ્ઞાનીની ઓળખ આપી, તેમની વિશિષ્ટતા ગાથા ૧૩૧, ૧૩૫, ૧૩૭, ૨૯૨માં દર્શાવી છે. ગાથા ૧૪૧માં ચારિત્રયુક્ત જ્ઞાનીની મહત્તા અને ગાથા ૧૪૭ થી ૧૫૩માં જ્ઞાન અને ક્રિયાના સુભગ સંયોગથી દુઃખનો ક્ષય કેવી રીતે શક્ય બને તે બતાવ્યું છે.

સમ્યક્ ક્રિયાવાન આરાધક ત્રિકરણથી, ત્રણ પ્રકારે ભાવશલ્યને સારી રીતે ઉદ્ધરીને, પ્રવજ્યા આદિ સ્વીકારીને, મરણ પામે છે. આવા આરાધકો આલોચના લેતી વખતે શરતચૂકથી કે અકસ્માતપણે કંઈ વિસરી જાય, છતાં પણ આરાધક જ રહે છે, તેમ ગાથા ૧૨૧ થી ૧૨૪માં સમજાવ્યું છે.

કલ્યાણકારી આરાધનાના સંદર્ભમાં કહ્યું છે કે (ગાથા ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૨૨૦ થી ૨૩૨), આરાધકે સહજભાવે, બાળકની જેમ, માયા અને કપટથી રહિત, અતિ વજનથી રહિત બનનાર મજૂરની જેમ, આલોચનાના દસ દોષોને ટાળીને પોતાના કાર્ય કે અકાર્યને ગુરુની સમક્ષ રજુ કરવું જોઈએ. શલ્યને ન છુપાવવું, તે ગાથા ૯૪માં પણ બતાવ્યું છે. ગાથા ૯૬માં શલ્યના બે પ્રકાર કહ્યાં છે - દ્રવ્ય અને ભાવ. ગાથા ૯૯માં ભાવશલ્યને ઉદ્ધારવાનું મહત્ત્વ બતાવ્યું છે.

ગુરુ સમક્ષ પોતાની ભૂલોનો હૃદયપૂર્વક એકરાર કરી, પ્રાયશ્ચિત્તરૂપે આલોચના લીધા પછી, આરાધક પોતાના પાપને સંભારતો, સર્વ પ્રાણીઓના વધ, અસત્ય વચન, અદત્તાદાન, અબ્રહ્મ, પરિગ્રહ વગેરે અંગે પચ્ચક્ખાણ કરે છે, તે ગાથા ૨૩૩માં દર્શાવ્યું છે. શક્તિ અને આયુષ્ય અનુસાર સાધક આંતરિક અને બાહ્ય સંલેખના કરે છે. ગાથા ૨૩૪, ૨૫૮ તથા ૨૬૦ થી ૨૬૭માં સંલેખનાનું નિરૂપણ છે.

ગાથા ૧૭૮ થી ૧૮૦માં સંલેખનાના પ્રકાર બતાવ્યાં છે. ૧૮૨મી ગાથામાં સંલેખનાનો કાળ અને ગાથો ૧૮૯, ૧૯૦, ૧૯૩, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૦૪, ૨૦૫માં સંલેખના માટેની વિધિ બતાવીને રાગ-દ્વેષના ત્યાગની મહત્તા બતાવી છે. જ્યાં સુધી રાગ-દ્વેષ હોય ત્યાં સુધી સમ્યક્ત્વ મળતું નથી. રાગ-દ્વેષ અપયશને આપે છે, અને ગુણનો વિનાશ કરે છે ; ઉપરાંત પરલોકમાં પણ શારીરિક અને માનસિક દુ:ખ આપે છે. આવા રાગ-દ્વેષનો ત્યાગ કરી (ગાથા ૧૬૬) જયણાપૂર્વક આચરણ કરવું જોઈએ એમ ૧૭૧મી ગાથામાં કહ્યું છે.

ગાથા ૨૪૯ થી ૨૫૪માં તૃષ્ણાને દૂર કરવી કેટલી અશક્ય છે, તે બતાવ્યું છે. આચરણની મહત્તા બતાવતાં ગાથા ૨૭૫માં કહ્યું કે પૂર્વે પ્રકૃષ્ટ આચરણવિહિન શ્રુતજ્ઞાની પણ મરણસમયે ઈન્દ્રિયોના પરીસહને સહી શકતો નથી ; ભલે તે સમાધિની ઈચ્છાવાળો હોય.

પંડિત મરણની ઉત્કૃષ્ટતા ગાથા ૨૪૫, ૨૭૮, ૨૮૦માં દર્શાવી છે, અને કહ્યું કે અનંત મરણનો નાશ કરવાની શક્તિ સમાધિપૂર્વકના પંડિતમરણમાં છે. પંડિતમરણ માટે સાધક પોતાના આત્માને કેવી કેવી ભાવનાઓ વડે તૈયાર કરે છે અને શલ્યનું ઉદ્ધરણ કરે છે, તે ગાથા ૨૩૭ થી ૨૪૫માં સુંદર રીતે દર્શાવ્યું છે.

ગાથા ૨૪૬ થી ૨૮૨માં પંડિતમરણના ત્રણ પ્રકાર - પાદપોપગમન, ઈંગિની, ભક્તપ્રત્યાખ્યાનની વાત કરી છે. આત્મા જ વિશુદ્ધ મરણનો સંથારો છે. મૃત્યુ સમીપે પહોંચેલો વૈરાગ્યથી વાસિત થયેલો આરાધક સર્વ અસંયમ, ઉપધિ, સાવદ્ય ક્રિયા વગેરેને વોસિરાવે છે તેનું નિરૂપણ ગાથા ૨૯૭ થી ૩૦૨માં છે. ગાથા ૩૧૦ થી ૩૧૭માં આરાધનાપતાકા હરણનો ઉપદેશ છે.

ગાથા ૩૦૪ થી ૩૦૭માં મૃત્યુ વખતે થતી વેદના વખતે સહિષ્ણુતા કેળવવાનો ઉપદેશછે. ગાથા ૩૬૬ થી ૩૮૫માં નિર્વેદનો ઉપદેશ આપી વેદના વખતે સહિષ્ણુતા કેવી રીતે રાખવી તે સમજાવ્યું છે. સંલેખના સ્વીકારનાર મુનિ કેવા નિર્યામક પાસે જાય, તેની સમજ આપી, ગાથા ૩૨૫ થી ૩૩૪માં નિર્યામકનું સ્વરૂપ દર્શાવાયું છે. આવા નિર્યામક પાસે રહી સાધુ અભ્યુદ્યત મરણ માટે તૈયાર થાય તે વખતે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લાગેલાં અતિચારોની ક્ષમાપના, થયેલાં કષાયોની ક્ષમાપના શલ્યરહિતપણે કરવી જેનું વર્ણન ગાથા ૩૩૫ થી ૩૪૩માં છે.

૩૪૪ થી ૩૫૭ સુધીની ગાથાઓમાં વિષય, તૃષ્ણાને છોડવાનો ઉપદેશ તથા દુઃસહ પરિસહો કે ઉપસર્ગોને સહન કરવાનો ઉપદેશ આપ્યો છે, અને કહ્યું છે કે, જેમ દીવામાંથી તેલ ઓછું થવાથી દીવો તથા વાટ બન્ને નાશ પામે છે, તેમ ખોરાકમાં સ્નિગ્ધતા ઓછી થવાથી શરીરરૂપી વાટ પણ નાશ પામે છે, તેથી પરમ ગુરુની સન્મુખ જઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચાર પ્રકારના આહારનો અથવા સમાધિ ટકી શકે એમ ન લાગે તો, ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરી, નિયાણુ બાંધ્યા વગર સંથારાનો સ્વીકાર કરવો.

અસમાધિથી મરણ પામનાર બાલમરણને પામે છે તથા સમાધિમરણથી ઘણા સિદ્ધિને પામે છે તેનું વર્ણન ગાથા ૩૫૮ થી ૩૬૫ સુધી છે. ૩૬૬ થી ૩૮૫ સુધીની ગાથાઓમાં નિર્વેદનો ઉપદેશ આપતાં કહે છે - શરીર અને આત્મા જુદા છે, એમ મનમાં સ્થાપિત કરવું જોઈએ. ઘણા લાંબા સમય પછી પણ જો શરીર છોડવાનું જ છે, તો એનો આગ્રહ શા માટે રાખવો ? શા માટે મમત્વ રાખવું ? ચક્રવર્તીને પણ સંસાર છોડીને જતી વખતે એકઠી કરેલી ઋદ્ધિ-સિદ્ધિ અહીં જ છોડવી પડે છે. વળી, જીવ ક્યારે જશે એનો કોઈ અંદાજ આપણને નથી. પૂર્વે આ જીવે કાયા તથા ઈંદ્રિયોને લીધે જે નરક, તિર્યંચપણાના અસહ્ય દુઃખો ભોગવ્યાં છે. તેથી હવે શરીરનો વિચાર છોડી આત્માના સુખનો વિચાર કરવો જોઈએ.

૩૮૬ થી ૪૦૧ સુધીની ગાથાઓમાં ગર્ભાવાસમાં જીવ કેવા અસહ્ય દુ:ખો ભોગવે છે, વળી જીવ દેવલોકના દેવતાઈ સુખો ભોગવ્યા પછી પણ કર્મસંયોગે અંધકારવાળી યોનિઓમાં વસે છે. વિપુલ દુર્ગંધવાળા, જળના વેગવાળા, ઘોર વમળવાળા અધોલોકમાં પણ વસે છે. દેવતાઓ, નરેશ્વરો, ચક્રવર્તીઓ આ ભવમાં ઋદ્ધિ-સિદ્ધિ ભોગવીને ઘણીવાર નરકમાં પણ વસે છે, અને અસહ્ય વેદના અનુભવે છે. મનુષ્યજીવનમાં પણ હજારો ભય, ભોગ, પિપાસાની પાછળ જીવ ભમતો રહે છે.

આ બધા દુ:ખોમાંથી મુક્ત થવા માગતાં માણસને અહીં ગાથા ૪૦૨ થી ૪૦૫માં ઉપદેશ છે કે, બાહ્ય અને અભ્યંતર રીતે શરીર પ્રત્યેના સંપૂર્ણ મમત્વનોં ત્યાગ કર, શરીર ઉપર સંતાપ આવે - ઉપસર્ગ આવે ત્યારે આર્ત - રૌદ્ર ધ્યાન કરીશ નહીં. મિત્ર, પુત્ર, ભાઈ વગેરેમાં રાગ-દ્વેષ ન કરવાં. ઈષ્ટ કે અનિષ્ટ રૂપ, રસ, ગંધ, સ્પર્શનો ત્યાગ કરવો.

ગાથા ૪૦૯, ૪૧૨માં સોળ સોળ મહારોગથી પીડાતા હોવાં છતાં સમ્યક્ પ્રકારે વેદનાને સહી, સમભાવ જાળવી, ઉત્તમ મરણને પામનાર સનત્ ચક્રવર્તીનું ઉદાહરણ છે. ગાથા ૪૧૩ થી ૪૨૫ સુધી જિનધર્મ શ્રેષ્ઠીનું દ્રષ્ટાંત છે. કેવા સંયોગોમાં એમણે દીક્ષા લીધી અને દીક્ષામાં પણ થયેલાં ઉપસર્ગને સહન કરી પોતાના મૃત્યુને સુધાર્યું તેનું નિરૂપણ છે.

તે પછી ૪૨૬ થી ૪૮૫ સુધીની ગાથાઓમાં જીવનની અંતિમ પળોમાં સમાધિને ટકાવી રાખનાર મહાપુરુષો તથા મહામુનિઓના દ્રષ્ટાંતો છે - મેતાર્યમુનિ, ચિલાતીપુત્ર, ગજસુકુમાલ, સાગરચંદ્ર, અવંતિસુકુમાલ, ચંદ્રવસંતક રાજા, દમદંત મહર્ષિ, ખંધક મુનિ અને શિષ્યો, ધન્ના શાલિભદ્ર, પાંચ પાંડવ, દંડ અણગાર, સુકોશલ મુનિ, વજ્રસ્વામી, અર્હન્નક (અરણિક) મુનિ, ચાણક્ય તથા ઈલાપુત્ર.

ગાથા ૪૬૮ થી ૫૦૬માં મુનિઓને તેમની ચારિત્રયાત્રામાં ૨૨ પરિસહોને સહન કરવાના હોય છે, તેની વાત દર્શાવી છે. ૨૨ પરિસહોને સમજાવવા તેને સહન કરનાર મહાપુરુષોના દ્રષ્ટાંતો આપ્યાં છે. હસ્તિમિત્ર, ધનમિત્ર, ભદ્રબાહુશિષ્ય - ચાર મુનિ, અર્હન્નક (અરણિક), સુમનોભદ્રમુનિ, ક્ષમાશ્રમણ આર્યરક્ષિતના પિતા, જાતિમૂક, સ્થૂલભદ્ર, દત્ત, કુરુદત્તપુત્ર, સોમદત્ત-સોમદેવ,

માધુર-ક્ષપક, સ્કંદક મુનિના પાંચસો શિષ્યો, બલભદ્રજી, ઢંઢમુનિ, કાલવૈશ્યિકમુનિ, ભદ્રમુનિ, સુનંદ, ઈંદ્રદત્ત, આર્યકાલક શિષ્ય સાગરચંદ્ર, અશકટ પિતા, આષાઢાભૂતિ આચાર્ય.

ગાથા ૫૦૭ થી ૫૨૪માં ધર્મનું સમ્યક્પણે પાલન કરનાર તિર્યંચોના ઉદાહરણો છે - મત્સ્ય, વાનરયૂથપતિ, સિંહસેન, ગંધહસ્તિ, સર્પયુગલ, ભદ્રકમહિષ.

૫૨૮ થી ૫૫૦ સુધીની ગાથાઓમાં પાદપોપગમન મરણના સ્વરૂપનું વર્ણન છે. પાદપોપગમનની મહત્તા બતાવતાં કહે છે કે, સર્વ કર્મભૂમિઓમાં, સર્વ સર્વજ્ઞ ભગવંતો, સર્વ લબ્ધિધર, મેરુ ઉપર અભિષેક કરાયેલાં સર્વ તીર્થંકરો પાદપોપગમનથી સિદ્ધિપદને પામ્યાં છે.

આહારની અનિવાર્યતા બતાવતાં કહે છે કે, વિગ્રહ ગતિ તથા સિદ્ધિગતિના જીવો સિવાય ક્યારેય પણ આહાર વગર જીવ રહેતો નથી. સર્વ અવસ્થામાં જીવ, આહારના ઉપયોગવાળો હોય છે. એવા ચારે પ્રકારના આહારને છોડીને પાદપોપગમનનો સ્વીકાર થાય છે. પાદપોપગમન મરણના બે પ્રકારો (અનિર્હારિમ અને સનિર્હારિમ) છે.

ગાથા ૫૫૩ થી ૫૬૯ સુધી ઉપસર્ગ અને મહાભયના પ્રસંગે સાધકે શું અનુચિંતન કરવું તેનો ઉપદેશ છે અને તે ચિંતનને દ્રઢ કરવા માટે ૧૨ ભાવનાઓનો ઉલ્લેખ કરી, તેની વિસ્તારથી સમજાવટ અહીં ૫૭૦ થી ૬૪૦ ગાથાઓમાં કરી છે.

ગાથા ૬૪૧ થી ૬૫૯ સુધીની ગાથાઓમાં નિર્વેદના ઉપદેશપૂર્વક પંડિતમરણનું નિરૂપણ છે અને જણાવાયું છે કે બળ, વીર્ય પ્રાપ્ત કર્યાં છતાં, સદ્ભાવના પરીક્ષણને જે જાણતો નથી તે બોધિલાભને પામતો નથી, દુર્ગતિ મેળવે છે.

ગાથા ૬૬૦-૬૬૧માં ધર્મધ્યાન, શુક્લધ્યાનનું મહત્ત્વ દર્શાવ્યું છે અને છેલ્લે પોતે લીધેલાં ૮ આધારશ્રોતોનો ઉલ્લેખ કરી ગ્રંથની પૂર્ણાહૂતી કરી છે.

# પ્રકરણ ૩ મરણસમાધિ પ્રકીર્ણકના વિષયવસ્તુનું તુલનાત્મક અધ્યયન

## ૧. ભૂમિકા

જૈન ધર્મ શરીર કરતાં આત્માને વધુ મહત્ત્વ આપે છે. આત્મા પર લાગેલાં કર્મો જેમ જેમ ઓછાં થાય તેમ તેમ આત્માનો વિકાસ થાય છે. જૈન ધર્મના ચૌદ ગુણસ્થાનકની રચના એક આગવી વિશેષતા છે, જેમાં શરૂઆતમાં જ્યારથી જીવ મિથ્યાત્ત્વ દશામાં હોય ત્યારથી ગણતરી ચાલુ થાય અને જેમ જેમ પોતાના જ્ઞાન, શ્રદ્ધા, આચરણથી પુરુષાર્થપૂર્વક પ્રગતિ કરતાં કરતાં આગળ વધે તેમ તેમ કર્મના પડળોને તોડી નાખે છે. વિકાસનો અંતિમ તબક્કો ૧૪મું ગુણસ્થાનક અયોગી કેવળી છે, તે પછી આત્માના સર્વકર્મોનો ક્ષય થઈ જાય છે.[૧] નિરંજન નિરાકાર એવો સિદ્ધ બનેલો તે આત્મા અનંત સિદ્ધોની સાથે જ્યોતમાં જ્યોત ભળે તેમ ભળી જાય છે.

આ ચૌદ ગુણસ્થાનોની શ્રેણીને ચઢવા માટે આચારના નિયમો ઘડાયા. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણ વિભાગોની ગોઠવણી થઈ. સમ્યક્દર્શન એટલે આગમોમાં બતાવેલાં ષડ્જીવનિકાય ઉપર શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન એટલે કે આત્મા કે જીવ, અજીવ, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ વગેરેની જાણકારી મેળવવી તથા સમ્યક્ચારિત્ર એટલે આ બધાનું જ્ઞાન મેળવ્યા પછી તેના ઉપર આચરણ કરવું,હેયને ત્યજવું અને ઉપાદેયને ગ્રહણ કરવું.

બધા જીવો ઉત્કૃષ્ટ રીતે સમ્યક્ ચારિત્ર પાળી ન શકે, તેથી એમાં પણ જીવની તરતમતા પ્રમાણે માર્ગ બતાવ્યો અને સમ્યક્ આચરણના પણ બે ભાગ પાડ્યા - સર્વવિરતિરૂપ અને દેશવિરતિરૂપ આચરણ, અનુક્રમે સાધુ તથા ગૃહસ્થ માટેનો આ ચારિત્રધર્મ યોગ્ય આત્માને ઉન્નતિને પંથે વાળે છે.

સાધ્વાચારનું વિશિષ્ટપણે આલેખન કરતાં શ્રી આચારાંગસૂત્રમાં સાધુને ઉપદેશ આપ્યો છે કે :-

---

૧. ચૌદ ગુણસ્થાનક - પં. ચંદ્રશેખરવિજયજી. પૃ.૧૨૦.

"સંસારમાં બધા સુખને ચાહે છે, ઉન્નતિ ચાહે છે, દુઃખ કે પતન કોઈને ગમતું નથી. બધાને જીવવાનો સરખો અધિકાર છે, તેથી બધાને સુખ આપવું. સૂક્ષ્મ જીવોની થોડી ઘણી હિંસા પ્રમાદથી પણ થાય તો તે અધર્મ છે." આવી અહિંસાને સિદ્ધ કરવાં જીવનમાં આચરણના અતિ કઠોર નિયમ ઘડાયાં, અને અહિંસામાં જ સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે પૂરક વ્રતો આવશ્યક બન્યા.

અહિંસામાંથી જ જૈન ધર્મના દાર્શનિક સિદ્ધાંત અનેકાન્તવાદનો પણ જન્મ થયો છે, કારણ અનેકાન્તનો અર્થ સત્યનો આગ્રહ, તેને માટે પોતાનો કદાગ્રહ કે "મારુ જ સાચું બીજાનું જુઠું." તે છોડવો પડે. કોઈ વ્યક્તિએ જ્યારે પણ બીજાના વિશે કોઈ મત બાંધ્યો હોય કે, નિષ્ઠા કરી હોય ત્યારે તેની પાછળ કોઈને કોઈ દ્રષ્ટિબિંદુ તો હોય જ છે, એ દ્રષ્ટિબિંદુનો વિચાર કર્યા વગર જો તેને વખોડીએ કે તરછોડીએ તો તેનું મન દુભાય, આઘાત લાગે એ સ્વાભાવિક છે. વગર વિચારે આપણાથી કોઈને આવો આઘાત થાય તો તે પણ હિંસા જ છે. આમ બીજાના દ્રષ્ટિકોણને સમજવાનો આદેશ રાખીને ભગવાન મહાવીરે વિચારક્ષેત્રે જે અનેકાન્તવાદ બતાવ્યો તે માનસિક અહિંસાનો જ પ્રકાર છે.

**૨. સાધુજીવનવ્યવહારનાં અનેક આનુષંગિક મુદ્દાઓ :-**

અહિંસામૂલક જૈન ધર્મ વિચાર તેમ જ આચારમાં સામ્ય દર્શાવતો ધર્મ છે. ગૃહસ્થોને આચારપાલનમાં જે વ્રતો ધારવાના હોય છે તે 'દેશ' થી એટલે આંશિક પાલનવાળા હોય છે. જેને સ્થૂલવ્રતો કહેવાય છે. જ્યારે સાધુને તે જ વ્રતો ઘણી સૂક્ષ્મતાથી પાળવાના હોય છે, સમસ્તપણે પાળવાના હોય છે અને તેથી સાધુને પાળવાના વ્રતોને મહાવ્રતો તરીકે ઓળખવામાં આવે છે.

ત્યાગ, તપસ્યા, ધ્યાન, સમાધિ દ્વારા સાધુ પોતાના પૂર્વસંચિત કર્મોનો ક્ષય અથવા ઉપશમ કરી નવાં કર્મોને આવતાં અટકાવે છે. સાધુની દિનચર્યા જ એવી હોય છે કે જેમાં તેમને ઓછામાં ઓછા અથવા નજીવા દોષનો પણ અવકાશ હોતો નથી. ભિક્ષા, વિહાર તથા લોચ સાધુને માટે કર્મનિર્જરાનું કારણ બની જાય છે. પોતાના નિમિત્તે તેઓ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ છ કાય જીવોની હિંસા કરતા નથી, કરાવતા પણ નથી કે કરનારની અનુમોદના પણ કરતા નથી. ખુલ્લા પગે તથા પગપાળાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં

હોવાથી તેમાં પણ હિંસાનો સંભવ નથી રહેતો તથા લોચ એ આત્માની શક્તિ ફોરવવા માટે રામબાણ ઉપાય છે.

સાધુઓ હંમેશા નિયમિતપણે જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાયમાં લીન રહેતાં હોય છે. તેઓ સ્વના અને પરના હિતમાં હંમેશા રત રહે છે. "आणाए धम्मो" ભગવાનના ઉપદેશને, આજ્ઞાને સતત મનમાં રાખે છે -

"આત્મા ઘી જેવો છે, શરીર છાશ જેવું છે, આત્માને ઉન્નત બનાવવાના માર્ગમાં શરીરની પરવા ન કરો. શરીર તો માત્ર ધર્મકરણી કરવા માટેનું સાધન છે. તેનો ઉપયોગ બને તેટલો વધુ ને વધુ ધર્મક્રિયા કરવામાં કરવો. તેને આહારપાણી આપવામાં, પોષવામાં તથા વિષયોમાં આનંદ લેવામાં ઘણા કર્મોનો બંધ થાય છે."

જ્ઞાતાધર્મકથામાં વિજય ચોરના દ્રષ્ટાંત દ્વારા પણ સમજાવ્યું છે કે જેમ પુત્રના ખૂનીને પોતાના જીવન પર આપત્તિ આવી પડે તો પિતા ભોજન આપે તેમ આત્માને પળે પળે પીડતાં આ શરીરને પણ ભોજન આપવું પરંતુ તેમાં આસક્તિ ન કરવી. આસક્તિ કે મોહ કરવાથી ભલભલા મહાપુરુષોના હાલ બૂરા થાય છે.

આમ, સાધુને પ્રત્યેક રીતે જીવન જીવવાની સુંદર શિખામણ ભગવાન મહાવીરના ઉપદેશરૂપ આગમગ્રંથોમ . જળવાઈ છે.

વળી, સાધુને પોતાના ચારિત્રધર્મના પાલન દરમ્યાન માંદગી આવે, ચારિત્રના પાલનમાં મુશ્કેલી આવી પડે, પોતે અસમર્થ હોય, કર્મનિર્જરા કરવામાં અસહાય બને તો તે વખતે શું કરવું અથવા મૃત્યુ નજીક આવે ત્યારે મનનું સમતોલપણું કેવી રીતે જાળવવું તે માટે પણ આગમોમાં ઠેર ઠેર નિર્દેશ મળી આવે છે.

જીવનની અંતિમ ક્ષણોમાં સાધુ સામાન્ય માણસની માફક ગભરાયા વગર પોતાની સમજણ, જ્ઞાન, શ્રદ્ધા વગેરેને અજમાવે. પોતાના મનમાં અધ્યવસાય એવા રાખે કે જેનાથી પરિણામ સારું આવે. રોગાદિથી શરીર ઘેરાયું હોય અથવા ઉપસર્ગ આવી પડે તો તેને સમભાવે સહન કરે, કારણ કે તે જાણે છે કે મૃત્યુ સમયે જો મનની સમતા ન રહે તો મૃત્યુ બગડે અને તેથી પરભવ પણ બગડે.

મનની દ્રઢતાથી આગામી ભવોમાં ફરીથી જૈન શાસન મળે અને ચારિત્રનું પાલન કરી શકે તે હેતુથી શરીરની પીડાને ગૌણ કરી આત્માની શક્તિને ફોરવે.

મનને આવી સમતોલ પરિસ્થિતિમાં રાખવા માટે ગુરુ તરફથી પણ સમયે સમયે પ્રેરણા મળે છે.

આગમિક શાસ્ત્રોમાં અનેક જગ્યાએ મૃત્યુ સન્મુખ આવી પડેલાં જીવનું મહત્ત્વનું કર્તવ્ય શું હોઈ શકે તેનો નિર્દેશ છે. તથા મૃત્યુનાં સમયે ધીરતા અને વ્રતમાં એકાગ્રતા રાખી સમભાવ અને સમાધિમાં રહેનાર અનેક મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ છેક પ્રાચીન કાળથી જાણવા મળે છે.

**૩. તુલનાત્મક અધ્યયન માટે લીધેલા નવ મુદ્દા :-**

મરણસમાધિ પ્રકીર્ણકનો મુખ્ય વિષય જીવનનો અંતકાળ અર્થાત્ મૃત્યુનો કેવી રીતે સ્વીકાર કરવો તે છે, પરંતુ સાથે સાથે જ અહીં જૈન ધર્માનુસાર સાધુ જીવનવ્યવહારના આનુષંગિક અનેક મુદ્દાઓની છણાવટ છે. મુખ્ય મુખ્ય મુદ્દાને આગમિક ક્રમથી તપાસતાં તે મુદ્દાઓ નીચે પ્રમાણે છે :-

ક) **મરણના પ્રકારો** - આગમિક ક્રમે

ખ) **સમાધિ** - અસમાધિ-પ્રકાર

ગ) **સમાધિમરણ** - સ્વરૂપ-ફળ-મહત્ત્વ (દિગંબર તથા શ્વેતાંબર દ્રષ્ટિએ)

ઘ) **આરાધના** - જ્ઞાન, દર્શન, ચારિત્રારાધના- ત્રણેનો પરસ્પર સંબંધ-ત્રણેનું ફળ.

ઙ) **આલોચના** - તેના પ્રકાર, આલોચક તથા આલોચના આપનારના ગુણો.

ચ) **તપ** - કર્મ નિર્જરાનો અજોડ ઉપાય - તપના પ્રકારો.

છ) **પ્રત્યાખ્યાન** - સ્વરૂપ અને મહત્વ.

જ) **પરીષહ-ઉપસર્ગ** - કર્મનિર્જરામાં સહાયક-સાધુજીવન માટે અતિ આવશ્યક.

ઝ) **૧૨ ભાવના** - આત્માને મોક્ષ સન્મુખ કરાવનારી ભાવનાઓ.

**મરણના પ્રકારો :-**

**પ્રાસ્તાવિક :-**

આરંભ પછી અંત, દિવસ પછી રાત્રિ, પ્રકાશ પછી અંધકારની જેમ જ જીવન પછી મૃત્યુ એ તદ્દન કુદરતી છે.

'નામ છે તેનો નાશ છે.' વાસ્તવમાં મોત એ જીવનનો પડછાયો છે. સંસારમાં જીવના અનંતકાળ સુધીના પરિભ્રમણમાં કરેલી સફરની નિશાની એટલે જ મૃત્યુ. અનંત જીવનનું માપ કાઢવા કુદરતે યોજેલી કરામત એટલે જ મોત.[૨] દુનિયાની તમામ ચીજો-જડ કે ચેતન, ઝાડપાન, ખનિજ પદાર્થ વગેરે વિનાશને આધીન છે.

જીવનરૂપી શ્રુંખલાના બે છેડા એટલે જીવન અને મૃત્યુ. મૃત્યુ એ જીવનની અંતિમ પરિણતિ છે. જન્મની સાથે જ અનિવાર્યપણે મૃત્યુ જોડાયેલું જ રહે છે. સ્વજનોના વિયોગના દુઃખને લીધે આપણને તેનું આગમન ગમતું નથી, પરંતુ તેની અનિવાર્યતાને આપણે અવગણી શકતાં નથી.

માણસ સાધારણ દુઃખમાં પણ જ્યાં ગભરાઈ જાય છે ત્યાં, મૃત્યુ તો દુઃખોનો રાજા છે અને તેથી એના નામથી જ સામાન્ય માણસ ભયભીત બની જાય છે, બને તેટલો મૃત્યુથી દૂર ભાગવા મથે છે, પરંતુ દુઃખી અથવા ઉદાસ થવાથી મૃત્યુ દૂર થતું નથી. કોઈક વખતે તો તે અવશ્ય આવે છે. દરેક જન્મેલાનું મૃત્યુ એ નિશ્ચિત જ છે.

जातस्य हि ध्रुवो मृत्युः ।

'પરમસખા મૃત્યુ' પુસ્તકમાં કાકાસાહેબ કાલેલકરે મૃત્યુ અને જીવનને એકસરખું સ્થાન આપ્યું છે. બલ્કે જીવન માટે મૃત્યુને આવશ્યક માન્યું છે. તેઓ મૃત્યુને જીવન માટે સાર્થક કારણ માને છે. જેવી રીતે થાક્યો પાક્યો મજૂર વિસામો ઈચ્છે છે, જેમ પાકેલું ફળ વૃક્ષ પરથી અલગ થઈ નીચે પડે છે, તે જ પ્રમાણે જીવ પોતાની જીવનયાત્રા સદાને માટે કાયમ રાખવા માટે મૃત્યુ પામે છે. વળી તેઓ કહે છે -

"મૃત્યુ એક ગાઢ સુરંગ છે. જેમાં અંધકાર, દુર્ગંધ અને ગંભીર સુનકાર છે. આપણે તે રસ્તેથી પસાર થવાનું છે, જ્યાં આપણી વાસનાની પ્રેતછાયાઓ,

---

૨. મોત ઉપર મનન. પૃ.૭૧. પી. દાવર.

દબાયેલી મહત્વાકાંક્ષા, ખંડિત વ્યક્તિત્વની તૂટતી ઉલ્કાઓ, કાલભૈરવની દહેકતી જ્વાલાઓ આપણી પ્રતિક્ષામાં ઊભી છે. આ આપણો ખરો પરિવાર છે, જેની આપણે હંમેશા ઉપેક્ષા કરી છે. આપણે હંમેશા તેનાથી બચવા કોશિશ કરી છે. **મૃત્યુને સાચા અર્થમાં જાણીએ તો પલાયનવાદી રસ્તો આપણે છોડી શકીએ.''**[૩]

મોતનું સાચું જ્ઞાન અને એ વિશેની તૈયારી આપણને જિંદગી દરમ્યાન પણ સાચી રાહબરી આપશે અને તેનાથી આપણી બીક ટળી જઈ આપણને હિંમત અને ધીરજ રહેશે. **જે મોતનો ભેદ પામશે તે જ જીવનનું સાચું રહસ્ય જાણી શકશે.**[૪] ખરેખર મૃત્યુ એ તો ઈશ્વરે આપેલું વરદાન છે. મૃત્યુ આવશ્યક છે તેમ ઉપયોગી પણ છે.

મૃત્યુના કારણે જ વિશ્વમાં જન્મ-મરણનું ચક્ર નિર્વિઘ્ને ચાલતું રહે છે. મૃત્યુની ગેરહાજરીમાં જનસંખ્યા એટલી વધી જાત કે જીવવું મુશ્કેલ બનત. જીવનમાં ઉપયોગી સાધનની ઉપલબ્ધિ દુર્ભર બની જાત. સૃષ્ટિનું ચક્ર રોકાઈ જાત, લૂંટફાટ અને અરાજકતા ફેલાત. મૃત્યુનો ડર જ માણસને સદા દુષ્કર્મોથી દૂર રાખે છે અને શુભ કાર્યો કરવાં તરફ પ્રેરે છે. આવા, અનિવાર્ય તથા બિહામણા મૃત્યુની ઉત્પત્તિ વિશે બધા ધર્મોમાં જુદા જુદા મતો છે.

બાઈબલ પ્રમાણે **Wages of sin is death** [૫]- પાપનો બદલો મોત. ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન એ જ પાપ; આદમ અને ઈવ - દુનિયામાં ઉત્પન્ન થયેલાં પહેલાં સ્ત્રીપુરુષને ઈશ્વરે અમુક વૃક્ષના ફળ ખાવાની મનાઈ કરી હતી. તેનું ગમે તે કારણોસર ઉલ્લંઘન થયું, ત્યારથી મોત દુનિયામાં દાખલ થયું. આમ, નૈતિક દ્રષ્ટિએ જ્યાં સુધી પાપ રહેશે ત્યાં સુધી મોત રહેશે.

**જરથોસ્તી ધર્મમાં પણ મોતનું મૂળ પાપ અને પાપનો બદલો મોતના રૂપમાં મળે એવો અર્થ થાય છે.**[૬]

ગ્રીસની એક દંતકથા પ્રમાણે જગતમાં પ્રથમ જન્મ પામનાર પેન્ડોરા નામની સ્ત્રીને દેવોએ અનેક બક્ષીસો આપી, તે સમયે એક પેટી ન ખોલવાની સખત

૩. પરમસખા મૃત્યુ - કાકાસાહેબ કાલેલકર.

૪. મોત પર મનન - પ્રો. દાવર. પૃ.૪.

૫. એજન - પૃ.૭૫.

૬. એજન - પૃ.૭૪.

આજ્ઞા કરી. કૂતુહલવશ તે સ્ત્રીએ પેટી ખોલી અને તેમાંથી અનેક પ્રકારના દુ:ખોની સાથે મોત પણ નીકળ્યું.

**ઈસ્લામ ધર્મ પ્રમાણે જિંદગી તથા મોત બન્ને અલ્લાહ જ આપે છે.**[૭]

હિન્દુ ધર્મ જન્મ મરણના ફેરામાં તૃષ્ણાને મૂળભૂત કારણ માને છે. જ્યાં સુધી ઈચ્છા ત્યાગ ન થાય ત્યાં સુધી જન્મ મરણ છૂટે નહીં, તેથી તૃષ્ણા જ પાપ સમાન છે. મોહ અને મોત સરખાં છે. જગત ઉપર મોહિત થવાથી જ મનુષ્ય મોતને પાત્ર બને છે. કારણ કે મોહ કરવાથી પ્રભુથી દૂર થવાય છે. પ્રભુથી દૂર થવાનું બીજું નામ મોત. ગીતામાં નિષ્કામ કર્મ કરવાનો ઉપદેશ છે. **ફળની ઈચ્છાનો પણ ત્યાગ કરવો એવું સૂચન કર્યું છે.**[૮]

બધા ધર્મોની સાથોસાથ જૈન ધર્મે પણ મૃત્યુ વિશે ખૂબ સૂક્ષ્મ વિચાર કર્યો છે. નિગોદમાંથી નીકળીને જન્મને ધારણ કરનાર જીવ ચોર્યાસી લાખ યોનિમાં ફરે છે તેનું મુખ્ય કારણ તેના કર્મો હોય છે. **કર્મોના આઠ ભેદોમાં આયુષ્યકર્મનો ભેદ છે,**[૯] જેનો બંધ પડ્યા પછી જીવને તે કર્મ ભોગવવા તે પ્રમાણેનો ભવ લેવો પડે છે. જ્યાં સુધી જીવ કર્મોની વર્ગણાથી દૂર થતો નથી, ત્યાં સુધી તેની મુક્તિ સંભવી શક્તી નથી. આમ, જૈન ધર્મ મૃત્યુ માટે જીવના પોતાના કર્મને જવાબદાર ગણે છે.

ભગવાન મહાવીર અને તે પહેલાં થઈ ગયેલાં તીર્થંકરો જીવને કર્મથી અળગા થવાનો જ ઉપદેશ આપે છે. **સર્વથા કર્મથી મુક્તિ મળ્યા પછી સિદ્ધિપદ મેળવનાર જીવને જન્મ કે મરણ સતાવતું નથી.**[૧૦]

મુક્તિ મેળવવાને માટે જીવને ઉત્તમમરણથી મરવું આવશ્યક છે.

ઉત્તમમરણ એટલે શું ? તેના કેટલાં પ્રકારો ? મરણના બીજા કેટલાં પ્રકારો છે ? બાલમરણથી મરતાં જીવને આગામી ભવોને લક્ષમાં લઈએ તો કેટલું

---

૭. એજન - પૃ.૭૬.

૮. ભગવદ્ગીતા - कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन्।

૯. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ, અંતરાયકર્મ.

૧૦. कृत्स्नकर्मक्षयो मोक्षः। - તત્ત્વાર્થસૂત્ર - ૧૦મું અધ્યયન. સૂત્ર ૩.

નુકશાન ? પંડિત મરણ અથવા સમાધિપૂર્વકના મરણથી આત્માની ઉત્તરોત્તર કેવી ઉન્નતી થાય ? આવા અનેક પ્રશ્નોની ચર્ચા જૈન ધર્મમાં ઠેઠ પ્રાચીનકાળથી થતી આવી છે. આગમોમાં પણ ઠેર ઠેર આ અંગે વિગતો મળે છે.

અહીં ક્રમથી આપણે જૈન આગમોમાં મરણ અંગેના ખ્યાલ વિશે વિચાર કરીએ -

પિસ્તાલીસ આગમમાં મોખરાનું સ્થાન ધરાવતાં, મુનિના આચારોની બારીકાઈથી છણાવટ કરતાં શ્રી આચારાંગસૂત્રમાં ઉત્તમ મરણના ત્રણ પ્રકાર બતાવ્યાં છે.

(૧) ભક્તપરિજ્ઞા (૨) ઈંગિત મરણ (૩) પાદપોપગમન

**(૧) ભક્તપરિજ્ઞા :-** શ્રી આચારાંગસૂત્રમાં સાધુને સંયમયાત્રા દરમ્યાન ઉત્તમ રીતની જીવનચર્યા તથા દારુણ માંદગી અથવા મરણપ્રસંગે પણ આચરણની સુંદર રીત બતાવી છે.

સાધુને માંદગી આવે, પોતાની દૈનિક ક્રિયા કરવા માટે પણ અશક્ત બને, ત્યારે પોતાના આચારમાં અડગ રહી ભક્તપરિજ્ઞા નામના મરણે કરીને પ્રાણ જવા દેવા, પણ આચારભંગ થવા દેવો નહી, એવો ઉપદેશ આપ્યો છે.[૧૧]

ભક્તપરિજ્ઞા મરણને ઈચ્છનાર મુનિનો આચાર ચઉભંગીમાં દર્શાવ્યો છે -

૧) હું બીજાને માટે લાવીશ, બીજાનું પણ ખાઈશ.
૨) હું બીજા માટે લાવીશ, પણ બીજાનું નહીં ખાઉં.
૩) હું બીજા માટે નહીં લાવું, પણ બીજાએ લાવેલું ખાઈશ.
૪) હું બીજા માટે પણ નહીં લાવું અને બીજાનું લાવેલું પણ નહીં ખાઉં.

આ રીતે, ચારમાંથી જે પ્રમાણેની પ્રતિજ્ઞા લીધી હોય, તે મુજબ ધર્મને પાળતો શાંત અને વિરત બની શુભ લેશ્યામાં સ્થિર થઈ મુનિ અણસણ કરે છે અને કર્મનો ક્ષય કરે છે.[૧૨]

---

૧૧. શ્રી આચારાંગસૂત્ર - ૮ મુ અધ્યયન. ૫મો ઉદ્દેશ. ૪૨૭ મુ સૂત્ર.
૧૨. શ્રી આચારાંગસૂત્ર - ૮ મુ અધ્યયન. ૫મો ઉદ્દેશ. ૪૨૮ મુ સૂત્ર.

**(૨) ઈંગિત મરણ :-** ઈંગિત એટલે કે સાંકેતિક; નક્કી કરેલાં પ્રદેશમાં જ હરવું ફરવું તેવા ઠરાવવાળું અનશન કરીને શરીર છોડવાનું હોવાથી તેને ઈંગિત મરણ કહે છે.

જ્યારે રોગાદિક આવી પડે.અથવા લુખા આહારથી શરીર ક્ષીણ થઈ જાય અને શરીર આવશ્યાકાદિક ક્રિયાઓમાં અશક્ત બને ત્યારે સાધુ અનુક્રમે - છઠ્ઠ અઠ્ઠમાદિક તપે કરી - આહાર ઘટાડે અને તે દ્વારા કષાયોને પાતળાં કરી, શરીરના સંતાપથી રહિત થઈને ધૈર્ય ધરી ઈંગિત મરણ ને આદરે.

સંથારા માટે દર્ભ વગેરે તણખલાં ગામ, નગર, બંદર, રાજધાનીમાં જઈ, માગી લાવી, એકાંત સ્થળમાં જવું એવું સૂચન છે. એકાંત સ્થળમાં પણ જીવ જંતુથી રહિત ભૂમિની પસંદગી કરી તેને પ્રમાર્જી પછી તેના ઉપર દર્ભ વગેરે પાથરી ઈંગિત મરણને આદરવું.

જિનવચનના વિશ્વાસથી ભયંકર પરિસહ, ઉપસર્ગને અવગણીને મુનિ આ વિનશ્વર શરીરને છોડે છે તે ખરેખર દુષ્કર અને સત્ય કાર્ય કરે છે. આચારાંગ પ્રમાણે "ઈંગિત મરણ વિમોહી પુરુષોનું સ્થાન છે, હિતકર્તા છે, સુખકર્તા છે, વાજબી છે, કર્મ ખપાવનાર છે અને ભવાંતરે એનું સુકૃત સાથે ચાલે છે."[૧૩]

**(૩) પાદપોપગમન :-** પાદપ એટલે વૃક્ષ, તેને ઉપગમન સરખાં થવું એટલે કે, વૃક્ષ માફક સ્થિર થઈને રહેવું, કોઈ પણ અંગોપાંગ ડગાવવા નહીં, તેવા મરણને પાદપોપગમન કહે છે.

જ્યારે સાધુને નિશ્ચિતપણે એવું લાગે કે, હવે સંયમયાત્રાને વહન કરવા, પોતાની ક્રિયાને કરવા અશક્ત છે, ત્યારે તે અનુક્રમે આહાર ઘટાડીને કષાયોને પાતળા કરે છે, શરીરવ્યાપાર નિયમીને ફળક માફક રહેતાં રહેતાં શરીરના સંતાપથી રહિતપણે તે પાદપોપગમન અણસણ ગ્રહણ કરે છે. ગામાદિકમાં જઈ દર્ભ વગેરે લાવી નિર્જીવ ભૂમિ ઉપર સંથારો પાથરી અનશન લે છે, ત્યારે તે શરીરની માયા એકદમ મૂકી દે છે. જીવજંતુ, ગીધ જેવા પક્ષીઓ કે મચ્છર, માંસભક્ષી પ્રાણીઓ કોઈના પણ ઉપદ્રવ વખતે મુનિ હાથ વગેરેથી મારતાં નથી કે રજોહરણાદિકથી શરીરને પણ પ્રમાર્જે નહીં. ભયંકર ઉપસર્ગ કે પરીસહને

૧૩. એજન - ૭મો ઉદ્દેશ. ૪૩૨ મુ સૂત્ર.

અવગણીને, નશ્વર એવું આ શરીર છોડતાં મુનિ ખરેખર સત્ય અને દુષ્કર કાર્ય કરે છે.[૧૪]

ઉત્તમમરણ તરીકે તો આગળ ગણાવેલાં ત્રણ મરણ જ છે, પણ કારણયોગે મુનિ વેહાનસાદિ બાલમરણ પણ જો કરે તો તે પણ ઉત્તમ છે - જે સાધુના મનમાં એવો વિચાર ઉપજે કે -

"હું ઉપસર્ગમાં સપડાયો છું, હું શીતાદિક ઉપસર્ગ ખમી શકતો નથી ત્યારે, તે સંયમી સાધુએ જેમ બને તેમ સમજવાન થઈને અકાર્યમાં એટલે કે મૈથુનાદિમાં પ્રવૃત્તિ ન કરતાં વેહાનસમરણ, વિષભક્ષણ, ઝંપાપાત વગેરેને આદરી શકે છે, એટલે જેમ ભક્તપરિજ્ઞાદિક કાળપર્યાયવાળા મરણ હિતકર્તા છે, તેમ વેહાનસાદિ મરણ પણ સાધુને માટે હિતકર્તા જ છે. તેવી રીતે મરનારાં પણ મુક્તિએ જાય છે."[૧૫]

શ્રી સ્થાંગસૂત્ર, દ્વિતીય સ્થાન, ૪થા ઉદ્દેશ 'મરણ-પદ'માં શ્રમણ ભગવાન મહાવીરે કયા મરણનો નિષેધ કર્યો છે, કયા મરણની અનુજ્ઞા આપી છે તથા કયા મરણની પ્રશંસા કરી છે, તેનો ઉલ્લેખ છે.

ભગવાન મહાવીરના મતે નિષેધ કરાયેલાં મરણ :-

૧) **વલન મરણ** - પરીસહથી પીડાઈને સંયમ છોડીને મરવું.
૨) **વશાર્ત મરણ** - ઈન્દ્રિયોના વિષયોથી વશીભૂત થઈને મરવું.
૩) **નિદાન મરણ** - ઋદ્ધિ ભોગાદિકની ઈચ્છાથી મરવું.
૪) **તદ્દ્ભવ મરણ** - વર્તમાન ભવનું જ આયુષ્ય બાંધીને મરવું.
૫) **ગિરિપતન મરણ** - પર્વતથી કૂદીને મરવું.
૬) **જલપ્રવેશ** - અગાધ જલમાં પ્રવેશ - નદીમાં ખેંચાઈને મરવું.
૭) **અગ્નિ પ્રવેશ** - બળતી આગમાં પ્રવેશ કરીને મરવું.
૮) **વિષભક્ષણ** - વિષ ખાઈને મરવું.
૯) **શસ્ત્રાવપાટન** - શસ્ત્રથી ઘાયલ થઈને મરવું.

સંયોવશાત્ અથવા અપવાદરૂપે બે બાલમરણની સાધુને છૂટ અપાઈ છે.[૧૬]

---

૧૪. એજન - ૭મો ઉદ્દેશ ૪૩૭ મુ સૂત્ર.
૧૫. શ્રી આચારાંગસૂત્ર. ૮મુ અધ્યયન. ૪થો ઉદ્દેશ. ૪૨૩ મુ સૂત્ર.
૧૬. શ્રી સ્થાનાંગસૂત્ર. દ્વિતીય સ્થાન. ૪થો ઉદ્દેશ.

૧) **વૈહાયસ મરણ** - ઝાડ પર લટકીને મરી જવું.

૨) **ગૃદ્ધ પૃષ્ઠ** - ગીધ, હાથી જેવા મોટા જીવોને પોતાનું શરીર અર્પણ કરવું.

ભગવાન મહાવીર દ્વારા પ્રશંસા પામેલા બે મરણ -

**(૧) પાદપોપગમન** અને **(૨) ભક્તપરિજ્ઞા** છે.

પાદપોપગમનના બે પ્રકાર નિર્હારિમ અને અનિર્હારિમ છે.

**નિર્હારિમ પાદપોગમન** - મરણ થયા પછી મૃતશરીરને તે સ્થાનેથી બહાર લઈ જવું પડે. (દા.ત. નગર, ગામમાં)

**અનિર્હારિમ પાદપોપગમન** - ગિરિકંદરામાં મરણ થાય તો ત્યાંથી મૃત શરીરને બહાર કાઢવાનું રહેતું નથી.

ભક્તપરિજ્ઞાના પણ બે પ્રકાર છે :- **નિર્હારિમ** તથા **અનિર્હારિમ**

નિર્હારિમ ભક્ત પ્રત્યાખ્યાન તથા અનિર્હારિમ ભક્તપ્રત્યાખ્યાનમાં શરીરસેવાની છૂટ હોય છે. પાદપોપગમનમાં શરીરસેવા કરવાની જ નથી.

સ્થાનાંગસૂત્રમાં જ ત્રીજા સ્થાનમાં[૧૭] મરણના ત્રણ પ્રકાર જુદી રીતે દર્શાવ્યાં છે-

(૧) બાલમરણ (૨) પંડિતમરણ અને (૩) બાલપંડિતમરણ.

**બાલમરણ, પંડિતમરણ તથા બાલપંડિતમરણ ત્રણ પ્રકારના હોય છે.**

**જેમ કે :-** ૧) **સ્થિતલેશ્ય** - મરતી વખતે જે લેશ્યા હોય તે. દા.ત. કૃષ્ણલેશ્યાવાળો જીવ તે જ લેશ્યામાં મરીને નારકીપણું મેળવે.

૨) **સંકિલષ્ટલેશ્ય** - મરતી વખતે જે લેશ્યા હોય - જેમ કે- નીલ-તેનાથી વધુ સંકિલષ્ટ. જેમ કે-કૃષ્ણલેશ્યાં મરીને મળે તેવું.

૩) **પર્યવજાતલેશ્ય** - મરતી વખતે હોય તેનાથી મર્યા પછી વિશુદ્ધ લેશ્યા મળે તેવું.

---

૧૭. શ્રી સ્થાનાંગસૂત્ર. ત્રીજું સ્થાન. ૪થો ઉદ્દેશ. ૫૧૯ મરણસૂત્ર.

આ ત્રણ જાતના મરણ ઉપરાંત જન્મ મરણનો અંત કરી શકે એવી ચાર અંતક્રિયા છે.

**ચાર અંતક્રિયા -**

૧) અલ્પકર્મવાળા જીવ ઘર છોડીને, સંયમ સ્વીકારે, સંયમથી સંવર અને સમાધિની વૃદ્ધિ કરે, તે રુક્ષ હોય છે, સંસારને પાર કરવાની તમન્નાવાળો હોય છે. નાની મોટી તપસ્યાઓ કરે છે, કઠણ તપસ્યા કે વેદનાને તે સહેતો નથી, આવા મહાત્માઓ લાંબા કાળે, દીક્ષાપર્યાય પછી જ સર્વદુઃખોનો અંત કરી મોક્ષ પામે છે. દા.ત. ભરત ચક્રવર્તી.

૨) મનુષ્યભવમાં જન્મેલો કોઈ જીવ ઘણા કર્મોવાળો હોય, ઘરબાર છોડી દીક્ષા લે છે. એવી આકરી તપસ્યા આદરે છે, ભયંકર વેદનાને સ્વીકારે છે, કે થોડા સમયમાં જ તે સર્વદુઃખોનો અંત કરી મોક્ષ પામે છે. દા.ત.[૧૮] ગજસુકુમાર મુનિ.

૩) બધી સામગ્રી હોવા છતાં, કેટલાંક જીવ બહુ લાંબા કાળે, સર્વ દુઃખોનો નાશ કરી, મોક્ષ પામે છે. આ પ્રકારની અંતક્રિયા સનત્કુમાર ચક્રવર્તીએ કરી હતી.

૪) અલ્પકર્મવાળો જીવ દીક્ષા લઈ તપસ્યા ન કરે, વેદના ન સહે, છતાં અલ્પકાળમાં સર્વદુઃખોનો નાશ કરી શકે છે. દા.ત. મરુદેવી માતા - કર્મો ક્ષીણ થયેલાં હોવાથી ઋષભદેવની સમવસરણની ઋદ્ધિ હાથી ઉપર બેઠા બેઠા જોતા હતા, ત્યાં જ આયુષ્ય પૂરું થયું અને તેઓ સિદ્ધ થયાં.

આમ, સ્થાનાંગ સૂત્રમાં બાલમરણના ૧૧ પ્રકાર + ૨ પ્રકારે પંડિત મરણ + ૪ પ્રકારેની અંતક્રિયા- આમ, મરણના ૧૭ પ્રકારો દર્શાવ્યાં છે.

શ્રી સમવાયાંગ સૂત્રના સત્તરમા સમવાયમાં[૧૯] ૧૨૧મા સૂત્રમાં મરણના પ્રકાર નિર્દેશાયા છે, જે આ પ્રમાણે -

**૧) આવીચિમરણ** - વીચિ એટલે (૧) જલના તરંગ, લહેર. (૨) વિચ્છેદ. જેમ પાણીમાં વાયુના નિમિત્તે એક પછી એક એમ તરંગ ઉઠે તે પ્રમાણે, આયુકર્મના દલિક પ્રતિસમયમાં આવે અને જાય. આયુકર્મના દલિકોનું નાશ થવું તે મરણ.

---

૧૮. કથા માટે જુઓ. પ્રસ્તુત પુસ્તકનું ચોથું પ્રકરણ.

૧૯. શ્રી સમવાયાંગસૂત્ર. ૧૭મો સમવાય. ૧૨૧ મુ સૂત્ર.

૨) **અવધિમરણ** - જે જીવ આયુકર્મના જે દળિયાને અનુભવ કરીને મરે અને ફરીથી તે જ દળિયાને અનુભવીને મરે તો, પ્રથમનું મરણ તે અવધિમરણ.

૩) **આત્યન્તિકમરણ** - જે જીવ નરકાદિના વર્તમાન આયુષ્યકર્મના દલિકોને ભોગવીને મરે, મરીને ભવિષ્યમાં તે આયુને ભોગવીને ન મરે, તે જીવનું વર્તમાનભવનું મરણ આત્યન્તિક.

૪) **અન્તઃશલ્યમરણ** - અપરાધો શલ્યની જેમ ખૂંચતા હોય પરંતુ, લજ્જા કે અભિમાનના કારણે આલોચનાદિ ન થઈ હોય અને મરણ થાય તે.

૫) **છદ્મસ્થ મરણ** - કેવળી થયા વિના મરે તે.

બાકીના ૧૨ મરણ નીચે પ્રમાણે છે, જેના અર્થ સ્થાનાંગ સૂત્રમાં મરણના પ્રકારોની જેવા જ છે.

**૬) વલનમરણ ૭) વશાર્તમરણ ૮) તદ્ભવમરણ ૯) બાલમરણ ૧૦) પંડિતમરણ ૧૧) બાલપંડિતમરણ ૧૨) કેવલીમરણ ૧૩) વૈહાયસ મરણ ૧૪) ગૃદ્ધપૃષ્ઠમરણ ૧૫) ભક્તપ્રત્યાખ્યાન ૧૬) ઈંગિનીમરણ ૧૭) પાદપોપગમન મરણ**

પાક્ષિક સૂત્રવૃત્તિમાં પણ મરણના ૧૭ પ્રકાર ગણાવ્યાં છે, તે આ પ્રમાણે જ છે.[૨૦]

શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર (ભગવતીસૂત્ર)માં મરણના પાંચ પ્રકાર બતાવ્યા છે.[૨૧]

**૧) આવીચિક મરણ ૨) અવધિમરણ ૩) આત્યન્તિક મરણ ૪) બાલમરણ ૫) પંડિતમરણ.**

(૧,૨,૩) આવીચિક મરણ, અવધિમરણ તથા આત્યન્તિક મરણના અર્થ આપણે આગળ જોયા. અહીં, ભગવતીસૂત્રમાં તે ત્રણે મરણ થવાના કારણમાં પાંચ પ્રકારો - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવનો મહત્ત્વનો ફાળો દર્શાવ્યો છે. વળી, ચાર ગતિરૂપ સંસારમાં દ્રવ્ય, કાળ, ભાવ અને ભવને ગણી લેવાયા.

**દા.ત. આવીચિક મરણ - પાંચ પ્રકાર -**

૨૦. પાક્ષિકસૂત્રવૃત્તિ. સૂત્ર. ૬૪.

૨૧. શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર. ૧૩મુ શતક. ૭મો ઉદ્દેશ.

**દ્રવ્યાવીચિક, ક્ષેત્રાવીચિક, કાળાવીચિક, ભવાવીચિક, ભાવાવીચિક.** હવે, દ્રવ્યાવીચિકના ચાર પ્રકાર આ પ્રમાણે -

**નૈરયિક દ્રવ્યાવીચિક, તિર્યંચયોનિ દ્રવ્યાવીચિક, મનુષ્ય દ્રવ્યાવીચિક, દેવ દ્રવ્યાવીચિક.**

આ પ્રમાણે ક્ષેત્રવિચિકાદિના પણ ૪-૪ પ્રકાર થાય. તેથી આવિચીક, અવધિ તથા આત્યન્તિક મરણના પણ ૨૦-૨૦ એટલે આવીચિક, અવધિ તથા આત્યન્તિક મરણના કુલ ભેદ ૬૦ થયાં. તેમાં નીચે પ્રમાણેના ૧૨ બાલમરણ તથા ૨ પંડિતમરણનો ઉમેરો કરતાં, મરણના કુલ ૭૪ ભેદ ભગવતીસૂત્રકારે આપણને બતાવ્યા છે.

**(૪) બાલમરણ** - ૧) વલનમરણ ૨) વશાર્તમરણ ૩) અન્તઃશલ્ય-મરણ ૪) તદ્ભવમરણ ૫) ગિરિપતન ૬) તરુપતન ૭) જલપ્રવેશ ૮) અગ્નિપ્રવેશ ૯) વિષભક્ષણ ૧૦) શસ્ત્રાવપાટન ૧૧) વૈહાયસ ૧૨) ગૃદ્ધ પૃષ્ઠ.

સ્થાનાંગ સૂત્રમાં આપણે જોયા તે જ પ્રમાણેના અર્થવાળા આ બાલમરણના પ્રકારો છે.

**(૫) પંડિત મરણ** - (૧) ભક્તપ્રત્યાખ્યાન, (૨) પાદપોપગમન.

બન્ને મરણમાં આહારનો ત્યાગ સરખો જ છે. અણસણ અંગીકાર કર્યા પછી આહારનો સર્વથા ત્યાગ હોય છે. ભક્તપ્રત્યાખ્યાન મરણમાં હાલવા-ચાલવાની તથા બીજાની સેવા લેવાની છૂટ હોય છે, જ્યારે પાદપોપગમન મરણમાં બીજાની સેવા લેવાતી નથી. તેમ જ, હાલવા-ચાલવાની પણ છૂટ નથી, કપાયેલાં વૃક્ષની ડાળીની જેમ સાધક શરીરના અંગોપાંગને સ્થિર કરીને રહે છે.

**અનશન - (ભગવતી સૂત્ર પ્રમાણે) :-**

મૃત્યુ સમયે અથવા મૃત્યુ નજીક જાણીને સાધક જ્યારે ચાર પ્રકારના આહારને - અશન, પાન, ખાદિમ, સ્વાદિમ - ત્યાગ કરે છે, તેને અનશન કહેવાય છે, તે અનશનના બે પ્રકાર છે.[૨૨]

૧) ઈત્વરિક અનશન ૨) યાવત્કથિત્ અનશન.

૨૨. શ્રી ભગવતીસૂત્ર, શતક ૨૫, ઉદ્દેશ ૭.

ઈત્વરિક અનશન અવધૃત એટલે કે, કાળની મર્યાદાપૂર્વક થાય છે. જેમ કે-

આ અનશનને આદરનાર મુનિ ચતુર્થભક્ત (ઉપવાસ), ષષ્ઠભક્ત, અષ્ટમભક્ત, દસમભક્ત, દ્વાદશભક્ત, ચતુર્દશભક્ત, અર્ધમાસિક તપ, માસક્ષમણ, દ્વિમાસિક, ત્રિમાસિક યાવત્ છ માસિક તપ[૨૩] સુધી જે તપ કરે તે ઈત્વરિક અનશન કહેવાય છે.

યાવત્કથિત્ અનશન અનવધૃત છે, તેમાં સાધક મરણપર્યંત આહારત્યાગની પ્રતિજ્ઞા લે છે.

યાવત્કથિત્ અનશન બે પ્રકારે થાય છે -

**ભક્તપ્રત્યાખ્યાન** - પ્રત્યાખ્યાનપૂર્વક ક્રમશઃ આહાર ત્યાગ તથા

**પાદપોપગમન** - સંપૂર્ણપણે આહાર ત્યાગ.

**જૈનેન્દ્રવર્ણી** - જૈનેન્દ્ર સિદ્ધાંત કોશમાં અનશનનું લક્ષણ બતાવતાં કહ્યું કે - "જે મન ઈંદ્રિયોને જીતે છે, આ ભવ પરભવના વિષયસુખની અપેક્ષા રાખતો નથી, પોતાના આત્માના સુખમાં જ નિવાસ કરે છે અને સ્વાધ્યાયમાં તત્પર રહે છે, તેવો પુરુષ કર્મની નિર્જરાર્થે એક દિવસ વગેરેનું પરિમાણ કરીને લીલા માત્રથી આહારનો ત્યાગ કરે છે, તે અનશન નામનું તપ છે."[૨૪]

ચારે પ્રકારના આહારનો ત્યાગ ત્રણ પ્રકારે કરવાનો હોય છે. મન, વચન, કાયાની કર્મગ્રહણ કરવામાં નિમિત્તવાળી ક્રિયાઓનો ત્યાગ એટલે જ અનશન.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પાંચમા 'અકામમરણીય' અધ્યયનમાં મરણના બે પ્રકાર બતાવ્યાં છે[૨૫] -

**૧) સકામ મરણ** તથા **૨) અકામ મરણ.**

**સકામ મરણ :-** ધ્યેયપૂર્વક અને શાંતિપૂર્વક અવસાન થાય તો, તે સકામમરણ

---

૨૩. ૨૪મા તીર્થંકરના સમયમાં છ માસ સુધીનું ઉત્કૃષ્ટ અનશન હોઈ શકે, પ્રથમ તીર્થંકરના સમયમાં એક વર્ષ તથા મધ્યના બાવીસ તીર્થંકરોના સમયમાં આઠ માસનું ઉત્કૃષ્ટ અનશન હોઈ શકે.

૨૪. જૈનેન્દ્ર વર્ણી - જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ.

૨૫. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - કન્હૈયાલાલજી, ભા.૨, અ.૫, પૃ.૧૨૩-૨૪.

કહેવાય છે. મૃત્યુના અવસરને મહાન ઉત્સવ જેવો માને, મરણજન્ય દુઃખોનો જરાયે સરખો અનુભવ થાય નહીં બલ્કે, મરણ આવે તો ભલે આવે, એવી અભિલાષાથી મરણ થાય તો, તે સકામમરણ કહેવાય. ચારિત્રસંપન્ન પ્રાણીઓને જ આ મરણ થાય છે. સકામમરણ ત્રણ પ્રકારના હોય છે.[૨૬]

૧) **ભક્તપ્રત્યાખ્યાન** - મૃત્યુ સમયે ચારે આહારનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાપૂર્વક -

૨) **ઈંગિતમરણ** - ચાર પ્રકારના આહારત્યાગ તથા વાપરવાની જગ્યાની પણ મર્યાદા.

૩) **પાદપોપગમન** - કાપેલી વૃક્ષની ડાળી માફક એક પડખે અંતિમ શ્વાસ સુધી રહેવું.

**અકામમરણ :-** માણસ ઈચ્છે કે મરણ ન આવે તો સારું છતાં, મરણ તો થાય જ છે. કામભોગોયુક્ત, અજ્ઞાનીજીવ કદી એવું ન ઈચ્છે કે 'મારું મરણ થાય' - તેવાનું મરણ તે અકામમરણ. સત્ - અસત્ ના વિવેકથી જે વ્યક્તિ વિકળ હોય તેનું અકામમરણ અનેકવાર થાય છે.

વળી પોતાના જીવનના અંત સુધી અન્યની હિંસામાં રચ્યો પચ્યો રહેનાર, સંસાર-ઘરબાર-પુત્ર-પત્ની-કુટુંબમાં આસક્તિપૂર્વક રાચનાર જીવ દુઃખો ભોગવે છે. તેવાઓને મરણ ગમતું ન હોવાથી તેમનું મરણ અકામમરણ કેહવાય છે. અકામમરણથી મરેલા પાપી જીવ ભવ હારી જાય છે.

બન્ને પ્રકારના મરણને સમજાવતાં સૂત્રકારે સંસાર, ચાર ગતિ, સંયોગ, વિયોગ, કર્મ, દુઃખ, કષાયો વગેરેનું એક સુંદર રૂપક દ્વારા વિવેચન કર્યું છે.[૨૭]

"દેવતા, મનુષ્ય, તિર્યંચ, નારકી ચાર ગતિરૂપ આ સંસારરૂપી સમુદ્રનું પરિમંડળ છે. જન્મ-જરા-મરણરૂપી જળ એમાં ભરેલાં છે. સંયોગ અને વિયોગ એ આ સમુદ્રના તંરગો છે. આધિ, વ્યાધિ, દારિદ્રય વગેરેના દુઃખોથી ચિત્કાર કરતો એવો જે કરુણ વિલાપ છે, તે જ એનો ઘર ઘર અવાજ છે. આઠ કર્મરૂપી પાણાની સાથે તે અથડાયાં કરે છે. ક્રોધાદિક કષાયો તેમાં પાતાળકળશ સ્વરૂપ

૨૬. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૫.૩૨ મુ.સૂત્ર.

૨૭. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રી કન્હૈયાલાલજી - અધ્યયન ૫. પૃ.૧૨૫.

છે. રાગ-દ્વેષરૂપી જેમાં નક્ર અને મગરમચ્છ ઉછળી રહેલાં છે.'' આટલાં બધા ભયવાળા સંસારસમુદ્રને પાર કરવો ઘણો દુષ્કર છે. સકામમરણથી કોઈ કોઈ મહાપુરુષો જ આ ભવસાગરને પાર પામી શક્યા છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં મરણકાળમાં અનશનના બે પ્રકાર બતાવ્યાં છે. ૧) સવિચાર અનશન તપ, ૨) અવિચાર અનશન તપ.

### (૧) સવિચાર અનશન તપ

જે તપમાં ચેષ્ટા લક્ષણરૂપ વિચાર હોય છે જેમ કે - પ્રતિલેખના કરવી, સંસ્તારક કરવો, પ્રાસુક જળનું પાન કરવું, ઉદ્વર્તન, અપવર્તન આદિ, તેને સવિચાર અનશન તપ કહેવાય છે.

ભક્તપ્રત્યાખ્યાન તથા ઈંગિનીમરણ સવિચાર તપ કહેવાય છે.

**(ક) ભક્તપ્રત્યાખ્યાન** - ગચ્છની વચમાં રહેલો સાધુ મરણમાં ઉદ્યત થાય, ગુરુ પાસે આલોચના ગ્રહણ કરીને વિધિપૂર્વક સંલેખના કરે છે, તે સમયે ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે છે. તૃણ સંસ્તારક બિછાવીને શરીર અને ઉપકરણ ઉપર મમત્વભાવનો પરિત્યાગ કરીને નવકારમંત્રનો જાપ કરે છે. સાથે રહેલાં સાધુ પણ નવકારમંત્ર સંભળાવતાં જ રહે છે. શક્તિ હોય ત્યાં સુધી પોતે જાતે પ્રતિલેખનાદિ ક્રિયાઓ કરે છે, શક્તિ ક્ષીણ થતાં બીજા પાસે કરાવે છે.

**(ખ) ઈંગિતમરણ** - શુદ્ધ સ્થંડિલમાં સ્થિત થઈને ચારે આહારનો ત્યાગ કરી ક્ષપક મર્યાદિત સ્થંડિલમાં જ પ્રતિલેખનાદિ ક્રિયાઓ કરે છે. મર્યાદિત જગ્યામાં જ હરવા ફરવાની પ્રતિજ્ઞાપૂર્વક સઘળી ક્રિયાઓ પોતાની જાતે કરે છે.

### (૨) અવિચાર અનશન તપ

પાદપોપગમન મરણ અવિચાર અનશન તપનો પ્રકાર છે. આ પ્રકારના મરણમાં દેવગુરુવંદના તથા વિધિપૂર્વક ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરીને અનશની સાધુ કાં તો ઉપાશ્રય આદિમાં રહે છે અથવા તો પર્વત, ગુફામાં રહે છે અને એ સ્થળે પાદપ અર્થાત્ વૃક્ષની માફક સંપૂર્ણપણે નિશ્ચેત બનીને સ્થિર રહે છે. ગામ અથવા નગરમાં, ઉપાશ્રય આદિમાં જો સાધુ અનશન અંગીકાર કરે તો તેમના મરણ પછી મૃત ક્લેવરને ગામ બહાર કાઢવામાં આવે છે અને એ મરણને

નિર્હારી મરણ કહેવાય છે. જ્યારે અરણ્યમાં જઈ સાધુ અનશન કરે તો મૃત ક્લેવરનો નિર્હાર કરવો પડતો નથી તેથી તે મરણ અનિર્હારી મરણ કહેવાય છે.

ભક્તપ્રત્યાખ્યાન તથા ઈંગિની મરણ સપરિકર્મ છે, જ્યારે પાદપોપગમન મરણ અપરિકર્મ છે.

આ ત્રણે પ્રકારના મરણોને સાધુ ક્યારે ગ્રહણ કરે ? કેવી રીતે કરે તેના સંદર્ભમાં કહે છે. "સુખ સમાધિ અવસ્થામાં શ્રી જિનવચન મર્મજ્ઞ ગીતાર્થ સાધુ ભક્તપ્રત્યાખ્યાન આદિ મરણોને સંલેખનાપૂર્વક ધારણ કરે છે. અન્યથા આર્તધ્યાન થવાની સંભાવના રહે છે."

વીજળીનું ઉપર પડવું, ભીંતની નીચે દબાઈ જવું, વ્યાઘાતના થવાથી, પ્રાણઘાતક રોગાદિકનાથી સંલેખનાને ધારણ ન કરવા છતાં, ભક્તપ્રત્યાખ્યાન આદિ ત્રણ મરણોને સાધુ કરી લે છે. આ અપરિકર્મ છે. સંલેખનાપૂર્વક જે મરણ થાય તે સપરિકર્મ છે.

શ્રી નિશીથસૂત્રમાં મરણના ૨૦ પ્રકારો દર્શાવ્યાં છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| गिरिपतनानि | - | પર્વતથી કૂદીને મરવું. |
| भृगुपतनानि | - | ઊંચા પ્રદેશ પરથી કૂદીને મરવું. |
| तरुपतनानि | - | વૃક્ષ પરથી પડીને મરવું. |
| गिरिप्रस्कंदनानि | - | પર્વત પરથી દોડીને પડવું. |
| मरुप्रस्कंदनानि | - | ઊંચા પર્વત પરથી દોડીને પડવું. |
| भृगुप्रस्कंदनानि | - | ઊંચા પ્રદેશ પરથી દોડીને પડવું. |
| तरुप्रस्कंदनानि | - | વૃક્ષ પરથી કૂદીને પડીને મરવું. |
| जलप्रवेशनानि | - | અગાધ જલમાં પ્રવેશીને મરવું. |
| ज्वलनप्रवेशनानि | - | બળતી આગમાં પ્રવેશ કરીને મરવું. |
| जलप्रस्कंदनानि | - | અગાધ જલમાં દોડીને પડીને મરવું. |
| ज्वलनप्रस्कंदनानि | - | બળતી આગમાં દોડીને પ્રવેશ કરીને મરવું. |

विषभक्षणानि - વિષ ખાઈને મરવું.

शस्त्रोत्पातनानि - શસ્ત્રોથી ઘાયલ થઈને મરવું.

वलयमरणानि - પરીસહોથી પીડાઈ સંયમ છોડીને મરવું.

वशार्तमरणानि - ઈન્દ્રિયોના વિષયને વશીભૂત થઈ મરવું.

तद्भवमरणानि - વર્તમાન ભવનું આયુષ્ય બાંધીને મરવું.

अन्तः शल्यमरणानि - અપરાધોની આલોચના ન થઈ હોય છતાં મરે.

वैहायसानि - ગળામાં ફાંસી લગાવીને મરવું.

मरुपतनानि - મરુ પ્રદેશ પર મરવું.

गृद्धस्पृष्टानि - વિશાળ કદના હાથી આદિના મૃત શરીરમાં પ્રવેશ કરી મરવું. (ગીધ આદિ પક્ષીઓ શબને ખોતરી ખાય)

શ્રી સ્થાનાંગસૂત્ર તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં આવેલાં બાલમરણના પ્રકારોમાંથી અહીં ઘણાનો સમાવેશ થયો છે.

**પ્રકીર્ણકસૂત્રો જેવા કે** – ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, સંસ્તારક, ચંદ્રાવેધ્યક, મહાપ્રત્યાખ્યાન, મરણસમાધિ, આરાધનાપતાકા વગેરે ગ્રંથોમાં પણ ઉત્તમમરણના પ્રકારો,[૨૮] મરણની વિધિ, આવશ્યક ક્રિયાઓ વગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન છે, જે મેં તે દરેકના પરિચયસ્થળે નોંધેલ છે.

આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન જેવા ગ્રંથોમાં મૃત્યુ સમય નજીક જાણે ત્યારે સાધક મુનિએ કરવાના પચ્ચક્ખાણની વાત કરી છે. અંતિમ સમયે રોગથી ઘેરાયેલાં અસમર્થ મુનિને પણ મનને મક્કમ કરીને કરાવવામાં આવતાં પચ્ચક્ખાણની વિધિ દર્શાવાઈ છે. જેમાં સાધક મુનિને સમાધિ ટકી રહે તે પ્રમાણે ક્રમશઃ આહારને ઘટાડી પછી અનશન કરાવવાનો ઉપદેશ છે. કારણ, અંતિમ સમયે સમાધિ ટકી રહેવી તે અગત્યની વસ્તુ છે.

સમાધિ ટકાવવા નિર્યામક આચાર્યો સાધક મુનિને અરિહંતાદિ ચાર શરણાંનો સ્વીકાર કરાવે છે તે ચતુઃશરણ પ્રકીર્ણકમાં દર્શાવવામાં આવ્યું છે. ચાર શરણાંનો

૨૮. પ્રકીર્ણકોમાં મુખ્યત્વે બે પ્રકારના મરણ છે. ૧) અજ્ઞાનીનું અસમાધિવાળું મરણ તથા ૨) જ્ઞાનીનું સમાધિપૂર્વકનું મરણ અથવા ૧) બાલમરણ ૨) પંડિતમરણ.

સ્વીકાર કર્યા પછી આહાર ઘટાડી, કષાયો પાતળા કરી અનશન સ્વીકારનાર સાધુ સંથારાનો સ્વીકાર કરે છે, તે હકીકત સંસ્તારક પ્રકીર્ણકમાં દર્શાવી છે.

રાધાવેધ સાધનારની જેમ પંડિતમૃત્યુ માટે અપ્રમત્તતાની આવશ્યક્તા ચંદ્રાવેધ્યક પ્રકીર્ણકમાં બતાવવામાં આવી છે.

'આરાધના પતાકા' તથા 'આરાધના પ્રકરણ' માં પણ પંડિતમરણ માટે ઉદ્યત થયેલાં સાધક મુનિને કરવાની આરાધના દર્શાવી છે. જેમાં 'તપના બાર પ્રકારમાં સ્વાધ્યાય સમું કોઈ તપ નથી'[૨૯], એમ કહી જ્ઞાનનું મહત્ત્વ બતાવ્યું છે અને ઉપદેશ આપતાં કહ્યું કે, જીવન દરમ્યાન જ્ઞાન, તપ વગેરેની સાધના પછી સાધક જ્યારે મૃત્યુને નજીક જાણે ત્યારે તેણે ઈંદ્રિયના સુખને છોડવું જોઈએ તથા પરીસહ આવે તો તેને પણ સમભાવથી સહન કરવા જોઈએ. અંતિમ સમયે સમાધિ મળી શકે તે માટે જીવન દરમ્યાન પોતાનાથી થયેલાં દુષ્કૃત્યોની આલોચના લેવી જોઈએ. આલોચના લેતી વખતે ભાવશલ્યને પણ છુપાવવું નહીં કારણ કે, તેમ કરતાં દુર્લભબોધિપણું મળે છે અને જીવનો અનંત સંસાર વધી જાય છે.[૩૦] જાણે કે **અજાણે** કરેલાં દુષ્કૃત્યોની આલોચના ગુરુ પાસે લેવી તથા આત્માની સાક્ષીએ પણ તેની નિંદા કરવી.[૩૧]

મરણસમાધિ ગ્રંથમાં કર્તાએ મુખ્યત્વે પંડિતમરણને લક્ષમાં રાખીને તેને મેળવવા માટેના પુનિત સોપાનોનો નિર્દેશ કર્યો છે. પ્રસ્તુત ગ્રંથમાં મરણના મુખ્ય બે પ્રકાર ૧) સમાધિમરણ અથવા પંડિતમરણ તથા ૨) અસમાધિમરણ અથવા બાલમરણ કર્તાએ દર્શાવ્યાં છે.

પંડિતમરણના ત્રણ પ્રકારો બતાવી કર્તાએ બાલમરણના પ્રકારો વિશે આગળ આગમગ્રંથોની માફક વિસ્તારપૂર્વકનું વિવેચન કર્યું નથી. ટૂંકમાં જ બાલમરણના સ્વરૂપનું નિરૂપણ કરી[૩૨] પંડિતમરણ માટે આવશ્યક માહિતી આપી છે ; જે ગ્રંથના નામને યથાર્થ સાબિત કરે છે.

---

૨૯. આરાધના પતાકા. ૫૮૯. આરાધનાપ્રકરણ ૫૮૯.

૩૦. આરાધના પતાકા. ૨૧૬. આરાધનાપ્રકરણ ૨૫૨૫.

૩૧. આરાધના પતાકા. ૨૦૭.

૩૨. મરણસમાધિ ગાથા ૭૦ થી ૭૭.

પંડિતમરણ માટે આરાધના, તપ, ત્યાગ વગેરેની વાતો કર્તાએ અહીં બહુ જ વિસ્તારપૂર્વક કરી છે. ઉત્તમ ધ્યેયને સાધવા માટેના માર્ગનો ચિતાર જેટલો વધુ મેળવ્યો હોય એટલી વધુ સરળતા રહે. સમાધિમરણ જેવા ઉત્તમ ધ્યેયને સિદ્ધ કરવા તેને અનુસરતી બધી જ બાબતોનું પરિશીલન જ સાધકને પોતાના ઉત્તમ લક્ષની નજીક લઈ જઈ શકે છે. આમ, મોક્ષને લક્ષ બનાવી કરવામાં આવતાં પંડિતમરણને પામવા માટેના જે આનુષંગિક મુદ્દાઓ કર્તાએ અહીં ચર્ચ્યા છે, તેનું મહત્ત્વ ઘણું છે. પંડિતમરણ અથવા સમાધિપૂર્વકના મરણ માટે કર્તાએ અહીં બે રીત બતાવી છે.[૩૩] પહેલી રીત પ્રમાણે, પંડિતમરણ માટે ચૌદ સ્થાનો દ્વારા પ્રયત્ન કરવાનો હોય છે અને બીજી રીત પ્રમાણે મરણવિધિના છ સ્થાનો બતાવ્યાં છે, જે આ પ્રમાણે છે :-

**ચૌદ સ્થાનો :-**

**૧) આલોચના :-** પોતાના અંતિમ સમયને સુધારી, સમાધિને મેળવી, મોક્ષ પામવાની ઈચ્છાવાળા સાધકે સૌ પ્રથમ જીવનમાં પોતાનાથી થયેલી ભૂલો, પાપોનું શુદ્ધ અંતઃકરણપૂર્વક, મન, વચન, કાયાથી શુદ્ધિથી, નિઃશલ્યપણે ૩૬ ગુણોથી યુક્ત યોગ્ય આચાર્ય મહારાજ પાસે પ્રાયશ્ચિત કરવું જોઈએ. આવા સાધકો આરાધક કહેવાય છે.[૩૪]

**૨) સંલેખના :-** બાહ્ય સંલેખના દ્વારા શરીર તથા અભ્યંતર સંલેખના દ્વારા કષાયોને કૃશ કરવા. રાગ-દ્વેષની ગેરહાજરીમાં દુઃખ સંભવી શકતું નથી. ગાથા ૧૯૭માં કર્તાએ કહ્યું છે કે કોણ મોક્ષને ન મેળવી શકે જો રાગદ્વેષ ન હોય તો ?[૩૫] જઘન્યથી સંલેખના છ મહિનાની અને ઉત્કૃષ્ટથી બાર વર્ષની હોય છે.

**૩) ઉપવાસાદિક તપ :-** બાહ્ય અને અભ્યંતર તપ દ્વારા શરીર તથા આત્માને વિશુદ્ધ દશામાં લાવવા, વિવિધ પ્રકારની પડિમાઓ ગ્રહણ કરી, વિવિધ તપ દ્વારા સંયમમાં સ્થિર થઈને, યથાશક્તિ તપ દ્વારા શરીરનું શોષણ કરવાનું હોય છે.

---

૩૩. મરણસમાધિ પ્રકીર્ણક - ગાથા ૮૧-૮૩.

૩૪. इय अवि मोहं मोत्तूणं गुरुसगासम्मि ।
आलोइय निस्सल्ला मरिउं आराहगा ते वि ॥ ७८ ॥ મરણસમાધિ.

૩૫. की दुक्खं पावेज्जा ? कस्स य सुक्खेहिं विम्हओ होज्जा ?
को व न लभेज्ज मुक्खं ? राग-द्दोसा जइ न होज्जा ॥ १९७ ॥

૪) **કાળ-સમય :-** પોતાનું શરીર જ્યારે સંયમયાત્રામાં સાથ ન આપે, દારુણ માંદગી આવી પડે અથવા જ્ઞાની ગુરુ પાસે પોતાના આયુષ્ય ક્ષીણ થવા આવવાની જાણ થાય ત્યારે સાધક યથાશક્તિ ત્રણ અથવા ચાર આહારનો ત્યાગ કરે છે.

૫) **ઉત્સર્ગ-ત્યાગ :-** મન, વચન, કાયાની સાવદ્યક્રિયાઓનો ત્યાગ.

૬) **ઓગાસ (અવકાશ) :-** ક્ષેત્ર. નક્કી કરેલાં પ્રદેશમાં જ હરવું-ફરવું એવા ઠરાવવાળું અનશન કરવું. દા.ત. ઈંગિતમરણ

૭) **સંથારો :-** સમાધિમરણને પામવા ઈચ્છનાર આ પછી ગામ બહાર જઈ તૃણ, દર્ભ કે લાકડાની ફળક લઈ તેના ઉપર સંથારો કરે છે. મરણસમાધિકારે બધા પ્રકારના સંથારામાં આત્માને વધુ મહત્ત્વ આપ્યું છે.

न वि कारणं तणमओ संथारो न वि य फासुया भूमी ।
अप्पा खलु संथारो होइ विसुद्धो मरंतस्स ॥ २८७ ॥

૮) **નિસગ્ગ ત્યાગ :-** સંથારા ઉપર સ્થિર થયેલાં મુનિ આહાર તથા ઉપધિનો ત્યાગ કરે છે.

૯) **વૈરાગ્ય :-** પોતાના અંતઃકરણને વૈરાગ્યના રસમાં તરબોળ કરી દે છે.

૧૦) **મોક્ષના અર્થી :-** સમાધિમરણને પામવાં માટે ઉત્સુક બનેલાં સાધકની પોતાની ક્રિયાઓ પાછળનો આશય ફક્ત મોક્ષ મેળવવાનો જ હોવો જોઈએ.

૧૧) **ઉત્તમ ધ્યાન :-** સંથારા ઉપર આરૂઢ થયેલા મુનિએ ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં મનને રોકી લેવાનું હોય છે.

૧૨) **શુભ લેશ્યા :-** અંતિમ સમયે જીવની જે લેશ્યા હોય તે પ્રમાણે તે ગતિને પામે છે, તેથી સતત શુભ લેશ્યાની પરિણતિ રાખવી.

૧૩) **સમ્યક્ત્વ :-** ઉપરના બધા સ્થાનોને જેમ જેમ સાધક આચરણમાં મૂકે તેમ તેમ તેનું સમ્યક્ત્વ નિર્મળ બને છે અને નિર્મળ સમ્યક્ત્વના પ્રકાશને ઝીલતો તે સાધક અલ્પ સંસારવાળો બને છે.[૩૬]

---

૩૬. મરણસમાધિ ગાથા ૨૦.

**૧૪) પાદપોપગમન :-** અંત સમય નજીક જાણીને ચારે આહારનો ત્યાગ કરી, કપાયેલાં વૃક્ષની ડાળીની માફક નિશ્ચેતન દશામાં એક પડખે સૂઈ રહેવું, કોઈ પણ ઉપસર્ગ આવે તો ખસવું નહીં, આયુષ્યની સમાપ્તિ સુધી એ જ પ્રમાણે રહેવું.

**મરણવિધિની બીજી રીત :- છ સ્થાનો :-**

**૧) વિનયપૂર્વકની ક્રિયા :-** વિનય, બહુમાનપૂર્વક કરાતી દરેક સમ્યક્ ક્રિયા કર્મનિર્જરાનું કારણ બને છે.

**૨) અભિમાનનો ત્યાગ :-** માન કષાયનો ત્યાગ થાય તો સર્વ જીવો સાથેની ક્ષમાપના સહેલાઈથી થઈ શકે. વળી પૂર્વે પોતાનાથી થયેલાં પાપોની કબૂલાત માટે પણ અભિમાન, અહંકારને છોડવા જરૂરી છે.

**૩) ગુરુજનની પૂજા :-** દેવ, ગુરુ, વડીલ, જિન આગમ, જિન મંદિર તથા સકલ સંઘની ભક્તિભાવે પૂજા કરવી. તેઓની આજ્ઞાનું બહુમાન કરવું.

**૪) તીર્થંકરોની આજ્ઞા :-** તીર્થંકરોની આજ્ઞા પ્રમાણે અનુસરણ કરવાથી જીવ જ્યારે સંવરમાં પ્રવેશે છે ત્યારે કર્મવૃક્ષનો સમૂળ નાશ કરી દે છે.[૩૭]

**૫) શ્રુત ધર્મની આરાધના :-** આગમોનું અધ્યયન; વાચના-પૃચ્છના, પરાવર્તના દ્વારા થવું જોઈએ.

**૬) આચરણ :-** આગમો દ્વારા મેળવેલાં જ્ઞાન દ્વારા તેને અનુરૂપ આચરણ થવું જોઈએ.

આમ મરણસમાધિકાર પ્રમાણે પાંચ પ્રકારની શુદ્ધિ તથા વિવેકવાળો જીવ,[૩૮] અસંકિલષ્ટ ભાવનાને સેવનારો જીવ, વિષયસુખમાં પરાધીન ન બનતો જીવ, જ્ઞાન, દર્શન અને ચારિત્રને સમમ્યક્પણે આરાધનાર જીવ અંતિમ સમયે સમાધિને ટકાવી શકે છે અને મોક્ષમાર્ગના સોપાન ચઢી શકે છે.

**બાલમરણ :-** કર્તાએ અહીં બાલમરણના પ્રકારો અથવા તેનું લાંબુ વિવેચન

---

૩૭. जिणवयणमणुगयमई जं वेलं होई संवरपविट्ठो ।
अग्गी व वायसहिओ समूल-डालं डहइ कम्मं ॥ २९० ॥

૩૮. મરણસમાધિ ગાથા ૬૮-૬૯.

કર્યું નથી, કારણ અન્યત્ર તે ઘણા વિસ્તારથી અપાયું છે, જે આપણે આગળ જોયું છે, વળી પ્રસ્તુત ગ્રંથમાં કર્તા સમાધિપૂર્વકના મરણનો જ મુખ્ય ઉદ્દેશ રાખી તેને માટે જ વાતોની ચર્ચા કરવાનો આશય રાખે છે. છતાં, ટૂંકમાં બાલમરણના સ્વરૂપને જરૂરથી બતાવી દીધું છે.[૩૯] જેમ કે :- જિનવચન પ્રમાણેના છ દ્રવ્ય, નવ તત્ત્વાદિકમાં અશ્રદ્ધાવાનનું મરણ તે બાલમરણ છે.[૪૦] તે જ પ્રમાણે કંદર્પાદિક સંકિલષ્ટ ભાવનાઓના સેવનથી અને પાંચ પ્રકારની શુદ્ધિ વગરનો સાધક પણ સમાધિથી દૂર એટલે કે બાલમરણને પામે છે.[૪૧] આવા સુંદર મનુષ્યભવને પામીને પણ જીવો મરણપર્યંત જિનેશ્વરોએ કહેલા દુર્લભ ધર્મ પામતાં નથી. આવા જીવો સિદ્ધિના સુખોથી અજ્ઞાત હોય છે અને તેથી જ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિપૂર્વક રહે છે. મોહ અને માયારૂપી સાગરમાં તે ગળાડૂબ રહે છે અને વળી તેનો પશ્ચાતાપ પણ કરતાં નથી.[૪૨]

દિગંબર સંપ્રદાયના ગ્રંથોમાં પણ મૃત્યુ, તેના પ્રકારો અંગે વિગતો મળે છે, જેની અત્રે નોંધ લેવી ઘટે છે.

**મૂલચાર :-**

દિગંબર સંપ્રદાયના આ પ્રાચીન તથા પ્રામાણિક ગ્રંથમાં મુનિના ધર્મનું પ્રતિપાદન છે. તેમાં આચાર્ય વટ્ટકેરે મરણના ત્રણ પ્રકારો દર્શાવ્યાં છે.[૪૩]

૧) બાલમરણ ૨) બાલપંડિતમરણ ૩) પંડિતમરણ.

અસંયત સમ્યક્દ્રષ્ટિ જીવ બાળ કહેવાય છે, તેઓનું મરણ બાલમરણ કહેવાય છે. સંયતાસંયત જીવ બાલપંડિત કહેવાય છે, કેમ કે તેઓથી એકેન્દ્રિય જીવોના વધ થાય છે તેથી બાલ અને બેઈન્દ્રિયાદિ જીવોના વધથી તેઓ અટકેલાં છે, તેથી પંડિત. આવા બાલ એવા પંડિતનું મરણ એટલે બાલપંડિતમરણ.

---

૩૯. એજન. ગાથા ૭૦-૭૭.

૪૦. એજન. ગાથા ૨૧.

૪૧. એજન. ગાથા ૬૮-૬૯.

૪૨. એજન. ગાથા ૭૭.

૪૩. तिविहं भणंति मरणं बालाणं बालपंडियाणं च ।
तइयं पंडितमरणं णं ज केवलिणो अणुमरंति ॥ ५६ ॥ બૃહદ્પ્રત્યાખ્યાન.

છઠ્ઠાથી ચૌદમાં ગુણસ્થાનક સુધીના ચારિત્રધારી આત્માઓનું મરણ પંડિતમરણ કહેવાય છે.

**ભગવતી આરાધના :-**

મખ્યત્વે આરાધનાના વિષયને લખાયેલા આ ગ્રંથમાં મરણના ૧૭ ભેદ બતાવ્યાં છે, જે આપણે આગળ જોયા તે સમવાયાંગ સૂત્રાનુસારે જ છે.[૪૪]

**સમાધિમરણોત્સાહદીપક**[૪૫] માં મરણના પ્રકારો નીચે પ્રમાણે છે.

૧) બાલ-બાલમરણ ૨) બાલમરણ ૩) બાલપંડિતમરણ ૪) પંડિત-મરણ ૫) ભક્તપ્રત્યાખ્યાન દ્વારા પંડિતમરણ ૬) ઈંગિની પંડિતમરણ ૭) પ્રાયોપગમન પંડિતમરણ.

**અ) બાલ-બાલ મરણ** - મિથ્યાદ્રષ્ટિ જીવ આ મરણથી મૃત્યુ પામે છે.

**બ) બાલજીવ પાંચ પ્રકારના હોય છે.**

**૧) અવ્યક્ત બાલ** - અવિકસીત જીવ-પોતાના અર્થ, કામ વગેરેમાં અસમર્થ.

**૨) વ્યવહાર બાલ** - લૌકિક અને શાસ્ત્રીય વ્યવહારથી અજ્ઞાત.

**૩) દર્શન બાલ** - તત્ત્વની શ્રદ્ધાથી રહિત મિથ્યાદ્રષ્ટિ જીવ.

**૪) જ્ઞાન બાલ** - જીવના ભેદ વગેરે સમ્યક્જ્ઞાનથી રહિત હોય.

**૫) ચારિત્ર બાલ** - ચારિત્રથી રહિત જીવ.

બાલપંડિતમરણ તથા પંડિતમરણનો અર્થ મૂલાચાર પ્રમાણે જ થાય છે અને તે પછી પંડિતમરણના ત્રણ પ્રકાર જે આપણે આગળ જોયા તે પ્રમાણે જ છે.

મરણના પ્રકારો આપણે ઠેઠ આગમકાળથી તપાસ્યા. બધામાં વિવિધતા જોવા મળી. આનું શું કારણ હોઈ શકે ? જવાબમાં આપણે એમ કહી શકીએ કે ઉપરોક્ત સઘળા ગ્રંથના સમયમાં ઘણું અંતર છે. વળી, તે તે કાળે વિદ્યમાન તે તે આચાર્યોએ, સ્થવિરોએ પોતાની મતિ પ્રમાણે શાસ્ત્રાધારે મૃત્યુના તેટલા તેટલા ભેદો બતાવ્યા.

---

૪૪. 'અષ્ટપાહુડ' મા પાંચમા ભાવપાહુડમાં પણ ૧૭ પ્રકારે મરણ દર્શાવ્યા છે.

૪૫. સમાધિમરણોત્સાહદીપક - હીરાલાલ જૈન સિદ્ધાંત શાસ્ત્રી.

મૃત્યુના પ્રકારોની વિવિધતામાં આમ તો પાછી એકતા છે. બાલમરણ એ અનિચ્છનીય અને પંડિતમરણ આવકારદાયક છે એમ સર્વસામાન્ય રીતે જોવા મળે છે. આ માન્યતા ઉત્તરોત્તર દ્રઢ બનતી ચાલી છે. આજની દ્રષ્ટિએ પણ આ માન્યતા ઘણી તાર્કિક લાગે છે. કારણ, પંડિતમરણ એટલે બીજું કાંઈ નહીં, પરંતુ શાંતિ, સમાધિ, કલેશરહિત અવસ્થામાં જીવનું એક શરીરમાંથી નિર્ગમન. આ અવસ્થા અંતિમ સમયે માણસ કેવી રીતે લાવી શકે ? જીવન દરમ્યાન અથવા પૂર્વના ભવો દરમ્યાન સમાધિ માટેનો કરેલો પ્રયત્ન જ સમાધિ મેળવવામાં સહાયભૂત બને છે.

ટૂંકમાં, બાલમરણથી મરનારની સદ્ગતિ થતી નથી. વિષભક્ષણ, જલપ્રવેશ, અગ્નિપ્રવેશ કે શસ્ત્રાવપાટન વગેરેથી થતું મરણ આત્માનો ઘાત કરે છે, આત્માને પીડે છે, આત્માને દુર્ગતિમાં લઈ જાય છે. આત્માની હત્યા કરનાર આવા બાલમરણનું કારણ અસમાધિ અથવા મનની અશાંતિ છે.

અસમાધિનું કારણ ગમે તે હોય જેમ કે - કષાય, ઈર્ષ્યા, કલહ, અપમાન, અપરાધ, અસંયમ, અસંતોષ, જીવન દરમ્યાન થયેલાં પાપોનો ડંખ હોવા છતાં પણ તેનો એકરાર કરવાની અશક્તિ, નાહિંમત - તે દુર્ગતિને જ આપે છે. કારણ, આવા સમયે માણસ પોતાની આત્માની શક્તિને ગૌણ કરી નાખે છે, આત્માની અનંત શક્તિનું માપ તેને ખબર નથી અથવા આત્માને તેણે અવગણ્યો છે.

આ જન્મમાં સાથ આપનાર અને અંતે તેને પણ છોડી દેવું પડે તેવા નશ્વર દેહને, તેના સુખચેનને અગ્રેસર કરી માણસ મોહ, માયા, મમતાથી તેને પોષીને અસંખ્ય પાપો કરે છે, પરંતુ ભવોભવ સાથ આવનાર આત્માને ભૂલી જાય છે અને બાલમરણથી મરે છે અને પરિણામે સંસારમાં તેનો રઝળપાટ વધી જાય છે. એના કરતાં માણસ તે ક્ષણને ધીરજથી ટાળી દે, આવી પડેલાં દુઃખને સમભાવથી સહન કરી, થયેલાં અપમાનને ગળી જઈ, મોટું મન રાખીને વર્તે તો તે પોતાની દુર્ગતિને ટાળી શકે છે.

જ્યારે સમાધિમરણને ભેટનાર સાધક ભલે અંતિમ સમયે વિકટ પરિસ્થિતિમાં આવી જાય, અસહ્ય દુઃખ આવી જાય, પરિસહ અથવા ઉપસર્ગોમાં ઘેરાઈ જાય પણ તે વિચારે કે આવું તો મેં નરક અથવા તિર્યંચયોનિમાં ક્યાં ક્યાં નથી સહ્યું ?

અત્યારે સમજ છે, શક્તિ છે તો આત્માનો ઉત્કર્ષ સાધવા શરીરની માયા છોડી દઉં. શરીરની માયા છોડી તેને વોસિરાવીને આવા સાધકો મોક્ષમાર્ગમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી દે છે.

કર્મથી સર્વથા અળગા થવાં - અથવા સિદ્ધિપદને મેળવવા માટે સાધક અનાસક્તિ, પાપભીરૂતા, પાપનું પ્રાયશ્ચિત્ત, મન, વચન, કાયાની વૃત્તિ પર અંકુશ, શરીર કરતાં આત્માનું વધુ મહત્ત્વ સ્વીકારીને વ્રત, સંયમમાં ઉત્કૃષ્ટપણે પાલન અને તે પાલનમાં જો શરીર અડચણરૂપે બને તો તેને પણ સંલેખના દ્વારા વોસિરાવી દઈને આત્માના અનુપમ સુખમાં મસ્ત બની જાય છે.

નિર્વિકારી બનેલા આત્માને પછી કોઈ જાતનો કષાયો પીડતાં નથી, દુનિયાના કોઈ પણ સુખ તેને આત્માના સુખની ગણતરીમાં ઓછા લાગે છે, મન, વચન, કયાની શુદ્ધિપૂર્વક આયુષ્યની સમાપ્તિ સુધી સમભાવ અને સમાધિમાં રહે તો ગણતરીના ભવોમાં તે પોતાની મંઝિલ - સિદ્ધગતિને પામી શકે, કારણ સમાધિપૂર્વકના મરણથી મરનારની સદ્‌ગતિ જ થાય છે. એકવાર આવેલી સદ્‌ગતિ વારંવારના સત્પ્રયત્નોથી ઈચ્છિત એવા મોક્ષફળને જરૂર આપે છે.

**(ખ) સમાધિ અસમાધિ - પ્રકાર :-**

પંડિતમરણ અથવા સમાધિમરણ ઉત્તમ છે. આ સમાધિ એટલે શું? જેના વડે આત્માને મોક્ષ કે મોક્ષના માર્ગમાં સમ્યક્‌પણે સ્થાપી શકાય તે સમાધિ છે. ચિત્તની નિર્મળતા, એકાગ્રતા, શાંતિ એ સમાધિ છે. સમાધિ એટલે તુષ્ટિ, સંતોષ, પ્રમોદ, આનંદ. સમાધિ એટલે આત્મસ્વરૂપમાં એકલીન બનવું. સમાધિની સમજૂતિ ભિન્ન ભિન્ન રીતે આગમમાં ઠેર ઠેર છે તે આપણે જોઈએ -

શ્રી સ્થાનાંગસૂત્રમાં સમાધિ દસ પ્રકારે મળી શકે તેમ કહ્યું છે. **સમાધિના દસ પ્રકાર :-**[૪૬]

૧) પ્રાણાતિપાત-વિરમણ ૨) મૃષાવાદ-વિરમણ ૩) અદત્તાદાન-વિરમણ ૪) મૈથુન-વિરમણ ૫) પરિગ્રહ-વિરમણ ૬) ઈર્યાસમિતિ ૭) ભાષાસમિતિ ૮) એષણા સમિતિ ૯) પાત્રનિક્ષેપણ સમિતિ ૧૦) પરિષ્ઠાપનાસમિતિ

૪૬. શ્રી સ્થાનાંગ - ૧૦મુ સ્થાન. ૧૩મુ સૂત્ર. સમાધિ - અસમાધિ.

પાંચ મહાવ્રત તથા પાંચ સમિતિનું યથાયોગ્ય ઉત્કૃષ્ટ પાલન સાધકને જીવન દરમ્યાન તથા અંતિમ સમયે સમાધિ મેળવવામાં સહાયક બને છે.

શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં સમાધિ ચાર પ્રકારની દર્શાવી છે :- દર્શન, જ્ઞાન, ચરિત્ર, તપ.[૪૭]

જે પોતાના આત્માને સમ્યક્ ચારિત્રમાં સ્થિર કરી શકે છે, તે ચારેમાં સ્થિર થઈ શકે છે.

**૧) દર્શન-સમાધિ :-** જિનવચનોથી રંગાયેલું અંતઃકરણ હોવાથી વાયુરહિત સ્થાનમાં રહેલ દીવાની પેઠે સ્થિર હોવું. કુબુદ્ધિરૂપ વાયુથી વિચલિત ન થવું.

**૨) જ્ઞાન સમાધિ :-**[૪૮]

जह जह सुयमवगाहई अईसयरसपसरसंजुयमक्खं ।
तह तह पलहाई मुणी णवणवसंवेगसद्धाए ।

જેમ જેમ નવા નવા શાસ્ત્રોનું અધ્યયન મુનિ કરે છે, તેમ તેમ શ્રુતમાં શ્રદ્ધા વધવાને કારણ તે આનંદ પામે છે. અને સમાધિમાં પ્રવૃત્ત થાય છે.

**૩) ચારિત્ર સમાધિ :-**[૪૯] સમ્યક્ ક્રિયાનું અનુષ્ઠાન કરનાર મુનિ વિષયસુખથી રહિત (નિવૃત્ત) નિઃસ્પૃહ હોવાથી પરમ સમાધિનો અનુભવ કરે છે. કહ્યું છે ને કે:-

तणसंथारणिसन्नो ऽ वि मुणिधरो भठ्ठरागमयमोहो ।
जे पावइ मुत्तिसुहं कत्तो तं चक्कवट्टी वि ?
नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य ।
तत्सुखमिहैव साधोलोर्कव्यापार - रहितस्य ॥

**૪) તપસમાધિ :-** ઘોર તપ કરવા છતાં પણ જેમને ગ્લાનિ થતી નથી, તથા જે ક્ષુધા, તૃષા વગેરે પરિસહોથી ઉદ્વેગ પામતાં નથી, અભ્યંતર તપનો અભ્યાસ કરવાથી ધ્યાનમાં જેનું મન સંલગ્ન થયેલું હોય છે, તે મુનિ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં હર્ષ - શોક કરતાં નથી.

---

૪૭. શ્રી સૂત્રકૃતાંગસૂત્ર - પં. શોભાચન્દ્ર ભારિલ્લ. પૃ. ૯૬.
૪૮. એજન.
૪૯. એજન.

આ રીતે ચારે સમાધિમાં સ્થિર મુનિ શરીરનો પણ મોહ છોડીને ભવચક્રથી તથા કર્મબન્ધનથી મુક્ત થાય છે.

**શ્રી સમવાયાંગ સૂત્રમાં ચિત્ત સમાધિના દસ સ્થાનો નીચે પ્રમાણે[૫૦]-**

૧) પહેલાં કોઈ વખત ઉત્પન્ન ન થઈ હોય એવી સર્વજ્ઞ-ભાષિત શ્રુત, ચારિત્રધર્મ જાણવાની ચિંતા ઉત્પન્ન થવી.

૨) પહેલાં કોઈ દિવસ જોયું ન હોય (ભવિષ્યમાં યથાર્થ ફળ આપનારું) એવું સ્વપ્ન જોવું.

૩) પૂર્વે કોઈ વાર ઉત્પન્ન ન થયું હોય એવું પૂર્વભવનું સ્મરણ કરાવવાવાળું જાતિસ્મરણ જ્ઞાન થવું.

૪) પૂર્વે ન જોયા હોય એવા દેવ-દર્શન થવા, દેવોના દિવ્ય વૈભવ, પરિવાર ઋદ્ધિ જોવા.

૫) પૂર્વે ન થયું હોય એવું મૂર્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણવાવાળું અવધિજ્ઞાન ઉત્પન્ન થવું.

૬) પહેલાં ન થયું હોય એવું લોકને પ્રત્યક્ષ જોવાવાળું અવધિદર્શન થવું.

૭) પહેલાં ન ઉત્પન્ન થયેલું એવું (અઢી-દ્વીપ-સમુદ્રવર્તી સંજ્ઞી, પંચેન્દ્રિય પર્યાપ્ત) જીવોના મનોગત ભાવ જાણવાવાળું મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થવું.

૮) પૂર્વે ન જોયેલું એવું સંપૂર્ણ લોકને પ્રત્યક્ષ (ત્રિકાલવર્તી પર્યાયોની સાથે) જાણવાવાળું કેવળજ્ઞાન ઉત્પન્ન થવું.

૯) પહેલાં ન ઉત્પન્ન થયું હોય એવું (સર્વ ચરાચર) લોકને જોવાવાળું કેવલદર્શન ઉત્પન્ન થવું.

૧૦) સર્વદુ:ખોના વિનાશક કેવલીમરણથી મરવું તે ચિત્તસમાધિનું દસમું સ્થાન છે.

સમાધિ લાવવામાં અંતરાય કરનારાં વીસ સ્થાનોનું સમવાયાંગ[૫૧] તથા દશાશ્રુતશ્કંધ[૫૨] માં વર્ણન છે. જે પાછળ બતાવ્યા પ્રમાણે :-

---

૫૦. શ્રી સમવાયાંગ સૂત્ર . દસસ્થાનક સમવાય - સૂત્ર ૬૨.

૫૧. એજન. ૨૦મુ સમવાય.

૫૨. શ્રી દશાશ્રુતસ્કંધ. ૧લું અધ્યયન.

| | | |
|---|---|---|
| ૧) | दवदव | - ધપ-ધપકરીને જલ્દી જલ્દી ચાલવું. |
| ૨) | अप्रमार्जितचारी | - દિવસના સમયે જ્યાં અનેક જીવો હોય ત્યાં તથા રાત્રિએ રજોહરણ વગેરેથી વાળ્યા વગર બેસવું. |
| ૩) | दुष्प्रमार्जितचारी | - અવિધિથી તથા ઉપયોગરહિત-પણે માર્ગમાં ચાલવું. શય્યા, ઉપધિ, સંસ્તારકમાં પણ ઉપયોગ (જયણા) ન રાખે. |
| ૪) | अहरित्त | - પ્રમાણથી વધુ શય્યા - આસન રાખવાં. |
| ૫) | रावणिए | - રાત્નિક (અધિક દીક્ષા પર્યાયવાળા) સાધુઓની સાથે વિવાદ કરવો. |
| ૬) | थेरोवघाइए | - સ્થવિર સાધુનો અને ઉપલક્ષણથી સમસ્ત સાધુઓનો ઘાત કરવાના વિચારવાળા. |
| ૭) | भूओवघाइए | - પ્રાણી, ભૂત, જીવોને વ્યર્થ ઉપઘાત કરવા. |
| ૮) | संजलणे | - પ્રતિક્ષણ, ક્રોધ, રોષયુક્ત પ્રવૃત્તિ કરવી. |
| ૯) | कोहणे | - સ્વ તથા પરને સંતાપ કરવાવાળા-ક્ષમાનો અભાવ હોવો. |
| ૧૦) | पिट्ठीमंसिए | - કોઈનીપીઠ પાછળ નિંદા કરવાવાળા. |
| ૧૧) | अभिक्खणं | - વારંવાર નિશ્ચયકારી ભાષા બોલવી. દા.ત. ચોર ન હોય તેને ચોર કહેવો-મૃષાવાદનું સેવન. |
| ૧૨) | नवण्हं | - નિત્ય નવા અધિકરણો, કલહ, યંત્રાદિઓને ઉત્પન્ન કરવા. |
| ૧૩) | पोराणाणं | - ક્ષમા આપેલ અથવા ઉપશાંત પામેલ કલહોને ફરી ઊભા કરવા. |
| ૧૪) | अकाले सज्झायकारए | - અકાળે સ્વાધ્યાય કરવો અને કાળમાં સ્વાધ્યાય નહીં કરવો. |

| | | |
|---|---|---|
| ૧૫) सरजक्खपाणिपाणे | - | સચિત્ત રજથી ખરડાયેલાં હાથ પગ હોય ત્યારે આસન પર બેસવું, તેવાની પાસેથી ભિક્ષા લેવી. |
| ૧૬) झंझकरे | - | જેનાથી ગણ અથવા સંઘમાં ભેદ ઉત્પન્ન થાય તેવા ઝંઝી વાક્ય બોલવા. |
| ૧૭) कलहकरे | - | ક્રોધાદિકથી અપ્રશસ્ત ભાવને વશ થઈ કલહ થાય એવું બોલવું. |
| ૧૮) सद्दकरे | - | રાત્રિના સમયે ઊંચા સ્વરે સ્વાધ્યાય, વાર્તાલાપ કરવા. |
| ૧૯) सूरप्पामाणभाई | - | સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વારંવાર ખાવું. |
| ૨૦) एसणासमिए | - | આહાર, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય આદિ વસ્તુનો સ્વીકાર કરતાં એષણા સમિતિનું પાલન ન કરે તો ષટ્કાયની વિરાધના થાય. |

શ્રી દસ વૈકાલિક સૂત્રમાં સમાધિના ચાર પ્રકાર દર્શાવ્યાં છે.[૫૩]

**૧) વિનય** - ગુરુ આદિનો વિનય.

**૨) શ્રુત** - શ્રુત સિદ્ધાંતો ભણવા.

**૩) તપ** - બાર પ્રકારે તપ કરવું.

**૪) આચાર** - સાધુના આચારનું પાલન કરવું.

**વિનય સમાધિ ૪ પ્રકારે છે.**

૧. ગુરુએ શીખવ્યું પછી ગુરુનો વિનય કરે.

૨. રુડી ભક્તિથી પ્રસન્નતાથી ગુરુના આદેશ અનુસાર વિનયને અંગીકાર કરે.

૩. શ્રુતજ્ઞાન યુક્ત જિનમાર્ગની આરાધના કરતો વિનય કરે.

૪. અભિમાન રહિતપણે વિનય કરે, આત્મપ્રશંસા ન કરે.

---

૫૩. દસવૈકાલિકસૂત્ર. અધ્યયન ૯. ઉદ્દેશો ૪. શ્લોક ૧.

ગુરુની હિતકારી શિખામણને ઈચ્છે, ગુરુની ભક્તિ કરીને શિખામણને અંગીકાર કરે, માન સન્માન મળતાં ગર્વ ન કરે. અહંભાવ ન લાવે. તેનો જ આત્મા વિનયસમાધિમાં આવે.

**શ્રુત સમાધિ ચાર પ્રકારની છે.**

૧) સૂત્ર અથવા સિદ્ધાંતનો અભ્યાસ કરવાથી મને સમ્યક્‌જ્ઞાન થશે એમ માની અભ્યાસ કરે.

૨) સૂત્રના અભ્યાસથી ચિત્તની એકાગ્રતા જળવાશે એમ ધારી સૂત્રનો અભ્યાસ કરે.

૩) સૂત્રના અભ્યાસ દ્વારા મારા આત્માને સદ્‌ધર્મમાં સ્થિર કરીશ એવું માને.

૪) હું મારા ધર્મમાં સ્થિર રહીશ તો બીજાને સ્થિર કરી શકીશ. આવા કારણોથી સાધુએ શ્રુતસમાધિમાં રક્ત થવું ઘટે.

**તપ સમાધિ :-**

ભિન્ન ભિન્ન સદ્‌ગુણોના ભંડારરૂપ તપશ્ચર્યામાં હંમેશા રક્ત થાય, કોઈ પણ પ્રકારની આશા રાખ્યા સિવાય નિર્જરાથી જ કર્મને ક્ષીણ કરવાની ભાવના રાખે તો તપ દ્વારા જૂના પાપોને દૂર કરી શકે.

**આચાર સમાધિ ૪ પ્રકારની છે.**

૧) ઐહિક સ્વાર્થ માટે શ્રમણના સદાચારો આચરે નહીં.

૨) પરલોકના સ્વાર્થ માટે શ્રમણના સદાચારો આચરે નહીં.

૩) કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા માટે પણ શ્રમણના સદાચારો સેવે નહીં.

૪) અર્હંત ભગવાનોએ બોધેલાં નિર્જરાના કારણ સિવાય બીજા સ્વાર્થ માટે આચાર ન પાળે તે.

જે સાધુ ઈન્દ્રિયોને દમી આચારથી આત્મસમાધિને અનુભવે, જિનેશ્વરોના વચનમાં રત-લીન છે. વાદવિવાદોથી વિરક્ત છે, તે સંપૂર્ણ ક્ષાયિક ભાવને પામી આત્મમુક્તિ સમીપે ગયેલો છે.

આત્માના હિતવાળા સુખરૂપ, સ્વાસ્થ્યરૂપ સમાધિ જીવનભર આચરનાર

અને મૃત્યુસમયે પણ તે જ સમાધિ જાળવી રાખનાર જીવ કષાયરહિત, વાસના, મોહરહિત હોવાથી અનાસક્તપણે મૃત્યુને ભેટે છે, અને તેથી તેની દુર્ગતિ થતી નથી. તેવા મરણને સમાધિમરણ તરીકે શાસ્ત્રમાં ઓળખાવ્યું છે.

મરણના પ્રકારો તથા 'સમાધિ' નો પરિચય મેળવ્યા પછી સમાધિમરણના સ્વરૂપ અંગે આપણે વિચારીએ.

**(ગ) સમાધિમરણ - સ્વરૂપ (શ્વેતાંબર - મૂર્તિપૂજક દ્રષ્ટિએ) :-**

સમાધિમરણને આપણે "સમભાવપૂર્વક દેહનો ત્યાગ" એ પ્રમાણે જાણી શકીએ. સમાધિમરણ એટલે વિશુદ્ધ ચારિત્રયુક્ત આત્મભાવમાં જીવની એકલીનતા, રમણતા.

જીવનની અંતિમ અવસ્થામાં અથવા કોઈ અણધારી તકલીફોને કારણે મૃત્યુ નજીક આવે ત્યારે માયા, મમતા, આસક્તિ, પરિગ્રહ તથા મોહને છોડી આત્મા જ્યારે સાધનામાં લીન બની અનશનપૂર્વક દેહને આત્માથી અલગ સમજી, દેહને આત્માથી ગૌણ કરી મૃત્યુને વરે તે મૃત્યુ એટલે સમાધિપૂર્વકનું મૃત્યુ.

જૈન ધર્મ મુખ્યત્વે નિવૃત્તિપ્રધાન ધર્મ છે. જીવનની અને ભૌતિક સુખોની ઉપલબ્ધિની અહીં ઉપેક્ષા કરવામાં આવી છે. જીવનનું પરમ લક્ષ મોક્ષ અથવા નિર્વાણ મનાય છે. મોક્ષની પ્રાપ્તિ માટે નવા કર્મોને આવતાં અટકાવવા તથા પૂર્વસંચિત કર્મોનો સંવર તથા નિર્જરા દ્વારા ક્ષય કરવો એ આવશ્યક છે. તપ અને સંયમ દ્વારા દુઃખોનો નાશ થઈ શકે છે.

કઠોર તપ સાધના એ જૈન ધર્મ પરંપરાનું એક મહત્ત્વનું પાસું છે. તપના બાર પ્રકારમાં છ બાહ્ય તપમાં અનશનનું સ્થાન મહત્ત્વનું છે. સમાધિમરણ માટે યાવજ્જીવનનું અનશન આવશ્યક અંગ મનાય છે.

સમાધિમરણમાં અનશન દ્વારા દેહની પ્રક્રિયા તો રોકવાની જ છે. સાથે સાથે અંતરંગ ધ્યાન, સાધના દ્વારા કષાયોને ક્ષીણ કરવાની પ્રક્રિયા પણ ચાલુ હોય છે. દેહ પ્રત્યે આસક્તિ છોડીને આત્માની શુદ્ધિને અનુભવવાની આવશ્યકતા છે.

કોઈપણ માણસ આગ, તોફાન, પૂર જેવી કોઈ મુસીબતમાં સપડાય ત્યારે પોતાની બધી તાકાત ભેગી કરીને ઘરને બચાવવા પ્રયત્ન કરે, પરંતુ જો ઘર બચે

એમ ન હોય તો મૂલ્યવાન વસ્તુને બચાવે અને તે બચાવવાનો સમય પણ ન હોય તો જાન બચાવે. તે જ પ્રમાણે વ્રત, શીલાદિથી યુક્ત જીવ આંહારાદિથી શરીરનું પોષણ રક્ષણ વગેરે કરે છે.

સંજોગવશાત્ અસાધ્ય રોગ, અણધારી આફત આવી પડે તે સમયે જો એ આફતને દૂર કરવાના પ્રયત્ન છતાં તે દૂર ન થાય ત્યારે બહુમૂલ્યવાન એવા શીલ, વ્રતાદિની રક્ષા કરે, જ્યારે વ્રતાદિથી રક્ષા તથા સંયમનું આચરણ મુશ્કેલ બને ત્યારે દેહ પ્રત્યેનો મમત્ત્વભાવ છોડી મૃત્યુની નજીક જતાં ચિત્તની સમાધિ ટકી રહે તે જ તેનું ધ્યેય રહે છે. કારણ જીવનભર કરેલાં સત્કર્મો, વ્રત, તપ કરતાં પણ જીવનની અંતિમ અવસ્થામાં સમાધિ ટકી રહેવી તે અગત્ત્યની વાત છે.

મરણસમયે જેવી વૃત્તિ હોય તેવી તેની ગતિ થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે.[૫૪] જ્યાં સુધી દેહની આસક્તિ, રાગ દૂર ન થાય ત્યાં સુધી સમાધિમરણ થાય નહીં. સમાધિમરણ એટલે સમભાવ. સમાધિમરણનો ઈચ્છુક બધી જ પરિસ્થિતિઓને-સંપત્તિ-વિપત્તિ, જન્મ-મરણ, રોગ-શોક, આધિવ્યાધિ, મિત્ર-શત્રુ બધાંને જ પોતાના પૂર્વકર્મોના પાપ-પુણ્યના ફળસ્વરૂપ માને છે. સંસારની દરેક વસ્તુમાં તે નિસ્પૃહ થઈને વર્તે છે, શરીર ઉપર મોહ નથી રાખતો, તે સદાચાર અપનાવી, કષાયને શાંત પાડી, રાગ-દ્વેષથી મુક્ત બની ક્યારે મારો જીવ બંધનથી મુક્ત થશે એની ચિંતામાં સતત રહે છે.

વાસ્તવમાં તો જૈન ધર્મને પામીને અને તેને જીવનમાં ઉતારેલો દરેક જીવ પોતાની ક્રિયા-આરાધના-પૂજા-વંદના-તપ-ત્યાગ-સાધના દ્વારા એક જ વાત ઈચ્છે છે કે જન્મ-મરણના ફેરામાંથી મારો જીવ મુક્તિ પામે.

સમાધિમરણ એ મુક્તિનું દ્વાર છે. સંલેખના, પંડિતમરણ, સકામમરણ, સંથારા, સન્યાસમરણ, ઉદ્યત મરણ, અંતક્રિયા, ઉત્તમાર્થ વગેરે શબ્દોનો ઉપયોગ સમાધિમરણના સ્થાને ઘણી જગ્યાએ થાય છે.

**સમાધિમરણ તથા આત્મહત્યા :- તફાવત -**

સમાધિમરણ તથા આત્મહત્યા બન્નેમાં માણસ સ્વેચ્છાથી પોતાનો દેહ ત્યાગે

---

૫૪. જુઓ અંતિમ સાધના - આચાર્ય હેમચન્દ્રસૂરિ-ઉપક્રમણિકા. પૃ. ૪,૫.

છે, પરંતુ આત્મહત્યાના મૂળમાં કાયરતા છે જ્યારે સમાધિમરણ જીવનની સંધ્યાએ દ્વાર ઉપર ઊભેલાં મૃત્યુનું સ્વેચ્છાએ થતું સ્વાગત છે.

આત્મહત્યામાં વ્યક્તિ પોતાની સમસ્યાઓથી કંટાળી, ગભરાઈ, થાકી જઈને, નાસીપાસ થઈને, મૃત્યુને શરણે જાય છે. જ્યારે સમાધિમરણ ઈચ્છનાર વ્યક્તિના હૈયામાં સાહસ હોય છે. સંયમની રક્ષા તથા દેહની રક્ષા બન્ને વચ્ચે વિકલ્પ ઊભો થાય ત્યારે સંયમની રક્ષાર્થે મૃત્યુનો પણ તે વીરતાપૂર્વક સામનો કરે છે.

જીવનથી ભય પામેલો વ્યક્તિ આત્મહત્યા કરવા તરફ પ્રેરાય છે, જ્યારે સમાધિમરણમાં તો સાધકને મૃત્યુનો પણ ડર નથી. વળી, આત્મહત્યાથી મૃત્યુને અણધાર્યું આમંત્રણ અપાય છે, જ્યારે સમાધિમરણમાં વિધિપૂર્વક મૃત્યુનું આગમન સ્વીકારાય છે.

આત્મહત્યા કરનાર સમયની જ કોઈ વિશિષ્ટ પરિસ્થિતિને વશ થઈ જાય છે. જેવી કે અપમાન, અપરાધભાવના ઈત્યાદિ. આ બધામાંથી છૂટકારો પામવાની ભાવનાથી તે મૃત્યુની કામના કરે છે. જ્યારે સમાધિમરણ કરવાવાળા વ્યક્તિ જન્મ-મરણના ચક્રમાંથી બચવા તથા મોક્ષપ્રાપ્તિની ભાવના સાથે દેહનો ત્યાગ કરે છે. મોક્ષને માટે એકઠાં કરેલાં તમામ કર્મોનો ક્ષય કરે છે. આવતાં નવા કર્મોને અટકાવે છે. કઠોર તપની સાધના કરે છે.

આત્મહત્યા કરનાર વ્યક્તિનું મન સંસારનો ભોગ - વિલાસ, મિત્ર, પરિવાર પ્રત્યે આસક્તિવાળું રહે છે સમ્યક્પણે તે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, જ્યારે સમાધિમરણના સાધકનું મન સંસારની વસ્તુઓ, ભોગ, પરિગ્રહ પ્રત્યેની આસક્તિથી રહિત હોય છે. પોતાના દોષોની આલોચના લઈ બધાની સાથે ક્ષમાપના કરી, સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિપૂર્વક તે આત્માનું શ્રેય સાધે છે.

આત્મહત્યા કરનાર વ્યક્તિ સમાજ માટે અભિશાપ બની જાય છે. એના પ્રત્યે સમાજમાં ક્ષોભ અને દુ:ખની લાગણી થાય છે. સમાધિમરણથી મૃત્યુ પામનારને માટે મૃત્યુ એ મહોત્સવરૂપે મનાવાય છે. એમની પૂજા થાય છે અને એમનું મૃત્યુ સમાજમાં માણસોને ધર્મમાં વિશ્વાસ પેદા કરાવે છે.

જીવનમાં નિરાશા અથવા અસહ્ય દુઃખો આવી પડે ત્યારે આત્મહત્યામાં મૃત્યુને નિમંત્રણ અપાય છે. દુઃખો વખતે વ્યક્તિ ગભરાઈને મૃત્યુની ઈચ્છા સેવે છે જ્યારે સમાધિમરણમાં મૃત્યુની ઈચ્છા હોતી જ નથી. પ્રતિજ્ઞાપૂર્વક સાધક પોતાની સાધનામાં લીન રહે છે - કે મૃત્યુની આકાંક્ષાથી રહિત થઈને હું શરીરત્યાગ કરીશ. એટલે કે સમાધિમરણથી મરીશ.

સમાધિમરણમાં જીવનમાં આવી પડતી કોઈપણ તકલીફોને કારણે જીવનથી ભાગવાનો પ્રયાસ નથી. કાકાસાહેબ કાલેલકર પણ કહે છે[૫૫] કે 'આત્મહત્યા કાયરતા અને જીવનથી ભાગવાનું બીજું નામ છે.' જ્યારે સમાધિમરણ સાહસપૂર્વક જીવવાનું અને અંતિમ સમયમાં સમત્વભાવથી મૃત્યુને વરણ કરવું તેનું નામ છે. ગમે તેવા ઉપસર્ગો આવે તો પણ સાધકના મનમાં એ જ ભાવ હોય કે આ કસોટીની વેળા છે, આમાં સહન કરીને જ સફળ બનવાનું છે.

શ્રી તુકોલના મત અનુસાર વ્યક્તિ માનસિક, શારીરિક, સામાજિક, વ્યક્તિગત કષ્ટોથી ગ્રસ્ત થવાને લીધે આત્મહત્યા તરફ પ્રરાય છે.[૫૬]

'ભગવતી આરાધના' ના અનુસારે સમાધિમરણને ઈચ્છનાર વ્યક્તિને કાયા અને વિષય કષાયાદિ દોષોને ક્ષીણ કરવા પડે છે.[૫૭] જ્યારે આત્મહત્યા કરનાર વ્યક્તિ મનના સંવેગોથી ઘેરાઈને કોઈ પણ બાહ્ય વિધિથી મૃત્યુને અપનાવી દેહનો ત્યાગ કરે છે.

ડૉ. દરબારીલાલ કોઠિયાના મતે સમાધિમરણ જીવનસુધાર સંબંધી સુયોજનાનું એક અંગ છે, યોજનાનુસાર શાંતિપૂર્વક મરણ છે.[૫૮]

આમ, આત્મહત્યા તથા સમાધિમરણમાં તફાવત છે. એકમાં સાધક મૃત્યુનો સાહસથી સામનો કરે છે. મૃત્યુને પોતાની સામે ઝૂકાવે છે, જ્યારે આત્મહત્યામાં મૃત્યુ સમયે સાહસનો અભાવ છે, પલાયનવૃત્તિ છે.

---

૫૫. પરમસખા મૃત્યુ. કાકાસાહેબ કાલેલકર.

૫૬. Sanlekhana is not suicide - Tukol.

૫૭. ભગવતી આરાધના-મંગલાચરણ-ગાથા ૧૪૪.

૫૮. સમાધિમરણોત્સાહદીપકની પ્રસ્તાવના.

આત્મહત્યા કરનાર મૃત્યુ સામે ઝૂકી જાય છે. એક પોતે હારે છે, બીજો મૃત્યુને હરાવે છે.

**સમાધિમરણની વિધિ :-**

શ્રી આચારાંગસૂત્ર પ્રમાણે :-

સમાધિમરણ માટે આચારાંગસૂત્રમાં ૩ ક્રમ આપ્યાં છે.

૧) આહારનો ક્રમશઃ સંક્ષેપ.
૨) કષાયોને ક્ષીણ કરવા અથવા ઉપશમાવવા.
૩) શરીરને સમાધિસ્થ, શાંત અને સ્થિર રહેવાનો અભ્યાસ આપવો.

સમાધિમરણના ૩ પ્રકાર - ભક્તપ્રત્યાખ્યાન, ઈંગિત મરણ તથા પાદપોપગમન મરણનો અહીં ઉલ્લેખ થયો છે.[૫૯]

સંયમી, બુદ્ધિશાળી અને ધીર મુનિ બધી બાબતને (કાયાની અસમર્થતા તથા આયુષ્યની અલ્પતાને) અતિ સરળ રીતે જાણીને અનુક્રમે મોહને દૂરકરનાર આ ત્રણે મરણની રીતમાંથી ગમે તે એક પામીને સમાધિ મેળવે છે. આના માટે મુનિ શરીરાદિ બાહ્ય અને રાગાદિ અભ્યંતર સંલેખના દ્વારા પ્રયત્ન આદરે છે અને અવસર આવ્યે કર્મથી છૂટી જાય છે.

**(૧) ભક્તપ્રત્યાખ્યાન મરણની વિધિ :-**

સાધુને માંદગી આવે અને પોતાની દૈનિક ક્રિયાઓ કરવા માટે જ્યારે અશક્ત થાય છે ત્યારે આ પ્રમાણેનું ભક્તપ્રત્યાખ્યાન અનશન આદરે છે.

અનશની મુનિએ આહાર ઘટાડી કષાયોને પાતળાં કરવા તથા સંકટનો સામનો કરવો, મનની સમાધિ કેળવાય તે પ્રમાણે ધીમે ધીમે સંપૂર્ણપણે આહાર ત્યાગ કરવો. આહાર વિના મુનિ બહુ જ મૂંઝાય તો સમાધિ રાખવા થોડો વખત આહાર લઈ અને પછી સંલેખના ચાલુ કરે.[૬૦] અનશન લીધા પછી મુનિએ જીવવાની તેમ જ મરવાની પણ ઈચ્છા ન રાખવી, પરંતુ સમભાવપૂર્વક નિર્જરાના હેતુથી સમાધિ પાળવી, અંતઃકરણ પવિત્ર રાખવું. ઓચિંતો કોઈ રોગ ઉત્પન્ન થાય તો સમાધિને

---

૫૯. શ્રી આચારાંગસૂત્ર. અધ્યયન. ૮. ઉદ્દેશ. ૫,૬,૭.
૬૦. એજન. ઉદ્દેશ ૮. ગાથા ૪૪૦.

ઈચ્છતા મુનિ આયુષ્યને પાળવાના ઉપાયો કરી સમાધિ મેળવી પછી સંલેખના કરે.[૬૧]

આહાર ત્યાગ કરીને મુનિ ગામમાં અથવા અરણ્યમાં શુદ્ધ ભૂમિ પર જીવજંતુથી રહિત જાણીને સૂકાં તૃણોથી સંથારો કરે. અનશન દરમ્યાન જે કંઈ ઉપસર્ગ, પરિસહ આવે તેને સહન કરે પણ આર્તધ્યાનમાં ન પડે. જંતુઓ, પક્ષીઓ, સર્પાદિ જંતુઓ, માંસભક્ષી પ્રાણીઓ, રક્તભક્ષી પ્રાણીઓ અણસણમાં રહેલ મુનિને ઉપદ્રવ કરે તો મુનિએ હાથ વગેરેથી તેમને મારવું નહીં તથા રજોહરણાદિકથી શરીરને પ્રમાર્જવું પણ નહીં[૬૨] ; એવા સમયે શરીર અને આત્માનું અલગ અસ્તિત્વ વિચારી આનંદપૂર્વક સહન કરી આયુષ્ય પુરૂં કરવું.

## (૨) ઈંગિતમરણની વિધિ :-

આ અણસણમાં ઉજમાલ થયેલ મુનિએ પોતાની ઈંદ્રિયોને તેમના વિષયોથી ખૂબ ખેંચી લેવી, પાપ ઉત્પન્ન થાય એવું અવલંબન ન લેવું.

અણસણ સંસ્થિત મુનિએ જાતે જ ઉદ્ધર્તનાદિ ક્રિયાઓ કરવી, બીજા પાસે ત્રિવિધે ન કરાવવી, સ્વાદરહિતપણે આહાર કરવો. તેનાથી તપ થાય છે અને સમભાવ કેળવી શકાય છે, ક્રમે ક્રમે તેમાં (આહારમાં) પણ ઘટાડો કરવો.

ઈંગીની મરણમાં નિયત કરેલી ભૂમિમાં જ અનશની મુનિએ હરવા ફરવાની ક્રિયા કરવાની હોય છે. તેમાં પણ જ્યારે હાથ, પગ, ઈંદ્રિયો બહુ જ અકડાય ત્યારે સમાધિ ટૂંકાવવાના હેતુ થી જ તેને ફેરવવાની છૂટ છે. (બાકી સમર્થ મુનિ[૬૩] હોય તો તે નિર્જીવ વસ્તુની માફક અડગ જ રહે છે.)

સર્વ સદોષ યોગોથી આત્માને દૂર કરીને, જિનપ્રવચનના વિશ્વાસથી મુનિ ભયંકર ઉપસર્ગ પરીસહને અવગણીને આ વિનશ્વર શરીરને છોડે છે.

## (૩) પાદપોપગમન મરણની વિધિ :-

પાદપ અર્થાત્ વૃક્ષની માફક સ્થિર થઈ અંગોપાંગ પણ ન હલાવવાની સાધક પ્રતિજ્ઞા લે છે. આખું શરીર અકડાઈ જાય તો પણ અણસણ લીધા પછી તે સ્થાનથી

૬૧. એજન. ગાથા. ૪૪૨.

૬૨. એજન. ગાથા. ૪૪૫.

૬૩. શ્રી આચારાંગસૂત્ર. અધ્યયન. ૮. ઉદ્દેશક ૮. ગાથા ૪૫૧.

તે લવલેશ પણ ન ડગે. અચિત્ત સ્થંડિલ અથવા ફળક મેળવીને ત્યાં પોતે સ્થિત થવું, આખા શરીરને વોસિરાવવું અને ઉપસર્ગ વખતે વિચારવું કે "આ શરીરને તો મેં વોસિરાવી દીધું છે, શરીર જ મારું નથી તો તેના પરિસહો મારા શેના? મેં શરીરથી જુદા થવા જ શરીરનો ત્યાગ કર્યો છે. કારણ જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી ઉપસર્ગ અને પરીસહ આવવાના જ છે."[૬૪]

અણસણ સંસ્થિત મુનિએ રાજાદિક આવી લાલચો બતાવે તો પણ ક્ષણભંગુર શબ્દાદિક વિષયોમાં રાગ કરવો નહીં તથા ઈચ્છા લોભ અને નિદાન વગર રહેવું. દેવતાઓની માયા વખતે પણ મુનિએ નિશ્ચલ રહેવું. આમ સર્વ વિષયોમાં અમૂર્ચ્છિતપણે રહી આયુષ્ય પુરું કરવું.

ત્રણે મરણોમાં ઉત્કૃષ્ટ તિતિક્ષા રહેલી હોવાથી સ્વયોગ્યતાનુસારે ગમે તે મરણ કલ્યાણકર્તા છે.

**સમાધિમરણની વિધિ :- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રમાણે :-**

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૬માં સંલેખનાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે દ્રવ્યની અપેક્ષાએ શરીરના તથા ભાવની અપેક્ષાએ કષાયો (રાગાદિ)ને કૃશ કરવા તેનું નામ સંલેખના.

સંલેખનાના કાળનું પ્રમાણ બતાવતાં સંલેખનાના ત્રણ ભેદ બતાવાયાં છે.[૬૫]

૧) **ઉત્કૃષ્ટ સંલેખના** - જેનો કાળ બાર વર્ષનો હોય છે.

૨) **મધ્યમ સંલેખના** - એક વર્ષનો કાળ.

૩) **જઘન્ય સંલેખના** - છ મહિનાનો કાળ હોય છે.

ઉત્કૃષ્ટ સંલેખનાની વિધિ નીચે પ્રમાણે છે :-

પહેલાના ચાર વર્ષોમાં દૂધ આદિ વિગઈનો ત્યાગ. બીજા ચાર વર્ષોમાં ચતુષ્ટ, ષષ્ઠ, અઠમ આદિ વિવિધ તપસ્યા. પારણાના દિવસે કલ્પનીય સઘળી વસ્તુઓ લઈ શકે.

---

૬૪. એજન. ગાથા ૪૫૮.

૬૫. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૬મુ અધ્યયન. ૨૪૯.

**ત્રીજા ચાર વર્ષોમાં -**

પહેલાં બે વર્ષ સુધી એકાંતર તપ - પારણે આયંબિલ. અગિયારમાં વર્ષના પહેલાં છ મહિના સુધી અષ્ટમ, દશમ, દ્વાદશ આદિરૂપ કઠણ તપસ્યા ન કરે, પરંતુ બાકીના છ મહિનામાં નિયમથી કઠણ તપસ્યા કરે ; પરિમિત આયંબિલ કરે.

બારમાં વર્ષે નિરંતર આયંબિલ કરીને પંદર દિવસ અથવા એક મહિના પહેલાં આહારનું પ્રત્યાખ્યાન કરી સંથારો કરે.

સંથારાનો સ્વીકાર કરનાર મુનિએ અશુભ ભાવનાનો ત્યાગ કરી શુભ ભાવના ભાવવી જોઈએ.

આવી તપશ્ચર્યા કરતી વખતે વચ્ચે કે તપશ્ચર્યા પછી મરણનો અવસર આવે ત્યારે મરણપર્યંતનું અણસણ કરવાનું હોય છે.

જે જીવો સમ્યક્દર્શનમાં રક્ત, નિયાણાને ન કરનાર અને શુક્લલેશ્યાના પરિણામને ધારણ કરવાવાળા હોય છે, અને તે જ ભાવનામાં જે મૃત્યુ પામે છે, તેવા જીવોને બીજા જન્મમાં બોધિબીજ બહુ જ સુલભ થાય છે અને તેનાથી ઉલ્ટું, મિથ્યાત્વદર્શનમાં રક્ત, કૃષ્ણલેશ્યાવાળા જીવને બોધિલાભ બહુ જ દુર્લભ બને છે.[૬૬]

આમ, જિનવચનમાં અનુરક્ત રહી, ભાવપૂર્વક તે પ્રમાણે આચરણ કરે છે તે જ્ઞાની પવિત્ર અને અસંકિલષ્ટ થઈ થોડા જ સમયમાં દુ:ખદ સંસારનો પાર પામે છે અને જિનવચનને યથાર્થરૂપે ન જાણી શકનાર અજ્ઞાની ઘણીવાર અકામમરણ અથવા બાલમરણને પામે છે.

સંલેખનાપૂર્વકના પંડિતમરણમાં સમાધિ ટકવી એ બહુ મહત્ત્વની વાત છે. સમાધિ ટકાવવા માટે પૂર્વાચાર્યોએ અનેક આરાધનાઓ બતાવી છે. અનેક સ્તવનો, સૂત્રો દ્વારા સમાધિનું નિરૂપણ કરી તેની આવશ્યકતા, મહત્તા બતાવી છે.[૬૭] તો

૬૬. એજન. ગાથા ૨૫૬-૨૫૭.

૬૭. - પુણ્યપ્રકાશનું સ્તવન.
- શ્રી વીતરાગ સ્તોત્ર.
અંતિમ સમયની આરાધના વખતે બોલાતાં સ્તવન સ્તોત્ર.

વળી કેટલાંક મહર્ષિ કે મહાન આત્માઓએ કરેલી અંતિમ સાધનાઓ પણ આપણને સુંદર ઉદાહરણ પૂરા પાડી જાય છે.[૬૮]

આ અંતિમ આરાધના સમાધિપૂર્વકની બની રહે તે માટે તેને ચઢવા માટેની નિસરણી પૂર્વાચાર્યોએ બતાવી છે જે દસ અધિકારમાં દર્શાવી છે. તે સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

૧) **અતિચાર** - પંચાચારમાં લાગેલા અતિચારની નિંદા, ગર્હા.

૨) **વ્રત-ઉચ્ચારણ** - લીધેલા વચનોને યાદ કરવા. મન,વચન, કાયાથી આ નિયમો સારી રીતે પાળવાની ભાવના દર્શાવવી.

૩) **સર્વ જીવો સાથે ક્ષમાપના** - સકલ જીવસૃષ્ટિના જીવો સાથે ક્ષમાયાચના.

૪) **અઢાર પાપસ્થાનક વોસિરાવવા** - મન, વચન, કાયાએ કરી તેનું 'મિચ્છામી દુક્કડં' દ્વારા થયેલા પાપોની ક્ષમાપના.

૫) **ચાર શરણ** - અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલી પ્રરૂપિત ધર્મનું શરણું લેવું.

૬) **દુષ્કૃત નિંદા** - જીવન દરમ્યાન થયેલા દુષ્કૃત્યોની નિંદા.

૭) **સુકૃત અનુમોદના** - મોક્ષમાર્ગને અનુસરીને પોતા વડે જે સુકૃત થયા હોય તેની અનુમોદના.

૮) **શુભ ભાવના** - મોક્ષ ન મળે ત્યાં સુધી અરિહંતાદિનું શરણું, બોધિ અને સમાધિની પ્રાપ્તિ.

૯) **અનશન** - આહારત્યાગ-છેલ્લો સમય હોય ત્યારે ચાર આહારના પચ્ચક્ખાણ કરવા.

૧૦) **નવકારમંત્ર રટણ** - ચૌદ પૂર્વનો સાર, સર્વ પાપોનો નાશ કરનાર મંત્રની આરાધના.

---

૬૮. જુઓ આરાધના પંચક (કુવલયમાલા અંતર્ગત)
૧) મણિરથ મુનિ ૨) કામગજેન્દ્ર મુનિ ૩) વજ્રગુપ્ત મુનિ ૪) સ્વયંભૂદેવ મહર્ષિ ૫) મહાયશ મુનિની આરાધના વગેરે.

**સમાધિમરણ - મરણસમાધિ ગ્રંથ પ્રમાણે :-**

જીવનના અંતિમ સમય સુધી જે સમ્યક્જ્ઞાન, દર્શનથી રહિત હોય, મોહને વશ હોય, સ્વાદમાં પણ લંપટ હોય, વિષયને પરવશ બની કષાયને વશ થયેલો હોય તથા આર્તધ્યાન કરનાર હોય તેવા જીવનું મરણ અસમાધિવાળું બને છે. માયા અને મિથ્યાત્વને કારણે તેવો જીવ પોતાના દુષ્કૃત્યોનું, શલ્યોનું ઉદ્ધરણ કરી શકતો નથી અને તેથી સંસારમાં તેનું પરિભ્રમણ ચાલુ જ રહે છે.[૬૯] આમ કહી મરણસમાધિકાર બાલમરણ અથવા અસમાધિમરણ કોને કહેવાય તે તરફ અંગુલિનિર્દેશ કરે છે.

વળી, સમાધિપૂર્વક મૃત્યુને ભેટનાર સાધક કેવા હોય છે તે બતાવતાં ગ્રંથકાર કહે છે :-

"મૃત્યુ જેવો કોઈ ભય નથી, જન્મના જેવું કોઈ દુઃખ નથી, શરીર અને આત્મા જુદા છે, કાયાના મમત્ત્વથી જ જીવને સંસારમાં ફરી આવવું પડે છે."[૭૦]

આવા અનેક નિર્વેદયુક્ત વચનો ગુરુ પાસેથી સાંભળી સંવેગયુક્ત ક્ષપક ત્રિકરણથી યુક્ત બની પોતાના અપરાધોની ગુરુ પાસે આલોચના કરી, સકલ સંઘ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ શ્રમણ સંઘની ક્ષમાપના કરી, બાહ્ય અને આંતરિક મમત્ત્વનો ત્યાગ કરી સાધનામાં લીન બને છે.

સાધકને તેની સાધનામાં તન્મયતા રહે તે માટે નિર્યામક તેને ક્રમશઃ આહારનો ત્યાગ કરાવે છે. સાધક મુનિ પોતે પણ આહારના દોષને જુએ છે, ચિંતવે છે :-

"આહાર જ સર્વ સુખના ઉદ્ભવસ્થાન, જીવિતના સારરૂપ છે ; છતાં સર્વ દુઃખનું કારણ પણ તે જ છે, આહારની ઈચ્છામાત્રથી જ તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય છે, મેં પણ અનંત ભવોમાં ઘણા આહાર કર્યા, ઘણી નદીઓના પાણી પીધા છતાં પણ તૃપ્તિ નથી તો હવે એવા આહાર-પાણીથી મારે સર્યું."[૭૧]

નિર્યામક આચાર્ય અનશની મુનિને કાયાના મમત્ત્વની દૂર રહેવાનો વખતોવખત ઉપદેશ આપે છે. અને કહે છે અત્યારે અશાતા થાય છે તો પણ

૬૯. મરણસમાધિ ગાથા. ૩૫૯-૩૬૨.

૭૦. એજન. ગાથા ૪૦૨-૪૦૫.

૭૧. એજન. ગાથા ૨૪૭-૨૪૮.

મનને મક્કમ રાખી સમભાવપૂર્વક વેદના સહન કરો. કારણ નરકાદિની વેદના જીવે ભૂતકાળમાં ભોગવી છે તેનું કારણ પણ શરીર પ્રત્યેનું મમત્ત્વ જ હતું.

વળી, લાંબા કાળ પછી પણ જો આ શરીર છોડવાનું છે તો પછી એની પ્રત્યે મમત્ત્વ શા કામનું ? ગર્ભાવાસ તથા વિવિધ જાતિમાં જન્મ લેવાથી વેઠવું પડતું દુઃખનું પણ જો કોઈ મુખ્ય કારણ હોય તો તે છે કાયા પ્રત્યે આસક્તિ, મમત્ત્વભાવ, નિર્યામક આચાર્યના આવા નિર્વેદયુક્ત વચનો સાંભળી મુનિ સાધનામાં સ્થિર થાય છે.

મૃત્યુસમયે વેદના થાય, ઉપસર્ગ કે પરિસહ આવી પડે તો તે સમયે પણ સમતાથી સહન કરવાનો ઉપદેશ આપી નિર્યામક આચાર્ય સમતાપૂર્વક, સમાધિમૃત્યુને ભેટનાર અનેક મહાપુરુષોના દ્રષ્ટાંતો આપે છે.[૭૨]

ટૂંકમાં, સમાધિમરણ માટે દુષ્કૃત્યોની નિંદા, ગર્હા, આલોચના, કષાયો તથા મોહનો પરિત્યાગ, શલ્યનું નિસંકોચ ઉદ્ધરણ,[૭૩] બાહ્ય-અભ્યંતર પરિગ્રહનો ત્યાગ, આર્ત-રૌદ્ર ધ્યાનનું વર્જન, ધર્મધ્યાન-શુક્લધ્યાનનું અવલંબન, પરિસહને સમભાવે સહન કરવાની શક્તિ તથા અંતિમ સમયે ચિંતવવાની અનિત્યાદિ બાર ભાવનાઓ આવશ્યક છે. મરણસમાધિકારે આ બધા વિષયોને વિસ્તારપૂર્વક રજૂ કર્યા છે.

## દિગંબર પરંપરા પ્રમાણે સમાધિમરણ :-

### મહત્ત્વ-વિધિ-ફળ :- મૂલાચાર :-

આચાર્ય વટ્ટકેરકૃત મૂલાચાર ગ્રંથ જૈન દિગંબર પરંપરાનો પ્રાચીન તથા પ્રામાણિક ગ્રંથ છે. ગ્રંથના નામ પ્રમાણે તેમાં મુનિના આચારોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બાર અધિકારોમાં વિભાજીત થયેલાં આ ગ્રંથના બીજા અધિકાર "બૃહદ્પ્રત્યાખ્યાન સંસ્તરસ્તવ"માં સમાધિમરણ અંગે વિવરણ છે, તેમાં તથા મૂલાચારના અન્ય અધિકાર જેવા કે -

સંક્ષેપપ્રત્યાખ્યાન, પંચાચારાધિકાર, ષડાવશ્યકાધિકાર, સમયસારાધિકાર તથા શીલગુણાધિકારમાં 'સમાધિમરણ' ગ્રંથને મળતી ગાથાઓ છે.

૭૨. એજન. ગાથા ૪૦૯-૫૦૩.

૭૩. શ્રી મરણસમાધિ ગાથા. ૨૨-૫૮.

મરણસમાધિ ગાથા ૧૦૧, ૨૨૪માં મુનિને સરળતાપૂર્વક કાર્ય કે અકાર્યની આલોચના લેવાનો આદેશ છે. તે જ પ્રમાણે મૂલાચારમાં બૃહદ્પ્રત્યાખ્યાન સંસ્તરસ્તવમાં ગાથા ૫૬માં તે જ આદેશ છે.

આલોચના લેતી વખતે શું ધ્યાનમાં રાખવું, કયા દોષો ટાળવા તે બાબતમાં મરણસમાધિ ગાથા ૧૨૩ અને મૂલાચાર - શીલગુણાધિકાર-ગાથા ૧૫માં આલોચનાના દસ દોષો બતાવ્યાં છે.

મૃત્યુ સન્મુખ આવી પડેલા આતુરગ્રસ્ત મુનિ પાંચ મહાવ્રતોનું પચ્ચક્ખાણ કરે, પચ્ચક્ખાણ વખતે રાગદ્વેષનો ત્યાગ કરે તો જ તે વિશુદ્ધ પચ્ચક્ખાણ છે - આ વાત મરણસમાધિ ગાથા ૨૩૩, ૨૩૬માં છે અને તે જ પ્રમાણે મૂલાચારમાં સંક્ષેપપ્રત્યાખ્યાનમાં ૧૦૯મી ગાથા તથા બૃહત્પ્રત્યાખ્યાન ગાથા ૪૧માં પણ છે.

"જિનવરોએ જે નિકૃષ્ટ કહ્યું છે તે સર્વને વોસિરાવું છું. પ્રથમ હું શ્રમણ છું અને બીજું એ કે હું સર્વત્ર સંયમયુક્ત પ્રવૃત્તિ કરું." આ પ્રમાણે સંક્ષેપમાં સાધુ પ્રત્યાખ્યાન કરે તે વાત મરણસમાધિ ગાથા ૨૯૮ તથા મૂલાચાર-બૃહત્પ્રત્યાખ્યાન ગાથા ૯૮માં છે.

સંસારના પરિભ્રમણમાં આ જીવે સર્વ પુદ્ગલોને અનેકવાર ભોગવ્યાં છતાં પણ તૃપ્તિને પામ્યો નહીં. આહારની ઈચ્છા માત્રથી તંદુલિયો મત્સ્ય નરકે જાય છે. ઉદ્વેગજનક જન્મ-મરણની, નરકની વેદનાઓને જાણીને સંભારીને સાધુએ પંડિતમરણ માટે તત્પર થવું.[૭૪] કારણ પંડિતમરણ જ એક એવું છે કે અસંખ્ય સેંકડો જન્મને છેદી નાખે છે અને મુક્તિ આપી શકે છે.[૭૫]

ધીરપુરુષ હોય કે કાયર બધાએ મરવાનું જ છે તો અવશ્યંભાવી મરણમાં ધીરત્વપણે મરવું વધુ શ્રેષ્ઠ છે. આ વાત મરણસમાધિ ગાથા ૩૨૨ અને મૂલાચાર બૃહદ્પ્રત્યાખ્યાન ગાથા ૧૦૦માં કહી છે.

મરણસમાધિ ગાથા ૪૦૨ અને મૂલાચાર સંક્ષેપપ્રત્યાખ્યાન ગાથા ૧૦૯માં કહ્યું છે કે શરીર ઉપરનું મમત્ત્વ છેદી નાખ. મરણ સમો કોઈ ભય નથી અને જન્મ સરખું કોઈ દુઃખ નથી.

---

૭૪. એજન. ગાથા ૨૪૪, ૨૪૭-૨૪૮. મૂલાચાર-બૃહદ્પ્રત્યાખ્યાન ૭૬, ૭૯, ૮૨.

૭૫. એજન. ગાથા ૨૪૫. ૭૭.

સમાધિમરણના સાધકે લૂખાસૂકા તથા પરિમિત ભોજન માટે તૈયારી રાખવી. ઉપવાસ-માસક્ષમણના પારણે અતિ, બહુ પ્રકારનું, બહુ વાર ભોજન લેવા કરતાં રોજ પરિમિત ભોજન શ્રેષ્ઠ છે. એમ મરણસમાધિ ગાથા ૧૩૨ તથા મૂલાચાર સમયસારાધિકાર ગાથા ૪૭માં કહ્યું છે.

આમ, સમાધિમરણને અંગે મૂલાચારમાં તથા મરણસમાધિમાં ઘણી સમાન બાબતો જાણવા મળે છે.

**ભગવતી આરાધના :-**

શિવાર્ય આચાર્યની આ રચના છે. કુલ ૨૧૬૪ ગાથાઓવાળો આ ગ્રંથ મૂલારાધના તરીકે પણ ઓળખાય છે. ગ્રંથના નામ પ્રમાણે આરાધનાને કેન્દ્રમાં રાખી અહીં આરાધનાના આનુષંગિક મુદ્દાઓમાં મરણના વિવિધ પ્રકારો, સમાધિમરણના ત્રણ પ્રકાર, બાર અનુપ્રેક્ષા વગેરેનું વિસ્તારપૂર્વક વિવેચન છે. સમાધિની આવશ્યકતા બતાવી, અંતિમ સમયે આવી સમાધિ જાળવી સિદ્ધિગતિને પામનાર મહાપુરુષોના દ્રષ્ટાંતો પણ અહીં આપ્યાં છે. એમાંના ઘણા મરણસમાધિ પ્રકીર્ણકમાં પણ લેવામાં આવ્યાં છે. જેમ કે -

અવંતિસુકુમાર (૧૫૪૮), સુકોશલ મુનિ (૧૫૪૯), ગુજસુકુમાર મુનિ (૧૫૫૦), સનતકુમાર (૧૫૫૧), લલિતઘટ વગેરે બત્રીસ મુનિઓ (૧૫૫૪), ચિલાતીપુત્ર (૧૫૬૨), દંડ મુનિ (૧૫૬૩), ગૌશાળામાં રહેલાં ચાણક્ય (૧૫૬૫).

ભગવતી આરાધના પ્રમાણે સમાધિમરણ અથવા પંડિતમરણ ત્રણ પ્રકારનું હોય છે - પ્રાયોપગમન, ભક્તપ્રત્યાખ્યાન તથા ઈંગિનીમરણ. ત્રણે પ્રકારના મરણને યોગ્ય શાસ્ત્રોક્ત ચારિત્રવંત સાધુ હોય છે અથવા તો એમ કહી શકાય કે આવા સાધુ જ સમાધિમરણને પામી શકે છે.

ભગવતી આરાધના પ્રમાણે ભક્તપ્રત્યાખ્યાન મરણ બે પ્રકારે છે.

**૧) અવિચાર ભક્તપ્રત્યાખ્યાન** - અનાયાસ મરણ. દા.ત. સાપ, આગ, હાથી, ભેંસ, શત્રુ, ચોર, મ્લેચ્છ, મૂર્છા, વિસૂચિકા આદિ તત્કાળ મરણ નીપજાવે તેવા પ્રસંગે વ્યક્તિ અંગીકાર કરે તે અવિચાર ભક્તપ્રત્યાખ્યાન.

**૨) સવિચાર ભક્તપ્રત્યાખ્યાન** - આમાં એકાએક મરણનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. સવિચાર ભક્તપ્રત્યાખ્યાન સમજાવવા માટે ભગવતી આરાધનાકારે ચાલીસ અધિકારસૂત્રની સહાયથી વિવેચન કર્યું છે. જેમાં ભક્તપ્રત્યાખ્યાન માટેનો યોગ્ય સમય, તેને માટેની આવશ્યક વસ્તુઓ, સાધના દરમ્યાન જરૂરી વસ્તુઓની વિગત વગેરેનું વર્ણન છે.

ટૂંકમાં, ભગવતી આરાધના પ્રમાણે ભક્તપ્રત્યાખ્યાન (સવિચાર) મરણને આ પ્રમાણે સમજાવી શકાય.

દુષ્પ્રાપ્ય વ્યાધિ અથવા શ્રમણપણાને હાનિ પહોંચે ત્યારે અથવા દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગ સમયે ભક્તપ્રત્યાખ્યાન અંગીકાર થઈ શકે છે. બાહ્ય અને અભ્યંતર તપથી વિવિધપણે પોતાનું શરીર તથા કષાયોને કૃશ કરી સંલેખના કરવાની હોયછે. પરિગ્રહનો સર્વથા ત્યાગ અહીં આવશ્યક છે. ભક્તપ્રત્યાખ્યાન મરણમાં ઉદ્યત થયાં પછી શ્રુતનું અધ્યયન કરવાનું, રાતદિવસ જિનવચનને ભણવાનું હોય છે.

ભક્તપ્રત્યાખ્યાન કરનાર ક્ષપકે પહેલાં સમાધિમરણ કરાવનાર આચાર્યની શોધ કરવી પડે છે. આ આચાર્ય એક સમયે એક ક્ષપકને સમાધિમરણ કરાવી શકે છે. આચાર્ય સમાધિના નિમિત્તે ક્ષપકની પરીક્ષા કરે છે, તે જુએ છે કે આરાધક જીવ ગુણ, પરિવાર, આહારની અભિલાષા છોડવામાં કેટલો સમર્થ છે ?

ગુરુની કસોટીમાંથી પસાર થયેલો ક્ષપક પછી પોતાના સમસ્ત દોષોને ગુરુ પાસે પ્રગટ કરે છે, ત્રણ પ્રકારના આહારના ત્યાગના પચ્ચક્ખાણ લઈ ઉદરનું શોધન કરે છે. ત્યારબાદ જીવનપર્યંત આહારનો ત્યાગ કરે છે. સંઘના સર્વ સદસ્યોની ક્ષમાયાચના કરે છે. ક્ષપકની પિંછીકા લઈ આચાર્ય સંઘ પાસે જાય અને કહે કે ક્ષપક તમારા સૌની માફી માગે છે.

મૃત્યુસમયે નિર્યામક આચાર્ય તેને શુદ્ધિપૂર્વક સમાધિ તથા નિઃશલ્યપણે આલોચના લેવાપૂર્વક સંલેખનાનો ઉપદેશ આપી કહે છે, દુઃખ, પરિષહ, વેદના એ તો પૂર્વકૃત કર્મોનું ફળ છે. આ દુઃખ જ કર્મોમાંથી મુક્તિ અપાવશે. એમ વિચારી સમત્ત્વભાવને અપનાવવો. તે પછી ક્ષપક ઉત્તમ સંહનનવાળું એકાગ્ર ચિત્તનું ધ્યાન કરે છે, કષાયોનો નાશ કરે છે, અશુભ લેશ્યાનો ત્યાગ કરી શુભ

લેશ્યામાં ઉદ્યત બની ઉપશમ અથવા ક્ષપકશ્રેણી પર આરોહણ કરે છે. આરાધનાના ફળરૂપે મોક્ષ મળે છે. ક્ષપકના દેહત્યાગ પછીની ક્રિયાને વિજહણા કહે છે.

ભગવતી આરાધના પ્રમાણે ઈંગિનીમરણ સ્વીકારનાર શરીર અને કષાયોને કૃશ કરી, દોષોની આલોચના લઈ, સંઘથી અલગ થઈ પહાડ, ગુફા, જંગલમાં જઈ પોતાના આત્માનું ચિંતન કરે છે. ક્રમપૂર્વક આહારને છોડે છે. જે આહાર લે તે પણ અનાસક્તભાવે લે છે અને શરીરનું લોહીમાંસ સૂકાય ત્યારે સર્વથા આહારનો ત્યાગ કરે છે.

ભગવતી આરાધના પ્રમાણે પાદપોપગમન મરણ તે સ્વીકારે કે જેણે સમ્યક્ પ્રકારે શરીરને કૃશ કર્યું હોય, જેના શરીરમાં ફક્ત હાડકાં જ બાકી રહેલાં હોય. તે જ્યાં પડે છે ત્યાં કપાયેલાં વૃક્ષની ડાળીની જેમ પડી રહે છે. બધી સાંસારિક ક્રિયાઓ તરફથી પોતાનું મન પાછું વાળી લે છે. આયુષ્યની સમાપ્તિ સુધી સમભાવપૂર્વક તે સ્થાને જ પડી રહે છે. અલ્પ આયુષ્ય બાકી હોય ત્યારે જ આ મરણ સ્વીકારાય છે.

પ્રસ્તુત ગ્રંથ અને મરણસમાધિના વિષયમાં ઘણું સામ્ય છે. બન્નેની ગાથાઓ પણ ઘણી મળતી આવે છે.[૭૬]

**રત્નકરંડક શ્રાવકાચાર** - અથવા સમીચીન ધર્મશાસ્ત્રના કર્તા સ્વામી સમન્તભદ્રે મૂળ ગ્રંથ (૧૫૦ ગાથા) ને ૭ અધિકારોમાં વિભાજિત કરેલો છે. તેમાં છઠ્ઠા સંલેખનાવ્રત અધિકારમાં સમાધિમરણ વિષે ઉલ્લેખ કર્યો છે. સંલેખનાનું સ્વરૂપ, આવશ્યકતા, વિધિ, ફળ, અતિચાર વગેરે વિષયો ઉપર અહીં પ્રકાશ પાડવામાં આવ્યો છે.

उपसर्गे दुर्भिक्षे, जरसि रुजायां च निष्प्रतिकारे।
धर्माय तनुविमोचनमाहुः संलेखनामार्या ॥ १२२ ॥

ઉપસર્ગ આવવાથી, દુકાળ પડવાથી, ઘડપણ આવવાથી, રોગ આવવાથી, ઉપાયરહિત થવાથી ધર્મને અર્થે શરીરને છોડવાને ગણધરાદિ શ્રેષ્ઠ પુરુષો સંલેખના કહે છે.

---

૭૬. જુઓ પરિશિષ્ટ નં. ૧.

સુંદર રીતે સંલેખનાનું સ્વરૂપ સમજાવ્યા પછી તેની આવશ્યકતા બતાવતાં કહે છે -

"મૃત્યુ સમયની ક્રિયાને સુધારવા અર્થાત્ સન્યાસ ધારણ કરવો તે જ તપનું ફળ છે એમ સર્વજ્ઞ ભગવંત કહે છે, માટે જ્યાં સુધી શક્તિ છે ત્યાં સુધી સમાધિમરણમાં પ્રયત્ન કરવો જોઈએ."[૭૭]

સમાધિમરણની અથવા સંલેખનાની વિધી બતાવતાં શ્રી સમન્તભદ્રાચાર્ય કહે છે - "રાગ, દ્વેષ, બાહ્યાભ્યંતર પરિગ્રહને છોડીને શુદ્ધ મનના બની પ્રિય વચનોથી પોતાના કુટુંબીઓ, નોકરચાકરને ક્ષમા કરે અને પોતે પણ ક્ષમા કરાવે. છલકપટરહિત અને કૃતકારિત અનુમોદના પૂર્વક પોતે કરેલાં સર્વ પાપોની આલોચના લઈ પાંચ મહાવ્રતો ધારણ કરે, શોક, ભય, વિષાદ, કલુષિતતા, અરતિ ત્યાગીને પોતાના બલ, ઉત્સાહને પ્રગટ કરીને શાસ્ત્રવચનમાં મનને પ્રસન્ન કરે. ક્રમપૂર્વક આહારને છોડીને દૂધ, છાશ, લેવાનું વધારીને પછી તે પણ છોડીને કાંજી, ગરમ પાણીનો વધારે ઉપયોગ કરી ક્રમશઃ ગરમ પાણીનો પણ ત્યાગ કરી શક્તિપૂર્વક ઉપવાસ કરી પંચનમસ્કારમંત્રના સ્મરણપૂર્વક શરીરને છોડવું."[૭૮]

સંલેખના ધારણ કરનાર મોક્ષરૂપ ફળને પામે છે તથા સંલેખનાથી ઉપાર્જન કરેલો ધર્મ, પ્રતિષ્ઠા, ધન, આજ્ઞા, ઐશ્વર્ય, સેના, નોકરચાકરની બહુલતા જેવા અભ્યુદયને આપે છે.[૭૯]

**ધર્મામૃત (સાગર) :-**

પંડિત આશાધરજી રચિત ધર્મામૃત આઠ અધ્યાયમાં વર્ગીકૃત થયો છે. જેમાં ૮માં અધ્યાયમાં સમાધિમરણનું સ્વરૂપ, વિધિ, યોગ્ય સ્થાન, સંસ્તર, કષાયને ક્ષીણ કરવાની સાધના, આહારના ત્યાગ પહેલાં વિભિન્ન ત્યાગની જરૂર, સમાધિમરણ આત્મહત્યામાં અંતર, સમાધિમરણમાં સહાયક આચાર્ય, સમાધિમરણના અતિચાર વગેરે વર્ણન છે.

**ઉપાસકાધ્યયન :-**

---

૭૭. રત્નકરંડક શ્રાવકાચાર. ૬ઠ્ઠો અધ્યાય. ગાથા. ૧૨૩.

૭૮. એજન. ગાથા ૧૨૪-૧૨૮.

૭૯. એજન. ગાથા ૧૩૫.

સોમદેવસૂરિકૃત ઉપાસકાધ્યયન ૪૩ કલ્પોમાં વિભાજીત થયેલો મહત્ત્વનો ગ્રંથ છે. ૪૫મા કલ્પમાં સમાધિમરણ માટે સમય પાક્યો છે તે કેવી રીતે ખબર પડે ? તેના જવાબમાં કહ્યું કે[૮૦] "જ્યારે શરીરની શક્તિ પ્રતિદિન ઘટવા લાગે, ખાધું-પીધું છૂટી જાય, કોઈ ઉપાય કારગત ન નીવડે ત્યારે સ્વયં શરીર જ મનુષ્યને બતાવે છે કે સમાધિમરણનો સમય આવ્યો છે.

ગોમ્મટસાર અનુસાર દેહત્યાગ ત્રણ પ્રકારે થાય છે.

૧) ચ્યુત - આયુષ્ય પૂર્ણ થયે સ્વતઃ શરીરનું છૂટવું.

૨) ચ્યવિત - વિષ-ભક્ષણ, રક્તક્ષય, શસ્ત્રઘાત, જલપ્રવેશથી થતું મરણ.

૩) ત્યક્ત - રોગાદિના કારણ તથા અનિવાર્ય પરિસ્થિતિના કારણે વિવેકસહિત શરીરનો ત્યાગ.

વિવેકસહિત શરીરનો ત્યાગ કરવો તે સમાધિમરણ. તેના ત્રણ પ્રકાર છે. ભક્તપ્રત્યાખ્યાન, ઈંગિની તથા પાદપોપગમન.

આપણે જોયું કે દિગંબર સંપ્રદાયના જૈનોએ પણ સમાધિમરણ વિશે ઘણું સાહિત્ય આપ્યું છે. અહીં પણ રાગ-દ્વેષરૂપી બાહ્ય અને કષાયોરૂપી અભ્યંતર પરિગ્રહ છોડી, શોક, ભય, વિષાદ વગેરેને છોડી ઉત્સાહપૂર્વક શાસ્ત્રવચનમાં મનને પરોવવાનો ઉપદેશ છે. ક્રમપૂર્વક આહારનો ત્યાગ કરી સંલેખના કરવી, પંચ પરમેષ્ઠિનો જાપ કરવો અને તે દ્વારા જ ઈચ્છિત મોક્ષફળને પામી શકાય છે એવું નિરૂપણ છે. શ્વેતાંબરો પણ મૂળભૂત સિદ્ધાંત તરીકે બાહ્યાભ્યંતર પરિગ્રહ, આસક્તિ, મોહને જ પંડિતમરણ માટે અડચણરૂપ સમજે છે.

**જૈન ધર્મમાં સમાધિમરણની પરંપરા :-**

સમાધિમરણની ઘટનાઓનો ઉલ્લેખ પ્રાચીન જૈન ગ્રંથો ઉપરાંત અનેક અભિલેખ અથવા શિલાલેખમાં પણ છે. શિલાલેખ કોઈ પણ તથ્યના ઐતિહાસિક પુરાવા માટે અદ્વિતીય છે.

સમાધિમરણની આ પ્રથા છઠ્ઠીથી અગિયારમી સદીમાં કર્ણાટકમાં હોવાનું પણ શોધી કાઢવામાં આવ્યું છે. કર્ણાટક યુનિવર્સિટીના ઈતિહાસ અને પુરાતત્વ

---

૮૦. ઉપાસકાધ્યયન - ૪૫મો કલ્પ. ગાથા ૮૯૩.

ખાતાના પ્રોફેસર શતક્ષરી સેત્તારે પોતાના પુસ્તકો - 'Inviting Death' અને 'Pursuing Death' પછી 'Choosing Death' નામના પુસ્તકમાં મૃત્યુને સપ્રેમ ભેટવા જતા માનવીઓની રહસ્યમય પરંપરા પરથી પરદો ઊંચક્યો છે.[૮૧]

છઠ્ઠી અને અગિયારમી સદીના દિગંબર સમાજમાં માત્ર કર્ણાટકમાં જ આ પરંપરા અસ્તિત્વમાં હતી. ઈન્દ્રિયો પર કાબુ મેળવવાના મુખ્ય સિદ્ધાંત પર રચાયેલાં જૈન ધર્મના આચારોનો આ ઉત્કૃષ્ટ નમુનો છે.

એ જમાનામાં 'કાતવપારા' તરીકે અને આજે 'કેન્દ્રશીરી' તરીકે ઓળખાતી કર્ણાટકની એ ટેકરીઓ ઉપર મૃત્યુને આમંત્રિત કરવાનાં વિવિધ પ્રયોગો થતાં. આ ટેકરીઓ પર દ્રવિડિયન પદ્ધતિથી નાના મંદિરો બાંધવામાં આવ્યાં છે. પત્થરના ખડકોની અંદર ગુફાઓ પણ છે. નાના કુદરતી તળાવો પણ છે. ૨૦૦ ફૂટ જેટલી ઊંચી આ ટેકરી ઉપર સ્વેચ્છાએ આત્મવિલોપન કરનારના ૧૦૦ થી વધુ લખાણો મળી આવ્યાં છે. સમગ્ર વિશ્વમાં આ એક જ સ્થાન એવું હતું જ્યાં લોકો સ્વયં પોતાના દેહત્યાગ માટે જતાં.[૮૨]

આત્મવિલોપનની પદ્ધતિ આપણે આગળ વિચાર્યું તે જ પ્રમાણેના ત્રણ પ્રકારની રહેતી -

૧) અન્ન ત્યાગ ૨) પાણીનો ત્યાગ ૩) અન્ન જળનો ત્યાગ.

અન્ન જળના ત્યાગ વાળા પાદપોપગમન અનશન સ્વીકારતાં.

આઠમી સદીમાં આ પરંપરા ક્રમશઃ ઘટતી ગઈ. અગિયારમી સદીમાં બે સાધ્વીએ સમાધિપૂર્વકનું મરણ સ્વીકાર્યું હતું તેનો ઉલ્લેખ છે. ૧૪મી સદી સુધીમાં તો એ પ્રણાલિકા લગભગ સમાપ્ત થઈ હતી.

મોતની ટેકરીઓ તરીકે મશહૂર થયેલી આ ટેકરીઓને ઘણા જૈનેતરો પણ જોવા આવતાં અને એ વખતે આત્મવિલોપન કરેલાં લોકોના તથા સાધ્વીના નામ પત્થરો પર કોતરતાં.

---

૮૧. ગુજરાત સમાચાર - ૯મી ડિસેમ્બર ૧૯૯૧. કાતવપારાની ટેકરી મૃત્યુના મંદિરો.

૮૨ કાશીએ જઈને કરવત મૂકાવી મૃત્યુનો સ્વીકાર કરવાની હિન્દુ પરંપરા પણ આ જ પ્રમાણે જાણીતી છે.

કર્ણાટકમાં બેલગોલા ખાતે આવા સૌથી વધુ આત્મવિલોપનના રેકોર્ડસ સચવાયેલાં છે. જેમાં એક આખા પરિવારના આત્મવિલોપનનો રેકોર્ડ છે.

હાલમાં પણ કોઈ કોઈ જગ્યાએથી આ પ્રમાણે સંથારો સ્વીકારનાર સાધકના સમાચાર મળે છે. ભચાઉ તાલુકાના લાકડીયા ગામે ૭૪ વર્ષના અનશનવ્રતને ધારણ કરનાર શ્રીમતી પાર્વતીબેન કાનજી ગાલાએ ૬૮ ઉપવાસ કર્યા હતા અને સમાધિપૂર્વક દેહને છોડ્યો હતો.[૮૩]

**સમાધિમરણમાં અતિચાર[૮૪] :-**

આગમમાં ઘણી જગ્યાએ -તત્ત્વાર્થસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્રમાં સમાધિમરણના અતિચારો કંઈક નામના ફેરથી મળે છે.

૧) **ઈહલોક આશંસા પ્રયોગ** - એવી ઈચ્છાથી સમાધિમરણ સ્વીકારવું કે મરણ પછી આ મનુષ્યલોકમાં હું મનુષ્ય, રાજા કે શ્રેષ્ઠી વગેરે થાઉં - આ ઈચ્છા કરવી તે સમાધિમરણ કરનાર માટે દોષ ગણાય.

૨) **પરલોક આશંસા પ્રયોગ** - અહીંથી મર્યા પછી દેવ થાઉં, વિમાનોનો અધિપતિ અથવા ઈન્દ્ર થાઉં એ ઈચ્છારૂપ વ્યાપાર.

૩) **જીવિત** - તપના સ્વીકાર પછી માન, સન્માન મળે એટલે એવી ઈચ્છા થવી કે વધુ જીવું તો આ માન, સન્માન મળતાં રહે, યશ, કીર્તિ ફેલાય.

૪) **મરણ-આશંસા-પ્રયોગ** - તાપ, ઠંડી આદિ દુઃસહ પરિષહ અથવા કર્કશ ક્ષેત્રને લીધે અનશનની પીડાથી દુઃખિત થયેલો એમ વિચારે કે -"હું કેમ જલ્દી મરતો નથી ? જલ્દી મરું તો છૂટું."

૫) **કામભોગ-આશંસા-પ્રયોગ** - સંલેખનાને કારણે પૂજા-સન્માનને અભાવે ભૂખના દુઃખથી પીડિત થઈને એવી ઇચ્છા કરવી કે વહેલો મોડો દેવલોકમાં કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થાઉં ત્યાં ઈચ્છિત કામભોગોની પ્રાપ્તિ થાઓ.

સમાધિપૂર્વક મૃત્યુને ભેટનાર સાધક આવા અતિચારોનું સેવન કરતો નથી.

---

૮૩. સંદેશ (વર્તમાનપત્ર) તા. ૨૧.૩.૧૯૯૩.

૮૪. અતિચાર - લીધેલા વ્રતમાંલાગતા દોષ.

## (ઘ) આરાધના :-

જૈન ધર્મના મૂળભૂત નવ તત્ત્વો છે - જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ. સકલ સૃષ્ટિમાં કોઈપણ પદાર્થ એવો નહીં હોય કે જે આ નવ તત્ત્વોમાંથી એકમાં પણ સમાવેશ પામતો ન હોય, મોક્ષમાર્ગના યાત્રીએ[૮૫] આ નવે તત્ત્વની પૂરેપૂરી સમજ કેળવવી આવશ્યક છે, જૈન પરિભાષામાં આ સમજને 'સમ્યક્જ્ઞાન' એવું નામ અપાયું છે. "સમ્યક્ જ્ઞાન એટલે નય અને પ્રમાણાદિથી જીવાદિ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન."[૮૬]

કેવળજ્ઞાની, ગણધરો, અવધિજ્ઞાનીઓ, ચૌદ પૂર્વધરોની ઓળખાણ આપવા માટે તેમના જ્ઞાનની ઓળખાણ જ બસ થઈ પડે છે. જ્ઞાન જ એક શુદ્ધ સ્વરૂપ છે કે જેના વડે સકલ જીવસૃષ્ટિના સમગ્ર ભાવોને જાણી શકાય. કાર્ય અને અકાર્યને સારી પેઠે જાણનારા જ્ઞાની જિનવચનના અનુસરણથી સંવરમાં પ્રવેશે છે અને પ્રવેશની સાથે જ પવનની સાથેના અગ્નિની જેમ કર્મવૃક્ષને મૂળ અને ડાળ સાથે બાળે છે.[૮૭] તુંબડી ઉપર લાગેલો માટીનો લેપ જેમ પાણીના સતત સંસર્ગથી દૂર થાય છે અને ડૂબેલી અથવા ડૂબવા મથતી એવી તુંબડી પાણી ઉપર તરવા લાગે છે તેમ જ્ઞાનના પ્રકાશમાં જ્ઞાની પોતાના કર્મોને હળવા બનાવે છે અને કર્મરજ ઓછી થવાથી આત્મા હલકો બની ઉર્ધ્વગતિ પામે છે.

સર્વ પાપકર્મોથી નિવૃત્ત થવા માટે જગતમાં જિનવચન, જ્ઞાન, દર્શન, ચારિત્રનું આલંબન શ્રેષ્ઠ છે. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્રની ઓળખાણ, જૈન શાસ્ત્રમાં 'રત્નત્રયી' નામથી કરવામાં આવે છે. આત્માની ઉન્નતિને ઇચ્છતા તથા સદ્ગતિ મેળવી, પરંપરાએ મોક્ષપ્રાપ્તિની ઇચ્છાવાળા સાધકો 'રત્નત્રયી' ની આરાધનામાં સતત મશગૂલ રહે છે. આવી આરાધનાઓ માટે આગમમાં ઠેકઠેકાણે નિર્દેશ મળે છે. જેમાં કેવી રીતે આરાધકે સમ્યક્ જ્ઞાન મેળવી તેમાં શ્રદ્ધા રાખી એટલે કે સમ્યક્ દર્શન પૂર્વક તે જ્ઞાનની મદદથી સમ્યક્ આચરણ કરવું તેની સમજ મળી રહે છે. કારણ કે જ્ઞાનપૂર્વકનું આચરણ સેંકડો ગુણોને પ્રાપ્ત કરાવે છે, જિનેશ્વરોની પણ એવી આજ્ઞા છે કે સમ્યક્ જ્ઞાન વગર સમ્યક્

---

૮૫. सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः - તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૧, સૂત્ર ૧

૮૬. શ્રી તત્ત્વાર્થસૂત્ર, પં. સુખલાલજી, પૃષ્ઠ.૪.

૮૭. શ્રી મરણસમાધિ પ્રકીર્ણક ગાથા ૨૯૦.

ચારિત્ર સંભવી શકતું નથી.[૮૮] વળી, અજ્ઞાનીને જે કર્મ ખપાવતાં ક્રોડો વર્ષ લાગી જાય છે તેને જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં ખપાવી દે છે.

સમાધિમરણને ઇચ્છનાર સાધક આમ સમ્યક્ આરાધનામાં સતત પ્રયત્નશીલ રહે છે. શાસ્ત્રના પઠન, પાઠન, મનન, ચિંતન દ્વારા પોતાના આત્માને હળવો બનાવવા કટિબદ્ધ બને છે તે સમયે તેણે પૂર્વે કરેલાં પાપો, ભૂલો, દુષ્કર્મો વગેરે સતાવે છે. સાધક પોતે જાણે છે કે દુષ્કર્મોની માફી ન માગી, તેનું પ્રાયશ્ચિત્ત ન કર્યું તો મુક્તિની સંભાવના નથી. આવા સમયે સાધકે શું કરવું તેના જવાબમાં શાસ્ત્રમાં કહ્યું છે કે કરેલા પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત જીવને તે કર્મથી અળગો કરે છે. તે માટે ૩૬ ગુણોથી યુક્ત આચાર્ય ભગવંત પાસે પોતાની ભૂલોનો, પાપકર્મોનો, શુદ્ધ અંતઃકરણપૂર્વક, નિશલ્યપણે, ત્રિકરણથી એકરાર કરવો જોઇએ અને ફરી ફરી તેવી ભૂલો ન થાય તેવો સંકલ્પ કરવો જોઇએ.

## (ક) આલોચના :-

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી એમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

કરેલાં પાપનો પસ્તાવો માણસને પુણ્યનું ભાથું બંધાવે છે, એવી લૌકિક માન્યતાને શાસ્ત્રકાર મહર્ષિનું પણ સમર્થન છે કે ગુરુની સમક્ષ પોતાની કરેલી ભૂલોના એકરાર પછી માણસ ભાર ઉતારેલ મજૂરની જેમ હળવો બને છે.[૮૯] પંડિતમરણ મેળવવા માટેના ચૌદ સ્થાનો બતાવતાં મરણસમાધિકારે આલોચનાને પ્રથમ સ્થાન આપ્યું છે. પોતાનાથી થઇ ગયેલી ભૂલ અથવા પાપકાર્ય જો માણસને ડંખે અને તેનું પ્રાયશ્ચિત (પસ્તાવો) કરે તો તે પાપ ઘણું હળવું બની જાય છે. પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ બનેલી હૈયાની ધરતીમાં જ સમાધિ જેવું સુંદર ફૂલ ખીલી શકે છે. આ પ્રાયશ્ચિત દસ પ્રકારે થાય છે.[૯૦]

૧) આલોચના - માત્ર આલોચના કરવાથી શુદ્ધ થાય એવું પ્રાયશ્ચિત.

---

૮૮. શ્રી મરણસમાધિ પ્રકીર્ણક ગાથા ૧૩૮.

૮૯. कयपावो वि मणूसो आलीइय निंदिउं गुरुसगासे ।
होई अईरेगलहुओ ओहरियभरो व्व भारवहो ॥१०२॥ મરણસમાધિ.

૯૦. શ્રી સ્થાનાંગસૂત્ર તથા ભગવતીસાર - ગોપાલજી જીવાભાઈ. પૃ. ૧૪૫.

૨) પ્રતિક્રમણ - "ફરીથી નહિ કરું" એમ કહેવાથી શુદ્ધ થવાય એવું.

૩) મિશ્ર - આલોચના અને પ્રતિક્રમણથી શુદ્ધ થવાય એવું.

૪) વિવેક - ભૂલથી સદોષ આહાર આવી જાય તો માત્ર તેના વિવેક એટલે ત્યાગથી શુદ્ધ થવાય એવું.

૫) વ્યુત્સર્ગ - કાયચેષ્ટાનો રોધ કરી ધ્યાન કરવાથી શુદ્ધ થવાય એવું.

૬) તપ - ઉપવાસ, અનશનાદિ તપથી શુદ્ધ થવાય એવું.

૭) છેદ - દોષ પ્રમાણે દિવસ, પક્ષ, માસ કે વર્ષની પ્રવજ્યા ઘટાડીને શુદ્ધ થવાય એવું.

૮) મૂલ - સર્વ વ્રતપર્યાયનો છેદ કરી 'મૂલ' મહાવ્રત લેવાથી શુદ્ધ થવાય એવું.

૯) અનવસ્થાપ્ય - વિશિષ્ટ તપ ન કરે (બેસવા ઊઠવા અસમર્થ થાય એવું.) ત્યાં સુધી મહાવ્રત કે વેશમાં સ્થાપી ન શકાય એવું.

૧૦) પારાંચિક - સાધ્વી, રાજરાણી, ઈત્યાદિના શીલભંગરૂપી મહાદોષ કરનારા આચાર્યને વેશ અને ક્ષેત્રનો ત્યાગ કરી છ માસથી બાર માસ સુધી રાખવું પડતું પ્રાયશ્ચિત.

શુદ્ધ ભાવથી પોતાના દોષ ગુરુ સમક્ષ વચન દ્વારા પ્રગટ કરવાથી જીવના માયા, નિદાન અને મિથ્યાદર્શન આ ત્રણ શલ્યો દૂર થાય છે.[૯૧]

૧) માયા એટલે શઠતા, કપટ.

૨) "આ તપશ્ચર્યા આદિનું મને આ ફળ મળે" એ પ્રકારની વિચારધારા એ નિદાન છે.

૩) અતત્ત્વોમાં તત્ત્વાભિનિવેશ એ મિથ્યાદર્શન છે.

ભક્તિમાર્ગના વિઘાતક તથા અનંત સંસારના વધારનાર આ ત્રણ શલ્યોને આલોચના દ્વારા દૂર કરી શકાય છે. આ ત્રણ શલ્યો નીકળી જતાં જીવમાં રહેલી સરળતા વધે છે, પૂર્વોપાર્જિત કર્મોની નિર્જરા થાય છે, સ્રીવેદ અને નંપુસકવેદનો

---

૯૧. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. ૨૯મુ અધ્યયન. કન્હૈયાલાલજી. ભા.૪.પૃ.૨૧૩.

બંધ થતો નથી ; અને તે મુક્તિને પાત્ર બની જાય છે.

પોતાની નિંદા કરવાવાળા જીવની જ આલોચના સફળ થાય છે. થયેલી ભૂલ, દોષની પોતાના મોઢે નિંદા કર્યા પછી ફરીથી એ દોષ ન કરે તે જીવ કરણગુણશ્રેણીને પ્રાપ્ત કરીને મોહનીય કર્મને નષ્ટ કરી દે છે.

નિંદા પછી ગુરુસાક્ષીએ, ગુરુ સમક્ષ પોતાના દોષોનું પ્રકાશન કરવું તે ગર્હા કહેવાય છે. ગર્હા કરવાથી જીવ અપ્રશસ્ત યોગનો ત્યાગ કરે છે અને પ્રશસ્ત યોગને ધારણ કરી જ્ઞાનાવરણીય કર્મપર્યાયોનો વિનાશ કરે છે.

આલોચના લેવા તૈયાર થયેલો સાધક ઉત્તમ જાતિ તથા કુળવાળો, જ્ઞાનયુક્ત, વિનયયુક્ત, ચારિત્રયુક્ત હોવો જોઇએ. પ્રાયશ્ચિત્તથી થતી શુદ્ધિમાં તેને શ્રદ્ધા હોવી જોઇએ તેમજ ગુરુ ઠપકો આપે તો તેને સહન કરી લે તેવો હોવો જોઇએ. ઈંદ્રિયોને વશમાં રાખનારો તથા કપટરહિતપણે વર્તનારો તે આલોચના લીધા પછી પસ્તાવો ન કરે એવો હોવો જોઇએ.[૯૨]

આલોચના લેનારે કયા કયા દોષો ટાળવા તેને માટે પણ સમજ આપતાં કહ્યું છે કે હૈયાને નિર્મળ કરનારી આ પ્રક્રિયાને બને તેટલી નિખાલસપણે અપનાવવી, લજ્જા કે સંકોચને સ્થાન ન આપવું તથા ગુરુની પ્રીતિ જીતીને ઓછું પ્રાયશ્ચિત્ત મળે, અથવા ગુરુએ જોયેલા દોષોને જ પ્રગટ કરે એવું ન કરવું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ દોષનું જો તે પ્રાયશ્ચિત કરે તો આરાધક બને છે. અને તેની વિરુદ્ધમાં, કરેલી ભૂલો ઉપર પ્રાયશ્ચિત્ત ન કરે તો તેમના તપ, જપ, યથાર્થ ફળો આપતાં નથી એટલે સુધી કહ્યું છે કે શસ્ત્ર, વિષ, ક્રોધી સર્પ તરફ બેદરકારી કરતાં જેટલું નુકશાન થાય એના કરતાં વધુ એટલે કે અંતિમ સમય સુધીમાં જેણે ગુરુને પાપો કહ્યા નથી તેને બોધિ દુર્લભ બને છે અને તેનો અનંત સંસાર વધી જાય છે.[૯૩]

ગુરુ પાસે ભૂલનો એકરાર કરી સાધક જ્યારે આલોચના લે છે ત્યારે ગુરુ તેને પ્રાયશ્ચિત્તના રૂપમાં સ્વાધ્યાય, જાપ, તપ વગેરે કરાવે છે. અને તે દ્વારા શરીરમાં રહેલાં આત્માને શુદ્ધ બનાવે છે. સુવર્ણને જેમ ભઠ્ઠીમાં નાખે પછી જ વધુ

૯૨. જુઓ આલોચકના ગુણો સ્થાનાંગ, સમવાયાંગ. શ્રી દલસુખભાઈ માલવણિયા. પૃ. ૧૩૯, શ્રી ભગવતીસાર-ગોપાલજી જીવાભાઈ. પૃ. ૧૪૩.

૯૩. મરણસમાધિ ગાથા ૧૦૩.

શુદ્ધતાને પામે છે તેમ તપરૂપી તાપમાં આત્મા વધુ શુદ્ધ બને છે. એ તપ વિશે આગળના મુદ્દામાં વિચારીશું.

(ચ) તપ :-

અનંતકાળથી જીવ આ ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે તેનું મુખ્ય કોઈ કારણ હોય તો તે આત્માને વળગેલાં કર્મોના આવરણો. સિદ્ધિગતિને મેળવવા માટે જીવે પુરુષાર્થપૂર્વક કર્મોનો ક્ષય કરવો પડે છે. સંપૂર્ણ કર્મોનો ક્ષય એટલે કે કર્મરહિત જીવની અવસ્થા તે જ મુક્તિની અવસ્થા.

કર્મોથી અળગા થવા માટે તપ એ રામબાણ ઉપાય છે. તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે. આ નિર્જરા અકામ તથા સકામ બે પ્રકારની હોય છે. પોતાની ઈચ્છા વિના જે તપ કરે, કષ્ટ સહન કરે તે અકામ નિર્જરા કહેવાય, જેમાં અનિચ્છાએ કષ્ટ સહન કરતાં પશુ, પંખી તથા વનસ્પતિનો સમાવેશ થાય છે. બીજો પ્રકાર સકામ નિર્જરાનો છે, જેમાં જીવ મોક્ષ મેળવવાની ઈચ્છા સાથે અથવા કર્મક્ષય થવાની ઈચ્છાથી, ઈચ્છા નિરોધને ખાતર તપ કરે છે.

કર્મની નિર્જરા બાર પ્રકારે થઈ શકે છે. જે તપ આત્મા સાથે શરીરને પણ તપાવે, શરીરને પણ કષ્ટ આપે તે બાહ્ય તપ, તે છ પ્રકારના હોય છે. અને જેનાથી બાહ્ય શરીર ન તપે પરંતુ અભ્યંતર રીતે આત્મા તથા મન તપે તેવા તપને અભ્યંતર તપ કહે છે. તેના પણ છ પ્રકાર છે.

**બાહ્ય તપ -**

૧) અનશન :- આગળ આપણે જોઈ ગયા તેમ અનશન એટલે આહારપાણીનો યથાયોગ્ય અવસરે ત્યાગ કરવો. યાવત્જીવ અથવા યાવત્કથિત અને ઈત્વરિક એમ બે પ્રકારે અનશન થાય છે. જેમાં મૃત્યુ ન આવે ત્યાં સુધી ખાનપાનનો ત્યાગ એ યાવત્કથિત અનશન ; જેના વળી પાછા ત્રણ ભેદ - ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિની, પાદપોપગમન છે અને ઉપવાસ, છઠ્ઠ અઠ્ઠમ તપ કે જે અમુક સમયની મર્યાદામાં થાય છે તે ઈત્વરિક અનશન છે. છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ અનાદિની આહારસંજ્ઞાના સંસ્કારોને તોડવા માટે કરાય છે કારણ જીવનું અંતિમ લક્ષ તો અણાહારી એવું સિદ્ધિ પદ મેળવવાનું છે.

૨) ઉણોદરી :- ભૂખ કરતાં ઓછું ખાવું તે દ્રવ્ય ઉણોદરી અને ખાતી વખતે

રાગ, દ્વેષ, આસક્તિ, મોહ વગેરે ઓછા કરવા તે ભાવ ઉણોદરી. ઉણોદરી તપ કરવાથી આરોગ્ય જળવાય છે અને સાથે સાથે આસક્તિરહિતપણે આહાર કરવાથી પાપકર્મોના બંધ અટકી જાય છે.

૩) વૃત્તિસંક્ષેપ તપ :- પોતાની ખાવાપીવાની ઈચ્છા ઘટાડવી તે વૃત્તિસંક્ષેપ. આ તપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી કરી શકાય છે. ભગવાન મહાવીર સ્વામીએ ચંદનબાળાના હાથે પારણું કર્યું ત્યારે તેમના અભિગ્રહમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારે પ્રકારની વૃતિનો સંક્ષેપ હતો.

૪) રસત્યાગ :- વિગઈ = વિકૃતિ લાવે, તેથી વિગઈનો ત્યાગ. મધ, માખણ, માંસ, મદિરા જેવી સર્વથા ત્યાગ કરવાલાયક અને દૂધ, દહીં ઘી, તેલ, ગોળ પકવાન વગેરેનો પણ યથાશક્તિ ત્યાગ કરવો તે 'રસત્યાગ'. આ વિગઈઓ શરીરમાં વિકાર લાવે છે તેથી વિષય અને કષાયને કાબુમાં લેવા હોય તો વિગઈઓને પહેલી છોડવી જોઈએ.

૫) કાયકલેશ તપ :- કર્મના નાશ માટે કાયાને કષ્ટ આપવું તે. દા.ત. મુનિજીવનમાં લોચ, વિહાર વગેરે. વળી મુનિજીવનમાં ઉપસર્ગ કે પરિષહ આવે ત્યારે સહન કરવાની જે શક્તિ જોઈએ તેને માટે આ કાયકલેશ તપ કરવામાં આવે છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં કાયકલેશ તપના ૭ પ્રકાર છે.[૯૪]

૧) સ્થાનાયતિક - ઊભા રહી, કાયોત્સર્ગમાં સ્થિર થવું.

૨) ઉત્કટુકાસન - બે પગ ભૂમિ પર ટેકવી ઉકડું બેસવું.

૩) પ્રતિમાસ્થાયી - ભિક્ષુ પ્રતિમાની વિભિન્ન મુદ્રામાં સ્થિર થવું.

૪) વીરાસનિક - સિંહાસન પર બેઠેલાંની જેમ બન્ને ઘૂંટણ પર હાથ રાખી અવસ્થિત થવું અથવા સિંહાસન પર બેઠા પછી તેને હઠાવી દેવાથી જે આસન થાય તે વીરાસન ધારણ કરવું.

૫) નૈષધિક - પલાંઠી વાળી સ્થિર થઈ સ્વાધ્યાય કરવાની મુદ્રામાં બેસવું

૬) દંડાયતિક - ડંડાની માફક સીધા ચત્તા સુઈ બે હાથપગ સ્થિર કરવાં.

૭) લંગડશાયી - ભૂમિ પર સીધા સુઈને લકૂટની જેમ એડીઓ અને માથાને જમીન પર રાખી પીઠ આદિ મધ્યવર્તી ભાગને ઉપર ઉઠાવવો.

---

૯૪. શ્રી સ્થાનાંગ સૂત્ર-૭મું સ્થાન કાયકલેશ સૂત્ર.૪૯. પૃ.૫૮૯.

૬) સંલીનતા :- સંકોચવું, રોકવું એટલે સંલીનતા. આ તપ ૪ પ્રકારે થાય છે.

ઈંદ્રિયોને અશુભ માર્ગે જતી રોકવી.
ક્રોધાદિ કષાયો કરતાં આત્માને રોકવો.
મન, વચન કાયાના યોગથી અશુભક્રિયા કરતાં આત્માને રોકવો.
સ્ત્રી પશુ, નપુંસકવાળી વસતિનો ત્યાગ કરવો.

આ છયે પ્રકારના બાહ્ય તપ શરીરને તપાવે છે. ઈંદ્રિયોને કષ્ટ આપે છે જ્યારે અભ્યંતર તપમાં શરીર કરતાં આત્માને વધુ લક્ષમાં લેવામાં આવે છે.

<u>અભ્યંતર તપ</u> :- અભ્યંતર તપ પણ ૬ પ્રકારે છે.

૧) પ્રાયશ્ચિત :- આપણે આગળ જોયું તેમ કરેલી ભૂલોનું ગુરુ પાસે સાધક નિખાલસ હૃદયથી એકરાર કરે ત્યારે તેના જવાબમાં ગુરુ દ્વારા ભૂલની શુદ્ધિ માટે દંડરૂપે 'પ્રાયશ્ચિત' અપાય છે.

૨) વિનય :- ભૂલની માફી માંગ્યા પછી તે ભૂલ ફરીથી ન થાય એનો સંકલ્પ જરૂરી છે અને એ માટે દેવગુરુની કૃપા અને તેમના ઉપર કરેલો વિનય બહુ જરૂરી છે.

૩) વૈયાવચ્ચ :- આ તપથી અપાર નમ્રતા આવે છે તેનાથી મોહનીય તથા જ્ઞાનવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવિર, કુલ, ગણ, ચતુર્વિધ સંઘ, ગ્લાન, નવદીક્ષિત સાધુ અને સાધર્મિક આ દસ જણની યથાયોગ્ય ભક્તિ કરવી જોઈએ.

૪) સ્વાધ્યાય :- સ્વાધ્યાય ૫ પ્રકારે થાય છે.

૧) વાચના - પોતે ભણે કે બીજાને ભણાવે તે.

૨) પૃચ્છના - વાચના દરમ્યાન ન સમજાય તે પૂછવું તે.

૩) પરાવર્તના - વાચનામાં જે ભણ્યા હોય તેને યાદ રાખવા વારંવાર ભણવું તે.

૪) અનુપ્રેક્ષા - સમજેલા પદાર્થો પર ચિંતન-મનન કરવું તે.

૫) ધર્મકથા - બીજાને ધર્મોપદેશ આપવો તે.

૫) ધ્યાન :- અશુભ પ્રવૃત્તિથી અટકીને શુભ પ્રવૃત્તિમાં આત્માને જોડી તેમાં એકાગ્રતા કેળવવી એટલે ધ્યાન. ધ્યાનના ૪ પ્રકાર છે :- આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. જેમાં પહેલા બે ત્યાજવા યોગ્ય છે પછીના બે આચરવા યોગ્ય છે,

૬) કાયોત્સર્ગ :- શરીરની બધી માયા, આસક્તિ છોડી આત્મામાં રમમાણ થવું તે કાયોત્સર્ગ. દ્રવ્યથી ઉત્સર્ગ તે ગણ, અશન, પાન, ઉપકરણ, ઉપધિનો ત્યાગ અને ભાવથી કષાયોનો ત્યાગ, સંસારને વધારનાર મિથ્યાત્વનો ત્યાગ, જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ત્યાગ.

પોતાનો અંતિમ સમય સુધારી, સમાધિપૂર્વક પંડિતમરણ પામવા ઈચ્છનાર સાધકને આયુષ્ય નજીક જાણે ત્યારે સર્વ ખાનપાનનો ત્યાગ કરવાનો હોય છે એ સમયે આહારમાં કે બીજી કોઈપણ દુન્યવી પદાર્થમાં તેનું મન રાગવાળું ન રહે તે માટે શરૂઆતથી જ તેને આ પ્રકારના બાહ્ય તથા અભ્યંતર તપની આરાધના કરાવાય છે. મૃત્ય નજીક હોય, આહારના પચ્ચક્ખાણ કરેલા હોય અને તે વખતે પરીષહો અથવા તિર્યંચાદિના ઉપસર્ગો પણ આવે તો તે સમયે આગળથી કરેલી સાધનાના બળથી, હિંમતપૂર્વક, ધીરજથી તે તેનો સામનો કરી શકે છે.

**(૭) પ્રત્યાખ્યાન :- (પચ્ચક્ખાણ)**

પચ્ચક્ખાણ એટલે કે નિયમપૂર્વક કરેલો કોઈપણ વસ્તુનો ત્યાગ, ભલે પછી તે આહારનો હોય, ઉપધિનો હોય કે અનશન સમયે સૌથી વહાલા શરીરનો હોય; જો સમજપૂર્વક આત્માના હિતને વિચારીને સ્વેચ્છાએ કરવામાં આવે તો જીવને સમભાવ રાખવા પ્રેરે છે. જીવનમાં સમતા, સમભાવ આવી જતાં જીવની ઉત્તરોત્તર પ્રગતિ થાય છે.

જૈન ધર્મમાં પ્રત્યાખ્યાનને એટલું બધું મહત્વનું સ્થાન અપાયું છે કે શ્રાવક કે સાધુ સવારે ઉઠતાંની સાથેથી તે રાત્રે સૂતાં સુધી એક યા બીજા નિયમમાં બંધાયેલો રહે છે. જેમ કે :- સૂર્યોદયની બે ઘડી પછી અને સૂર્યાસ્તની બે ઘડી પહેલાં આહારપાણીની સઘળી ક્રિયાઓ પતાવવી. પ્રભુના દર્શન, વંદન વગર કંઈ ખાવું પીવું નહીં, ગુરુને વંદન કરવા અને તેમની પાસે યથાશક્તિ પચ્ચક્ખાણ લેવું

શ્રાવકને માટે 'દેશ' થી અથવા સ્થૂલથી અપાતાં અણુવ્રતો તથા સંયમ

અંગીકાર કરતાં મુમુક્ષુને અપાતાં સૂક્ષ્મ અથવા મહાવ્રતો પ્રત્યાખ્યાનપૂર્વક અપાય છે. આ વ્રત લેનાર સાધુ કે શ્રાવક ગુરુ પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે અને પછી ગુરુ તેને પ્રત્યાખ્યાન આપે છે.

અંતિમકાળને સુધારવા માટે મુખ્ય ઉપાય તરીકે પૂર્વે કરેલાં પાપોની આલોચના, નિંદા તથા ગર્હા છે. આવા આલોચકને પ્રાયશ્ચિત વિધિના જાણકાર વિશુદ્ધ કરેછે. વિશુદ્ધ બનેલા મુનિ પોતાનાથી દુ:ખ પામેલા જીવોની સાથે ક્ષમાપના કરે છે, અને એમ કરતાં સકલ જીવસૃષ્ટિ સાથેના મૈત્રીભાવના પચ્ચક્ખાણ લે છે. ત્રિકરણથી શુદ્ધ બની, અભ્યંતર અને બાહ્ય ઉપધિનો ત્યાગ કરી તે હર્ષ, શોક, દીનતા, ભય, રતિ, અરતિ, રાગ, દ્વેષ વગેરેથી પર બને છે. જિનવચનના આધારે આત્માનું મૂલ્ય સમજી સંસારના બધા સંબંધોથી અલિપ્ત થવા માટેનું પચ્ચક્ખાણ કરે છે.[૯૫]

સંસારના પરિભ્રમણકાળમાં જીવને આહારની જે લોલુપતા છે તે વિશે વિચારીને-આહારના નિમિત્તથી જ આહાર લીધા વગર તંદુલિયો મત્સ્ય સાતમી નરકમાં જાય છે - મુનિ સચિત્ત આહાર નહીં કરવાના પ્રત્યાખ્યાન કરે છે.[૯૬]

પંડિતમરણ માટે કટિબદ્ધ બનેલા મુનિ સતત જાગૃતિમાં રહી શકે છે તેનું કારણ આ બધા પ્રત્યાખ્યાનો છે. પ્રત્યાખ્યાન લેવાથી આત્મિક બળ, હિંમત આવી જાય છે અને કષ્ટોને સહન કરવાની તાકાત પણ મળી જાય છે. અનશની મુનિને ઘણીવાર અંતિમ સમયે પીડા, ઉપસર્ગો થાય છે ત્યારે તે પોતાના પ્રત્યાખ્યાનને યાદ કરી લે છે, નિર્યામકો પણ તેમને પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવે છે અને વ્રતમાં દૃઢ કરે છે.

આમ શ્રાવક કે સાધુની જીંદગીની શરૂઆતથી અંત સુધી પ્રત્યાખ્યાન મહત્વનો ભાગ ભજવે છે.

### (જ) પરિષહ - ઉપસર્ગ :-

જન્મ - જરા - મૃત્યુના દુઃખમાંથી જીવને મુક્તિ તરફ અગ્રેસર કરવામાં સહાયક પરિબળોમાં સર્વવિરતિ ધર્મનો સ્વીકાર મહત્ત્વનો ફાળો આપે છે.

૯૫. શ્રી મરણસમાધિ ગાથા ૨૧૨-૨૧૩.

૯૬. શ્રી મરણસમાધિ ગાથા ૨૪૮.

ચારિત્રધર્મ દ્રવ્યથી પણ સ્વીકારવાથી સાધુ ઘણા પ્રકારના પાપકાર્યોમાંથી પોતાની જાતને અલગ રાખી શકે છે.

જિનેશ્વરે બતાવેલા ચારિત્રધર્મમાં જે પાંચ મહાવ્રત છે અને તેને પાળવા માટેની વ્યવસ્થા છે તે સાધુને કર્મની નિર્જરા કરવામાં ઘણી મદદરૂપ થાય છે. આગમોમાં ઘણી જગ્યાએ સાધુને કોઈ પણ પ્રવૃત્તિ કરતાં કર્મનિર્જરાનો ખ્યાલ રાખવો તેવો ઉલ્લેખ મળે છે. દરેક સમયે કર્મની નિર્જરાનો વિચાર રાખવા મનને બહુ જ મક્કમ કરવું પડે છે અને એ રીતે મનને મક્કમ કરવા માટે જ્ઞાનીઓએ ઠેર ઠેર પ્રરૂપેલા ઉપદેશનું પાન અવારનવાર સાધુઓ કરે છે.

સાધુજીવન અંગીકાર કર્યા પછી તેના પાલન દરમ્યાન સાધુ આહાર-પાણીની શોધ, તપ માટે, ધ્યાન માટે, શય્યા માટે વગેરે માટે બનાવેલા આચારનું પાલન કરી ઉત્તરોત્તર મુક્તિ તરફના પોતાના પ્રયાણમાં આગેકૂચ કરે છે. આ દરમ્યાન જે તકલીફ આવે, દુઃખ પડે, પીડા ઉદ્ભવે તો તે વખતે ધર્મમાર્ગમાંથી વિચલિત ન થઈને ફક્ત નિર્જરાના હેતુથી જ મન, વચન, કાયાની એકાગ્રતાપૂર્વક જે પીડા, દુઃખ સહન કરાય તેને શાસ્ત્રની પરિભાષામાં પરિષહ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં[૯૭] કહ્યું છે કે -मार्गाच्यवन - निर्जरार्थ परिषहोढव्याः परीषहा ।

આચારાંગસૂત્ર કે જે મુખ્યત્વે મુનિઓના આચારની જ વાત ચર્ચતો આગમગ્રંથ છે તેમાં મુનિઓએ 'પરિષહને સહન કરવા' એવો આદેશ છે - "મુનિને આહાર લેવા જતાં ઘરોમાં, ગામમાં, નગરમાં અથવા વિહાર કરતી વખતે દેશમાં રસ્તામાં ઘણા લોકો ઉપસર્ગ, પીડા કરે અથવા આકસ્મિકપણે દુઃખ આવી પડે તો ધીરપણે અડગ રહી સમ્યક્ત્વંત મુનિએ સર્વ સહન કરવાં."[૯૮]

વળી, અંતકાળ નજીક હોય ત્યારે પણ મૂંઝાયા વગર લાકડાના પાટિયાની જેમ અચળ રહી, અણસણ આદરી, શરીરનું મમત્ત્વ વિસરીને સમભાવથી સહન કરવું, અને મરણકાળને ઈચ્છવું.[૯૯]

---

૯૭. તત્ત્વાર્થસૂત્ર (અ) ૯/૩, સૂત્રકૃતાંગ. દ્વિ.અ.પ્ર.ઉ.ગાથા ૧૦૧.

૯૮. આચારાંગસૂત્ર.૧.લો શ્રુ. ૬અ. ઉદ્દેશક. ૩૮૩/સૂત્ર.

૯૯. એજન. ૩૯૩/સૂત્ર.

कायरस नियाधाए संगामसीसे वियाहिए। सेहु पारंगते मुणी। अविहम्माणे फल गावयट्ठी कालोवणीते कंखेज्ज कालं जाव सरीरमेओ-त्ति बेमि। ૩૯૩

વિષયોથી જો મુનિ પીડાય તો તેણે નિર્બળ આહાર કરવો, પેટને અપૂર્ણ રાખવું, એક જગ્યાએ ઊભા રહી કાયોત્સર્ગ કરવો, વળી કારણ સિવાય મુનિને માટે વિહાર નિષિદ્ધ છે છતાં મોહ ઉપશમાવવા ગ્રામાંતર પણ જવું. છેવટે તદ્દન આહાર પણ છોડવો, એટલે કે ગમે તે રીતે આત્મઘાત કરવો પણ સ્ત્રીમાં ન ફસાવું.[૧૦૦]

મુનિને શીખામણ આપતાં કહ્યું કે આ શરીર સાથે જ તું યુદ્ધ કર, બીજા બહારના યુદ્ધની તારે શી જરૂર છે? યુદ્ધને યોગ્ય આવું શરીર ફરીથી મળવું ઘણું મુશ્કેલ છે.[૧૦૧]

સમવાયાંગ સૂત્રમાં પરિષહની વ્યાખ્યા આ પ્રમાણે છે - મોક્ષમાર્ગમાંથી પતન ન થાય અને પૂર્વસંચિત કર્મોની નિર્જરા થાય તે ભાવનાથી ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ, મચ્છર આદિની પીડા સ્વયં સમભાવપૂર્વક સહન કરે તેને પરિષહ કહેવાય છે.[૧૦૨]

સૂત્રકૃતાંગ સૂત્રમાં શાસ્ત્રકાર ચિંતનયુક્ત વિધાન કરે છે.[૧૦૩] ઉપસર્ગ, પરિષહ આવે છે તે મને જ નથી પીડતાં, સંસારના બધા પ્રાણીઓને નડે છે. પૂર્વકૃત કર્મોદયથી સાધારણ વ્યક્તિ આવા સમયે હાયવોય કરે છે. જ્યારે જ્ઞાનાદિથી યુક્ત વ્યક્તિ પરિષહને પૂર્વકૃત અશુભ કર્મનું ફળ માનીને, શત્રુ નહીં પણ મિત્ર માને છે. કારણ કે પરિષહ અથવા ઉપસર્ગ સાધકને કર્મનિર્જરાનો મોકો આપે છે. અજ્ઞાનીઓ વિવિધ કષ્ટો સહે છે, પણ તે વિવશ ભાવથી, સમભાવથી નહીં, તેથી કર્મનિર્જરાનો અવસર તેઓ ખોઈ બેસે છે.

માણસનો સાધારણતયા અભિગમ એવો હોય છે કે બીજા દ્વારા મળતું કષ્ટ અસહ્ય લાગે છે જ્યારે સ્વેચ્છાએ અપનાવેલું કષ્ટ તકલીફ ઓછી આપે છે અથવા નથી આપતું. સાધકે સ્વેચ્છાથી વિવિધ કષ્ટો અનશનાદિ તપસ્યા, ત્યાગ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ, સેવા, આતાપના, વસ્ત્રસંયમ, કાયક્લેશ, પ્રતિસંલીનતા,

---

૧૦૦. શ્રી આચારાંગસૂત્ર. ૧ લો શ્રુ. ૫મુ અ. ૪થો ઉદ્દે. ૩૦૯મુ સૂત્ર.

૧૦૧. એજન. ૩જો ઉદ્દે. ૨૯૪.

૧૦૨. શ્રી સમવાયાંગ સૂત્ર. ૨૨મો સમવાય.

૧૦૩. શ્રી સમવાયાંગ સૂત્ર. દ્વિ.અ.પ્ર.ઉ. ગાથા ૧૦૨.૧૦૩.

ઉણોદરી, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ આદિનો અભ્યાસ પાડવો જોઈએ. આમ કહી, પરિષહને સહન કરવાના ત્રણ સહજ ઉપાય આપ્યાં છે.[૧૦૪]

૧) શરીરને અનશનાદિ તપસ્યાથી કૃશ કરવું.

૨) પરિષહ અથવા ઉપસર્ગ આવતાં અહિંસાધર્મમાં મક્કમ રહેવું.

૩) ઉપસર્ગ કે પરિષહને પૂર્વકૃત કર્મોદયજન્ય માનીને સમભાવથી સહેવા જેથી કર્મરજ તૂટે.

શ્રી ભગવતીસૂત્રમાં પરિષહ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે :-

परितः समन्तात स्वहेतुभिः उदीरता मार्गाच्यवन कर्मनिर्जरार्थं साधुभिः सह्यन्ते इति परिसहो ।[૧૦૫]

માર્ગથી ચ્યુત ન થવાના નિમિત્તે, નિર્જરાના નિમિત્તે બધી તરફથી પોતાના હેતુઓ દ્વારા ઉદીરિત કરીને સહન કરવાને યોગ્ય હોય તેનું નામ પરિષહ છે. પરિષહને સહન કરવાની પાછળનો ભાવ તપ અને સંયમની વૃદ્ધિનો છે.

દસવૈકાલિકસૂત્ર ૧૦મું અધ્યયન 'સભિકખુ અજ્ઝયણ'માં દેહ દુઃખને તિતિક્ષા સમજીને મહાલાભનું કારણ બતાવ્યું છે.[૧૦૬]

खुहं पिवासं दुसिज्जं, सीउण्हं अरइं भयं ।
अहिआए अव्वहिओ, देह दुक्खं महा फलं ॥२७॥

ભૂખ, તરસ, કઠણ પથારી, ટાઢ, ગરમી, અરતિ થાય તેવા પ્રસંગે, ભય ઉત્પન્ન કરે તેવા પ્રસંગે મુનિ મનમાં ખેદ લાવ્યા વિના પ્રસન્ન ચિત્તે સહન કરે, દેહના દુઃખને તિતિક્ષા સમજીને મહાલાભનું કારણ માને.

તે જ સાચો ભિક્ષુ છે કે જે પરિષહોને સહન કરે છે, જે જન્મ-મરણના ભયસ્થાનોને જાણે છે, જે તપમાં રક્ત રહી જન્મ-મરણરૂપી સંસારથી પોતાના

---

૧૦૪. ૧) સૂત્રકૃતાંગ શીલાંકવૃત્તિ પત્ર ૫૭-૫૮ ના આધાર પર.
૨) कसेहि अप्पाणं जरेहि अप्पाणं - આ.શ્રુ.૧.અ.૪.ઉ.૩.૧૪૧.
૧૦૫. શ્રી ભગવતીસૂત્ર. ઘાસીલાલજી શ. ૮.ઉ.૮. (પૃ. ૧૦૪).
૧૦૬. દસવૈકાલિકસૂત્ર અથવા વીરસ્તુતિ. ૮મુ અ. ૨૭મી ગાથા.

આત્માને બચાવી લે છે.[૧૦૭]

વળી કહે છે કે સાધુ તે જ છે જે કાંટા સમાન આક્રોશ, પ્રહાર, તર્જનાઓ સહન કરે છે, જે ભયંકર ગર્જનાઓ થતી હોય એવા સ્થાનમાં રહેવાનું હોય તો પણ મૂંઝાતો નથી - સુખદુઃખમાં સમભાવે રહી શકે છે.[૧૦૮]

આમ, દસવૈકાલિકસૂત્ર પ્રમાણે પરિષહો ઉપર વિજય મેળવે તે જ સાચો અણગાર કહેવાય.

ઉત્તરાધ્યયનસૂત્ર બીજા અધ્યયનમાં મુનિએ સહન કરવાના બાવીસ પરિષહોનું વિસ્તારથી વર્ણન છે. વળી, દરેક પરિષહને સહન કરનારા વિશિષ્ટ પુરુષોના દ્રષ્ટાંતો પણ છે. મુનિએ આત્મકલ્યાણ માટે ઉપસર્ગોને સહન કરવા જોઈએ એવો અહીં ઉપદેશ છે.[૧૦૯]

આવશ્યકસૂત્ર (૪થા અધ્યાય)માં પણ બાવીસ પરિષહોના નામનો ઉલ્લેખ મળે છે.

પ્રકીર્ણકસૂત્રમાં આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, સંસ્તારક, ભક્તપરિજ્ઞા, મરણસમાધિ વગેરે ગ્રંથોમાં પરિષહ વિશેની ચર્ચા છે. પરિષહ એટલે શું? પરિષહ કેવી રીતે જીતવા? તેને જીતવાથી શું લાભ? કોણે જીત્યા? વગેરે પ્રશ્નોના જવાબ પ્રકીર્ણકગ્રંથોમાંથી સુંદર રીતે મળી જાય છે.

મરણસમાધિકાર પરિષહનો મુદ્દો સમજાવવા નિર્યામકનો આધાર લે છે. મરણકાળ નજીક જાણીને અનશન આદરી સંથારાનો સ્વીકાર કરનાર સાધક મુનિને નિર્યામક વિવિધ જાતનો ઉપદેશ આપે છે. નિર્યામક કહે છે - પરિષહના સમયે

---

૧૦૭. એજન. ૧૦મુ અ. ૧૪. अभिभूअ काएण परिसहाई समुद्धरे जाउ अप्पयं ।
विइत्तु जाइमरणं महब्भयं, तवे रए सामणिए जे अ भिक्खू ॥ १४ ॥

૧૦૮. એજન. ૧૦મુ અ ૧૧. जो सहइ हु गाम कंटकए, अक्कोसपहर तज्जणाओ अ
भयभेख सद्दसप्पहासे, समसुहदुक्खंसहे अ जे स भिक्खू ॥११॥

૧૦૯. શ્રીઉત્તરાધ્યયન સૂત્ર. દ્વિ. અ. ૧લુ સૂત્ર.
सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं, इय खलु बावीस परीसहा, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ, जे भिक्खू सोच्चा णच्चा जिच्चा अभिभूद भिक्खायरिआ परिव्वयंतो पट्ठो ण विहणेज्जा ।

મુનિએ અચળ રહેવું, મનની મક્કમતાપૂર્વક શરીરના મમત્ત્વભાવનો ત્યાગ કરવો, શરીરની ગમે તેવી પીડાને ભૂલી આત્માની ચિંતા કરી આર્ત-રૌદ્ર ધ્યાનથી દૂર રહેવું, મન, વચન, કાયાની એકાગ્રતાથી ઉપસર્ગને જીતાય તો સાચા આરાધક બનાય.[૧૧૦]

શરીર અને આત્માની ભિન્નતા સમજાવતાં કહે છે કે શરીર પ્રત્યેના રાગને કારણે જ અનેક શારીરિક તથા માનસિક દુઃખો ભોગવવા પડે છે. શરીરે કરેલાં કર્મોનો ભોગવટો આત્માએ કરવો પડે છે.[૧૧૧]

એમ કહેવાય છે કે સાધુજીવનની માતા - અષ્ટપ્રવચન માતા - જેમાં પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે[૧૧૨], તે સાધુની રક્ષા કરે છે. અષ્ટપ્રવચન માતાનું રક્ષણ કરનાર સાધુમાં એવી શક્તિ પેદા થાય છે કે તે આ બાવીસ પરિષહોને સામેથી આમંત્રણ આપીને પણ સહન કરી શકે છે. બાવીસ પરિષહો વિષે ઉત્તરાધ્યયન સૂત્ર બીજા અધ્યયનમાં ઘણો વિસ્તાર થયેલો છે.

શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં તથા આવશ્યક નિર્યુક્તિમાં પરિષહના બે વિભાગ પાડવામાં આવ્યા છે :- અનુકૂળ ઉપસર્ગ તથા પ્રતિકૂળ ઉપસર્ગ.[૧૧૩]

બાણોથી વિંધાયેલ હાથી સંગ્રામમાંથી ભાગી જાય છે તેમ કઠોર અને દુઃસહ પરિષહોથી પીડિત થઈ અસમર્થ સાધુ પ્રતિ ઉપસર્ગથી થાકી સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે. જ્યારે શૂરવીર સાધકો પ્રતિકૂળ ઉપસર્ગો વખતે સાધનાની સીડીઓ ચઢે છે, હિમાલયની જેમ અચળ, અડગ રહી તેમનો આત્મા ભવસમુદ્ર પાર પામી જાય છે.

ઘણીવાર પ્રતિકૂળ ઉપસર્ગો કરતાં અનુકૂળ ઉપસર્ગો ઉપર વિજય મેળવવો બહુ મુશ્કેલ બની જાય છે. જેમ કે ગૃહત્યાગ કરીને નિશ્ચયબદ્ધ બનેલ શ્રમણને

---

૧૧૦. મરણસમાધિ ગાથા. ૪૦૬.

૧૧૧. એજન. ગાથા ૪૦૨, ૪૦૫.

૧૧૨. સમિતિ = જિનેશ્વરની આજ્ઞાપૂર્વક જયણાયુક્ત પાપરહિતપણે બધી ક્રિયાઓ કરવી. ગુપ્તિ = પાપકાર્યમાં જતાં મન, વચન, કાયાને રોકવા.

૧૧૩. इत्थी-सक्कार-परीसहो य दो भावसियला एए।
सेसा वीसं उण्हा परीसहा हुंति नायव्वा ॥ આવ. નિ. ૨૦૩.

પરિજનો કામ અથવા ભોગોનું પ્રલોભન આપે, લાલચ દેખાડે, સાધુ પ્રત્યે મમત્ત્વભાવ દર્શાવે, આ બધા પ્રસંગે સંયમભાવથી રહિતસાધુ, અપરિપક્વ (અસંવૃત્ત) સાધક મોહમૂઢ બને છે.[૧૧૪] જ્યારે મુમુક્ષ સાધક આ ઉપસર્ગોને પોતાની કસોટી માની સમભાવથી સહન કરે છે. અગ્નિમાં પડી જેમ સુવર્ણ વધુ તેજસ્વી બને છે. તેમ સમભાવથી ઉપસર્ગ સહનાર સાધુની આત્મિક શક્તિઓ વધુ ખીલી ઊઠે છે.[૧૧૫] શાસ્ત્રમાં અનેક જગ્યાએ આવા પરિષહોને જીતનાર શૂરવીર સાધકોના દૃષ્ટાંતો મળે છે.[૧૧૬]

## (ઝ) ભાવના :-

भाव्यते इति भावना। સંસાર ઉપરથી વૈરાગ્ય કરવા જેનું વારંવાર સ્મરણ કરવામાં આવે અને તે દ્વારા આત્માને મોક્ષસન્મુખ કરવામાં આવે તે 'ભાવના' મોક્ષમાર્ગના સાધક તથા શ્રાવકે નિત્ય ભાવવા જેવી બારભાવના જૈન શાસનને મળેલી અમૂલ્ય ભેટ છે. પરિષહ, ઉપસર્ગ દ્વારા કર્મનો ક્ષય કરનાર સાધકને જો આ ભાવનાઓનો સહારો ન હોય તો ફરીથી કર્મબંધનો પ્રશ્ન ઊભો થાય.

૧) અનિત્યભાવના :- પ્રાણીનું જીવન પવનના અસ્થિર તરંગ જેવું ચંચળ છે. કાળનો ઝપાટો ક્યારે આવે અને ક્યારે ઊડી જશે એ કહેવાય નહીં. સંપૂર્ણ જીવન દરમ્યાન સારી રીતે પોષણ કરેલું શરીર પણ વાદળાંની પેઠે વિખરાઈ જાય છે. કાળ થાય એટલે દોરી તૂટતાં વાર લાગતી નથી. કુશના છેડા પર રહેલા પાણીના બિંદુ સમાન ચંચળ એવા આયુષ્યને જાણીને જીવનની અસ્થિરતા વિચારીને આત્મસ્વરૂપની ચિંતા કરવી તે અનિત્યભાવના. વૈભવ, પરિવારની ચિંતા છોડી, સચ્ચિદાનંદ એવા આત્માના સ્વરૂપનો બરાબર ખ્યાલ કરવો, જેનાથી કાયમને માટે અવ્યાબાધ-અપ્રતિહત નિત્ય સુખ પ્રાપ્ત કરી શકાય. ક્ષણવિનાશી એવા દુન્યવી પદાર્થોનો પોતે જ સ્વતઃ ત્યાગ કરે તો અનંત સુખ મળે અને પરાણે છોડવા પડે તો પારાવાર દુઃખ થાય.

---

૧૧૪. સૂત્રકૃતાંગ. દ્વિ. અ. પ્ર.ઉ.ગાથા ૧૬-૧૭.

૧૧૫. એજન. ૩જુ અ. ૧લો ઉ.

૧૧૬. જુઓ પરિશિષ્ટ નં. ૨.

પહેલાં પ્રત્યેકબુદ્ધ કરકંડુ રાજાએ પદાર્થની અનિત્યતા વિચારતાં રાજપાટ છોડી દીક્ષા લીધી હતી.[૧૧૭]

૨) અશરણભાવના :- મૃત્યુશય્યા પર પડેલો માનવી, પછી ભલે તે રાજા કે મહારાજા હોય તેનું કોઈ રક્ષણ કરી શકતું નથી. કોઈપણ વિદ્યા, મંત્ર, ઔષધિ, ભારેમાં ભારે રસાયનનું સેવન, દેવતાઓને વશ કર્યાની વાત પણ મૃત્યુનોં પીછો છોડાવી શક્તી નથી.

આવા અશરણ આત્માને ધર્મ ટેકો આપે છે અહિંસા, સત્ય, ન્યાયસંપન્ન વૈભવ, દાન, શીલ, તપ, ભાવ, મોહ-મમત્ત્વના ત્યાગરૂપ ધર્મ આત્મસ્વરૂપને ઓળખાવે છે. પોતાની જાતને, તેજને, સામર્થ્યને ઓળખતો જીવ આત્માના નિરુપદ્રવ સ્થાને અવશ્ય પહોંચી શકે છે. સચ્ચારિત્રશીલ વર્તનથી અશરણદશાનો અંત આવી જાય છે.

૩) સંસારભાવના :- સંસાર શબ્દ 'સૃ' ધાતુ પરથી આવે છે, એટલે પથરાવું, વહેવું. તેલનું ટીપું પાણીમાં પડતાં જેમ ફેલાઈ જઈ અનેક લાલ-પીળા કુંડાળા કરી નાખે એવો સંસાર છે. આ ભાવનામાં આખા સંસારનો, તેના જન્મમરણનો, તેની અંદર ઉપાધિઓનો, આપત્તિઓનો, દુઃખોનો વિશાળ નજરે વિચાર કરવાનો છે. સંબંધની ઘેલછા અને સ્વાર્થના સંબંધો સમજવા યોગ્ય છે. આ બધામાં જીવની ફસામણ પૂર્વે કરેલાં કર્મોને આધારે હોય છે. એમાં સૌથી મુખ્ય મોહનીય કર્મ છે. સર્વ કર્મોનો રાજા મોહનીય કર્મ છે એને ઓળખી વારંવાર ચિંતવન કરતાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ શકે અને આત્મા મોક્ષાભિમુખ બની શકે.

૪) એકત્વભાવના :- સંસારમાં જીવ જન્મે છે ત્યારે તદ્દન એકલો હોય છે જેની ઉપર મોહ, રાગ છે તેવા સ્ત્રી પુત્રાદિ સાથે જન્મતાં નથી અને જ્યારે યમદેવ ઉપાડી જાય છે ત્યારે પણ એ તદ્દન એકલા જાય છે, કોઈ એની સાથે મરતું નથી.

સંસારમાં જીવ એકલો જ કર્મ કરે છે અને એના ફળ પોતે જ ભોગવે છે આવા કર્મોને અળગા કરવા આત્માના એકાકીપણાના વિચારની બહુ જરૂર છે. 'શ્રાવક દિનચર્યા' માં રાત્રે સૂતી વખતે શ્રાવકે આ ભાવ કેળવવાના હોય છે.

---

૧૧૭. જુઓ ભરહેસર સજ્ઝીય ગાથા-૨.

एगोऽहं नत्थि मे कोई नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥ ११ ॥
एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥ १२ ॥ [११८]

૫) અન્યત્વ ભાવના :- આત્માને માટે સૌથી પોતીકું માનતા આપણું શરીર પણ જ્યારે માંદગી આવે, સાંધાઓ તૂટે ત્યારે આત્માને છોડી જાય છે. આવા શરીરનો કેમ વિશ્વાસ કરાય ? સ્ત્રી, પુત્ર, કુટુંબ, વેપારમાં ગમે તેટલો મોહ હોય છતાં તે બધા દુર્ગતિમાં પડતા જીવને રક્ષણ આપી શકે તેમ નથી. આત્મા સિવાય બધા પદાર્થો અન્ય છે. પોતાના શરીરને પણ અન્ય માનીને અહીં વિચારવાનું છે.

મરૂદેવા માતા - ગૌતમસ્વામી આ ભાવના ભાવી મોક્ષે ગયા હતા.

ઉપરની પાંચે ભાવના આત્મા અંગેની છે. છઠ્ઠી ભાવના શરીર અંગેની છે. સાતમી, આઠમી, નવમી ભાવના કર્મનો સંબંધ બતાવનાર છે. દસમી, અગિયારમી, બારમી ભાવના જુદા જુદા ધર્માદિ વિષયને પ્રગટ કરે છે.

૬) અશુચિ ભાવના :- શરીર અપવિત્ર વસ્તુઓનું ઉત્પત્તિસ્થાન છે. ચારે તરફ રહેલા મળમાં જીવ ઉછરે છે, એનામાં મળમૂત્ર ભરેલાં છે. સર્વ ભાગો દુર્ગંછા ઉત્પન્ન કરાવનાર છે. અનેક સ્થાનેથી અપવિત્ર પદાર્થો વહ્યા કરે છે. આવા દુર્ગંછનીય શરીરને શ્રેષ્ઠ બનાવી શકે એનો રસ્તો બતાવતાં જ્ઞાનીઓ કહે છે - આ શરીરને શિવસાધનામાં જોડી દેવું. ધર્મરૂપી સુંદર જળાશય સર્વ મળનું શોધન કરે છે. શરીરની અંતર્ગત રાગ, દ્વેષ, મોહ વગેરેને શોધી વીણીને છૂટા પાડે છે. દા.ત. સનત્કુમાર, ચક્રવર્તીએ સુંદર શરીરમાં થયેલા વિકારોને જાણ્યા પછી છ ખંડની પૃથ્વીને છોડી દીક્ષા લીધી. ચારિત્ર દરમ્યાન પણ શરીરમાં ઉત્પન્ન થયેલાં વ્યાધિની દરકાર ન લીધી. એક માસની સંલેખના કરી ત્રીજા દેવલોકમાં ગયા.

૭) આશ્રવ ભાવના :- જે માર્ગે કર્મો આવે તે માર્ગને આશ્રવ કહે છે. એક મિનિટમાં કરેલાં વર્તનો કર્મફળો લઈ આવે છે ત્યારે વરસો સુધી ભોગવવા પડે

---

૧૧૮. સંથારાપોરિસી સૂત્ર ગાથા ૧૧-૧૨.

છે. પાંચ ઈન્દ્રિયોની રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિ, સંસારનો લાભ કરાવનાર ક્રોધાદિ ચાર કષાયો તથા નવ નોકષાયો અવિરતિપણું, મન, વચન, કાયાની શુભ અથવા અશુભ પ્રવૃત્તિથી કર્મોનું આગમન થાય છે આવા આશ્રવને ધર્મકરણી દ્વારા દાબી શકાય છે.

૮) સંવરભાવના :- આશ્રવો દ્વારા જે બારણાં ઉઘડે તેને બંધ કરવા તે સંવર. આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ, ક્રોધાદિ ચાર કષાયોને જીતવા, મન, વચન, કાયાના અપ્રશસ્ત યોગો પર વિજય મેળવવો તે સંવર કહેવાય છે. સંવર છ પ્રકારે થાય છે. (૧) સમિતિ, (૨) ગુપ્તિ, (૩) યતિધર્મો, (૪) ભાવના, (૫) પરિષહ જય અને (૬) ચારિત્ર

સર્વ આશ્રવોનો રોધ કરનાર, શુદ્ધ શ્રદ્ધા તથા શુભોપયોગરૂપ સંવરવાળો આત્મા અવશ્ય મોક્ષગામી થાય છે.

૯) નિર્જરા ભાવના :- કર્મોનું ધીરે ધીરે ઝરવું - ઓછું થવું એટલે નિર્જરા. તપ દ્વારા કર્મની નિર્જરા થાય છે. તીવ્ર કષાયને વશ થઈને બાંધેલા નિકાચિત કર્મનો પણ તપ દ્વારા નાશ કરી શકાય છે. જ્ઞાન ઉપર રુચિ, વૈયાવચ્ચમાં તત્પરતા, સેવાભાવપૂર્વક માંદાની માવજત, વૃદ્ધની સેવા, પાપની આલોચના, મળેલા સમયમાં સ્વાધ્યાયાદિ, દ્વારા કર્મની નિર્જરા થઈ શકે છે.

૧૦) ધર્મભાવના :- દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરી રાખે, તેને ટેકો આપે તે ધર્મ. આ ધર્મનું જે પ્રાણીઓ શરણું લે છે તેને આ ભવમાં અને પરભવમાં અનેક લાભો મળે છે. આ ધર્મ ૪ પ્રકારે થઈ શકે છે - દાન, શીલ, તપ, ભાવ.

ધર્મ દ્વારા ક્ષમા, નિરભિમાનીપણું, સરળતા, પવિત્રતા, સત્યનિષ્ઠા વગેરે ગુણોનો વિકાસ થાય છે. ધર્મને શરણે ગયેલો માણસ સંયમ, તપ વગેરેનો આગ્રહી બને છે આત્મસ્વરૂપનું તેને ભાન થતાં પર વસ્તુ તરફનો તેનો રાગ ઘટી જાય છે.

શરૂઆતમાં સામાન્ય બાહ્યત્યાગથી ધર્મ શરૂ થાય છે. ધીમે-ધીમે શરીર અને મન ઉપર કાબુ વધે છે અને છેવટે શરીર પરની માયા પણ છૂટી જાય છે. આમ ધર્મ દ્વારા પ્રાણીનો ક્રમસર વિકાસ થાય છે.

૧૧) લોકસ્વરૂપ ભાવના :- જૈન દર્શન પ્રમાણે વિશ્વના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. ઉર્ધ્વ, અધો, તિર્યક અથવા મર્ત્યલોક. એના ખ્યાલના આકાર માટે લોકપુરુષની કલ્પના કરી છે - એક પુરુષ બન્ને પગ પહોળા કરી બન્ને હાથો કેડ ઉપર લગાવી ઊભો છે. કેડની નીચેનો ભાગ અધોલોક, ઉપરનો ભાગ ઉર્ધ્વલોક અને કેડની પાસે તિર્યકલોક.

આવા લોકપુરુષમાં રહેલા ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો, સ્થાનો, જંગલો, શીતપ્રદેશો, ઉષ્ણપ્રદેશો, એના વૈભવો, દુઃખો, રાજભુવનો, તેના માર્ગો, નદીઓ, સરોવરો, પર્વતો, વનસ્પતિઓ, નિગોદનું સ્વરૂપ આવા અનેક વિષયોનો વિચાર કરતાં મનમાં એક પ્રકારની સ્થિરતા આવે છે. અતિવિશાળ ચૌદ રાજલોકમાં પોતાના સ્થાનની અલ્પતા મોટા માંધાતાને પણ મૂંઝવી દે છે વિચાર સ્થિર થતાં અધ્યાત્મ સુખ આપે છે.

૧૨) બોધિ દુર્લભ ભાવના :- બોધિબીજ એવું અણમોલ રત્ન છે કે જેને મેળવ્યા પછી કદી દુર્ગતિ આવતી નથી પરંપરાએ સદ્ગતિ અને મોક્ષ મળે છે. આવું અણમોલું રત્ન ઘણી કઠિનાઈથી મળ્યું છે. જેમ કે જીવ સૂક્ષ્મ નિગોદમાંથી - અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળે તે પછી સ્થાવરપણે ઉત્પન્ન થાય તે પછી એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જેવા ત્રસ પણે ઉત્પન્ન થયા પછી પંચેન્દ્રિયપણું પામે છે.

આ ભાવના વડે એવી ભાવના ભાવવાની હોય છે કે મહામુસીબતે મળેલા મનુષ્યદેહને પામીને ઈન્દ્રિયોના વિષયોના સુખમાં કે સુખની તૃષ્ણામાં વિહ્વળ બની જે ધર્મ આચરતો નથી તે મૂર્ખ માણસ મોટા દરિયામાં ડૂબતા માણસને સુંદર વહાણનો યોગ મળવા છતાં પથ્થરને પકડનાર જેવો છે. ચિદાનંદજી એક પદમાં કહે છે.

'વાર અનંતી ચૂક્યો ચેતન, ઈણ અવસર મત ચૂક'

મરણસમાધિ પ્રકીર્ણકમાં આ બાર ભાવનાઓ ઘણા વિસ્તારપૂર્વક આપવામાં આવી છે[૧૧૯]; કારણ પ્રસ્તુત પ્રકીર્ણકનો મુખ્ય વિષય છે સમાધિ-જીવનમાં તેમ જ અંતિમ સમયે પણ. જો દુનિયાનું, તેમાં રહેલા પદાર્થોનું વાસ્તવિક અને સચોટ

---

૧૧૯. શ્રી મરણસમાધિ ગાથા ૫૭૦ થી ૬૪૦.

જ્ઞાન આપણી પાસે ન હોય તો આપણો રઝળપાટ વધી જાય. જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનના પ્રકાશમાં સાચું શું અને ખોટું શું એનો અનુભવ મેળવ્યોછે. અને તે અનુભવનો ચિતાર આપણા સુધી શાસ્ત્રોં દ્વારા આપ્યો છે. શાસ્ત્ર આપણને સમજાવે છે કે હેય શું છે અને ઉપાદેય શું છે. આસક્તિ, મોહ, માયા, મમતા, રાગ, દ્વેષ સંસારને વધારનાર છે તેનાથી આત્મા ઉપર કર્મો વધે છે. મુક્તિના સુખના પિપાસુએ આત્માને જ ઓળખવો, ધર્મનું શરણું લેવું અને તે દ્વારા કરેલા કર્મોની નિર્જરા કરવી.

વળી, વહેવારમાં પણ આપણે જોઈએ છીએ કે દ્રવ્ય કરતાં ભાવની મહત્તા વધુ છે તેમ સમાધિમરણને ઇચ્છનાર સાધક પણ અનશન કરે, ક્ષમાપના કરે, પાપોની ક્ષમા માગે, બધું કરે પણ ભાવરહિતપણે જો કરે તો તેના એ તપ, જપ યોગ્ય રીતે ફળતાં નથી. જ્યારે ભાવપૂર્વક જિનેશ્વરોને કરેલો એક નમસ્કાર પણ ભવસાગરમાંથી તારવા માટે સમર્થ છે.[૧૨૦] આ ભાવ આવે ક્યાંથી? અનિત્યાદિ બાર ભાવનાઓને જાણીને, સમજીને, વારંવાર એનું ચિંતન કરવાથી, મનન કરવાથી ભાવોની વૃદ્ધિ થાય છે ; અને તે પછી કરેલી આરાધના, અનુષ્ઠાનો વધુ જીવંત બને છે.

❖ ❖

---

૧૨૦. શ્રી સિદ્ધાણં બુદ્ધાણં. સૂત્ર, ગાથા-૩.
ઇક્કોવિ નમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ
સંસાર સાગરાઓ, તારેઇ નરં વ નારિં વા -

## પ્રકરણ - ૪ મરણસમાધિ પ્રકીર્ણકમાંની દ્રષ્ટાંત-કથાઓ

### ૧. ભૂમિકા :-

પ્રાચીન કાળથી જ જગતમાં કથાસાહિત્યને જીવનના રસ તરીકે ઓળખવામાં આવ્યું છે. આબાલવૃદ્ધ સૌને કથામાં રુચિ હોય જ છે. કથા જ્ઞાન સાથે ગમ્મત કરાવી જાય, કુતૂહલ જાગૃત કરે, જિજ્ઞાસાને પણ પૂર્ણ કરે. જગતના બધા ધર્મોના ધાર્મિક સાહિત્યમાં અનેક કથાઓ નાના-મોટા સ્વરૂપે આપણને જોવા મળે છે.

પ્રાચીન કાળમાં ભોજક, ગઢવી, ચારણ, ભાટ વગેરે લોકબોલીમાં સામાન્ય જનતાને કથાસાહિત્યનું પાન કરાવતાં. પ્રાચીન ભારતીય સાહિત્ય તેમ જ ધાર્મિક સાહિત્યમાં ઉપદેશ આપવા માટે કથાનો આશ્રય લેવાતો.

ઋગ્વેદ આદિ વૈદિક સંહિતાઓ, રામાયણ, મહાભારત જેવા પ્રસિદ્ધ ગ્રંથો, બુદ્ધના પૂર્વજન્મને કેન્દ્રમાં રાખીને લખાયેલી જાતકકથાઓ તથા બીજી પણ અનેક કથાઓ, જૈન ધર્મમાં પણ ભગવાન મહાવીરથી આજ સુધી વિવિધ ભાષાઓમાં મળતી નાની-મોટી કથાઓ સાહિત્યમાં કથાનું સ્થાન કેટલું મહત્ત્વનું છે તે દર્શાવે છે. આ કથાઓ દ્વારા જનસામાન્યને સદાચાર, નીતિ, આચાર વગેરેના ઉપદેશ અપાતો.

### ૨. આગમોમાં કથા :-

આગમ સાહિત્ય ચાર વિભાગોમાં - અનુયોગોમાં વિભાજિત થયેલું છે. ૧) ચરણકરણાનુયોગ, ૨) ધર્મકથાનુયોગ, ૩) ગણિતાનુયોગ, ૪) દ્રવ્યાનુયોગ.

ધર્મકથાનુયોગ અંતર્ગત આવતાં સૂત્રકૃતાંગ, ભગવતીસૂત્ર, અંતકૃતદશાંગ, અનુ:પપાતિકદશા; ઉપાસકદશા, વિપાકસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર આદિ અનેક ગ્રંથોમાં પ્રસંગોપાત દ્રષ્ટાંતો, કથાઓ આપણને જોવા મળે છે, જ્યારે જ્ઞાતાધર્મકથા કથાઓથી ભરપૂર ગ્રંથ છે.

આગમો ઉપરની વ્યાખ્યાઓમાં પણ કથા જોવા મળે છે. નિર્યુક્તિઓમાં કથાનક, આખ્યાનક, ઉદાહરણ વગેરે ગાથાઓરૂપે સંગ્રહિત છે. ભાષ્યોમાં અનેક કથાનક અને દ્રષ્ટાંત દ્વારા વિષયનું પ્રતિપાદન થયેલું છે. ચૂર્ણિઓ ગદ્યપ્રધાન હોવાને લીધે કથાસાહિત્યનું નવું જ સ્વરૂપ જોવા મળે છે. તો વળી ટીકાઓ તો કથાસાહિત્યનો અખૂટ ભંડાર છે. ટીકાઓ સંસ્કૃતમાં હોવા છતાં કથાઓ પ્રાકૃતમાં છે.

ઉત્તરાધ્યયન સૂત્ર પર વાદિવેતાલ શાંતિસૂરિ અને નેમિચન્દ્રસૂરિની ટીકાઓમાં જૈન ધર્મની ઉત્કૃષ્ટ કથાઓ છે. આવશ્યક સૂત્ર તથા દશવૈકાલિક પર ટીકા લખનાર યાકિનીસૂનુ હરિભદ્રસૂરિએ 'સમરાઈચ્ચકહા' અને 'ધૂર્તાખ્યાન' થી જૈન કથાસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. અનુયોગદ્વારના વૃત્તિકાર મલધારી હેમચન્દ્રે ઉપદેશમાલાપ્રકરણ જેવો કથાગ્રંથ લખ્યો છે.

આગમોત્તર સાહિત્યમાં ચરિત્રકથાનું મહત્ત્વ વધ્યું અને તેથી આપણને ત્રિષષ્ઠિ શલાકાપુરુષચરિત, પઉમચરિયં, તરંગવતી, વસુદેવહિંડી જેવા ગ્રંથો મળ્યા.

પ્રકીર્ણકગ્રંથોમાં પણ ઋષિભાષિતમાં ૪૫ જેટલા પ્રત્યેક બુદ્ધની વાત, તિત્થોગાલીમાં શ્રી ઋષભદેવનું ચરિત્ર તથા ભક્તપરિજ્ઞા, મહાપ્રત્યાખ્યાન, સંસ્તારક તથા મરણસમાધિ જેવા ગ્રંથોમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ મનની અંદર સમાધિને ટકાવીને દેહ ત્યાગનાર અનેક મહાપુરુષોના દ્રષ્ટાંતો કથારૂપે મળે છે.

**૩. કથાઓ દ્વારા જાણવા મળતા વિવિધ વિષયો :-**

આ કથાઓ પોતાના સમયના ભારતીય જનજીવનનું પણ અદ્‌ભુત અને આબેહૂબ ચિત્ર ખડું કરે છે. અનેક વિષયો જેવા કે - સામાજિક રીતરિવાજો, ઉત્સવો, નગરજીવન, પુરુષ-સ્ત્રીના હાવભાવ, જ્યોતિષમાં શ્રદ્ધા, વશીકરણ, યુદ્ધ, દુષ્કાળ, પ્રેમ, જન્મ તથા મૃત્યુ અંગેની માન્યતા વિશે આપણને પ્રાકૃત કથાઓ દ્વારા ઘણું જાણવા મળે છે.

**૪. સમાધિ અને બોધિ દ્વારા અનંત જન્મોનો નાશ :-**

વિવિધ બંધનોનું કારણ બનતો હોવાથી જૈનદર્શન જન્મને હેય માને છે જ્યારે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરાવનાર હોવાથી સમાધિપૂર્વકના મરણને ઉપાદેય માને છે. મરણને મહોત્સવ બનાવે તેનો જન્મ સફળ ગણાય. કોઈ પણ જન્મમાં મરણને નાશ કરવાની તાકાત નથી. જન્મે છે તે અવશ્ય મરે જ છે. પણ સમાધિમરણમાં એ તાકાત છે જેનાથી ભાવિ અનંતા જન્મોનો નાશ થઈ શકે છે. આ તાકાત જીવને ક્યાંથી મળે ?

'જયવીયરાય સૂત્ર'-પ્રાર્થનાસૂત્રમાં[૧] વીતરાગ એવા તીર્થંકર પાસે માંગણીમાં

૧. સમાહિ મરણં ચ બોહિલાભોઅ.

જે સમાધિ અને બોધિની માગણી છે તે સમાધિ અને બોધિમાં અનંત જન્મોનો નાશ કરવાની શક્તિ છે. તેથી જ જૈન ધર્મમાં અવારનવાર પ્રભુ પાસે માગણી કરતી વખતે ભક્તજન બોધિબીજપૂર્વકની સમાધિની ઈચ્છા વ્યક્ત કરે છે.[૨]

જન્મ-મરણરૂપી દુઃખ અને કર્મનો ક્ષય કરનારા સમાધિમરણની મહત્તા ઠેર ઠેર ગવાઈછે. મનુષ્યજીવનમાં સુંદર સામગ્રી મળ્યા પછી અરિહંત પરમાત્માના આલંબન દ્વારા પુણ્યશાળી જીવો સમાધિમરણ મેળવવા માટે તત્પર બનેછે. આવી રીતે પંડિતમરણને વરેલા અનેક સિદ્ધપુરુષો પ્રાચીનકાળમાં થઈ ગયાનો આગમમાં ઉલ્લેખ છે.

પ્રસ્તુત મરણસમાધિકારે ઉત્તમમરણ શ્રેષ્ઠ, ઉત્તમમરણ માટે સમાધિની આવશ્યકતા વગેરે બતાવ્યા પછી તે સમાધિને આત્મસાત કરનારા વીર પુરુષોની યાદ તાજી કરી કેટલીક ગાથાઓ અહીં મૂકી છે. તે ગાથાઓમાં આવતાં દ્રષ્ટાંતો-કથાઓમાંથી ઘણા પ્રચલિત છે અને અમુક જેવા કે જિનધર્મ શ્રેષ્ઠી, કમલશ્રી નામની સુંદર સ્ત્રીનું દ્રષ્ટાંત બહુ પ્રકાશમાં નથી પણ આવ્યાં.

મરણસમાધિ ગ્રંથ સંગ્રહગ્રંથ હોવાને કારણે અહીં આવેલી કથાઓવાળી ગાથા પણ આવશ્યક નિર્યુક્તિ, ઉપદેશમાલા, વ્યવહારભાષ્ય, નિશીથસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્રમાંથી લેવામાં આવી છે.[૩]

આગમસાહિત્યમાં દ્વાર ગાથા તથા સંગ્રહણી ગાથાનું પ્રચલન હતું, તેથી ઘણીવાર કથાઓ માટે ઘણી ગાથાઓ લખવાને બદલે એક અથવા બે ગાથાઓ લખાતી અને તેને માટે વિશેષ લંબાણ માટે આગળ બીજા ગ્રંથો જોવાતા. (અહીં કર્તાએ તે જ પ્રમાણે દ્વાર ગાથાનો પણ ઉપયોગ કર્યો છે.)

પાછળથી આ કથાઓ પ્રચલિત થવાને કારણે ઘણા વિદ્વાનોએ કલમ ચલાવી અને વિસ્તારપૂર્વક લખાયેલી કથાઓ પણ આપણને મળી તે આપણે આગળ

---

૨. 'બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ', ચૈત્યસ્તવ સૂત્ર-ગાથા ૨.
આરૂગ્ગ બોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ -લોગસ્સ સૂત્ર ગાથા ૬.
દિત્તતેઅ વંધ્યેઅ સવ્વલોઅ ભાવિઅપ્પભાવણેઅ પઈસ મે સમાહિ- અજિત શાંતિ સૂત્ર ગાથા ૧૪.

૩. જુઓ પરિશિષ્ટ નં. ૧.

જોયું.

મરણસમાધિકારે જે દ્રષ્ટાંતો મૂક્યાં છે તે આપણને સંદેશો આપી જાય છે કે - સમતાથી દુ:ખ ભોગવનારના દુ:ખો જાય છે, મમતાથી સુખ ભોગવનારના સુખો નાશ પામે છે. દુ:ખમાં જે સમતા રાખી શકે તે જ આગળ વધી શકે કારણ તત્ત્વથી દુ:ખ એ દુ:ખ નથી પણ આત્માના આરોગ્યની ઔષધિ છે. દુ:ખ ભોગવવાની શક્તિ જે ફોરવે છે તે વિનામાગે સુખનો અધિકાર બની જાય છે. મળેલાં સુખને ભોગવ્યા પછી તેનાથી ઠગાતો નથી. 'સ્વ' ભાવમાં સ્થિર થઈ પરમપદને પામી શકે છે.

**૫. સમાધિમરણને ભેટનાર અનેક મહાપુરુષોના દૃષ્ટાંતો :-**

મનુષ્યભવમાં જીવનના અંતિમ સમયે સમભાવ અથવા સમતામાં રહી, આવી પડેલાં કષ્ટ, દુ:ખ, પરિષહ, ઉપસર્ગને સહન કરીને પરમપદને વરેલાં અનેક સિદ્ધ આત્માઓની વાત અહીં લગભગ ૧૦૦ ગાથામાં કહેવામાં આવી છે. (ગાથા ૪૦૯ થી ગાથા ૫૦૩)

તે પછી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થઈને પણ આવી રીતે ઉત્તમમરણને પામનાર માછલીનું દ્રંષ્ટાંત (૫૦૯), વાનરનું દ્રષ્ટાંત (૫૧૧), મુનિવરને નિહાળીને સંવેગને પ્રાપ્ત કરનાર હાથીની સહિષ્ણુતા (૫૧૪,૫૧૫), સર્પની યોનિમાં પણ જિનવચનને અનુસરી કીડીઓના આહાર બનતાં બે સર્પો (૫૨૨) ના દ્રષ્ટાંતો અહીં આપ્યાં છે. વળી, સ્રી પણ આ ભક્તપરિજ્ઞા અનશન કરતી તે કમલાશ્રીના દ્રષ્ટાંત (૫૫૦) દ્વારા આપણને જાણવા મળે છે.

પરમપદને પામેલાં આવા મહાપુરુષો અંતિમ સમયે આવી સમાધિ કેવી રીતે રાખી શક્યા તે વિષે વિચારીએ.

છ ખંડનું રાજ્ય મળ્યા પછી, ઋદ્ધિ, લબ્ધિ વગેરેને ભોગવતાં શરીરની અનિત્યતા દેખાઈ આવી કે તરત જ સનત્કુમાર ચક્રવર્તીએ સંયમ અંગીકાર કર્યો, અને સંયમ જીવનમાં પણ સોળ સોળ મહારોગોના ઉપદ્રવ સાથે પોતાની પાસેની લબ્ધિનો ઉપયોગ કર્યા વિના સમભાવપૂર્વક, કર્મ ખપાવવાની વૃત્તિથી તે રોગોને સહ્યાં. (ગાથા નં. ૪૦૯)

તે પ્રમાણે પ્રાણીમાત્ર ઉપર દયાની વૃત્તિવાળા મેતાર્ય મુનિએ પોતાના પ્રાણના ભોગે પણ કૌંચપક્ષીનું રક્ષણ કર્યું અને તેમ કરતાં કરતાં પણ સમાધિમાં રહ્યાં. (૪૨૬,૪૨૭)

મોહ તથા ક્રોધના ઉપશમન માટે સંવર આદરી સમાધિસ્થ રહેનાર ચિલાતીપુત્ર - ધ્યાનમાં કેવા અડગ ઊભા રહ્યા કે સુંસુમાની હત્યાને લીધે શરીર પર ઊડેલાં રુધિરની વાસથી કીડીઓએ આક્રમણ કર્યું અને દેહને ચાળણી જેવો કરી દીધો છતાં સમતાથી એ કષ્ટને સહન કર્યું. (૪૨૮)

મસ્તકે ખેરના અંગારા ભરીને ઉપસર્ગ કરનાર સસરાને ગજસુકુમાર મોક્ષની પાઘડી બંધાવનાર તરીકે જુએ છે. એવા સંજોગોમાં તેમના તરફ દ્વેષ થતો નથી, ઉપરથી ક્ષમા આપી શાંતિપૂર્વક એ કષ્ટને દ્રઢતાપૂર્વક સહ્યું. (૪૩૨)

દેવલોકના સુખને તથા એ પછી પરંપરાથી મોક્ષસુખને મેળવવા માટે શરીરની પીડાને ગૌણ કરનાર અવંતિસુકુમાલમાં શુભ ધ્યાનમાં રહી શકવાની કેટલી દ્રઢતા - કે કાઉરસગ્ગમાં રહેલાં તેવા એમની ઉપર શિયાળે હુમલો કર્યો અને શરીરને ફાડી ખાધું છતાં સમાધિપૂર્વક તે દુઃખને સહન કર્યું. (૪૩૬)

જે શરીરની કોમળતાએ સંયમમાં વિચલિત કર્યા. તે શરીરને ઉષ્ણ શીલા ઉપર તપાવી દેનાર અરણિક મુનિને શરીર ઉપરનું મમત્વ કેટલું ખોટું લાગ્યું હશે! અનશનપૂર્વક શરીરને ઉષ્ણ શીલા ઉપર વોસિરાવવા છતાં ધ્યાનની ધારામાં અડગતા રાખી પરમપદને મેળવી શક્યા. (૪૭૫)

ખંધકમુનિના શિષ્યો યંત્રમાં પિલાઈ રહ્યાં છતાં જરા પણ અધીરાઈ કે વ્યાકુળતા વગર આત્માને જ પ્રાધાન્ય આપીને શરીરને પડતી પીડાને ગૌણ કરી ઉત્તમ અર્થને સાધી ગયા. (૪૪૪)

મુનિપણામાં સ્મશાનભૂમિમાં કાઉરસગ્ગ કરી રહેલાં સુકોશલ મુનિને પૂર્વભવની માતા જે વાઘણ બની હતી તેણે હુમલો કર્યો, શરીરને ચીરી નાખ્યું છતાં ધ્યાનમાં રહ્યાં. અંતે અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયા. (૪૬૮)

વૈરાગ્યભાવની ઉત્કૃષ્ટતા આપણને ઈલાપુત્રના દ્રષ્ટાંત દ્વારા જાણવા મળે છે. મોહથી નટડી પાછળ પાગલ બનેલો ધનિકપુત્ર, નટડીને મેળવવા નાચ

કરતો અને એમ નાચ કરતાં કરતાં દોરડાં ઉપર જ દૂર કોઈ સુંદર સ્ત્રીને મુનિરાજને મોદક વહોરાવતાં જોયાં. સુંદર સ્ત્રી તરફ મુનિનો ઉપેક્ષાભાવ જોતાં ઈલાપુત્રને વૈરાગ્ય થયું અને ત્યાં જ કેવળજ્ઞાન થયું. (૪૮૦)

પ્રશંસા ને નિંદામાં સમભાવ રાખનાર દમદંત મહર્ષિએ કૌરવો પાંડવો બન્ને પ્રત્યે સમાનભાવ રાખ્યો. (૪૪૩)

લીધેલાં વ્રતને અડગતાથી પાળવું એવા વિચારવાળા સાગરચંદ્ર પૌષધમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા હતા ત્યારે નભસેને બધી આંગળીઓમાંથી નખ કાઢી નાખવાનો ઉપસર્ગ કર્યો છતાં પણ સમભાવ રાખીને ત્યાં રહ્યાં. (૪૩૪)

દીપકના અભિગ્રહે કાઉસ્સગ્ગ કરનાર ચંદ્રાવતંસક રાજા પણ પોતાના અભિગ્રહમાં અડગ રહ્યાં. રાજાના અભિગ્રહથી અજાણ દાસી તે દરમ્યાન રાજાને અગવડ ન પડે એટલે તેલ પૂરતી રહી. ચારે પહોર સતત ઊભા રહેવાને કારણે શરીર અકળાઈ ગયું. છતાં પણ ધ્યાનમાં ચલિત ન થયા અને દાસી ઉપર દ્વેષ ન કર્યો. (૪૪૨)

અખૂટ સંપત્તિના માલિક ધન્ના-શાલિભદ્ર કાયાના મમત્વને વિસારી, વૈભવનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી ઉત્કૃષ્ટ ચારિત્રપાલન કર્યું અંતે એક માસનું અનશન કરીને શિલાનો સંથારો કર્યો.

કર્મની મોહજાળમાંથી છૂટવા તથા મમતાની પક્કડને દૂર કરવા ઉત્તમ જીવ જ્યારે સંસારનો ત્યાગ કરી ચારિત્રને ગ્રહણ કરે છે ત્યારે પોતે લીધેલાં એ પાંચે મહાવ્રતોને અખંડપણે પાળી ઉત્તરોત્તર મોક્ષમાર્ગમાં પ્રયાણ કરે છે. મુમુક્ષુ એવા સાધકને પોતાના જીવન દરમ્યાન ઘણીવાર દુ:ખ, પીડા આવી જાય ત્યારે કેવી રીતે વર્તવું એ અંગે જૈન દર્શનમાં વિશિષ્ટ પદ્ધતિ છે, જેને બાવીસ પરિસહોના માળખામાં ગોઠવી દીધા છે.[૪]

---

૪. ખુહાપિવાસા સીઉણ્હં દંસાચેલારઈત્થિઓ; ચરિયા નિસિહિઆ સિજ્જા, અક્કોસ વહ જાયણા. ૨૭. અલાભ રોગ તણફાસા, મલ સક્કાર પરીસહા; પન્ના અન્નાણં સમ્મત્તં, ઈઅ બાવીસ પરીસહા. ૨૮. નવતત્ત્વસૂત્ર.

સૃષ્ટિના કોઈ પણ દુઃખ આ બાવીસ પરિષહોની બહારના હોઈ ન શકે. આવા બાવીસ પરિષહોને સમભાવથી સહન કરવા તે ઉત્તમ સાધુનું લક્ષણ છે. આ પરિષહોને જીતીને પોતાના સંયમજીવનનું શ્રેય સાધનાર મહાપુરુષોના દ્રષ્ટાંતો અહીં (મરણસમાધિમાં) આપ્યાં છે. (૪૮૬ થી ૫૦૩)

ઉપર આપણે જોયાં તે બધા દ્રષ્ટાંતોના સારરૂપ કથાનક અહીં હું પ્રસ્તુત કરું છું.

## બ્રહ્મદત્ત ચક્રીની કથા
## (મરણસમાધિ ગાથા ૩૭૭)

ચક્રવર્તી રાજા સનત્કુમારની રાણીના કેશકલાપ અડી જવાથી સંભૂતિવિજયે નિયાણું કર્યું કે - "મારા તપ-સંયમના પ્રભાવે મને આવી ભાર્યા મળજો." તેનો જીવ કાંપિલ્યપુરમાં બ્રહ્મ રાજાની ચુલની રાણીના ગર્ભમાં આવ્યો. પુત્રજન્મનો મહોત્સવ થયો.

બ્રહ્મદત્તને કટકરાજા, કરેણુદત્ત, દીર્ઘરાજ, પુષ્પચૂલ નામે ૪ મિત્રો હતા. પાંચે રાજાઓએ નક્કી કર્યું કે દરેક રાજ્યમાં વારાફરતી પોતાના પરિવાર સાથે એક એક વર્ષ રહેવું. એક વખત બ્રહ્મરાજાએ પુત્ર બ્રહ્મદત્તને કટકાદિકના ખોળામાં અર્પણ કર્યો. દીર્ઘરાજાએ ચુલની રાણી સાથે આડો વ્યવહાર માંડ્યો. પુત્ર યુવાનીમાં પ્રવેશ્યો, માતાના ચરિત્રની ખબર પડી, આડકતરી રીતે માને ચેતવણી આપી.

મા તથા દીર્ઘરથ રાજા સમજી ગયા કે આ આપણો વેરી છે. એને મારી નાખવા માટે કોઈક રાજાની પુત્રી સાથે વિવાહ માટે નક્કી કરી, વિવાહયોગ્ય સામગ્રીની તૈયાર કરી. ૧૦૮ સ્તંભવાળું અતિગુપ્ત પ્રવેશ અને નિર્ગમન દ્વારવાળું લાક્ષાઘર બનાવ્યું. આખા કાવતરાની ધનુમંત્રીને જાણ થઈ, એણે વનમાં જવાની રજા માંગી, પણ દીર્ઘરથ રાજાએ 'અહીં રહીને દાન-પુણ્ય કરો'. કહીને રજા ન આપી. ધનુએ નગરની બહાર રહીને વિશ્વાસુ માણસો મારફતે ૪ ગાઉ લાંબી સુરંગ બનાવી.

લગ્ન પછી વરવહુ વરધનુ (ધનુમંત્રીનો પુત્ર) સાથે લાક્ષાગૃહમાં પ્રવેશ્યા. બે પહોર પછી આગ લાગી. વરધનુએ સુરંગદ્વારથી તેને બહાર કાઢ્યો. દાનશાળામાં આવી ઉત્તમ જાતિના બે અશ્વો લઈ બન્ને કુમાર તથા વરધનુ છૂપાવેશે

નીકળ્યાં. રસ્તામાં ઘણી તકલીફો પડી. વનમાં પણ ગયા. વળી, દીર્ઘરથના માણસોનો પણ ડર હતો. છતાં બધી તકલીફોને પાર પાડી કેટલીયે કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું, ભોગ ભોગવ્યાં.

અનેક રાજ્યોની પ્રાપ્તિ પછી દીર્ઘરથ રાજાને વશ કરવા વરધનુને સેનાપતિરૂપે મોકલ્યો. ખુંખાર યુદ્ધ થયું. બ્રહ્મદત્તે ચક્રને દીર્ઘરથની સામે ફેંક્યું. જેથી તેનું મસ્તક છેદાઈ ગયું. ગંધર્વ, વિદ્યાસિદ્ધો, ખેચરો, મનુષ્યોએ પુષ્પવૃષ્ટિ કરી. બારમા ચક્રવર્તી ઉત્પન્ન થવાની ઘોષણા કરી. કાંપિલ્યપુરની બહાર બાર બાર વર્ષ ચક્રવર્તીપણાનો મહોત્સવ ઉજવાયો.

કોઈક વખતે દેવતાએ ગૂંથેલ હોય એવો મનોહર વિકસિત પુષ્પમાળાનો સુંદર દડો દાસીએ રાજાને આપ્યો. એને સૂંઘતા 'મધુકરીસંગીતક' નામનું નાટક યાદ આવ્યું. આવું ક્યાંક જોયું છે એમ કરતાં જાતિસ્મરણના જ્ઞાનથી પોતાના ભાઈની યાદ આવી, તેથી અડધો શ્લોક બનાવી જાહેરમાં મૂક્યો.

आस्व दासौ मृगौ हंसौ , मातङ्गवमरो तया

પૂર્વના ભાઈ ચિત્રનો જીવ શેઠના ઘરે પુત્રપણે જન્મ્યો હતો. એને જાતિસ્મરણ થવાથી, વૈરાગ્યની ભાવના પ્રબળ બનવાથી દીક્ષા અંગીકાર કરી, ઘણું જ્ઞાન મેળવી ગીતાર્થ થયાં. પૂર્વભવને જાણીને ચક્રવર્તીના નગરમાં આવી ધ્યાન ધર્યું - કોઈક પુરુષના મુખે ઉપરનો શ્લોક સાંભળી પાદપૂર્તિ કરી -

एषा नौ षष्ठिका जातिरन्योन्याकयां विदुकायोः ।

અર્થાત્ આ આપણો છઠ્ઠો જન્મ છે જેમાં આપણે એકબીજાથી વિખૂટા પડ્યાં છીએ. પંક્તિ સાંભળીને રાજાને ચોક્કસ ખાતરી થઈ કે આ જ મારો ભાઈ છે. પરિવારસહિત મુનિને વંદન કરીને બેઠો. મુનિએ સંસારની અનિત્યતા સમજાવી ઉપદેશ આપ્યો - 'પૂર્વભવમાં કરેલાં નિયાણાથી વિષયસુખમાં પડી ગયો છે જે વીજળી સમાન ચંચળ છે. આને તું છોડી દે અને જિનેશ્વરોએ ભાખેલાં ધર્મની તું આરાધના કર.'

મુનિના ઉપદેશની કોઈ અસર રાજાને ન થઈ, બલ્કે તેણે મુનિને પણ સંસારના સુખ ભોગવવાનું આમંત્રણ આપ્યું. મુનિ પણ ભારેકર્મી તેવા તેને છોડીને અન્યત્ર

ચાલી ગયા અને બ્રહ્મદત્ત પોતાના ઘરમાં રહ્યો. પૂર્વભવમાં કરેલ નિયાણાથી ધર્મપ્રાપ્તિથી દૂર રહી અનેક પાપકર્મો ઉપાર્જિત કરી સાતસો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સાતમી નરકનો અધિકારી બન્યો.

મરણસમાધિમાં આ દ્રષ્ટાંત ભવનિર્વેદના ઉપદેશ માટે અપાયું છે. સંસારમાં સંબંધી, બંધુઓ ઉપર અનુરાગ ન કરવો. માતા હોવા છતાં બ્રહ્મદત્તની માતા ચુલનીએ પોતાના સ્વાર્થ ખાતર પુત્રના પ્રાણને પણ હોડમાં મૂક્યો.

**(આધાર :) - ઉપદેશમાલા - હિન્દી અનુવાદ - મુનિ પદ્મવિજયજી ગણિ**
**ટીકાકાર પં. રામવિજયજી ગણિ**
**સંશોધક - નેમિચન્દ્રજી મહારાજ. પૃ. ૧૦૧.**
**પ્રકાશક - નિર્ગંથ સાહિત્ય પ્રકાશન સંઘ દિલ્હી. ૧૯૭૧**

## સનત્ ચક્રવર્તી
## (મરણસમાધિ ગાથા ૪૦૯-૪૧૨)

હસ્તિનાપુરમાં અશ્વસેન રાજાની રાણી સહદેવીની કૂખે પુત્ર અવતર્યો, તેનું નામ સનત્કુમાર પાડવામાં આવ્યું. બાળપણથી જ અદ્‌ભૂત રૂપને પામેલાં સનત્કુમાર યુવાનીમાં આવતાં દેવોની પણ પ્રશંસાને પાત્ર બન્યા. ઈંદ્રસભામાં સૌધર્મેન્દ્રે સનત્કુમારના રૂપની ઘણી પ્રશંસા કરી.

બે દેવોને આ વાતની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. દેવો સનત્કુમારને નળવા આવ્યા ત્યારે તે વ્યાયામશાળામાં હતો. દેવો તેમનું રૂપ જોઈને મોમાં આંગળાં નાખી ગયા. સનત્કુમારે એમને રાજસભામાં આવવાનું આમંત્રણ આપી કહ્યું - "આ રૂપ તો કંઈ નથી. હજુ હું સ્નાન પછી વસ્ત્રાલંકારોથી વિભૂષિત થાઉં ત્યારે રંગ કંઈ ઓર જ હશે." દેવો ફરીથી રાજસભામાં પણ આવે છે. પરંતુ તે સમયે તેઓ વિષાદ પામે છે. સનત્કુમારના પ્રશ્ન પૂછવાથી દેવો જણાવે છે કે - "અત્યારે તમારી કાયા રોગે ભરાણી છે." (માનવદેહની સતત ક્ષીણ થતી કાંતિ દેવોએ અવધિજ્ઞાનથી જોઈ હતી.) સનત્કુમારે દેવોની વાતમાં વિશ્વાસ મૂકતાં પહેલાં એક પાત્ર મંગાવ્યું. પાત્રમાં થૂંકતાં તેમાં કીડા દેખાયા.

કાયાની આવી જબરદસ્ત પરિવર્તનશીલતા ઉપરથી સનત્કુમારને વૈરાગ્ય આવ્યો અને તરત જ દીક્ષા લીધી. ચક્રવર્તીપણાના ૧૪ રત્નો, સ્ત્રીરત્નો,

નવનિધાનો, નગરલોકો, રાજાઓ વગેરેએ તેની પાછળ સતત છ મહિના સુધી ભ્રમણ કર્યું, પરંતુ એક ક્ષણવાર માટે પણ તેમણે તે તરફ નજર ન કરી.

સંયમ જીવનમાં ઉત્કૃષ્ટ આરાધના કરી છઠ્ઠના પારણે છઠ્ઠ કરતાં અને પારણામાં ચણાદિક કાંજી, બકરીના દુધની છાશ માત્ર લેતા. આ તીવ્ર તપથી આમર્શોષધિ, શ્લેષ્મૌષધિ, જલૌષધિ, સર્વૌષધિ જેવી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ.

કર્મયોગે સનત્કુમારના જીવનમાં વેદનાઓ ઊભી થઈ. અનેક રોગો જેવા કે ખંજવાળ, અરુચિ, આંખ અને પેટની વેદના, શ્વાસ, ખાંસી, જ્વર આદિ વેદનાઓ ૭૦૦ વર્ષો સુધી કર્મક્ષયની ભાવનાથી સમભાવે સહી. (લબ્ધિઓના માલિક હોવા છતાં રોગ હઠાવવા તેનો ઉપયોગ ન કર્યો.)

તેમનું સંપૂર્ણ આયુષ્ય ત્રણ લાખ વર્ષનું હતું. આયુષ્ય પુરૂં થયા પછી ત્રીજા દેવલોકમાં જન્મ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જન્મ પામી ત્યાંથી મોક્ષે જશે.

(આધાર :) - ઉપદેશમાલા પૃષ્ઠ ૯૫-૧૦૦

## જિનધર્મ શ્રેષ્ઠી
## (મરણસમાધિ ગાથા ૪૧૩-૪૨૫)

કનકપુર નગરમાં વિક્રમયશ નામે રાજા હતો. તેને પાંચસો રાણીઓ હતી. તે જ નગરમાં નાગદત્ત નામે સાર્થવાહ રહેતો હતો. તેને અનુપમ લાવણ્યવાળી વિષ્ણુશ્રી નામે પત્ની હતી.

એક સમયે રસ્તે પસાર થતી તેને રાજાએ જોઈ. અત્યંત કામાતુર એવા તેણે નોકરો પાસે તેને બોલાવી અને અંતઃપુરમાં રાખી, વિષયસુખ ભોગવ્યાં. નાગદત્ત રાજા પાસે પત્નીની માગણી કરવા આવ્યો પણ પત્નીને પાછી ન મેળવી શક્યો અને તેથી આઘાત લાગવાથી મરણ પામ્યો. રાજાની અન્ય રાણીઓએ વિષ્ણુશ્રી પર ઔષધિનો એવો પ્રયોગ કર્યો કે જેથી તે તાત્કાલિક મરણને શરણ થઈ. તેના વિરહથી રાજા મૂર્છા ખાઈને ઢળી પડ્યા. નગરમાં પણ હાહાકાર મચી ગયો.

સઘળી દૈનિક ક્રિયાઓ છોડી રાજા વિષ્ણુશ્રીના શબ પાસે બેસી રહેતો, અને કોઈને અડવા પણ ન દેતો. પ્રધાનોએ ભેગા મળીને રાજાની નજર ચૂકવીને વિષ્ણુશ્રીના શબને ઊંચકાવીને જંગલમાં નંખાવી દીધું. રાજા અતિ વ્યગ્રતાને

પામ્યો તેથી "તમારી પ્રિયતમાના દર્શન કરીને પ્રસન્ન ચિત્તે ભોજન કરો." એમ પ્રધાનોએ કહ્યું અને સેવકોની સાથે રાજા ત્રણ દિવસના લાંઘણ પછી ચોથે દિવસે વિષ્ણુશ્રીના શબ પાસે પહોંચ્યો.

એણે જોયું કે વિષ્ણુશ્રીના શરીરમાં ભરપૂર કીડાઓ ખદબદતાં હતાં. સેંકડો કાગડાઓએ એની આંખો કોચી નાખી હતી. મોઢું બિહામણું લાગતું હતું. શરીરની આવી દુર્દશા જોઈ રાજાને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી. ઘણું જ્ઞાન મેળવ્યું, અંતિમ સમયે શુભ ભાવનાથી મરીને ત્રીજા દેવલોકમાં દેવ થયો અને ત્યાંથી ચ્યવીને રત્નપુરના મોટા શેઠને ત્યાં સેંકડો પવિત્ર સ્વપ્નોના સંકેતોથી સૂચવાતો પુત્ર તરીકે જન્મ્યો.

સ્વપ્નાનુસાર તેનું 'જિનધર્મ' એવું નામ પડ્યું. બાળપણામાં જ ચંદ્ર જેવી નિર્મલ બુદ્ધિને કારણે અને ગુરુની કૃપાથી કલાસાગરનો પાર પામી ગયો. જિનશાસનના જાણકાર તરીકે તેની ગણત્રી થવા લાગી. કાળક્રમે પિતાનું મરણ થયું અને જિનધર્મ ઘરનો સ્વામી બન્યો. પત્ની સાથે સુખી જીવન વિતાવતો હતો.

પૂર્વભવમાં વિષ્ણુશ્રીનો પતિ નાગદત્ત હતો તેનો જીવ સિંહપુરના કોઈક બ્રાહ્મણને ત્યાં પુત્ર તરીકે અવતર્યો. ક્રોધી અને મત્સરી પ્રકૃતિનો તથા કુલાચારને ન પાળતો એવા તે પુત્રનું નામ અગ્નિશર્મા હતું. વેદવિદ્યાથી વંચિત એવા તેણે પરિવાજક વ્રત સ્વીકાર્યું હતું. ઉદ્દંડ બાલતપસ્વીઓમાં તે કીર્તિ પામ્યો હતો. સંયોગવશાત્ રત્નપુરના રાજાના મહેલમાં તે આવ્યો તેના તપનો વૃત્તાંત સાંભળી રાજાએ કહ્યું - 'હે મહર્ષિ, તું આજે મારે ત્યાં પારણું કરજે.' તે સમયે બાલતપસ્વીએ ત્યાં રહેલાં જિનધર્મને જોયો અને પૂર્વનું વેર સાંભર્યું. રોષે ધ્રૂજતા એવા તેણે કહ્યું - "હું તારે ત્યાં આવું પણ મારી શરત છે કે તારે મને ભોંય પર નીચે બેઠેલા આ વણિકની પીઠ ઉપર કાંસાની તાંસળીમાં ઊની ઊની ખીર ભોજનમાં આપવી."

વિધિવશ રાજાએ પણ જિનધર્મની અનિચ્છા હોવા છતાં દબાણથી તેની પાસે તેમ કરાવ્યું. અગ્નિશર્મા પણ ખીર ધીરે ખાવા લાગ્યો. ધગધગતી કાંસાની તાંસળીના દાહથી પીડાતા તે શ્રેષ્ઠી જિનધર્મનું મન સંસારથી ઉદ્વિગ્ન પામ્યું. નિર્મલ પવિત્ર વિવેકયુક્ત ભાવનાઓમાં તેણે આત્માને પરોવી દીધો.

પૂર્વકર્મના ફળને સહન કરી ગંભીરપણે આમ વિચારતો હતો તેવામાં પેલા તપસ્વીએ ખીર ખાધા પછી તાંસળી ઉપાડી. તાંસળીની સાથે શેઠની પીઠ ઉપરની ચામડી પણ નીકળી આવી અને તે સાથે લોહી, માંસ પણ નીકળી આવ્યું.

જિનધર્મ તે પછી ઘરે આવ્યો. ચતુર્વિધ સંઘને ભેળો કરી પૂજા સત્કાર પ્રભાવના કરી. પોતાના ઘરની સારસંભાળનો પ્રબંધ કરી, સ્વજનો, મિત્રોને છોડી હૃદયમાં જિનેશ્વરને સ્થાપી ઉત્તમ તપશ્ચર્યા અંગીકાર કરીને, પર્વતપ્રદેશમાં જઈને સર્વ આહારપાણીનો ત્યાગ કરી અણસણ ગ્રહણ કરી કાયોત્સર્ગ અવસ્થામાં રહ્યો.

પૂર્વ દિશામાં પંદર અને બાકીની ત્રણ દિશામાં પંદર પંદર દિવસ અતિશય દુષ્કર તપસ્યા કરીને શિયાળ, રાની બિલાડા, રીંછ, કૂતરા વડે પીઠનો ભાગ ખવાતો હોવા છતાં મેરુશિખર જેવું ચિત્ત રાખીને તે પવિત્ર પુરુષ મરણ પામ્યો અને ત્યાંથી સૌધર્મકલ્પમાં તે સુરેન્દ્ર થયો. અગ્નિશર્માનો જીવ તે સુરેન્દ્રનું વાહન ઐરાવત થયો. ત્યાંથી ચ્યવી તે સુરેન્દ્રનો જીવ હસ્તિનાપુરમાં અશ્વસેન રાજાની સહદેવીની કૂખે સનત્કુમાર તરીકે અવતર્યો.

(આધાર :) - સનત્કુમાર ચરિત્ર - હરિવલ્લભ ભાયાણી.
મધુસુદન મોદી.

## મેતાર્ય મુનિ
## (મરણસમાધિ ગાથા ૪૨૬-૪૨૭)

મેતાર્ય મુનિ પૂર્વભવમાં પુરોહિતપુત્ર તરીકે હતા. રાજાનો પુત્ર તેમનો મિત્ર હતો. બન્ને ભેગા થઈને નગરમાં આવતા સાધુઓનું અપમાન કરતાં, તેમને હેરાન કરતાં.

રાજપુત્રના કાકા સાગરચંદ્રે દીક્ષા લીધી હતી. તેઓ શાસ્ત્રના અભ્યાસી હતા. તેમણે આ બન્નેના દુર્વ્યવહારની વાત સાંભળી, તેઓને સન્માર્ગે વાળવા, પ્રતિબોધ પમાડવા સાગરચંદ્ર મુનિ ત્યાં પધાર્યા. રાજપુત્ર તથા પુરોહિતપુત્રે એમને પણ હેરાન કર્યા. એમને મલ્લયુદ્ધ કરવા માટે આહ્વાન આપ્યું. સાગરચંદ્ર ગૃહસ્થાવાસમાં રાજકુળમાં હતા તેથી આ વિદ્યાથી પરિચિત, તેમણે બન્નેના હાડકા સાંધામાંથી ઢીલા કરી દીધા અને પોતે (ઉપાશ્રય) નગરની બહાર કાયોત્સર્ગમાં સ્થિર થયા.

રાજપુત્ર તથા પુરોહિત પુત્ર સખત વેદનાને કારણે બૂમો પાડવા લાગ્યા. રાજાને આની જાણ થઈ એ તે મુનિને શોધતા નગર બહાર ઉદ્યાનમાં આવ્યાં. તે મુનિ બીજા કોઈ નહીં પણ પોતાના મોટાભાઈ હતા તે જાણી છોકરાઓ બદલ પોતે માફી માગી અને તે બન્નેને પીડામુક્ત કરવાનું કહ્યું.

સાધુએ એક શરતથી હાકડાં સીધા કરી આપવાનું કહ્યું કે જો આ બન્ને દીક્ષા લે તો હું તેમને પીડા રહિત કરું. બન્નેએ પણ હા પાડી. તેમને પૂર્વવત્ કરી દીક્ષા આપી ત્યાંથી સાગરચંદ્રે વિહાર કર્યો. પુરોહિતપુત્ર હતો તેને જાતિનું અભિમાન હતું તેથી તેણે નીચગોત્રકર્મ બાંધ્યું.

ચારિત્રની આરાધનાના ફળસ્વરૂપે બન્ને દેવલોકમાં દેવ થયા. બન્ને મિત્રોના પરસ્પર સ્નેહને કારણે એકબીજાને વચન આપ્યું કે જે અહીંથી ચ્યવીને મનુષ્યલોકમાં પહેલાં જાય તેને અહીં રહેલા દેવે પ્રતિબોધ કરવો.

પુરોહિતપુત્ર હતો તે જાતિમદને કારણે મેહર નામનાં ચાંડાલને ત્યાં મેતી નામની તેની પત્નીની કુક્ષિએ પુત્રરૂપે જન્મ્યો. નજીકમાં જ રહેતી શેઠાણીને મરેલા બાળક જન્મતા હોવાથી તેના ઉપર સદ્‌ભાવને કારણ મેતીએ પોતાનું બાળક શેઠાણીને સોંપી દીધું. શેઠશેઠાણીએ ધામધૂમપૂર્વક પુત્ર જન્મોત્સવ કર્યો અને બાળકનું નામ મેતાર્ય રાખ્યું.

બાળક ૧૬ વર્ષનો થયો. પૂર્વજન્મના મિત્રદેવની વાત જ્યારે મેતાર્યના ગળે ન ઉતરી ત્યારે દેવે તેને સંસારની મોહજાળમાંથી કાઢવા મેતાર્યની અસલ માતા (મેતી)ના શરીરમાં પ્રવેશ કરી પોતાનો પુત્ર છે એમ જાહેર કરાવ્યું અને પોતે પોતાના પુત્રના વિવાહ કરશે એમ કરીને જબરદસ્તીથી મેતાર્યને પોતાના ઘર તરફ લઈ ચાલી. તે વખતે મિત્રદેવ મેતાર્યની સામે પ્રગટ થયો અને કહ્યું કે - તું ચારિત્ર ગ્રહણ કરી લે. તો મેતાર્યએ કહ્યું મારી આટલી બદનામી થઈ, લોકોમાં ચાંડાલ તરીકે પ્રસિદ્ધિ થઈ. એમાંથી મુક્ત કરવાની તારી ફરજ છે. મારી પ્રતિષ્ઠા પાછી મળે, શેઠ પુત્રપણે સ્વીકારે, રાજકન્યાની સાથે મારું લગ્ન થાય તો હું ચારિત્ર લઈશ.

મિત્રદેવે પોતાની દૈવી શક્તિથી તેની સંપત્તિ વધારી આપી. અભયકુમારને ખાત્રી થઈ કે તેને દેવની સહાય છે. અભયકુમારે રાજપુત્રી પરણાવવાની હા પાડી. આઠ વણિકપુત્રીઓએ પણ સંમતિ આપી.

આમ, ૯ કન્યા સાથે તેના લગ્ન થયા. લગ્ન પછી મિત્રદેવ આવ્યો ત્યારે મેતાર્યે કહ્યું બાર વર્ષ સંસાર ભોગવ્યા પછી દીક્ષા લઈશ. બીજા બાર વર્ષની મુક્તિ માંગી. ચોવીસ વર્ષ સંસાર ભોગવ્યા પછી મેતાર્યે દીક્ષા લીધી.

દીક્ષા લીધા પછી નવ વર્ષનો અભ્યાસ કર્યો. જિનકલ્પ સ્વીકાર કર્યો એકલવિહારી બન્યા. એકવાર વિહાર કરતાં કરતાં માસક્ષમણના પારણે સોનીને ત્યાં જઈ ચડ્યા. સોનાના જવ ઘડતો સોની તત્કાલ ઊભો થઈ ગયો અને ભક્તિભાવપૂર્વક આહાર વહોરાવ્યો. આ દરમ્યાન આકાશમાં ઉડતું એક ક્રૌંચપક્ષી ત્યાં આવી પહોંચ્યું અને સોનીએ ઘડેલા જવને સાચા જવ જાણી ચણી ગયું, અને ત્યાંથી ઊડી બાજુના વૃક્ષ પર બેસી ગયું. મુનિએ પંખીની આ ક્રિયા નજરે જોઈ હતી.

સોની જ્યારે બહાર આવ્યો ત્યારે જવ ન મળે, એને ડર લાગ્યો કારણ, આ માલ રાજાનો હતો. ઘણું શોધ્યા પછી જવ ન મળ્યા તેથી તેણે મુનિને પૂછ્યું. મુનિએ વિચાર્યું જો પંખીનું નામ દઈશ તો તેને મારી નાખશે અને જો મારું નામ કહું તો અસત્ય થાય તેથી મુનિ મૌન રહ્યા.

વારંવાર પૂછવા છતાં જવાબ ન અપાવાથી સોની ક્રોધે ભરાયો. મુનિને માથે ચામડાનો પટ્ટો પલાળીને બાંધ્યો. તડકામાં ચામડું સંકોચાયું. મુનિના માથાની નસો તણાવા લાગી. આંખો બહાર નીકળી આવી. અસહ્ય વેદનામાં પણ મુનિને સોની ઉપર દ્વેષ ન થયો અને પંખીની દયાને કારણે પોતે જાણતાં હોવા છતાં સોનીને સાચી વાત ન કરી. પરમ ક્ષમાને કારણે શુક્લધ્યાનમાં ચઢેલાં તે મુનિએ સમસ્ત કર્મોનો ક્ષય કર્યો, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આયુષ્ય પૂર્ણ થયે મોક્ષમાં પધાર્યા.

(આધાર :) - ઉપદેશમાલા. પૃ. ૨૬૭.

## ચિલાતીપુત્ર
## (મરણસમાધિ ગાથા ૪૨૮-૪૩૧)

ભરતક્ષેત્રના મગધ દેશમાં રાજગૃહ નામે સમૃદ્ધ નગર હતું. ત્યાં ધન્ના સાર્થવાહ નામે અત્યંત ધનિક શ્રેષ્ઠિ હતો. જેની ભદ્રા નામે પત્ની હતી અને ચિલાતી નામે દાસી હતી.

પૂર્વભવમાં સેવેલ જુગુપ્સા (સાધુની દુર્ગંછા)ના ભાવને કારણે ચિલાતીપુત્રને દાસીને ત્યાં જન્મ મળ્યો હતો. ચિલાતી જે શેઠને ત્યાં કામ કરતી હતી તે શેઠને ત્યાં પાંચ પુત્રો ઉપર પુત્રી અવતરી, જેનું નામ સુષમા પાડ્યું. દાસીપુત્ર હોવાને કારણે બાળકીને રમાડવાનું કામ ચિલાતીપુત્રને સોંપાયું, પરંતુ તેની કુચેષ્ટાઓ (બાળકી સાથે) જોઈ શેઠે તેને ઘરમાંથી કાઢી મૂક્યો.

ઘરબાર વગરનો થયેલ તેના ઉપર કોઈનો કાબુ ન રહ્યો. અને ચોરોની વસ્તીમાં ભળી ગયો. સંગ તેવો રંગ લાગી ગયો અને તે પણ દયાવિહીન નિષ્ઠુર બનીને ચોરી તથા લૂંટફાટ કરવા લાગ્યો. થોડા સમયમાં તેમના સેનાપતિનું મરણ નીપજવાથી તે અગ્રેસર (સેનાપતિ) બન્યો.

એક વખત રાજગૃહથી આવતાં કોઈ માણસને મોઢે સુષમાના રૂપના વખાણ સાંભળી સર્વ સાથીઓને તેણે તૈયાર કર્યા, અને શરત કરી, "જે માલ મળે તે તમારા સૌનો અને સુષમા મારી." આ પ્રમાણે લૂંટફાટ કરી સુષમાને લઈને ચિલાતીપુત્ર ચાલી નીકળ્યો. તેની પાછળ તેને પકડવા શેઠના રક્ષકો, શેઠ તથા તેમના પુત્રો દોડ્યા. ઘણો સમય તેઓને હંફાવ્યા પછી પકડાઈ જવાશે એવો ડર લાગ્યો ત્યારે સુષમાનું માથું ધડ પરથી ઉતારી લઈને દોડવા લાગ્યો. દીકરીને મરેલી જોઈ શેઠ તથા સાથીઓ પાછા ફર્યા.

ભાગતાં ભાગતાં ચિલાતીપુત્રે ધ્યાનસ્થ મુનિ જોયા અને કહ્યું કે સંક્ષેપમાં ધર્મ બતાવો નહીંતર તમારા પણ આ હાલ થશે. મુનિ જ્ઞાની હતા. જ્ઞાનથી જાણ્યું કે આ સુલભબોધિ જીવ છે. તેમણે "ઉપશમ, વિવેક, સંવર" આમ, ત્રિપદી ધર્મ સંભળાવ્યો.

ચિલાતીપુત્રે એકાંતમાં બેસી તેના ઉપર વિચાર્યું – ક્રોધનો ત્યાગ તે ઉપશમ, વિવેક એટલે દ્રવ્યથી શયન, વસ્ત્રાદિકનો ત્યાગ અને ઈન્દ્રિય તથા નોઈન્દ્રિયોનો વ્યાપાર રોકવો તે સંવર. આમ વિચારી ક્રોધના સ્વરૂપ રૂપ તલવાર ફેંકી. પરિગ્રહ છોડી શરીરનો પણ મોહ છોડી કાયોત્સર્ગમાં ઊભા રહ્યાં અને તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ.

સુષમાના મસ્તક કાપવાથી તેના શરીર ઉપર ઊડેલાં લોહીની ગંધથી ત્યાં કીડીઓ આવી પહોંચી, પગ ઉપરથી ચઢીને મસ્તક સુધી પહોંચીને આખા શરીરને

ચાળણી સમાન બનાવી દીધું. અઢી દિવસ સુધી આ પરિષહને સમભાવે સહ્યો અને અંતે કાળ કરીને દેવલોકમાં ગયા.

(આધાર :) - ઉપદેશમાલા પૃ. ૧૬૭.

## ગજસુકુમાલ
## (મરણસમાધિ ગાથા ૪૩૨-૪૩૩)

વસુદેવ અને દેવકીનો પુત્ર અને શ્રીકૃષ્ણનો લઘુબંધુ ગજસુકુમાલ કૃષ્ણે કરેલી હરિણગમૈષી દેવની આરાધનાના ફળસ્વરૂપે જન્મ પામ્યો હતો. દેવે કહ્યું હતું - 'યુવા વસ્થામાં તે દીક્ષા લેશે, મોક્ષે જશે.' ઘણા લાડકોડ અને વાત્સલ્યથી તેનો ઉછેર થયો, છતાં બાલ્યવયમાં જ તે વૈરાગ્ય પામ્યા. માતાપિતાએ મોહ-પાશમાં બાંધવા લગ્ન કર્યા. પણ તેમણે તરત સંસાર છોડી શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુની રજા લઈ સ્મશાનમાં કાયોત્સર્ગ કરી ધ્યાનમાં ઊભા રહ્યા.

સોમશર્મા બ્રાહ્મણ કે જે ગજસુકુમાલનો સસરો થતો હતો તે ત્યાંથી પસાર થયો. મુનિવેશમાં ગજસુકુમાલને જોઈ અત્યંત ગુસ્સે ભરાયો. પોતાની પુત્રીનો ભવ બગાડવારને યોગ્ય શિક્ષા કરવાના નિર્ણય પર આવ્યો. પાસે જ ચિતા બળતી હતી, તેમાંથી ધગધગતા અંગારા કાઢી કાંઠલામાં ભરી મુનિના મસ્તકે મૂક્યા. ગજસુકુમાલ જરા પણ ક્ષોભ પામ્યા નહી, ઉલ્ટું મનને વધુ દ્રઢ કર્યું.

પ્રતિકૂળતા સામે શાંતિ, ક્ષમા રાખી, મોક્ષરૂપી પાઘડી બંધાવનાર સસરાને ધન્યવાદ આપતાં કર્મ ખપાવી અંતકૃત કેવલી થઈ મોક્ષે ગયા.

(આધાર :) - ઉપદેશમાલા પૃ. ૨૧૯.
અનુ પપા. સૂત્ર. પ્રેમ જીવાગમ સમિતિ. પૃ. ૫૦

## સાગરચંદ્ર (કમલામેલા)
## (મરણસમાધિ ગાથા ૪૩૪,૪૩૫)

દ્વારિકા નગરીમાં બલદેવના પુત્ર નિષધના પુત્રનું નામ સાગરચન્દ્ર હતું - બહુ જ સ્વરૂપવાન એવો તે શાંબ વગેરેનો અતિ પ્રિય હતો. તે જ નગરમાં કમલામેલા નામની છોકરી હતી જેની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભસેનકુમાર સાથે થઈ હતી.

નારદમુનિએ સાગરચન્દ્ર પાસે જઈ કમલામેલાના વખાણ કર્યા - બન્નેને એકબીજા પ્રત્યે અનુરાગ થયો. શાંબની મદદથી ગુપ્ત રીતે કમલામેલા તથા સાગરચન્દ્રના લગ્ન થયાં. કમલામેલાના પિતા તથા શ્વસુર તેને શોધવા નીકળ્યા અને વિદ્યાધરોના રૂપે ક્રીડા કરતાં તેઓને જોયાં. તેમણે વાસુદેવને કહ્યું. વાસુદેવે સેના લઈ ચઢાઈ કરી. ભીષણ સંગ્રામને અંતે શાંબે અસલી સ્વરૂપ બતાવી પિતા કૃષ્ણ વાસુદેવના પગમાં પડી માફી માગી. કૃષ્ણે કમલામેલા સાગરચન્દ્રને માફી આપી દીધી. તે પછી ભગવાન નેમિનાથ સમોસર્યા. તે સમયે ધર્મ સાંભળી સાગરચન્દ્ર તથા કમલામેલા અણુવ્રત અંગીકાર કરી શ્રાવક બન્યા.

સાગરચન્દ્રે અષ્ટમી ને ચતુર્દશીના દિવસે શૂન્યઘર અથવા સ્મશાનભૂમિમાં રાત્રિની પ્રતિમા અંગીકાર કરી. નભસેને આ જાણ્યું, અને તાંબાની સોયો ઘડાવી. પછી શૂન્યઘરમાં જ્યાં દુષ્કર પ્રતિમાને ધારણ કરી સાગરચન્દ્ર રહ્યાં હતા ત્યાં આવી તેમની વીસે વીસ આંગળીઓના નખો કાઢી નાખ્યા. વેદનાને પામેલા તે સમભાવથી સહન કરી કાલધર્મ પામી દેવલોકે ગયા.

બીજા દિવસે તપાસ કરતાં તેની હાલત જોઈ આક્રન્દ થવા લાગ્યું. ત્યાં સોયો પણ જોઈ. પછી તેઓ તાંબાની વસ્તુઓ બનાવનારની પાસે ગયા. તેણે કહ્યું "આ નભસેને બનાવડાવી છે." કુમારો (શાંબ વગેરે) ગુસ્સે ભરાયાં. નભસેનની પાછળ પડ્યા. બન્ને પક્ષે યુદ્ધ થયું. સાગરચન્દ્ર જે દેવ બન્યા હતા તેમણે વચ્ચે પડી શાંતિ કરાવી. પછીથી કમલામેલા પણ સાધ્વી પાસે પ્રવર્જિત બની.

(આધાર :) જિનાગમ કથા સંગ્રહ
આવશ્યક ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ. ભાવાનુયોગ

## અવંતિસુકુમાલ
## (મરણસમાધિ ગાથા ૪૩૬-૪૪૦)

ઉજ્જૈની નગરીમાં ભદ્રા તથા ભદ્ર શેઠને ત્યાં પુત્ર તરીકે અવંતિસુકુમાલનો જન્મ થયો. નામ પ્રમાણે જ અત્યંત કોમળ સ્પર્શવાળું શરીર હતુ. યૌવનાવસ્થાએ પહોંચેતા ૩૨ સ્રીઓ સાથે પરણ્યા હતા.

એકદા ઘરની નજીકમાં રાખેલી પૌષધશાળામાં ભદ્રશેઠના આગ્રહથી આર્ય સુહસ્તિસૂરિ પધાર્યા. સાંજના સમયે આચાર્ય મહારાજ અધ્યયન કરતાં હતાં.

તેમાં નલિનીગુલ્મ વિમાનના વર્ણનવાળું અધ્યયન અવંતિસુકુમાલે સાંભળ્યું. મનમાં ઉહાપોહ થયો અને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

પૂર્વભવમાં પોતે તે જ વિમાનમાં દેવ તરીકે હતાં. ત્યાંની ઋદ્ધિ, વૈભવ યાદ આવતાં ત્યાં જવાની ઈચ્છા થઈ. ગુરુ પાસે ગયા અને ત્યાં જવા માટેનો ઉપાય પૂછ્યો. ગુરુએ કહ્યું, "ચરિત્ર લઈને શ્રેય સધાય." તે માટે માતાપિતાની આજ્ઞા લેવાનું કહ્યું. પણ તેમણે માતાપિતાની સંમતિની પણ રાહ ન જોઈ સઘળો વૈભવ, ૩૨ પત્નીઓ વગેરેને છોડી જાતે જ દીક્ષા લીધી. અને કાઉસ્સગ્ગ માટે સ્મશાનમાં ગયા. પરલોકમાં નિયાણાની સાથે લીધેલાં ચારિત્રમાં દ્રઢતાપૂર્વક રહ્યાં.

કાઉસ્સગ્ગમાં ઊભેલાં મુનિને પૂર્વભવની સ્ત્રી જે શિયાળરૂપે જન્મી હતી તેણે વેરભાવથી મુનિના શરીરને કરડવાં માંડ્યું મુનિના હાથ-પગ-શરીરમાંથી ખવાય ત્યાં સુધી માંસ ખાધું. છતાં મુનિએ શિયાળ ઉપર ક્રોધ ન કર્યો. અને મરણાંત ઉપસર્ગને સમભાવથી સહ્યો.

વિનાશી એવા શરીર પ્રત્યે ઉપેક્ષા કરનાર મુનિ ત્યાંથી કાળ કરીને નલિનીગુલ્મ વિમાનમાં દેવ થયા. માતાપિતાને ઘણો શોક થયો. તેમણે અવંતિસુકુમાલના મૃત્યુ સ્થાને એક મોટો પ્રાસાદ[૫] બંધાવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી, જે 'અવંતિ પાર્શ્વનાથ' નામથી ઓળખાય છે.

**(આધાર :) - ઉપદેશમાલા, પૃ. ૨૯૩.**

## ચંદ્રાવતંસક

## (મરણસમાધિ ગાથા ૪૪૧,૪૪૨)

ચંદ્રાવતંસક સાકેતપુરના રાજા હતા. તેમની રાણી સુદર્શના અને પ્રિયદર્શના હતી. સુદર્શનાના બે પુત્રો સાગરચન્દ્ર અને મુનિચન્દ્ર તથા પ્રિયદર્શનાના બે પુત્રો ગુણચન્દ્ર અને બાલચન્દ્ર હતા.

એક વખત ચંદ્રાવતંસક રાજા ગૃહમંદિરમાં રાત્રિ દરમ્યાન પૌષધ કરતા હતા. તે સમયે તેમણે અભિગ્રહ કર્યો કે દીવામાં જ્યાં સુધી તેલ છે ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહીશ.

---

૫. પુત્રના ચારિત્ર અને કાળધર્મ એક જ રાતમાં થવાથી માતા તથા ૩૧ પત્નીઓએ પણ ચારિત્ર લીધું.-ગર્ભવતી પત્ની સંસારમાં રહી. તેના પુત્રે સ્મશાન ભૂમિમાં મંદિર બનાવ્યું, જિનપ્રતિમા સ્થાપન કરાવી. સ્મશાનનું નામ 'મહાકાલ' રાખ્યું. ઉપદેશમાલા-સટીક અનુવાદ પદ્મવિજયજી-પૃ. ૨૯૫.

રાજાના અભિગ્રહથી અજાણ એવી દાસી રાજાને ક્રિયા દરમ્યાન સગવડ રહે તે માટે દિવામાં તેલ ઉમેરતી રહી. રાતભર દીપક ચાલુ રહ્યો. શરીરની કોમળતાને લીધે રાતભર ઊભું રહેવાથી શરીર અકળાઈ ગયું. છતાં પણ મનના પરિણામ શુદ્ધ રહ્યાં. સમભાવથી દેહત્યાગી સ્વર્ગમાં દેવ બન્યા.

(આધાર :) - ઉપદેશમાલા, પૃ. ૩૨૪.

## મહાત્મા દમદંત
## (મરણસમાધિ ગાથા ૪૪૩)

હર્ષપુરના સમ્રાટ દમદંત વીરતામાં અનુપમ હતા. નામ માત્રથી દુશ્મનો કાંપતા હતા. એક વખત સંધ્યાના સમયે આકાશની સુંદરતા અને પછી થોડી ક્ષણોમાં પવનથી તેનો ક્ષય થતાં સંસારની નશ્વરતાને સમજી મુનિધર્મ સ્વીકારી યુદ્ધવીરમાંથી ધર્મવીર બન્યાં. ગામેગામ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુરમાં પધાર્યા, અને બહાર જ કોઈ વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહ્યાં. ઉદ્યાનમાં ફરવા નીકળેલા પાંડવોએ તેમને જોયા અને સહસા બોલી ઊઠ્યા "અહો ધન્ય છે આ મહાત્માને, ક્યાં રાજસી વૈભવ, અને ક્યાં આ દુષ્કર મુનિધર્મ."

પાંડવોના ગયા પછી થોડીવારમાં કૌરવો નીકળ્યાં, મુનિને જોયાં અને ઓળખ્યાં. હર્ષપુરના રાજા દમદંત - જેમણે કૌરવોને ખરાબ રીતે હરાવેલા હતા એ યાદ આવ્યું. વેરભાવની વૃદ્ધિ થી. પાસે પડેલાં ઈંટ, પત્થરનો ઢગલો મુનિની ઉપર કર્યો. મુનિને ઘણી વેદના થઈ છતાં મુનિ સમભાવથી સહન કરતાં શાંત ઊભા રહ્યાં. પાંડવો જ્યારે ફરીને આવ્યાં ત્યારે મુનિને ન જોતાં દુઃખી થયાં અને સ્થિતિ સમજી ગયા, બધાં પત્થરો દૂર કર્યાં, મુનિને થયેલી આશાતના બદલ ક્ષમાપ્રાર્થના તથા વંદન, અભિવાદન કરવા લાગ્યા.

પાંડવોના આવા સૌજન્યશીલ વ્યવહારથી રાગ અથવા કૌરવોની ધૃષ્ટતા પર દ્વેષ આ મહર્ષિને ન થયો. શુકલધ્યાનની મસ્તીમાં એમણે બન્ને સમાન ગણ્યા. અને બન્નેનો કર્મછેદનમાં સહકાર નિમિત્તે ઉપકાર માન્યો.

(આધાર :) - આવશ્યક ચૂર્ણી ૧લો ભાગ. પૃ. ૪૯૨
ભાષ્યકથાઓ
- જિનવાણી
સંપાદક - ડૉ. નરેન્દ્ર ભાનાવત

## ધન્ના અણગાર
## (મરણસમાધિ ગાથા ૪૪૫-૪૪૯)

કાકન્દી નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતાં હતા. ત્યાં ભદ્રા નામની સાર્થવાહી રહેતી હતી, તેના પુત્રનું 'ધન્ના' એવું નામ હતુ. ઘણા જ લાડકોડથી તેનું લાલનપાલન થયું. જ્યારે તે યૌવનમાં પ્રવેશ્યો ત્યારે બોંતેર કલાઓનું જ્ઞાન મેળવ્યું હતું. એકીસાથે ૩૨ કન્યાઓના તે સ્વામી બન્યા હતા.

ભગવાન મહાવીર વિચરતા વિચરતા એકવાર કાકન્દીમાં પધાર્યા, પ્રભુના મુખે ધર્મોપદેશ સાંભળી ધન્નાજીને વિરક્તિ આવી. સ્નેહીજનોની રજા મેળવી દીક્ષા લીધી. દીક્ષાના દિવસથી માંડીને છઠના પારણે છઠનો અભિગ્રહ કર્યો, વળી પારણામાં આંબેલ કરતા. આવા કઠોર અભિગ્રહ અને ઉગ્ર તપસ્યાથી શરીર, છાતી, હાથ, હાથની આંગળીઓ, ગરદન, નાક, કાન, આંખ પ્રત્યેક અંગ શુષ્ક બની ગયા. અને શરીર ફક્ત હાડકાનો માળો જ બની ગયું.

રાજગૃહીમાં ભગવાન મહાવીર જ્યારે પધાર્યા ત્યારે રાજા શ્રેણિકે પ્રશ્ન પૂછ્યો 'હાલમાં અતિદુષ્કર તપ કોણ કરે છે ? જે મહાનિર્જરાનું પણ કારણ હોય ?' ત્યારે પ્રભુએ જવાબ વાળ્યો 'ધન્ના મુનિ આવું મહાનિર્જરાવાળું તપ કરે છે.'

એક વાર અર્ધરાત્રિએ ધન્ના અણગારે વિચાર્યું કે હવે આ શરીરથી તપસ્યા વિશેષ નથી થતી તો સંલેખના સંથારા માટે સમય યોગ્ય છે. તેમણે પ્રભુની આજ્ઞા માગી અને તે અનુસાર રાજગૃહીમાં 'વિપુલગિરિ' પર્વત પર અનેક સ્થવિરોની સાક્ષીએ સંલેખના કરી. એક મહિનાની સંલેખના કરી, નવ મહિનાનો દીક્ષાકાળ પૂર્ણ કરી કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા, ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

**(આધાર :) - જૈન સિદ્ધાંત બોલ સંગ્રહ. ભા.૨. પૃ. ૨૦૪.**

## શાલિભદ્ર
## (મરણસમાધિ ગાથા ૪૪૫-૪૪૯)

શાલિભદ્રનો જીવ પૂર્વભવમાં સંગમ નામે રબારીપુત્ર (ગોવાળ) હતો. તેણે પાડોશીની પાસે ખીરનાં વખાણ સાંભળી માતાની પાસે ખીર માટે માગણી કરી. ગરીબ રબારણ (ગોવાલણ) પુત્રની માંગણી સંતોષી શકે એમ નહોતી

છતાં પાડોશીઓ પાસેથી દૂધ, ખાંડ, ચોખા લાવી ખીર બનાવીને આપી. સંગમકને ઘણી ભૂખ હતી. રડીને તૈયાર કરાવેલી ખીર સામે હતી છતાં માસક્ષમણના તપસ્વીને પારણે આંગણામાં આવેલાં જોયાં, ઉત્સાહભેર ઊભો થઈ એક્સામટી બધી ખીર વહોરાવી દીધી, અને તે પછી તે સુપાત્રદાનની મનમાં અનુમોદના કર્યા કરી. રાત્રે જ તેના પેટમાં શૂળ ઉપડ્યું અને તે મરી ગયો. મરીને રાજગૃહી નગરીના માલેતુજાર શેઠ ગોભદ્ર અને ભદ્રા શેઠાણીના પુત્રરૂપે ઉત્પન્ન થયો.

ગોભદ્ર શેઠ ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ પાળી સ્વર્ગમાં ગયા હતા જે પોતાના પુત્રના મોહથી દિવ્યવસ્ત્ર-આભૂષણો, ભોગ-સામગ્રી દરરોજ મોકલતા.

એક વખત મહારાજા શ્રેણિક તેમની સ્વર્ગીય ઋદ્ધિ જોવા આવ્યા. તે વખતે પોતાને માથે કોઈ સ્વામી છે એવું જાણી શાલિભદ્ર વૈરાગ્ય પામ્યા. અઢળક સંપત્તિ તથા ૩૨ પત્નીઓ પણ તેમને સંસાર તરફ ખેંચી ન શક્યા. દરરોજ એક એક પત્નીને છોડવાનો વિચાર કર્યો. તેમના સાળા ધન્નાના અનુરોધથી બધી પત્નીને સાથે છોડી દીક્ષા લીધી. ઉગ્ર તપ કર્યું. તપમાં વૃદ્ધિ કરતાં વૈભારગિરિની નજીકમાં નાલંદાની સમીપે પાદપોપગમન અનશન કર્યું અને શિલાનો સંથારો કર્યો.

એક માસનું અનશન પછી તે કાળ કરી અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

**(આધાર :) - ઉપદેશમાલા, પૃ. ૨૫૭.**

## પાંચ પાંડવો
## (મરણસમાધિ ગાથા ૪૫૦-૪૬૫)

સુરતી, સય, દેવ, સમણ, સુભદ્ર નામે પાંચ કુટુંબીજનો અચલગ્રામમાં રહેતા હતા. એક વખત તેઓ સાર્થની સાથે પર્વતની ગુફામાં સાધુઓના આશ્રયસ્થાનરૂપ મઠને જોઈને ત્યાં ગયા. ત્યાં ખમગ (ક્ષપક) નામે સાધુ જે પ્રાયશ્ચિત્ત-તપ કરી રહ્યા હતા તેમની પાસે વ્રત અંગીકાર કર્યાં.

જિનમહિમાને કારણે તીવ્ર સંવેગવાળા બની તેઓએ યશોધર મુનિ પાસે દીક્ષા લીધી, અને વાસુપૂજ્ય સ્વામીના તીર્થમાં વિહાર કરતાં હતા. કનકાવલી, રત્નાવલી, મુક્તાવલી જેવી અનેક તપશ્ચર્યાઓ તેઓએ કરી. જિનેશ્વરદેવના

વચન પ્રમાણે પાર્થિવ દેહને તથા તેની સારસંભાળને ગૌણ કરી પાંચે જણે તે શિલા ઉપર દેહનો ત્યાગ કર્યો, અને અપરાજિત વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને તે પાંચે જણ ભરતક્ષેત્રમાં પાંડુ રાજાને ત્યાં પુત્રો તરીકે ઉત્પન્ન થયાં.

શ્રી કૃષ્ણના મરણના સમાચાર સાંભળી અસહ્ય દુઃખ તથા તીવ્ર સંવેગ ઉત્પન્ન થવાથી તે પાંચ જણે સુસ્થિત સ્થવિર ભગવંત પાસે દીક્ષા લીધી અને જ્ઞાનાભ્યાસમાં જોડાઈ ગયા. યુધિષ્ઠિર ૧૪ પૂર્વ તથા બીજા ૪ પુત્રો ૧૧ અંગના જાણકાર બન્યા. અનુક્રમે તેઓ વિહાર કરતાં કરતાં સૌરાષ્ટ્રમાં આવી પહોંચ્યાં.

નેમિનાથ પ્રભુનું નિર્વાણ થયેલું સાંભળી તે પાંચે જણે ભક્તપરિજ્ઞા અનશન આદર્યું. સૌથી ઘોર અભિગ્રહધારી ભીમની પ્રતિજ્ઞા એવી હતી કે ભાલાની અણી ઉપર સમાય તેટલી ભિક્ષા વાપરવી. શત્રુંજયના શિખર ઉપર ભીમ બે મહિના સુધી વ્યંતર વગેરેના ઉપદ્રવોને સહન કરીને પાદપોપગમન અનશનપૂર્વક કાળધર્મ પામ્યા.

બાકીના ૪ પાંડુપુત્રો પણ તે જ પ્રમાણે પાદપોપગમન અનશનને સ્વીકારીને ભવસાગરનો પાર પામી ગયા.

(આધાર :) - બૃહત્કથાકોશ તથા મરણસમાધિ પ્રકીર્ણક.

## દંડ અણગાર
## (મરણસમાધિ ગાથા ૪૬૬)

ઉગ્ર તપસ્વી, ગુણના ભંડાર, ક્ષમા કરવામાં સમર્થ દંડ નામના સાધુ મથુરાપુરીની બહાર યમુનાવંક ઉદ્યાનમાં આતાપના લઈ રહ્યા હતા ત્યારે દુષ્ટ એવા યમુનરાજાએ પાપકર્મના ઉદયથી પ્રગટેલા ક્રોધને કારણે તીક્ષ્ણ બાણની અણી વડે તેમના મસ્તક પર સહસા પ્રહાર કર્યો અને તેના નોકરોએ પણ પત્થરો મારીને ઉપર ઢગલો કર્યો. એવા સમયે સમતાના સાગર સમા મુનિએ સમાધિપૂર્વક એવી રીતે સહન કર્યું કે જેથી સર્વ કર્મને ખપાવીને તેઓ અંતકૃતકેવળી થયાં.

(આધાર :) - આવશ્યક ચૂર્ણી. ૨. પૃ. ૧૫૫
- સંવેગરંગશાળા. ૯૫૫૬-૫૯.

## સુકોશલ મુનિ
## (મરણસમાધિ ગાથા ૪૬૭,૪૬૮)

અયોધ્યા નગરીમાં મહારાજા કીર્તિધર રાજ્ય કરતા હતા. તેમની પત્ની સહદેવી હતી ; સુકોશલ તે બન્નેનો પુત્ર હતો. રાજા કીર્તિધર બાળકની બાલ્યાવસ્થામાં સંયમી બન્યા. તેથી સુકોશલ રાજા બન્યા.

દીક્ષા લીધા પછી કીર્તિધર મુનિ માસક્ષમણને પારણે માસક્ષમણની તપસ્યા કરતા. એક સમયે તેઓ અયોધ્યામાં આવી પહોંચ્યા. આહાર માટે નીકળ્યા. તેમને જોઈ રાજમાતાને ક્રોધ થયો અને બાળ સુકોશલને લઈ જશે તેની બીક લાગી. કોટવાળને કહીને મુનિને નગર બહાર કાઢવાની આજ્ઞા આપી. સુકોશલની ધાવમાતાને આ સાંભળી દુ:ખ થયું.

તે દુ:ખી કેમ છે તે જાણવાના પ્રયાસમાં સુકોશલને જાણ થઈ કે મારા પિતાશ્રીને માતાએ નગર બહાર કઢાવ્યાં છે. તરત પોતે ત્યાં ગયા અને મુનિને છોડાવી પોતે પણ દીક્ષા લઈ લીધી. આર્તધ્યાનને કારણે રાણી મરીને સિંહણ બની.

કાર્તિકી પૂનમના દિવસે ચાતુર્માસિક તપના પારણે નગરમાં આવતાં કીર્તિધર અને સુકોશલ મુનિ ઉપર ભૂખથી પીડાતી તે સિંહણે ઝાપટ મારી ફાડી ખાધા. મરણાંતિક ઉપસર્ગમાં પણ સુકોશલ મુનિ ધ્યાનમાં લીન રહ્યા. અનેક જગ્યાએ ઘા કરી લોહી પીતી (પોતાના પૂર્વભવના પુત્રનું) સિંહણને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પશ્ચાતાપ થયો ત્યાં જ આમરણ અનશન કર્યું અને ૮ મા દેવલોકમાં ગઈ.

કીર્તિધર મુનિએ પણ આ બધું સમતાથી સહ્યું. આત્મભાવથી વિચલિત થયા વગર કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી નિર્વાણને પામ્યા.

**(આધાર :) - આવશ્યક સૂત્ર.**

## વજ્રસ્વામી
## (મરણસમાધિ ગાથા ૪૬૯-૪૭૪)

અવન્તી દેશમાં તુમ્બવન સન્નિવેશમાં ધનગિરિ નામે શ્રાવક હતો, તેનો વિવાહ ધનપાલ શ્રેષ્ઠીની કન્યા સુનંદા સાથે થયો હતો. સુનંદાના ભાઈ આર્યશર્માએ સિંહગિરિ આચાર્ય પાસે દીક્ષા લીધી હતી. ધનગિરિને પણ દીક્ષાની

ભાવના ઘણી હતી. થોડા સમય પછી સુનંદાને ગર્ભ રહ્યો. "બાળકના સહારે તારું જીવન સારુ જશે." એમ કહી ધનગિરિએ દીક્ષા લીધી.

પિતા તથા મામાએ દીક્ષા લીધી છે એમ બાળપણથી જ બાળકના કાને 'દીક્ષા' શબ્દનો ઉચ્ચાર ઘણીવાર પડવાથી બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના સંસ્કારને લીધે બાળવયમાં જ દીક્ષા લેવાના વિચારથી માતાને કંટાળો આપવાના હેતુથી જ (માતા કંટાળે તો જ કામ થાય, બાકી આમ તો પુત્ર જ સહારો હતો તેથી માને પુત્ર ઉપર અપાર સ્નેહ હોય તે સ્વાભાવિક છે) બાળક રાતદિવસ રડવા લાગ્યો. કોઈ પણ ઉપાયે બાળક શાંત ન થાય.

છેવટે માતા કંટાળી ગઈ અને એક વખત આંગણે ગોચરી અર્થે આવેલા ધનગિરિ મુનિની ઝોળીમાં બાળક જ વહોરાવી દીધું. ૬ મહિનાનું બાળક પણ ઝોળીમાં આવતાં જ શાંત બની ગયું. તે પછી બાળકને સાધ્વીના ઉપાશ્રયમાં શ્રાવિકાઓની દેખભાળ નીચે રાખવામાં આવ્યું. સાધ્વીઓ જે સ્વાધ્યાય નિત્ય કરતા હતાં તેમાંથી વજ્ર નાની ઉંમરે જ અગિયાર અંગ ભણી ગયા.

પુત્રના પ્રેમ અને મોહમા પડેલી માતા શાંત બનેલાં પુત્રની મુનિ પાસે માગણી કરે છે. જાત જાતના રમકડા તથા મીઠાઈ લઈને આવેલી માતા અને મુનિ પાસેનો ઓઘો બન્નેમાંથી બાળકને જે ગમે તેની પાસે જાય એમ રાજા દ્વારા નક્કી થયું. બાળકે દોડીને ઓઘો પકડી લીધો અને નાચવા લાગ્યો.

આઠ વર્ષની ઉંમરમાં પણ દેવોની પરીક્ષામાં તેઓ પાસ થયા. અગિયાર અંગો તથા પૂર્વોનું જ્ઞાન ફક્ત સાંભળીને જ મેળવ્યું હતું. આવા જ્ઞાનને લીધે જ આચાર્યની ગેરહાજરીમાં બધા સાધુઓને વાચના પણ આપતાં ; અને તેથી બધા સાધુઓમાં પણ પ્રિય થયાં. ધીરે ધીરે દસ પૂર્વજ્ઞ બન્યા. ૩૬ વર્ષ સુધી યુગપ્રધાનપદ પર રહ્યાં. સુંદર રૂપ, શાસ્ત્રજ્ઞાન, વિવિધ લબ્ધિના કારણે તેમની ખ્યાતિ બહુ જ ફેલાઈ. દેવો તેમની સહાયમાં રહેતા.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે ૮૮ વર્ષની ઉંમરે દેવલોકમાં ગયા.

(આધાર :) - ઉપદેશમાલા. પૃ. ૧૯૭, ૨૭૮.

## ચાણક્ય
## (મરણસમાધિ ગાથા ૪૭૯)

પાટલીપુત્ર નગરમાં મૌર્યવંશમાં જન્મેલો, બિંદુસાર નામે રાજા હતો. તેને જિનધર્મમાં રક્ત ચિત્તવાળો, 'ઔત્પાતિકી' વગેરે બુદ્ધિથી યુક્ત ચાણક્ય નામે મંત્રી હતો.

એક વખત પૂર્વે રાજયભ્રષ્ટ કરેલાં નંદરાજાના સુબંધુ નામના મંત્રીએ પૂર્વવેરથી ચાણક્યના દોષ બતાવવા રાજાને ઉશ્કેર્યો અને કહ્યું, "ચાણક્ય મંત્રીએ તમારી માતાને પેટ ચીરીને મારી હતી". વાસ્તવમાં વાત સાચી હતી પણ માતાનું પેટ ચીરવા પાછળ હેતું કંઈક આવો હતો -

ગર્ભવતી માતાએ ભોજન સમયે પતિનો વિષમિશ્રિત કોળિયો ખાઈ લીધો હતો. અને તેથી ઝેરથી વ્યાકુળ બની મરણને પામી હતી. મરેલી રાણીના પેટમાંથી બાળકને ચાણક્ય દ્વારા બચાવી લેવાયું - અગમચેતીપૂર્વક બાળકને બચાવી લેવા છતાં બાળકના મસ્તકે કાળાવર્ણવાળું ઝેરનું બિંદુ લાગ્યું હતું -

હકીકતથી અજાણ રાજા સુબંધુ મંત્રીની વાત સાંભળીને ગુસ્સે ભરાયો અને ધાવમાતાને પ્રશ્ન પૂછ્યો -

ધાવમાતા પણ રાજાના ગુસ્સાનું કારણ જાણતી ન હોવાથી વિગતે વાત ન કરતાં એમ કહ્યું કે વાત સાચી છે.

પછી પ્રસંગે ચાણક્ય રાજા પાસે આવ્યો ત્યારે રાજા ભૂકુટિ ચડાવીને વિમુખ થયો. પોતાનો પરાભવ જોઈ ચાણક્ય ઘરે આવ્યો. ઘરનું ધન, પુત્ર, પ્રપૌત્ર વગેરે સ્વજનોને આપીને નિપુણ બુદ્ધિથી વિચાર્યું - "મારા મંત્રીપદની ઈચ્છાથી કોઈપણ ચાડિયાએ રાજાને મારા વિરુદ્ધ કુપિત કર્યા છે તેથી એ પણ ચિરકાળ દુઃખથી પીડાતો જીવે, એવું કરું."-

તેણે શ્રેષ્ઠ સુગંધીની મનોહર મેળવણીના પ્રયોગથી ચૂર્ણોને વાસિત કર્યા, દાભડામાં ભર્યા (એક વાસપુટી તૈયાર કરીને દાબડામાં મૂકી) તથા ભોજપત્રમાં આ પ્રમાણે લખ્યું ખે - 'જે આ ઉત્તમ ચૂર્ણોને સુંઘીને ઈંદ્રિયોના અનુકૂળ વિષયોને ભોગવશે તે યમમંદિરે જશે અને જે શ્રેષ્ઠ વસ્ત્રોને, આભરણોને, વિલેપનો,

તળાઈઓને, દિવ્ય પુષ્પોને ભોગવશે તથા સ્નાન - શૃંગારને પણ કરશે તે શીઘ્ર મરશે.'

એમ ચૂર્ણો મૂકીને દાબડાને પેટીમાં મૂક્યો. પેટીને મજબૂત ખીલીઓથી સજ્જ જડીને મુખ્ય ઓરડામાં કમાડોને મજબૂત બંધ કરીને તાળુ મારીને મૂકી દીધી. અને પોતે સ્વજનોને ખમાવી તેમને જૈન ધર્મમાં જોડી અરણ્યમાં ગોકુળ સ્થાને ઈંગિની અનશનને સ્વીકાર્યું. આનું કારણ જાણીને ધાવમાતાએ રાજાને કહ્યું - "પિતાથી પણ અતિપૂજ્ય એવા ચાણક્યનો પરાભવ કેમ કર્યો?" રાજાએ કહ્યું - "મારી માતાનો ઘાતક છે તેથી."

ધાવમાતાએ ચાણક્યના કૃત્યના રહસ્ય ઉપરથી પડદો ખોલ્યો. સાંભળીને સંતાપ ધારણ કરીને આડંબર રહિત રાજા તરત ચાણક્યની પાસે આવ્યો. રાગમુક્ત તે મહાત્માને ગોબરમાં (છાણના ઢગલા ઉપર) બેઠેલાં જોયા. આદરપૂર્વક નગરમાં આવી રાજ્ય સંભાળવાનું કહ્યું. પણ તેમણે કહ્યું - "મેં અનશન સ્વીકાર્યું છે હું રાગમુક્ત થયો છું." (પોતે જાણતાં હોવા છતાં સુબંધુ અંગે રાજાને વાત ન કરી.)

વેરની પૂર્તિ કરવાની ઈચ્છાવાળા સુબંધુએ રાજાને કહ્યું - "હે દેવ ! મને રજા આપો તો હું ચાણક્યની ભક્તિ કરું." અનુજ્ઞા પામીને ક્ષુદ્ર બુદ્ધિવાળા સુબંધુએ ધૂપ સળગાવીને તેનો અંગારો ગોબરમાં નાખ્યો. શુદ્ધ લેશ્યામાં રહેલો ચાણક્ય ગોબરના અગ્નિથી બળી ગયો અને દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાળો મહર્દ્ધિક દેવ થયો.

ચાણક્યના મરણથી આનંદ પામેલા સુબંધુ મંત્રી યોગ્ય પ્રાર્થના કરી રાજા દ્વારા અપાયેલાં ચાણક્યના ભુવનમાં ગયો. સજ્જ બંધ કરેલા કમાડવાળા તે ઓરડાને જોયો. 'અહીંથી સઘળો ધનસમૂહ મળશે.' એમ માની કમાડ ખુલ્લાં કરીને પેટી બહાર કાઢી, ચૂર્ણોને સૂંઘ્યા. લખેલા ભોજપત્રને જોયા, અર્થ જાણ્યો, નિર્ણય માટે એક પુરુષને ચૂર્ણો સૂંઘાડીને વિષયો ભોગવડાવ્યા - તે જ ક્ષણે તે મરણ પામ્યો. "મરેલા તેણે મને પણ માર્યો." એમ વિચારીને તે અતિ દુ:ખથી પીડાતો જીવવાને ઈચ્છતો રાંક ઉત્તમ મુનિની જેમ (ભોગાદિનો ત્યાગ કરીને) રહેવા લાગ્યો.

(આધાર :) - આવશ્યક ચૂર્ણિ.

## ઈલાચીપુત્ર
## (મરણસમાધિ ગાથા ૪૮૦-૪૮૫)

અઢળક સંપત્તિના માલિક શ્રેષ્ઠી ઈલ્ય શેઠ અને ધારીણી શેઠાણીનો પુત્ર ઈલાચીકુમાર હતો. ઈલાદેવીની પ્રસન્નતાથી બાળકનો જન્મ થયો હોવાથી દેવીની યાદમાં પુત્રનું નામ ઈલાચીકુમાર પાડ્યું હતું.

ગત જન્મમાં ચારિત્ર પાળ્યું હતું. તેથી આ ભવમાં પણ કુમારને બાળપણથી જ વૈરાગ્યમાં રસ રહેતો. સંસારમાં તેનું મન પરોવવા માટે શેઠે ધર્મવિમુખ મિત્રોને ઘરે બોલાવી તેની સોબત કરાવી. પરિણામે ધર્મની રુચિ ઓછી થવા લાગી.

એકવાર વસંતઋતુમાં લંબિકાર નટની સાથે પુત્રી લેખાને નાચતી જોઈ ઈલાચીકુમાર મોહિત થઈ ગયો. નટડી સાથે પરણવાની ઈચ્છા વ્યક્ત કરી. પિતાએ હલકા કુળમાં સંબંધ ન બાંધવા ઘણો સમજાવ્યો પરંતુ તે ન માન્યો. નટને ત્યાં જઈને કહ્યું તો તેણે નટવિદ્યામાં પ્રવીણતા મેળવ્યાં પછી જ લેખાની સાથે પરણવાનું કહ્યું. "રાજાને રીઝવી અઢળક ધન મેળવી લાવો પછી પુત્રીને પરણાવું."

તે પ્રમાણે તે બેનાતટ નગરમાં મહિપાલ રાજાને કળા બતાવવા ગયા. દોમદોમ સાહ્યબી ઘરે હોવા છતાં માત્ર પૈસા માટે જ દોરડાં ઉપર નાચવાનું શરૂ કર્યું.

"આ નાચ મારી જીંદગીનો છેલ્લો નાચ હશે." એમ સમજી તે કુશળતાપૂર્વક ખેલ કરતો હતો છતાં રાજા બેધ્યાનપણે, નાચ ન જોઈને ઈનામ આપતો ન હતો. ફરી ફરી નાચ બતાવતાં દોરડાં ઉપર જ ઈલાચીકુમારે એક વાર દૂરના મકાનમાં લેખાથી પણ સુંદર સ્ત્રીને, મુનિને મોદક વહોરાવતી જોઈ - મુનિની નીચી નજર જોઈને ઈલાચીકુમારને વિચાર આવ્યો - કેવી ઉત્તમ વૈરાગ્ય દશા ? મારો કેવો રાગ ? મોહમાં અંધ બની મેં કેવા કૃત્યો કર્યાં ? રાજા પણ કેવો લંપટ ? રાણી હોવા છતાં નટડી પ્રત્યે રાગ કર્યો. ધિક્કાર હો મારા મોહને. વંદન હો આવા મુનિરાજને.

આમ આત્મદોષોને જોતાં જોતાં, મનની શુદ્ધિ કરતાં કરતાં ક્ષપક શ્રેણી પર ચઢી કેવળજ્ઞાનને પામ્યા - ઘાતીકર્મોનો નાશ કરી સિદ્ધિપદને પામ્યા.

(આધાર :) - આવશ્યક ચૂર્ણિ.

## હસ્તિમિત્ર

### (ક્ષુધા પરિષહ - મરણસમાધિ ગાથા ૪૮૬)

ઉજ્જૈની નગરીમાં હસ્તિમિત્ર નામના ગાથાપતિ રહેતાં હતા. તેમની પ્રાણપ્યારી પત્નીનું અકાળે અવસાન થતાં સંસારની અસારતાનું ભાન થયું, વૈરાગ્ય પામી તેમણે પુત્ર હસ્તિભૂતિ સાથે દીક્ષા લીધી.

એક વખત સાધુઓ સાથે ઉજ્જૈનીથી ભોગકડ નગર તરફ જવા નીકળ્યાં. રસ્તામાં એક જંગલ આવતાં સાધુ બનેલાં પિતાના પગ કાંટાથી વીંધાયા. ઘાની વેદના અસહ્ય બની. આગળ જવા માટે શક્તિમાન ન રહ્યાં ત્યારે તેમણે સાધુઓને કહ્યું - "તમે જંગલને પાર કરી જાઓ." સાધુઓએ ઘણી આનાકાની કરી ; પરંતુ હસ્તિમિત્રે કહ્યું - "મારો અંત સમય નજીક છે, મને વહન કરી તમે નાહક સંતાપ પામશો. મનમાં જરા પણ સંતાપ ધારણ કર્યા વગર આવા ભયંકર અરણ્યમાંથી નીકળી જાઓ."

આમ, જંગલી પશુઓવાળી જગ્યામાંથી સાધુઓને પરાણે મોકલ્યા. થોડે દૂર ગયા પછી બધાના વિસ્મય વચ્ચે પુત્ર પાછો પિતા પાસે આવ્યો. પિતાએ કહ્યું - "તું નાહક આવ્યો, ક્ષુધાની પીડ થી મરી જઈશ." શિષ્ય થયેલો પુત્ર કહે - "જે થશે તે, હું તમારી સાથે રહીશ."

તે જ દિવસે પિતા નવકારમંત્રના સ્મરણપૂર્વક સમાધિથી કાળધર્મ પામ્યા. શિષ્યને આ વાતની જાણ ન હતી. દેવલોકમાં ઉત્પન્ન થયેલાં પિતાએ જ્ઞાનથી પોતાના પૂર્વભવને જોયો, શિષ્યની અનુકંપાથી પોતાના શરીરમાં પ્રવેશીને કહ્યું - "ભિક્ષા માટે જાઓ." પુત્રે કહ્યું - "ક્યાં ?" તેમણે કહ્યું - "આ ધવનગ્ગહ વૃક્ષોની પાસે રહેનારા માણસો ભિક્ષા આપશે." દિન પ્રતિદિન તે આ પ્રમાણે ભિક્ષા લેતો.

થોડા સમય પછી ભોગકડ નગરમાં દુકાળ પડ્યો તેથી બીજા વર્ષે પેલાં સાધુઓ ઉજ્જૈની પાછા જવા નીકળ્યાં. રસ્તામાં જંગલ આવ્યું. જંગલ આવતાં શિષ્યને જોયો. વાત પૂછતાં તેણે કહ્યું -

"પિતા અહીં જ છે, ભિક્ષાનો પણ લાભ છે." સાધુઓ ગયા. સૂકાયેલું શરીર જોયું અને જાણ્યું કે દેવે અનુકંપાથી જ કર્યું હશે. પિતાએ સહન કર્યું પણ

પુત્ર પરિષહ સહન ન કરી શક્યો.

(આધાર :) - ઉત્તરાધ્યયન સુખબોધા ટીકા - નેમિચન્દ્ર)

## ધનશર્મા

### (તૃષ્ણા પરિષહ - મરણસમાધિ ગાથા ૪૮૭)

ઉજ્જૈની નગરીમાં વસતાં ધનમિત્ર નામના શેઠે વૈરાગ્ય પામીને પોતાના આઠ વર્ષના પુત્ર ધનશર્મા સાથે મિત્રગુપ્ત આચાર્ય પાસે દીક્ષા લીધી.

એક વખત મિત્રગુપ્ત આચાર્ય સપરિવાર એલગચ્છપુર નગર તરફ જવા માટે નીકળ્યા. માર્ગમાં બાળમુનિને તરસ લાગી. બીજા સાધુ તથા આચાર્ય આગળ ચાલતાં હતા. તેથી પુત્રપ્રેમને વશ થઈને ધનમિત્રે ધનશર્માને નદીમાંથી પાણી પીવાનું કહ્યું અને પછીથી આલોચના લેવાની પણ સલાહ આપી. ધનશર્માએ પાણી પીવાની ઈચ્છા ન બતાવી તેથી ધનશર્મા આગળ ચાલ્યાં. સૂકા માર્ગેથી નદી પાર કરી ધનશર્મા મુનિએ જળપાનની ઈચ્છાથી નદીમાં પ્રવેશ કર્યો. હાથમાં પાણી લીધુ પરંતુ દયાભાવથી વિચારવા લાગ્યા કે અકલ્પનીય સચિત્ત પાણી કેવી રીતે પીઉં ? અપ્કાયની વિરાધનામાં ષટ્કાયની વિરાધના અવશ્ય છે. નિશ્ચય કરી બાળમુનિએ ખોબામાં લીધેલું પાણી યતનાપૂર્વક નદીમાં છોડી દીધું. ઉંમરના પ્રમાણમાં ધૈર્યની માત્રા ઘણી હતી. પાણીની તરસ પણ ઘણી હતી. ધનશર્મા મુનિ આગળ ચાલી ન શક્યાં, ત્યાં જ પડી ગયા. છતાં પણ ધર્મમાં મતિ નિશ્ચલ રહી. પંચનમસ્કારના સ્મરણપૂર્વક સમાધિથી કાળધર્મ પામી પ્રથમ કલ્પમાં વૈમાનિક દેવ થયા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તી. ભાવવિજયજી. પૃ. ૨૭.

## ચારમુનિ

### (શીત પરિષહ મરણસમાધિ ગાથા ૪૮૯)

રાજગૃહી નગરીમાં કુબેરદત્ત શેઠ હતા. તેમના ચાર પુત્રો કુબેરસેન, કુબેરમિત્ર, કુબેરવલ્લભ અને કુબેરપ્રિય હતા. ચારે પુત્રોએ ભદ્રબાહુ સ્વામી પાસેથી ધર્મનું શ્રવણ કરીને દીક્ષા લીધી. પછી શાસ્ત્રાધ્યયનમાં લાગી ગયા.

એક વખત 'એકાકિત્વ-વિહાર' નામની ભિક્ષુપ્રતિમા સ્વીકારી ચારે એકાકી

વિહરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં રાજગૃહ નજીક વૈભારગિરિની તળેટીની વસ્તીમાં આવ્યા. ત્યાં યથાકલ્પ અવગ્રહ આજ્ઞા લઈને ઉતર્યા. તે સમયે હેમંત ઋતુ હતી. ઠંડીના દિવસો હતા. ચારે મુનિ દિવસના ત્રીજા ભાગમાં ભિક્ષાચર્યા માટે નગરમાં આવ્યા. એષણીય આહાર કરીને ફરીથી વૈભારગિરિ પાસે આવવા નીકળ્યાં. માર્ગમાં કુબેરસેન મુનિને વૈભારગિરિની કંદરા પાસે રાત પડી ગઈ. તેથી ત્યાં રોકાઈ ગયા. બીજા કુબેરમિત્ર મુનિ બગીચામાં રાત પડવાથી રોકાઈ ગયા. ત્રીજા કુબેરવલ્લભ મુનિ બગીચાની પાસે રોકાઈ ગયા અને કુબેરપ્રિય મુનિ રાજગૃહી નગરી પાસે રોકાઈ ગયા.

ચારે મુનિને ચારે પ્રહરે ઠંડીની વેદના અસહ્ય થઈ પડી, અડગતાથી ઠંડીની વેદના સહી સમાધિભાવમાં રહ્યાં. ચારે મુનિ વારાફરતી પહેલાં પ્રહરે કુબેરસેન, બીજા પ્રહરે કુબેરમિત્ર, ત્રીજા પ્રહરે કુબેરવલ્લભ અને ચોથા પ્રહરે કુબેરપ્રિય કાળધર્મ પામ્યા અને સિદ્ધ થયા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તી. પૃ. ૨૯.

## અરહન્નક (અરણિક મુનિ)
## (મરણસમાધિ ગાથા ૪૭૫-૪૭૮,૪૯૦)

'તગરા' નગરના દત્ત શ્રેષ્ઠિનો અરણિક નામે પુત્ર હતો. અરહમિત્રાચાર્ય ગુરુનો ઉપદેશ સાંભળી માતા, પિતા, પુત્ર દીક્ષિત બન્યાં. વાત્સલ્યને લીધે પિતા ભિક્ષા તથા અન્ય કામ પુત્ર પાસે ન કરાવતાં. તેથી પુત્રને સહન કરવાની આદત ન પડી. કાળક્રમે પિતા કાળધર્મ પામ્યાં. પછી અરણિક મુનિ ભિક્ષા માટે નીકળ્યાં. આદત ન હોવાથી શ્રમિત થયાં. આરામ લેવા માટે એક ઘરના ઓટલે બેઠા. ગૃહસ્વામિની પતિવિયોગિની હતી. હાવભાવથી મુનિને પ્રેમપાશમાં ફસાવ્યાં. 'ભદ્રા' સાધ્વી અરણિક પાછા ન ફરવાથી બૂમો પાડતાં પાડતાં ગલીઓમાં ફર્યાં. ત્રીજા દિવસે અરણિક જ્યાં હતો તે મહેલની નીચેથી બૂમો મારતાં જતાં હતાં. અરણિક મુનિએ માતાની અવસ્થા જોઈ-પગમાં પડી માફી માગી. ગુરુ પાસે જઈ પ્રાયશ્ચિત લીધું. "જે સુકુમારિતાએ મને આડે રસ્તે દોર્યો તે સુકુમારિતાને ખલાસ કરું."

એક સમયે વિહાર કરતાં મોટા પત્થરોવાળી ભૂમિ પાસે આવ્યાં. સૂર્યના કિરણોથી ભૂમિ સંતપ્ત હતી જાણે અગ્નિ સળગી રહ્યો હોય, વાયુ પણ ગરમ ફૂંકાતો હતો. આવા સમયે તપેલી શિલા પર બેસી જઈ અરણિક મુનિએ ૧૮ પાપસ્થાનકોનું પ્રત્યાખ્યાન કર્યું, દુષ્કૃત્યોની માફી માગી, સમસ્ત જીવસૃષ્ટિ સાથે ખમતખામણાં, ચાર શરણાંનો સ્વીકાર કરીને, મમતારહિત થઈ નવકારમંત્રના જાપપૂર્વક પાદપોપગમન સંથારો કર્યો. એક મુહૂર્તમાત્રમાં જ સુકુમાર શરીર માખણના પિંડની માફક ઓગળી ગયું. કાળધર્મ પામીને સુધર્મ દેવલોકમાં ગયા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૩૦
- જૈન કથાકોષ-મુનિ છત્રમલ. પૃ. ૨૭.

## સમણભદ્ર ઋષિ

## દંશમશક પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૦)

ચંપા નગરીમાં રિપુમર્દન નામના રાજા હતા. તેમનો એક પુત્ર સમણભદ્ર હતો. ધર્મઘોષ આચાર્ય પાસે દેશના સાંભળી વિરક્તિ થઈ અને તેથી દીક્ષા લીધી. દીક્ષા પછી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરી.

એક સમયે એકાકી વિહારરૂપ પ્રતિમા ધારણ કરી જંગલમાં રાત્રિના સમયે પાંચ પ્રહરનો કાયોત્સર્ગ કર્યો. કાયોત્સર્ગમાં જંગલમાં રહેલા ડાંસ મચ્છરોએ પહેલે પહોરે તીક્ષ્ણ મુખોથી સોયની અણી જેવા ડંખો માર્યા. બીજા પહોરે સ્થૂલ આકારવાળા ડાંસ મચ્છરોએ 'ગણ' શબ્દ કરીને ચારે બાજુથી આવીને ડંખ માર્યા, ત્રીજા અને ચોથા પ્રહરે નાના મોટા વિવિધ જાતિના ડાંસ મચ્છરોએ ડંખ માર્યા. પાંચમાં પહોરે (સૂર્યોદય સમયે) અકસ્માત ઉડેલી હજારો મધમાખીઓ તે મુનિના શરીર પર ચોંટી કરડવાનું શરૂ કર્યું.

ડાંસ મચ્છરોના પરિષહને પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયથી સહન કરતાં મુનિરાજે પ્રશસ્ત ધ્યાનથી અને શુભ પરિણામથી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યું, આયુષ્યપૂર્ણ થયે સિદ્ધ થયા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૩૨.

## આચાર્ય આર્યરક્ષિતના પિતા
## અચેલ પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૦)

આચાર્ય વજ્રસ્વામી પાસે નવ પૂર્વનું અધ્યયન કરી આર્યરક્ષિત જ્યારે દશપુર ગામે પોતાની માતાને મળવા જતાં હતા તે સમયે જ - વિહાર વખતે જ તેમને ગુરુએ આચાર્યપદ આપ્યું.

આચાર્ય આર્યરક્ષિતે સંસારી સંબંધીઓ - માતા, બહેન વગેરેને પ્રતિબોધ કર્યા. વૃદ્ધાવસ્થામાં આવેલાં પિતાને પણ તારવાની બુદ્ધિથી દીક્ષા આપી. (પિતા સોમદેવ બ્રાહ્મણ હતા અને માતા રુદ્રસોમા જૈન હતા) આચાર્યે પિતા સોમદેવને વસ્ત્રની જોડી, યજ્ઞોપવિત, કમંડળ, છત્ર, પાદુકા સાથે દીક્ષિત કર્યા.

છત્રધારી હોવાને લીધે ગૃહસ્થના બાળકોએ તેમને વંદન ન કર્યાં. તેથી તેમણે છત્ર છોડ્યું, ક્રમે ક્રમે મુનિ અવસ્થામાં ગ્રહણ કરેલી સર્વ વસ્તુ છોડી, ફક્ત ધોતી ન છોડી શક્યા. એક વખત એક સાધુ અનશનથી કાળધર્મ પામ્યા. મૃત્યુ પામેલાં મુનિને કાંધ ઉપર લઈને પ્રાસુક ભૂમિ પર લઈ જશે તેને મહાન નિર્જરા થશે જાણી સોમદેવ એ પ્રમાણે લઈને નીકળ્યાં. માર્ગમાં બાળકોએ ધોતી ખેંચી. લજ્જા પામેલાં તેઓ મૃતદેહને છોડવા જતા હતા પણ યાદ આવ્યું કે આચાર્ય મહારાજે મૃતદેહનેછોડવાની ના પાડી હતી. સાથે રહેલા મુનિએ ચોળપટ્ટો પહેરાવી દીધો. પાછા ફર્યા ત્યારે ગુરુએ મુનિને ધોતી આપવાનું કહ્યું પણ તેમણે ચોળપટ્ટો જ રાખ્યો અને તે પછી બીજા દ્વારા વપરાયેલાં વસ્ત્રો - એક પ્રાવરણ, એક ચોલપટ્ટા-નો અભિગ્રહ કર્યો. નવા વસ્ત્રોની આકાંક્ષા વગર, બીજા વસ્ત્રની ઈચ્છા વગર, જીર્ણશીર્ણ વસ્ત્રથી દીનતા ન બતાવતાં અચેલ પરિષહને જીત્યો.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૩૩.

## રાહાચાર્ય
## અરતિ પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૧)

અચલપુર નગરમાં જિતશત્રુ રાજાના પુત્ર અપરાજિતે રાહાચાર્ય પાસે દિક્ષા લીધી. રાહાચાર્યના શિષ્ય આર્યરાહા તે સમયે ઉજ્જૈનીમાં વિચરતા હતા. તગર નગરીમાં રાહાચાર્યને આર્યરાહાની સાથેના સાધુનો મેળાપ થયો અને 'રાજપુત્ર તથા પુરોહિતપુત્ર પીડે છે' તે જાણ્યું. ઉજ્જૈની પહોંચી રાહાચાર્ય ભિક્ષા માટે

જતાં સાધુની સાથે ગયા. રાજપરિજનોના સ્થાનમાં ભિક્ષા ન આપતાં વળી મશ્કરી કરતાં ક્રોધે ભરાયેલાં ગુરુએ રાજપુત્ર તથા પુરોહિતપુત્રના હાડકાં સાંધામાંથી છૂટા કર્યા. શરત મૂકી 'દીક્ષા લે તો સારા કરું.' દીક્ષા લીધી પછી છોડ્યા. રાજપુત્રે નિશંકપણે ધર્મ કર્યો. પુરોહિતપુત્ર જાતિના મદથી ગુરુ ઉપર દ્વેષવાળો બન્યો. બન્ને કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થયાં. પુરોહિતપુત્ર જે દેવ બન્યો તે (બ્રાહ્મણ) મહાવિદેહમાં જઈ તીર્થંકરને પૂછ્યું - " હું દુર્લભબોધિ કે સુલભબોધિ ? " પ્રત્યુત્તરમાં 'દુર્લભબોધિ' એમ કહ્યું. "ક્યાં ઉત્પન્ન થઈશ ?" તેના જવાબમાં 'મુંગાનો ભાઈ થઈશ' કહ્યું.

આ તરફ કૌશામ્બી નગરમાં 'તાપસ' નામે શ્રેષ્ઠિ મરીને ભુંડ, સર્પ અને પછી છોકરાનો છોકરો બન્યો. તેને જાતિસ્મરણ થયું. દીકરાની વહુને મા ન કહેવું પડે તેથી માયાથી મૂંગો બન્યો. પોતાના પછીના ભવમાં આ મૂંગાનો ભાઈ બનનાર છે જાણી દેવે મૂંગાને ધન આપ્યું અને કહ્યું 'તારી માતાને ગર્ભ રહે ત્યારે કેરી ખાવાનો દોહલો થશે, અકાળે કેરી ન મળે - આ વૃક્ષની હું રોપણી કરું છું તારે કેરી લાવી આપવી. શરતમાં - "પુત્ર જન્મે તો અધિકાર મારો." એમ કહેવું. પછી તું મને પ્રતિબોધ કરજે. પ્રતિબોધ ન પામું તો વૈતાઢ્ય પર્વત પર સિદ્ધાયતન કૂંડમાં નામાંકિત અને પૂજિત કુંડલયુગ્મ મૂકું છું. તેનાથી પ્રતિબોધ કરજે."

દોહલો પૂરો કરીને શરત જીતી જતાં મૂંગા બાળકને સાધુને પગે લાગવા લઈ ગયો. ઘણું કર્યું, પણ બાળકે વંદન ન કર્યું. મૂંગાએ દીક્ષા લીધી, સાધુપણું પામી દેવલોકે ગયો. અવધિજ્ઞાનથી તેને જોયો. પ્રતિબોધ પમાડવા તેને જલોદર કર્યું. સર્વ વૈદ્યોએ તપાસ્યો. તે દેવ ભીલના રૂપે 'સર્વ રોગની દવા જાણું છું.' બૂમો પાડતો આવ્યો. પેલાએ પેટ સારુ કરવાનું કહ્યું તેણે કહ્યું - 'તારો વ્યાધિ આસાધ્ય છે. પણ મારી પાછળ આવ તો મટાડીશ'.

તે પણ તેની સાથે ગયો, ભીલે હથિયારનો કોથળો તેને આપ્યો. દેવમાયા વડે તેને અતિભારવાળો કર્યો, પછી કહ્યું - 'તું પ્રવ્રજિત થાય તો તને ભારથી હળવો કરું.' તેણે હા પાડી દીક્ષા લીધી-દેવના ગયા પછી દીક્ષા છોડી દીધી. દેવે અવધિજ્ઞાનથી જોયું, ફરીથી રોગ ઉત્પન્ન કરી પ્રવ્રજિત કર્યો. બે-ત્રણ વાર દીક્ષિત થયો અને દીક્ષા છોડી દીધી. પછી દેવે પોતાના પૂર્વભવનું મૂંગાનું રૂપ બતાવ્યું. વૈતાઢ્ય પર્વત પર લઈ જઈ કુંડલયુગ્મ બતાવ્યાં. તે પણ નામવાળા કુંડલને જોઈ

જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો અને સંયમમાં પ્રીતિ થઈ.

આમ, પહેલાં સંયમમાં અરતિ અને પછી રતિ જન્મી.

**(આધાર :) - ઉત્ત. સુખબોધા ટીકા - નેમિચન્દ્ર**
**- ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૩૯.**

## સ્થૂલભદ્ર

## સ્ત્રી પરિષહ - (મરણસમાધિ ગાથા ૪૯૧)

પાટલીપુત્ર નગરમાં નંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શકડાલ નામે મંત્રી હતો. શકડાલ મંત્રીને સ્થૂલભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો તથા યક્ષા, યક્ષદિન્ના, ભૂઆ, ભૂઅદિન્ના, સેણા, વેણા, રેણા નામે પુત્રીઓ હતી.

સ્થૂલભદ્ર કલાચાર્યો પાસે અનેક વિદ્યાઓ શીખ્યા પછી કોશા નામની વેશ્યાને ત્યાં કળા શીખવા ગયા. ત્યાં અન્યોન્યના પ્રેમમાં ડૂબી ગયા. વિરહની વેદના ન સહેવી પડે તેથી સ્થૂલભદ્ર ત્યાં જ રહી ગયા. નાનો ભાઈ શ્રીયક નંદરાજાનો અંગરક્ષક બન્યો.

નંદરાજાના દરબારમાં એક વાર વરરુચિ નામે કવિ આવ્યો. રાજાની પ્રશંસા કરતાં કરતાં રાજાનું દિલ એણે જીતી લીધું. રોજ નવા નવા શ્લોકો બનાવી રાજા પાસેથી પુરસ્કારરૂપે ધન મેળવતો. મંત્રી શકડાલને ભંડાર ખાલી થવાની બીક લાગી અને તેમણે રાજાને કહ્યું 'આ કવિ નવા શ્લોકો બનાવી લાવતો નથી, આ બધા શ્લોકો મારી સાતે દીકરીઓને આવડે છે.'

સાતે બહેનોને જ્ઞાનનો એવો ક્ષયોપશમ હતો કે પહેલી બહેનને એકવાર કોઈની પાસેથી બોલેલું યાદ રહી જતું. એ જ પ્રમાણે બીજી બહેનને બે વાર અને સાતમી બહેનને સાત વાર બોલેલું યાદ રહી જતું હતું. રાજસભામાં સાતે બહેનોને લાવી વરરુચિની નવી કૃતિને પણ મંત્રીએ જૂની ઠરાવી.

તે પછી એકવાર તે ગંગા નદીના પાણીમાં પહેલેથી ધનની પોટલી મૂકી આવતો અને સવારે લોકોની સામે નદીના વખાણ કરતો અને નદીએ મને ધન આપ્યું કહી પોટલી બતાવતો. શકડાલ મંત્રીએ વરરુચિના આ કાર્યને પણ ઉઘાડું કરીને પોલ પકડી લીધી. આમ થવાથી વરરુચિ શકડાલ મંત્રી પર ગુસ્સે ભરાયો અને તેના છિદ્ર શોધવા માંડ્યો.

એકવાર શ્રીયકના લગ્નપ્રસંગે મંત્રીએ રાજાને ભેટ આપવા માટે શસ્ત્રો તૈયાર કરાવડાવ્યા. તે સમયે વરરુચિએ આવીને રાજાના કાન ભંભેર્યા કે "તમારી સામે યુદ્ધ કરવા શસ્ત્રો તૈયાર કરે છે."

કાચા કાનના રાજાને મંત્રી ઉપર અપ્રીતિ થઈ. મંત્રી બહુ દુરંદેશી હતા. રાજાની અપ્રીતિથી કુટુંબનું નિકંદન નીકળી જશે એના કરતાં મારું બલિદાન આપવું યોગ્ય છે. તેમણે પુત્રને કહ્યું "મુખમાં તાલપુટ વિષ સાથે રાજાને નમન કરું ત્યારે રાજાના અંગરક્ષક તરીકેની ફરજ બજાવવા તારે મારી ગરદન ઉડાવી દેવી. અને રાજાની કૃપા મેળવવી." કમને શ્રીયક આવુ કૃત્ય કરવા તૈયાર થયો, અને વિષપ્રયોગથી મૃતઃપ્રાય પિતાનું માથું ધડથી અલગ કરી દીધું.

મંત્રીપદ ખાલી પડતાં રાજાએ શ્રીયકને મંત્રીમુદ્રા આપવા કહ્યું પણ શ્રીયકે કહ્યું - "મોટા ભાઈ સ્થૂલભદ્રને પહેલાં અધિકાર છે." સ્થૂલભદ્રને રાજદરબારમાં બોલાવવામાં આવ્યાં. આવતાં જ તેમને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. રાજાની પાસે વિચારવાનો સમય મેળવી તે પાસેના અશોકવનમાં ગયા. વર્ષોથી પિતાએ નિષ્ઠાપૂર્વક કરેલી રાજાની સેવા પછી પણ આવું કરુણ મોત મળવ્યું તેથી સ્થૂલભદ્રના મનમાં પારાવાર દુઃખ હતું. કર્મની ફિલસૂફી ઉપર વિચારતાં વિચારતાં તેમને સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો અને ત્યાં જ લોચ કરી સંસારનો ત્યાગ કરી દીધો.

સંભૂતિવિજયની નિશ્રામાં રહેતા સ્થૂલભદ્ર સંયમજીવનમાં ઘણા જ્ઞાનને પામ્યા. એકવાર ચોમાસુ આવતાં સ્થૂલભદ્રે કોશાને ત્યાં ચોમાસુ વિતાવવા માટે ગુરુની આજ્ઞા માગી, તે પ્રમાણે એક મુનિએ કૂવાના કાંઠે ચાતુર્માસ, બીજાએ સાપના દર પાસે અને ત્રીજા મુનિએ સિંહની ગુફા પાસે ચાતુર્માસ કરવાની આજ્ઞા માગી. ગુરુએ ચારેને પોતાની ઈચ્છા પ્રમાણે જવા માટે આજ્ઞા આપી.

સ્થૂલભદ્ર કોશાને ત્યાં આવ્યા ત્યારે એમનો મુનિવેશ જોઈને કોશાએ કટાક્ષ પણ કર્યો. કારણ બાર બાર વર્ષ સુધી બન્ને એકમેકના પ્રેમમાં બહુ જ મસ્તીપૂર્વક જીવ્યા હતા અને કોશાને મનમાં નક્કી જ હતું કે મારા વગર સ્થૂલભદ્ર જીવી જ ન શકે અને તેથી જ તેઓ અહીં આવ્યા છે. પરંતુ સ્થૂલભદ્રની વાત કંઈક ઓર જ હતી. પાંચ મહાવ્રતધારી એવા તેમણે કોશાને કહ્યું - "તુ જે આપીશ તે ખાઈશ, દેખાડીશ તે જોઈશ પણ તારે મારાથી સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરવી."

કોશાએ ચાતુર્માસ દરમ્યાન ષટ્રસ ભોજનના નિયમિત ભોજન કરાવ્યા, ચિત્રશાળા કે જયાં કામને પ્રેરક દ્રશ્યો હતા ત્યાં અનેકવાર નૃત્યો કરી સ્થૂલભદ્રનું મન જીતવા કોશિશ કરી પણ અડગ એવા સ્થૂલભદ્રનું ચિત્ત ચલાવી શકી નહીં, બલ્કે સ્થૂલભદ્રે તેને સંસારનું સ્વરૂપ સમજાવી, વિષયોની નિરર્થકતા બતાવી વ્રતધારી શ્રાવિકા બનાવી.

આમ, સ્થૂલભદ્રે સ્ત્રીપરિષહ જીત્યો. કામના ઘરમાં રહીને કામને જીત્યો.

**(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૪૪.**

## દત્ત મુનિ

### ચર્યા પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૨)

સંગમાચાર્ય વૃદ્ધ થયા, પોતે વિહાર માટે અશક્ત છે એમ માની સિંહાચાર્ય વગેરે શિષ્યોને વિહાર માટે મોકલ્યા. પોતે એક જગ્યાએ સ્થિર રહ્યાં. તેમની સંભાળ લેવા ગુરુ એકવાર દત્ત નામના સાધુને મોકલે છે. દત્ત સાધુ આવીને ગુરુની શાતા પૂછતો નથી. બલ્કે રંજાડે છે.

ગોચરી સમયે આચાર્ય દત્ત શિષ્યને લઈ નીકળ્યાં. મધ્યમ,હલકા કુળોમાં ફર્યા પણ ગોચરી ન મળી. તેથી શિષ્યના જીવને ક્લેશ થયો. ગુરુ શ્રાવકને ત્યાં લઈ ગયા. તે શ્રેષ્ઠીનો પુત્ર છ મહિનાથી રડતો હતો. ગુરુએ ચપટી વગાડતાં તે શાંત થયો. શેઠે ખુશ થઈ લાડવા વહોરાવ્યાં. શિષ્યે આ વાતની ઊંધી અસર લીધી

'ગુરુ કામણટૂમણ જાણે છે અને આમ કરીને રોજ માલમલીદા ઝાપટે છે. વળી પહેલાં મને હલકાં કુળોમાં ફેરવી ગોચરીનો વિયોગ કરાવ્યો. હું થાકીને પાછો જાઉં ને પોતે સારી ગોચરી વાપરે' - ખરેખર તો ગુરુ આચારના એટલા કડક હતાં કે શિષ્યને ઉપાશ્રયમાં મૂકી પોતાની લૂખીસૂકી ગોચરી જે રોજ લાવતા તેને માટે ફરીથી ગયા હતા. શિષ્યને તે ધ્યાનમાં ન હતું. રાત્રે પ્રતિક્રમણ વખતે ગુરુએ ગોચરીસંબંધી લાગેલાં અતિચાર (રેવતીદોષ)ની આલોચના કરવાનું કહ્યું તો તે વખતે બહુમાનને બદલે અપમાન કર્યું.

ગુરુને શાસનદેવ સહાયમાં હતા. ગુરુનું અપમાન થવાથી શાસનદેવે શિષ્યની કોટડીમાં ચારે તરફથી ધૂળ ભરી અને ઉપરથી વરસાદ વરસાવ્યો.

કાદવમાં પડેલો તે ગભરાટથી ગુરુને સાદ પાડે છે. ગુરુ કહે 'ગભરાઈશ નહીં' થૂંક લગાડીને આંગળી ધરી - તો તેમાંથી હજારો કિરણોનો પ્રકાશ નીકળ્યો - આમાં પણ શિષ્યને ઊંધુ લાગ્યું કે ગુરુ વીજળી વાપરતાં લાગે છે. વાસ્તવમાં ગુરુ લબ્ધિધારી હતા. વળી, દેવ સહાયમાં હતા. ગુરુની આશાતના માટે દેવે તેને ઠપકો આપ્યો ત્યારે દત્તમુનિ પશ્ચાત્તાપ કરી ગુરુના ચરણમાં માથું નમાવી અને વારંવાર અપરાધની ક્ષમા માગી સદ્‌ગતિનો અધિકારી બન્યો.

**(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૫૧.**

## કુરુદત્ત
## નૈષધિકી પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૩)

હસ્તિનાપુરમાં કુરુદત્ત નામે શ્રેષ્ઠીપુત્ર હતો. તેણે સ્થવિર ભગવંત પાસે પ્રવજ્યા સ્વીકારી, શ્રુતનો ઘણો અભ્યાસ કર્યો.

એક વખતે તેમણે એકલવિહારી પ્રતિમા ધારણ કરી, સાકેત નગરથી થોડે દૂર ચાર રસ્તે રાત્રિના સમયથી સવારના પ્રથમ પહોર સુધી તેઓ કાઉસ્સગ્ગમાં રહ્યાં. ગામનો એક ગોવાળ, જેની ગાયો ચોરાઈ હતી તે ગાયોને શોધતાં શોધતાં ત્યાં આવ્યો. બે રસ્તા હતા - કયા રસ્તેથી જવું (નીકળવું) તે જાણતો નહોતો. એકાએક તેણે સાધુને જોયાં. અને પૂછવા લાગ્યો. પરંતુ કાઉસ્સગ્ગમાં હોવાને લીધે સાધુ તરફથી ઉત્તર ન મળ્યો. દ્વેષવાળા મનથી તે ગોવાળે ત્યાં પડેલી માટી લઈ માથે પાળ બાંધી અને પાસે બળતા મૃતદેહમાંથી અંગારા લીધા અને ગજસુકુમારની જેમ માથા ઉપર મૂક્યા અને જતો રહ્યો. સાધુએ સમતાથી તેને સહન કર્યું.

સાધુએ ચિંતવન કર્યું કે દેહ ! તું ખેદ ન ધારણ કર. ફરીથી આવી સ્વસ્થતા તને મળવી બહુ દુર્લભ છે. પરવશપણામાં હે જીવ ! તેં ઘણું સહ્યું છે. પરંતુ તેમાં ગુણ નહોતા. આ પ્રમાણે સમભાવપૂર્વક નૈષધિકી પરિષહ સહન કર્યો અને સમાધિમરણને પામ્યા.

**(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૫૩.**

## સોમદત્ત
## શય્યા પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૪)

કૌશામ્બીમાં યજ્ઞદત્ત બ્રાહ્મણના બે પુત્રો સોમદત્ત અને સોમદેવ હતા. તેમણે સોમભૂતિ મુનિ પાસે સમ્યગ્ દીક્ષા લીધી હતી. વિચરતાં વિચરતાં પોતાના માતાપિતા (જેઓ ઉજ્જૈની ગયાં હતાં)ને બોધ પમાડવા ગયા. તે સમયે ત્યાં બ્રાહ્મણો પણ દારુ પીતા હતાં. કુટુંબના વડવાઓએ મુનિઓને પણ અન્ય દ્રવ્યથી યુક્ત દારુ આપ્યો. અચિત્ત પાણી જાણી અજ્ઞાનપણામાં તે સાધુઓએ પીધો અને દારુથી પીડિત થયાં. વિકાર શાંત થતાં સત્ય હકીકત જાણી ને 'મહાપ્રમાદનું આ કારણ થયું અકાર્ય થયું'. ફરીથી આવું ન બને તે માટે આહારનો સર્વથા ત્યાગ કરી નદીકિનારે લાકડાં ઉપર પાદપોપગમન કર્યું.

અચાનક ભારે વર્ષા થઈ, લાકડું નદીમાં તરવા માંડ્યું, અથડાતું, કૂટાતું તે લાકડું સમુદ્રમાં પહોંચ્યું. આ બધા સમય દરમ્યાન બન્ને સાધુઓ સમભાવમાં રહ્યા.

અસહાય અને તીવ્ર વેદનાવાળા હોવા છતાં શરીરની રક્ષા નહીં કરતાં તેઓ સમાધિમરણને પામ્યા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૫૪.

## મથુર ક્ષપક
## આક્રોશ પરિષહ (૧) (મરણસમાધિ ગાથા ૪૯૫)

મથુરામાં મથુર નામે ક્ષપક (મુનિ) ગોચરી વખતે નીકળ્યાં. (આ ક્ષપકને શાસનદેવીની સહાય હતી) રસ્તામાં બ્રાહ્મણ સામે મળ્યો. તેણે સાધુનું અપમાન કર્યું. બન્ને વચ્ચે બોલાચાલી થઈ. સાધુને પણ કષાય થયો. તેથી આક્રોશમાં ગમેતેમ બોલ્યા.

સાંજ પડી, શાસનદેવી ખબર પૂછવા આવ્યા. સાધુ અકળાઈને બોલી ઊઠ્યા. "અત્યારે તું આવી છે. તો સવારે પેલો બ્રાહ્મણ મારી સાથે લડતો હતો ત્યારે તું ક્યાં ગઈ હતી ?" દેવીએ જવાબ આપ્યો - "હું આવી હતી પણ ત્યાં (મારા કાને પડતાં શબ્દો ઉપરથી) મને ખબર ના પડી કે કોણ સાધુ છે અને કોણ બ્રાહ્મણ છે !"

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. ભાવવિજયજી. પૃ.૫૫.

## અર્જુન માલી
## આક્રોશ પરિષહ (૨) (મરણસમાધિ ગાથા ૪૯૫)

રાજગૃહીમાં અર્જુન માલી બંધુમતી નામની પત્ની સાથે બગીચામાં વસતો હતો. ફૂલો વડે ગુજરાન ચલાવતો હતો અને પાસે મુદ્‌ગરપાણિ નામના યક્ષના મંદિરમાં ફૂલોથી યક્ષની પૂજા કરતો હતો.

એક વાર તે પૂજામાં હતો. બંધુમતી ફૂલ વીણતી હતી. નગરમાંથી છ મિત્રો આવ્યાં. બંધુમતીને જોઈને વિવેક વીસર્યા અને બળાત્કાર કર્યો. પોતાની આંખ સામે આ જોઈને અર્જુન યક્ષને ઉપાલંભ આપવા લાગ્યો - 'તારી આટલી સેવા બદલ આવું પતન !'

યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો. છ મિત્રો અને બંધુમતીને મારીને નગરમાં ગયો. સામે જે મળે તે બધાની હત્યા કરી નાખી. ૧૧૪૧ મનુષ્યોને તેણે માર્યા. રાજાએ નગરનો દરવાજો બંધ કર્યો.

ભગવાન મહાવીર રાજગૃહીમાં પધાર્યા. સુદર્શન શેઠ દર્શનાર્થે નગર બહાર નીકળવા ગયા. ત્યાં સામે જ ક્રોધથી તપેલો અર્જુન માળી આવ્યો. શેઠે આગારી અનશન લીધું. શેઠની સ્વસ્થતા જોઈ યક્ષ ભાગ્યો અને અર્જુન માળી નિશ્ચેતન થઈ પડ્યો. તેને પ્રતિબોધ પમાડવા પ્રભુ પાસે લાવ્યાં. વૈરાગ્ય પામી તેણે દીક્ષા લીધી અને છઠ્ઠનું તપ ચાલુ કર્યું. ગામમાં ઘણા માણસોની હત્યા તેના હાથે થઈ હતી તેથી ગામલોકોએ ઘણા ઉપસર્ગો કર્યા. બધા જ ઉપસર્ગો સમતાથી અને નિર્જરાની ભાવનાથી સહ્યા. સર્વ કર્મોનો ક્ષય કર્યો.

તેમણે છ મહિનાનું સાધુપણું પાળ્યું. જેમાં અંતે પંદર દિવસની સંલેખના પાળી સિદ્ધિપદને પામ્યા.

**(આધાર :) - ઉત્ત.વિવૃત્તિ. પૃ.૫૭. અંતકૃતદશા ૬.**

## ખંધક મુનિના શિષ્યો
## વધ પરિષહ (મરણસમાધિ ગાથા ૪૪૪, ૪૯૬)

શ્રાવસ્તી નગરીમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. તેમને ધારિણી રાણીથી એક પુત્ર (નામે સ્કંદક) અને પુત્રી (નામે પુરન્દરયશા) હતા. પુત્રીના લગ્ન

દંડક દેશની રાજધાની કુંભકરપુરના રાજા દંડકની સાથે કર્યા. તે રાજાનો પાલક નામે મંત્રી મહાપાપી, અભદ્ર, ક્રૂર અને જૈન ધર્મનો દ્વેષી હતો.

એક વાર પાલક શ્રાવસ્તીમાં આવ્યો. પ્રસંગોપાત્ સ્કંદકકુમાર સાથે ધાર્મિક ચર્ચા થઈ, તર્કો, વિવેચનો તથા જૈન ધર્મના ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠાનથી પાલક ગુસ્સે થયો. પોતાના પરાભવને લીધે મનમાં વેર સાથે સ્વસ્થાનકે ગયો.

ભગવાન મુનિસુવ્રત સ્વામીના ઉપદેશથી ખંધક વિરક્ત બન્યા અને પાંચસો રાજપુત્રો સાથે દીક્ષિત થયા. પોતાની બહેનને પ્રતિબોધવા કુંભકરપુરમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રભુએ કહ્યું, "સર્વે આરાધક થશે. તમે વિરાધક થશો." ખંધક મુનિ ત્યાં ગયા.

આ તરફ ખંધકમુનિના ઉપાશ્રય પાસે પાલકે ગુપ્ત રીતે શસ્ત્રો દટાવ્યાં. રાજાને ફરિયાદ કરી કે રાજ્ય માટે આ શત્રુ છે. રાજા કોપિત થયો અને મંત્રીને ફાવે તેવી સજા કરવાનો આદેશ આપ્યો.

પાલકે પોતે મનમાં રાખેલાં વેરનો બદલો લેવા ઘાણીમાં એક પછી એક એમ ૪૯૮ શિષ્યોને પીસ્યા. બધાને સમાધિ રહે તે પ્રમાણે ખંધક મુનિએ નિર્યામણા કરાવી. શિષ્યોએ પરિષહ સહ્યો. તે પછી બાળમુનિ હતા ત્યારે ખંધકમુનિએ કહ્યું કે 'આને મારા પછી પીલજો' પણ વધુ યાતના આપવાની ઈચ્છાવાળો પાલક ન માન્યો. પહેલાં જ બાળમુનિને માર્યા. ખંધકમુનિનો ગુસ્સો કાબુમાં ન રહ્યો. પોતાના તપત્યાગના વળતરરૂપે આખી નગરી અને રાજાને પણ મીટાવવાનું નિયાણું કર્યું અને અગ્નિકુમાર દેવ થયા. આખા નગરને બાળી નાખ્યું. દંડક દેશ દંડકારણ્ય બની ગયું.

ખંધકમુનિની બહેન બચી ગઈ - બહેને આપેલી કામળીનો ઓઘો ખંધકમુનિએ બનાવ્યો હતો. તે લઈને સમડી ઊડી અને મહેલમાં નાખ્યો. કલ્પાંત કરતી રાણીને દેવે ઊઠાવી સમવસરણમાં મૂકી ત્યાં તે સાધ્વી બની.

**(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ. ૫૯.**
**- ત્રિષષ્ઠિપર્વ ૭. - નિશીથચૂર્ણિ.**

## કૃષ્ણ
## ક્રોધ ઉપર વિજય (મરણસમાધિ ગાથા ૪૯૭)

એક વાલ બલદેવ, વાસુદેવ, દારુક, સત્યક, એક અશ્વ દ્વારા અપહૃત કરાયા. તે ચારે મહાઅટવીમાં આવી પહોંચ્યાં. રાતનો સમય થયો. ચારે જણ વારાફરતી એક જણે જાગીને ત્રણની રક્ષા કરવી એવું નક્કી કર્યું. તે પ્રમાણે પહેલા પહોરે દારુક જાગ્યો, ત્યારે પિશાચ ક્રોધે ભરાઈને ત્યાં આવ્યો અને કહ્યું - "હું આ ત્રણેને ખાઈ જઈશ." દારુકે કહ્યું "એ બધાને મારતાં પહેલાં તારે મારી સાથે યુદ્ધ કરવું પડશે."

દારુકની સાથે લડતાં લડતાં પિશાચ મોટો થતો ગયો. દારુકે ગમે તેમ એક પહોર પૂરો કરીને સત્યકને જગાડ્યો. સત્યકને પણ પિશાચે વ્યાકુળ કરી દીધો. તે પછી બળદેવ જાગ્યો. બળની સાથે બળ વપરાવાથી પિશાચ હજુ પણ વધવા લાગ્યો.

ચોથા પહોરે બલદેવે કૃષ્ણવાસુદવેને જગાડ્યો. પિશાચે તેને પણ કહ્યું - "હું આ બધાને ખાઈ જઈશ." વિષ્ણુએ જવાબ આપ્યો - "હું છું ત્યાં સુધી તું મારા આશ્રિતોને કેવી રીતે ખાઈ શકીશ ?"

પિશાચ સાથે તે પછી કૃષ્ણે મલ્લયુદ્ધ કર્યું. જેમ જેમ યુદ્ધ કરતાં ગયા તેમ તેમ કૃષ્ણ પિશાચની પ્રશંસા કરતા ગયા તેથી પિશાચ નાનો થતો ગયો. એકદમ નાનો થતાં કૃષ્ણે તેને પોતાની નાભિમાં મૂકી દીધો.

સવાર પડતાં કૃષ્ણે તે ત્રણેને જગાડ્યા. તે ત્રણેને ઘુંટણીએ ચાલતાં જોયા અને કારણ પૂછ્યું. પછી જવાબમાં કહ્યું - "માયાથી, ગુસ્સાથી ગુસ્સો વધે છે. અને તેથી તમારો પરાભવ થયો. ગુસ્સો, અગ્નિ, વિષ ઝાડ તે બધા વધે છે તે દોષ માટે જ છે. મેં તેની સાથે શાંતિથી યુદ્ધ કર્યું. શાંતિથી કોપાગ્નિને શાંત કર્યો."

આમ કૃષ્ણ ક્રોધ ઉપર વિજય મેળવીને પિશાચને જીતી શક્યા.

**(આધાર :) - ઉત્ત. સૂત્ર. પૃ. ૭૧**
**આત્માનંદ ગ્રંથરત્નમાલા ૩૨મું રત્ન**

## ઢંઢ અણગાર
## અલાભ પરિષહ (મરણસમાધિ ગાથા ૪૯૮)

શ્રીકૃષ્ણની ઢંઢણા નામની રાણીના પુત્ર ઢંઢ હતા. ભગવાન નેમિનાથના ઉપદેશથી સંસારથી વિરક્તિ થઈ. પિતાની આજ્ઞા લઈ સાધુ બન્યા. અંતરાયકર્મના ઉદયને લીધે તેમને આહાર-પાણીની પ્રાપ્તિ થતી નથી. સાથે જનાર સાધુને પણ ગોચરી ન મળે. આથી ઢંઢણ મુનિએ અભિગ્રહ કર્યો મારી લબ્ધિથી આહાર પાણી મળે તો વાપરવા, નહીં તો ન વાપરવાં. આમ કરતાં છ માસ વીત્યા. શરીર દુર્બળ બન્યું.

શ્રી કૃષ્ણે નેમનાથ ભગવાનને પૂછ્યું - "૧૮,૦૦૦ સાધુઓમાં સાધના કોની શ્રેષ્ઠ?" ભગવાને ઢંઢણ મુનિનું નામ આપી કહ્યું, તેમણે અલાભ પરિષહ જીત્યો છે. શ્રી કૃષ્ણ આથી તેમના દર્શન કરવા ગયા, સ્તુતિ-પ્રશંસા કરવા લાગ્યા. બાજુમાં રહેલાં કંદોઈને થયું સાધક મહાતપસ્વી લાગે છે. જેની સ્તવના સમ્રાટ પોતે કરે છે. ભક્તિભાવથી પોતાના ઘરે લઈ ગયો. મુનિએ પોતાની જાણકારી કંદોઈને છે કે નહીં તે તપાસ્યું. કંદોઈ સાધુ તરીકે જ ઓળખતો હતો. તેથી માન્યું કે મારી લબ્ધિથી ભિક્ષા મળે છે. તેથી ભિક્ષા લઈ ભગવાન પાસે આવ્યા. ભગવાને કહ્યું આ ભિક્ષા શ્રી કૃષ્ણની લબ્ધિથી મળી છે. તારા અભિગ્રહ અનુસાર તે અગ્રાહ્ય છે. મુનિ સમાધિસ્થ રહ્યા અને પોતાના અંતરાયકર્મનું કારણ પૂછ્યું, અને જાણ્યું કે :-

પૂર્વભવમાં 'પારાશર' નામે સુખીસંપન્ન ખેડૂત હતો. ખેતરમાં છસો હળ હતાં. એક વાર બપોરના સમયે બધા માટે ભોજન આવ્યું, છતાં લાલચમાં ફસાઈ થોડું વધુ કામ કરીએ, એમ કરીને ૧૨૦૦ બળદ અને ૬૦૦ માણસને ભૂખતરસથી પીડયા. તે કાર્યથી નિકાચિત કર્મ બંધાયું. પોતાને આહારમાં અંતરાય પડવાના કારણરૂપ પૂર્વભવનો વૃત્તાંત સાંભળી ઢંઢણ મુનિ અધિક સંવેગરસમાં તલ્લીન બન્યા. લાવેલા મોદકોનું વિસર્જન કરવા પ્રાસુક ભૂમિમાં ગયા. એક એક મોદકનો ચૂરો કરતાં કરતાં ઉત્કૃષ્ટ ભાવનાના બળથી કર્મનો ચૂરો કર્યો. કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયા.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૭૨ , ત્રિષષ્ઠિ-પર્વ ૮.

## ભદ્ર મુનિ

## તૃણસ્પર્શ પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૦)

શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. તેને ભદ્ર નામે પુત્ર હતો. પદ્મ નામના આચાર્ય પાસે ભદ્રે ધર્મનો ઉપદેશ સાંભળી દીક્ષા લીધી. ક્રમથી આગમોનો અભ્યાસ કરી બહુશ્રુત બન્યાં.

એક સમયે તેઓએ એકાકી વિહાર પ્રતિમા અંગીકાર કરી. અપ્રતિબદ્ધ વિહાર કરતાં કરતાં બીજા રાજયમાં જઈ પહોંચ્યાં. રાજપુરુષોએ તેમને રાજયનો જાસુસ માની સવાલો પૂછ્યાં, પણ પ્રતિમાધારી ભદ્રમુનિએ જવાબ ન વાળ્યો. મૌન જોઈ તે સઘળા ક્રોધે ભરાયાં. મુનિરાજને પ્રથમ છરાથી ઘાયલ કરી પછી તલવારની ધાર જેવા, છરીની ધાર જેવા અને ભાલાની અણી જેવા તીક્ષ્ણ અણીવાળા દર્ભોથી ગાઢ વ્યથિત કર્યા અને ઉપરથી તેના ઉપર મીઠાનું પાણી છાંટી એક ખાડામાં નાખી દીધા. શરીરના પ્રત્યેક અવયવમાંથી નીકળતું માંસ, ખારા પાણીથી વિદીર્ણ થવા છતાં ક્ષોભથી વર્જિત શાંતરસમાં નિમગ્ન એવા તે ક્ષમાનિધિ મહારાજે કલુષભાવ ન રાખતાં સમાધિભાવથી ઘોરાતિઘોર દુઃસહ વેદનાને સહન કરી. આ પ્રકારે તૃણસ્પર્શ પરીષહને જીતીને અંતે ક્ષપકશ્રેણી પર ચઢીને કેવળજ્ઞાનની પ્રાપ્તિથી શિવપદને પ્રાપ્ત કર્યું.

(આધાર :) - ઉત્ત. સૂત્ર. પૃ.૧૨૨.

## સુનંદ શ્રેષ્ઠી

## જલ્લમલ્લ પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૧)

ચંપા નગરીમાં સુનંદ નામે ધનાઢ્ય વેપારી હતો, તે શ્રાવક હતો. અનેક ચીજોનો તે વેપાર કરતો હતો. ઘણો નફો કરતો અને તેથી તેને અભિમાન પણ ઘણું હતું. વિવેકરહિત હોવાને લીધે તેણે સાધુની નિંદા કરી. (શરીરના સંસ્કારથી વર્જિત રહેનારા આ સાધુ ભદ્રપુરુષ જેવા નથી. પોતાને ઊંચા સમજે છે પણ પરસેવાને લીધે શરીર કેટલું દુર્ગંધ મારે છે !) સાધુની નિંદાથી ગાઢ દુષ્કર્મ બાંધ્યું. મરીને તે સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી આવીને કૌશામ્બી નગરીમાં વસુચન્દ્ર નામના ઈભ્ય-શેઠનો પુત્ર વિશુદ્ધમતિ પણે થયો. વિશાખાચાર્ય પાસે ધર્મશ્રવણ કરીને વિશુદ્ધમતીએ દીક્ષા લીધી, કાળાંતરે સુનંદના ભવનું બાંધેલું દુષ્કર્મ ઉદયમાં આવ્યું. મુનિના શરીરમાં સડેલાં સર્પ જેવી દુર્ગંધ આવવા લાગી. તેમના શરીરને

સ્પર્શ કરીને આવતાં પવનથી પણ લોકો વ્યાકુળ થતા. આમ, મુનિનો તિરસ્કાર થયો. તેથી આચાર્ય મહારાજે તેમને ફક્ત ઉપાશ્રયમાં જ રહેવાનું કહ્યું. અંત-પ્રાંત આહારથી તેમનું શરીર દુર્બળ બન્યું. અંતે ગુરુ મહારાજ પાસે અનશન માટેની પ્રાર્થના કરી. ગુરુની આજ્ઞાથી પાદપોપગમન સંથારો ધારણ કર્યો.

(આધાર :) - ઉત્ત.વિવૃત્તિ. પૃ.૭૬.

## ઈન્દ્રદત્ત પુરોહિત

## સત્કાર-પુરસ્કાર પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૨)

મથુરા નગરીમાં અરિમર્દન નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ઈન્દ્રદત્ત નામે પુરોહિત હતો, તે જિનશાસનનો વિરોધી હતો. મથુરામાં તે સમયે અરુણાચાર્ય શિષ્ય-પરિવાર સાથે વિચરતાં હતા. એક દિવસ સુધર્મશીલ નામે મુનિને નીચું માથું રાખીને જતાં જોયા. ધર્મદ્વેષી હોવાને કારણે પુરોહિતે વિચાર્યું કે મુનિના મસ્તક ઉપર પગ રાખું. ઝરુખાની પાસે નીકળતાં મુનિના માથા પર પોતાના પગ લટકાવ્યા.

તે જ નગરમાં સુભદ્ર નામે શ્રેષ્ઠિ હતા જે જૈન ધર્મી હતા અને સાધુ પ્રત્યે આદરભાવવાળા હતા. તેમણે પુરોહિતની આ ચેષ્ટા જોઈ લીધી. પછીથી જ્યારે જ્યારે મુનિ તે રસ્તે નીકળે ત્યારે પોતે ત્યાં બેસી જતો અને પગ લાંબા કરી પસારતો જેથી તે મુનિના માથા પર આવે. આ કાર્યમાં પુરોહિતને ખૂબ મજા આવતી. સુભદ્ર શ્રાવકથી આ સહન ન થયું. તેઓ આચાર્ય પાસે ગયા અને આ વાત કરી. આચાર્ય મહારાજે કહ્યું જેવી રીતે નૃપાદિક તરફથી કરાયેલાં સત્કાર પુરસ્કારમાં સાધુ પ્રસન્ન થતાં નથી તેવી જ રીતે તેના અભાવમાં દ્વેષ કે દૈન્ય કરતાં નથી.

તે પછી પુરોહિતે નવું મકાન બંધાવ્યું. મુહૂર્તને દિવસે રાજાને બોલાવવાના હતા. આચાર્ય મહારાજે સુભદ્ર શેઠ પાસેથી જાણ્યું. મહારાજશ્રીએ કહ્યું અશુભ મુહૂર્તમાં પાયો નંખાયો છે. રાજાનો પ્રવેશ થતાં જ મકાન તૂટી પડશે ; રાજાને બચાવવા રાજા પ્રવેશ કરવા જાય ત્યારે પાછા ખેંચી લેજો. આમ, જીવતદાન મળવાથી રાજા ખુશ થયો. આચાર્ય મહારાજશ્રીની વાતથી વધુ આનંદમાં આવ્યો. અવસર જાણી સુભદ્ર શેઠે પુરોહિતની વાત કરી. રાજાએ પુરોહિતની દુષ્ટ ભાવનાને દંડ આપવા બન્ને પગ કાપવાનો આદેશ આપ્યો. આ આજ્ઞા ગુરુ

મહારાજની જાણમાં આવતાં પોતાના શિષ્ય મારફત રાજાને સમજાવી પુરોહિતને બચાવી લીધો.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૭૭.

## આર્યકાલક

## પ્રજ્ઞા પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૨)

ઉજ્જૈની નગરીમાં એક સમયે ઘણા શિષ્યો પરિવારસહિત આર્યકાલક નામે આચાર્ય પધાર્યા. પ્રશિષ્ય આર્યસાગર સુવર્ણભૂમિમાં વિચરતાં હતા. શિષ્યો આર્યકાલક પાસેથી અનુયોગ સાંભળતા ન હોવાથી તેઓ આર્યસાગર પાસે સુવર્ણભૂમિમાં ગયા. શિષ્યોને જણાવ્યું નહીં અને શય્યાતરને પણ ના પાડી. (બહુ આગ્રહ થાય તો જણાવજો એમ કહ્યું.)

સુવર્ણભૂમિમાં પહોંચી આચાર્યે વૃદ્ધ સાધુનું રૂપ ધર્યું. સાગરાચાર્ય તેમને જાણતાં ન હોવાથી તેમનો આદર-સત્કાર પણ ન કર્યો.

આ બાજુ ગૃહસ્વામીને ખૂબ જ આગ્રહ કરીને શિષ્યોએ પૂછ્યું ત્યારે કહ્યું આપ સર્વેથી દુ:ખી થઈને ગુરુ આચાર્ય કાલક સાગરાચાર્ય પાસે ગયા છે. શિષ્યો પણ ત્યાં જવા નીકળ્યા. માર્ગમાં કોઈ પૂછે તો કહેતાં - 'આચાર્ય કાલક પધારી રહ્યાં છે.' એ સુવર્ણભૂમિમાં લોકોએ સાગરાચાર્યને કહ્યું - 'આર્યકાલક શિષ્ય-પરિવારસહિત આવે છે.' બધા આવ્યા. શિષ્યોએ પૂછ્યું - 'આચાર્ય અહીં પધાર્યા છે?' ખબર ન હોવાથી સાગરાચાર્યે ના પાડી. પરંતુ શિષ્યોએ જ્યારે આર્યકાલકને વંદના કરી ત્યારે ખબર પડી. ગુરુને ઓળખીને તે શરમાયાં. તેમણે 'મિચ્છામી દુક્કડં' કરી પ્રાયશ્ચિત્ત લીધું અને પૂછ્યું, 'હે ક્ષમાશ્રમણ ! હું કેવી પ્રરૂપણા કરું છું.' આચાર્ય બોલ્યા, - 'સુંદર ! પણ ગર્વ ન કરતાં.' 'જેવી રીતે અંજલીમાં ભરેલી ધૂળ થોડીક તો ખરે જ છે તે પ્રમાણે આગમનો અર્થ ખરતો જાય છે. તીર્થંકરો પાસેથી ગણધરો અને તેમની પાસેથી આચાર્યો પાસે અને તેમની પાસેથી ઉપાધ્યાય પાસે એમ પરંપરાથી આપણી પાસે આવ્યો. કોને ખબર છે કે કેટલાં પર્યાય ખરી પડ્યા? એટલે તું ગર્વ ન કરતો.' 'મિચ્છામી દુક્કડં' કહી આચાર્ય કાલકે શિષ્યો પ્રશિષ્યો આગળ અનુયોગના કથનનો આરંભ કર્યો.

(આધાર :) - ઉત્ત. વિવૃત્તિ. પૃ.૭૯.

## સ્થૂલભદ્ર

## જ્ઞાન પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૩)

ચૌદ પૂર્વી બનેલાં સ્થૂલભદ્ર એક વાર શ્રાવસ્તીમાં પધાર્યા. શ્રાવસ્તીમાં તેમનો મિત્ર ધનદેવ રહેતો હતો. તેમને ત્યાં તે પધાર્યા. ધનદેવ તે સમયે બહારગામ ગયો હતો ; તેની પત્ની ધનશ્રીએ ગુરુને વંદન તથા આદરસત્કાર કર્યા. સ્થૂલભદ્રે ધનદેવ વિશે પૂછ્યું ત્યારે ધનશ્રીએ દીર્ઘ નિશ્વાસ નાખીને કહ્યું - 'જેટલું ધન હતું તે વપરાઈ ગયું, ધનહીન બનતાં સર્વત્ર લઘુતાને તે પામ્યો ; તથા પિતાએ સંચિત કરીને દાટેલું ધન ઘણું શોધ્યું પણ ભાગ્ય વિપરિત થવાને કારણે તે ન મળ્યું. અને તેથી તે ભાગ્ય અજમાવવા માટે પરદેશ ગયો છે.'

આ સાંભળી સ્થૂલભદ્રે ઘરનું નિરીક્ષણ કરી શ્રુતનો ઉપયોગ મૂક્યો. જ્ઞાનથી તેમણે ત્યાં રહેલાં થાંભલાની નીચેનો ધન ભંડાર જોયો. પ્રિય મિત્રના ઉપકાર અર્થે મિત્રપત્નીને તે થાંભલાને હાથની આંગળીની ચેષ્ટા દ્વારા બતાવીને આડકતરી રીતે ભંડાર થાંભલાની નીચે છે તેવો સંકેત કર્યો, એટલે કે દ્રવ્ય તો અહીં જ છે. અજ્ઞાનને કારણે તારા પતિને ભ્રમણ કરવું પડ્યું છે. પોતાની વાત ફરી ફરી કહી સ્થૂલભદ્ર ઉપાશ્રયે પાછા ફર્યા.

જ્યારે ધનદેવ ઘરે આવ્યા ત્યારે તેની પત્ની ધનશ્રીએ સ્થૂલભદ્ર પધાર્યાની વાત જણાવી અને વારંવાર થાંભલા સામે દ્રષ્ટિ રાખી સંકેત કરતા હતા તે પણ કહ્યું. ધનદેવ બુદ્ધિશાળી હતો. તેણે વિચાર્યું - હેતુ વગર મુનિ આવી ચેષ્ટા કરે નહી, નક્કી થાંભલા નીચે ધન હોવું જોઈએ. તે પ્રમાણે થાંભલા નીચે ખોદતાં ધનદેવને વિવિધ પ્રકારના રત્નો તથા મણિ મળ્યા.

શકટાલનંદન મુનિ સ્થૂલભદ્ર જ્ઞાનપરિષહને જીતવામાં અસમર્થ બન્યા.

**(આધાર :) - ઉત્ત. સૂત્ર. પૃ.૮૩**

## અષાઢાભૂતિ

## દર્શન પરિષહ (મરણસમાધિ ગાથા ૫૦૩)

અષાઢાભૂતિ આચાર્યને સો શિષ્ય હતા. એક પછી એક એમ ઘણા શિષ્યો કાળધર્મ પામવા લાગ્યા. આચાર્ય સૌને સુંદર નિર્યામણા કરાવતા અને કહેતા જો દેવભવમાં જાય તો મને યાદ કરજે. પરંતુ કોઈ શિષ્ય આવ્યા નહીં. ગુરુની ધર્મ

પરની શ્રદ્ધા ડગવા માંડી. છેલ્લા શિષ્યને ધર્મ નિર્યામણા કરાવી ત્યારે પણ તે જ વાત કરી કે "જો તું દેવભવમાં જાય તો મને પ્રતિબોધ પમાડવા આવજે."

દેવભવમાં આવ્યા પછી દેવલોકના રંગરાગમાં શિષ્ય ગુરુને ભૂલી ગયો. હવે ગુરુનો વિશ્વાસ ધર્મ ઉપરથી ઊઠી ગયો અને તેઓ ગૃહસ્થવાસમાં પાછા આવવા નીકળ્યા. બરાબર તે જ સમયે દેવને ગુરુનું વચનયાદ આવ્યું. ગુરુને પ્રતિબોધવા દેવે છ બાળકોને ઘરેણાંથી લાદી એમની સામે મોકલ્યા. ગુરુએ બધા બાળકોને મારી ઘરેણાં લઈ પાતરામાં ભરી લીધા. તે પછી દેવની માયાથી શ્રાવકો આવ્યા. ગુરુને ભોજન - ગોચરી માટે પધારવાની વિનંતી કરવા લાગ્યા. ગુરુએ ના કહી. શ્રાવકોએ ફરી ફરી આગ્રહ કર્યો. ખેંચાખેંચીમાં પાતરાં હાથમાંથી છૂટી ગયા અને ઘરેણાં નીચે પડી ગયા. ગુરુને ગ્લાનિ થઈ આવી. દેવ પ્રત્યક્ષ થયો. ગુરુ ફરી ચારિત્રમાં સ્થિર થયા.

(આધાર :) - ઉત્ત. સૂત્ર. પૃ.૮૩

## તિર્યંચોના ઉદાહરણો

### મત્સ્ય

### (મરણસમાધિ ગાથા ૫૦૮-૫૧૦)

સંજ્ઞી પર્યાપ્તિમાં રહેલા માછલાના જીવને લાલ શીખાવાળો દાવાનળ (સમુદ્રના અગ્નિ)ને જોઈને વિચાર થયો, સંવેગ જાગ્યો કે અગ્નિએ મને ગ્રહણ ન કર્યો તે મારું સદ્ભાગ્ય છે, નહીં તો હું બળી ગયો હોત.

તે પછી આત્માની નિંદા કરતો તે ઊંડા પાણીમાંથી બહાર નીકળી ગયો અને સાવદ્ય યોગથી વિરામ પામીને તેણે ભક્તપરિજ્ઞા અનશનને ધારણ કર્યું. દૂષહ તાપમાં પડેલા તેના દેહને પંખીઓએ ચાંચ વડે ઘણી પીડા કરી ; પરંતુ તેણે તે સઘળી પીડાને સમભાવથી સહન કરી. મૃત્યુ પામી તે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

### વાનરજૂથનો નાયક

### (મરણસમાધિ ગાથા ૫૧૧)

જંગલમાં સુવિહિત સાધુઓની અનુકંપાથી વાનરજૂથનો નાયક વૈમાનિક દેવલોકમાં દેવપણે જન્મ્યો.

## સિંહસેન ગજવર
## (મરણસમાધિ ગાથા ૫૧૨-૫૨૧)

સલ્લકી વૃક્ષના વનમાં અત્યંત ઝેરી સર્પના ડંખથી રાજા મરણ પામ્યો, અને હાથીઓના ટોળામાં સુપ્રશસ્ત ગંધહસ્તિ તરીકે જન્મ્યો.

જંગલમાં સિંહચંદ્ર મુનિવરની પ્રતિમાથી (કાઉસ્સગ્ગ મુદ્રાથી) પ્રભાવિત અને પ્રતિબોધિત થઈ તે હાથીએ સંવેગને પ્રાપ્ત કર્યો અને પાંચ વ્રતોનું પાલન સ્વીકાર્યું. રાગદ્વેષથી નિવૃત્ત થયેલો તે હાથી છઠ્ઠ તપના પારણામાં સવારે સૂર્યના તાપથી તપેલું પાણી પીળા પાંદડામાં લઈને પીતો. આહાર વગર કૃશ બનેલું શરીર થયું હોવા છતાં ભાવચારિત્ર ગ્રહણ કરેલો તે હાથી મુનિના ઉપદેશને ચિંતવતો હતો.

એકવાર કાદવમાં ફસાયેલા નિરૂત્સાહ અને ખિન્ન થઈને બેઠેલા એવા તે હાથીને લાંબા સમયના વેરી અને ઉન્મત્ત સર્પે જોયો. ગજરાજ પણ જિનવચનનું સ્મરણ કરી ચારે પ્રકારના આહારને વોસિરાવીને સમભાવથી રહ્યો. આવી પડેલા કષ્ટ સમયે પશુની યોનિમાં રહ્યા છતાં મધ્યસ્થ રહ્યો અને ત્યાંથી કાળ કરીને સાતમા દેવલોકમાં શ્રીતિલક વિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ થયો.

શ્રુતસાગર દૃષ્ટિવાદમાં કહેવાયેલું આ આખ્યાનક સાંભળીને ભાવપૂર્વક દૃઢપણે પંડિતમરણની પ્રત્યે નિષ્ઠા કેળવવી જોઈએ.

## બે સર્પ
## (મરણસમાધિ ગાથા ૫૨૨)

તિર્યંચ તરીકે ઉત્પન્ન થયેલા તથા જાતિથી જ મહાવિષવાળા બે સર્પો જિનવચનને જાણીને સમત્વભાવમાં આવ્યા. કૌશિક આશ્રમમાં રહેલા તે બન્ને કીડીઓના આહાર બન્યા, પણ દેહને તથા મનને દૃઢપણે સમતામાં રાખ્યા.

બે સર્પમાંથી એક વિદ્યુત્પ્રભ દેવલોકમાં દેવ થયો અને બીજો નંદનકુલમાં મહર્દ્ધિક બળવાળો યક્ષ થયો.

❖ ❖

# પ્રકરણ - ૫ જૈનેતર અને જૈન મરણવિચારધારા - એક તુલના

**પ્રાસ્તાવિક :**

'મૃત્યુ' જેવો અશુભ અથવા અપશુકન શબ્દ ભાગ્યે જ કોઈ હશે ! એના નામ માત્રથી ભલભલાને ચિંતા થાય છે. ભય લાગે છે, એના વિચાર અથવા કલ્પનાથી જ થથરી જવાય છે. મૃત્યુની આ ભયાનકતા મૃત્યુને એક ગહન, ગૂઢ તથા ગંભીર વિષય બનાવી જાય છે. માનવજીવનના ચિંતનમાં મૃત્યુ અથવા તેનું સ્વરૂપ હંમેશા પ્રધાનસ્થાને રહ્યું છે. મૃત્યુને પૃથ્વી ઉપર રહેલા જુદા જુદા માનવીઓ જુદી જુદી રીતે સ્વીકારે છે અથવા ઘણા મૃત્યુને નથી પણ સ્વીકારી શકતા. ઘણા તેની ઉપેક્ષા કરતાં કહે છે, જ્યારે આવશે ત્યારે જોઈ લેવાશે, અત્યારે શું ચિંતા કરવી, ઘણા મૃત્યુના ડરથી રડવાનું ચાલુ કરી દે છે, તો કોઈ સંત પુરુષ હસતાં હસતાં મોતને આવકારે છે. એનાથી પણ આગળ વધીને મૃત્યુ સામે પડકાર ફેંકનારા વિરલ પુરુષો પણ પૃથ્વી ઉપર થઈ ગયા છે. તો વળી, જીવનથી કંટાળી જઈને મૃત્યુની આતુરતાપૂર્વક રાહ જોનારા પણ ઘણા હોય છે.

મોતનો ભય માણસને લાગે છે, તેનું કારણ તેની અચોક્કસતા, અનિયમિતતા તથા તેના વિશેનું અજ્ઞાન છે. સ્વરક્ષણની જે સાહજિક વૃત્તિ માનવ માત્રમાં છે તેને કારણે પણ માણસ મોતથી ભયભીત બને છે. પોતાને ગમતી વસ્તુ કે વ્યક્તિની જુદાઈ દુઃખ ઉત્પન્ન કરે છે. પૃથ્વી ઉપર સર્વશ્રેષ્ઠ પ્રેમ તરીકે સ્વીકારાયેલો માતૃપ્રેમ પણ મોતના ભય અથવા મોત સામે લાચાર બની જાય છે. દેહ, કુટુંબ, મિત્રો, ધંધો, પ્રતિષ્ઠા, સત્તાનો મહોરો પહેરીને બેઠેલા માનવીને એકનો પણ વિયોગ દુઃખ આપે છે. ત્યારે મૃત્યુ તો સર્વનો વિયોગ કરાવનાર છે. જે મોહરા પ્રત્યે તેને આસક્તિ છે તેનો મૃત્યુ આવતાં પરાણે ત્યાગ કરવો પડશે તે વાતથી જ માણસ આકુળ વ્યાકુળ બની જાય છે. માણસની આસક્તિ દૂર કરવા મોત વિશેનું જ્ઞાન એ એક અમોઘ સાધન છે.

દેહ અને આત્માની ભિન્નતા જાણ્યા પછી મોત એ એક કુદરતી સ્થિતિ છે. વળી, મૃત્યુ પછી પુનઃર્જન્મ પણ છે, આત્માનો કદી નાશ થતો નથી, શરીર નાશંવત છે, દરેક વસ્તુના ઉદય અને અંતની જેમ જિંદગીનો પણ અસ્ત થાય છે. વગેરે જાણ્યાં પછી જીંદગી પ્રત્યે તીવભ્રાવની આસક્તિ દૂર થાય છે. અને મૃત્યુનો ભય ઓછો થઈ જાય છે.

પરમતત્ત્વ, દિવ્યતત્ત્વ પ્રત્યે જો આસક્તિ જાગે તો પણ દુન્યવી વસ્તુઓનું આકર્ષણ ન રહે અને મરણના ભયથી માણસ મુક્ત બની શકે કારણ કે અનાસક્તિ એ નિર્ભયતાનું મુખ્ય કારણ છે.

**ધૂમકેતુના શબ્દોમાં -**

"એ માણસ જીવનને સમજી શક્યો કહેવાય જેણે મૃત્યુનો ભય ત્યજયો હોય છતાં મૃત્યુ ઈચ્છ્યું કોઈ દિવસ ન હોય, જેની મૃત્યુ માટેની તૈયારી હોય છતાં જીવન મૃત્યુ કરતાં વધારે મહાન છે એ વાતમાં શ્રદ્ધા હોય, મૃત્યુનું જ્ઞાન હોય છતાં જીવનના રસ પ્રત્યે ઉદાસી ન હોય."[૧]

મૃત્યુના સ્વરૂપ વિશે સમજતાં માણસ એ પણ જાણી શકે છે કે આ મૃત્યુ એ અનિવાર્ય છે. દરેક જીવન પામનાર જીવનું મરણ એ તો નિશ્ચિત્ત જ છે. મૃત્યુને રોકી શકાતું નથી. જ્યાં સુધી આત્મા અને દેહનો સંબંધ છે ત્યાં સુધી મમતા રહે પછી તો...

કોના છોરું અને કોના વાછરું, કોના માય અને બાપ,
અંતકાલે જવું જીવને એકલું, સાથે પુણ્ય અને પાપ...[૨]
એક રે દિવસ એવો આવશે.

જેમ મોતને રોકી શકાતું નથી તેમ મોતથી નાસી પણ શકાતું નથી, મોતથી છટકવાના બધા જ પ્રયાસો નિષ્ફળ થાય છે. કોઈ જડીબુટ્ટી અથવા સંજીવની મંત્ર વગેરેથી પણ અમરત્વને પામેલા વ્યક્તિઓની વાત આપણે ધર્મપુસ્તકોમાં વાંચીએ છીએ. તે કદાચ અપવાદ હોઈ શકે બાકી દરેક જન્મેલાને મરવું પડે છે.

અનિવાર્ય, અનિશ્ચિત્ત, અચોક્કસ, અનિયમિત, નાઈલાજ મૃત્યુને જીતવા માટેનો ઉપાય શું ? જ્ઞાનીઓએ અધ્યાત્મ જાગૃતિ તથા મૃત્યુના જ્ઞાન વિશેની સભાનતાને મૃત્યુ ઉપર વિજય મેળવવા માટે ઉત્કૃષ્ટ ઉપાય તરીકે બતાવ્યો છે. આત્માને ઓળખી લેનાર માણસ મૃત્યુના ભયથી પર બની જાય છે. જેની પાસે કાળના પ્રહારને ઓળખવાની સમજણ છે એને માટે મૃત્યુ મંગલ બની જાય છે.[૩]

---

૧. મોત પર મનન-પૃ.૨૫૫.
૨. વૈરાગ્યની સજ્ઝાય
૩. મૃત્યુની મંગળ પળે-ભાનુમતી શાહ-પૃ.૧૮.

કઠ ઉપનિષદમાં નચિકેતા પોતાની અડગતા તથા નિશ્ચયબદ્ધતાને કારણે યમદેવ પાસેથી કેવી રીતે મોતના ભેદનું જ્ઞાન મેળવી શક્યો તે વિશે આપણે જાણીએ જ છીએ. નચિકેતાની જ્ઞાનપિપાસાએ યમદેવને પણ હરાવ્યા અને પોતાની સત્તાનો નાશ કરવાની ચાવી એમણે નચિકેતાને આપી - માણસ જો શ્રેય (આધ્યાત્મિક સુખ) તરફ વળી પ્રેય (દુન્વયી સુખ) નો ત્યાગ કરે તો મોત તેની ઉપર જીત મેળવી શકે નહી.[૪]

મોતથી ન હારવું અથવા મોત ઉપર વિજય મેળવવા શું કરવું ? મોટાભાગે ઘણા ધર્મો જીવનમાં ત્યાગવૃત્તિ અપનાવવાનું, સત્કર્મ અને સેવાભાવની વૃત્તિ રાખવાનું, પાપનો ડર રાખવાનું કહે છે. હિંદુ ધર્મમાં ચાર આશ્રમની વ્યવસ્થા હતી તેનું કારણ પણ માણસને ધીમે ધીમે ત્યાગવૃત્તિ ઉપર લઈ જવાનું હતું. ગૃહસ્થાશ્રમ ભોગવી ચૂકેલો માણસ જ્યારે વાનપ્રસ્થાશ્રમ તરફ પગલાં માંડે છે ત્યારે સહજ રીતે સન્યાસ તરફ આકર્ષિત થાય છે, પ્રભુભક્તિ, ધ્યાન વગેરે તેને ગમે છે ; ત્યાગી જીવન જીવતાં જીવતાં એક સમય એવો આવે છે કે જ્યારે આ શરીરને ત્યાગવામાં પણ તે ડરતો નથી.

જગત પ્રત્યેની આસક્તિ, મોહ, અનંત તૃષ્ણાઓ, ઈચ્છાઓ, વાસનાઓ, કષાયો ઉપર કાબુ મેળવી શરીર કરતાં આત્માનું અજર અમરત્વ સ્વીકારી તેને પ્રાધાન્ય આપનાર માણસ પણ મૃત્યુ ઉપર વિજય મળવી શકે છે. જીવન દરમ્યાન કરેલાં પાપોનો અંતઃકરણપૂર્વક એકરાર હૈયાની શુદ્ધિ અર્પે છે અને હૈયાની શુદ્ધિ જીવનની શુદ્ધિ તરફ લઈ જાય છે. આવા માણસને પણ મોતનો વિચાર પજવી શકતો નથી. રાગ-દ્વેષને પણ જીતવાની અત્યંત આવશ્યકતા છે જો મૃત્યુ ઉપર સામ્રાજ્ય સ્થાપવું હોય તો. જીવનમાં થોડો પણ રાગ-દ્વેષ રહી જાય તો નિર્વાણપદથી દૂર જવાય છે. ગૌતમસ્વામીનો પોતાનો પ્રભાવ કેવો ? જે એમના શિષ્ય બને એ કેવળજ્ઞાનને પામે પરંતુ એમના હ્દયમાં રહેલો પ્રભુ મહાવીર પ્રત્યેનો રાગ એમના કેવળજ્ઞાનમાં અંતરાય બન્યો. જીવનનો રાગ તોડતાં તોડતાં આમ પ્રભુ પ્રત્યેનો રાગ પણ અંતિમ ક્ષણે તોડવો આવશ્યક છે.

આમ, મૃત્યુની સમજ અથવા મૃત્યુવિદ્યા એ સર્વોચ્ચ કલા છે. એ કલાનો આધાર જીવનકલા ઉપર છે.

---

૪. મોત પર મનન- પૃ.૭૭.

પોતાના મૃત્યુનું સુંદર રીતે આયોજન કરવું એટલે બીજું કંઈ નહીં પરંતુ આવતા જન્મની ગતિ નક્કી કરવી ; કારણ સભાન મૃત્યુથી જ ઈચ્છિત પુનર્જન્મ મળી શકે છે.

મૃત્યુ ઉપર દરેક ધર્મના પોતાના જુદા જુદા વિચારો છે. તે આપણે ટૂંકમાં જોઈશું અને તે પછી જૈન દ્રષ્ટિએ મૃત્યુનો વિચાર કરીશું.

**જરથોસ્તી ધર્મ :-**

અષો જરથુષ્ટ્ર નામના પવિત્ર ધર્મગુરુ આ ધર્મના સંસ્થાપક છે, પારસીઓ આ ધર્મનું પાલન કરે છે. જરથોસ્તી ધર્મમાં મરણોત્તર સ્થિતિનું વર્ણન છે. મૃત્યુલોકમાં કરેલા સત્કાર્યો દ્વારા મેળવેલું પુણ્ય મૃત્યુ પછી સ્વર્ગ અપાવે છે અને તે જ પ્રમાણે પાપકર્મ દ્વારા માણસ નરક મેળવે છે.

જૈન ધર્મમાં સ્વર્ગ અથવા દેવલોક બાર છે જ્યારે જરથોસ્તી ધર્મમાં ચાર સ્વર્ગની માન્યતા છે.[૫]

૧) હુમન - સારા વિચારનું સ્વર્ગ.

૨) હુખ્ત - સારા વચનનું સ્વર્ગ.

૩) હુવરશ્ત - સારા કાર્યોનું સ્વર્ગ.

૪) ગરોનમાન - સંગીતનું સ્વર્ગ.

ચાર સ્વર્ગની જેમ નરક પણ ચાર પ્રકારે હોય છે.

૧) દુશમત - ભૂંડી વાસનાઓ અને ભૂંડા વિચારોથી અહીં જીવ દુઃખી થાય છે.

૨) દુઝખ્ત - કલુષિત વાણી, દુષ્ટ વચનો જીવ સાંભળે છે.

૩) દુઝવરશ્ત - દુષ્ટ કર્મોનું આ નરક છે, અહીં જીવ ત્રાસી જાય છે.

૪) અનઘ્રતેમહ - સૌથી ભયાનક આ નરક છે. એની જગ્યા બરાબર ચિનવત પુલની નીચે છે.

જૈન ધર્મમાં નરક સાત પ્રકારે છે.

જીવન દરમ્યાન પુણ્ય કરેલો જીવ સુખ અને પાપ કરેલો જીવ દુઃખ,

---

૫. મૃત્યુમીમાંસા - ડૉ. સુરેશ વકીલ. પૃ.૧૨૦.

રાસ્તાખીજ સુધી - એટલે કે કયામતના દિવસ સુધી ભોગવે છે. કયામતના દિવસે ન્યાયનું કામ થાય છે, મૃતાત્માઓ સજીવન થાય છે, તેઓ નવા શરીરને પામે છે. સોશયોસ નામે તારણહાર પૃથ્વી પર આવશે અને વિશ્વનું નવસર્જન કરશે. પુણ્યશાળીઓ ફરીથી સ્વર્ગમાં અને પાપીઓને ત્રણ દિવસની અગ્નિપરીક્ષા લીધા પછી પવિત્ર બનાવશે. અનીતિ, દુષ્ટતા અને નીચતાનો નાશ થશે એવી માન્યતા છે.

મરણપથારીએ પડેલો જરથોસ્તી અંતિમ ક્ષણોમાં એકવાર પણ 'અષેમવાહુ' નામનો નાનો મંત્ર પુરી શ્રદ્ધાપૂર્વક બોલે તો અંતરમાં શાંતિ પામે છે. અશક્ત, અસમર્થ વ્યક્તિને તેના સ્વજનો કાનમાં એ મંત્ર સંભળાવે છે. જૈનોમાં પણ મરણપથારીએ રહેલા જીવને નવકારમંત્ર, અરિહંતાદિ ચારનું શરણ તથા સકલ જીવસૃષ્ટિ સાથેની ક્ષમાપના કરાવાય છે.

**યહૂદી ધર્મ :-**

યહૂદીઓ શરીર અને આત્માને અલગ માનતા નહોતા. બે ધાતુને પરસ્પર ભેળવ્યા પછી જેમ અલગ ન કરી શકાય તેમ શરીર અને આત્માને તેઓ અવિભાજ્ય માનતા હતા અને તેથી મૃત્યુ પછીની સ્થિતિમાં તેમને રસ ન હતો. માણસ જ્યાં સુધી જીવે ત્યાં સુધી જ ઈશ્વર સાથે સંબંધ રહે છે અને મૃત્યુ પછી ઈશ્વરથી દૂર થવાને કારણે 'શેઓલ' નામના દુ:ખ, દર્દ અને અંધકારથી વ્યાપ્ત ખાડામાં પડે છે અને દુ:ખી થાય છે.[૬] એવું તેઓ માનતા હતા.

પાછળથી એમની આ માન્યતાઓમાં ફેર પડ્યો. બેબીલોનીઓએ જેરૂસલેમ ઉપર ચઢાઈ કરી. યહૂદીઓને ગુલામ બનાવ્યા અને તેઓને બેબીલોન લઈ ગયા. તેમની સાથે રહેવાથી યહૂદીઓએ જરથોસ્તી ધર્મની માન્યતાઓ સ્વીકારી. કયામત - સ્વર્ગ-નરકની માન્યતાઓ આમ યહૂદી ધર્મમાં દાખલ થઈ.

**ખ્રિસ્તી ધર્મ :-**

ખ્રિસ્તી ધર્મ પ્રમાણે માણસ જન્મથી પાપી હોવાથી જ્યાં સુધી ઈસુ ખ્રિસ્તનો ધર્મ સ્વીકારી ઈશુને પોતાનામાં ઉતારતાં નથી ત્યાં સુધી તે પાપમાં જીવે છે અને પાપમાં જ મરે છે. વળી, ખ્રિસ્તીઓ સ્વર્ગપ્રાપ્તિ માટે પણ ઈશ્વરેચ્છા જ મહાન

૬. મૃત્યુમીમાંસા. પૃ.૧૨૬.

માને છે. જો કે 'નવા કરાર'ના થોડા છૂટક શ્લોકોમાં મનુષ્યને તેની કરણી પ્રમાણે બદલો મળ્યાનો ઉલ્લેખ પણ છે.[૭]

ખ્રિસ્તીઓના ધર્મપુસ્તકોમાં સ્વર્ગ અને નરકના વર્ણન છે. ખ્રિસ્તીઓ પણ જરથોસ્તીની જેમ કયામતની માન્યતા ધરાવતા હોય છે. કયામતની પહેલાં કેવું બનશે ? શું બનશે ? તેનું વર્ણન બાઈબલમાં છે. (જો કે કયામત ક્યારે આવશે તે ઈશ્વર સિવાય કોઈ જાણતું નથી.) ચારે બાજુ અંધાધૂંધી, જુદી જુદી પ્રજાઓ વચ્ચે વૈમનસ્ય, મારામારી, કાપાકાપી થાય, લોકો અસંયમી, વિલાસી, કપટી, દુષ્ટ બનશે. પછી કયામત થશે એવી માન્યતા છે.[૮]

સૌ કોઈ ઈશ્વરના દરબારમાં ઊભા રહેશે, સૌની કરણી પ્રમાણે બદલો મળશે અને છેવટે મોત અને નરકને પણ અગ્નિમાં નાખવામાં આવશે પછી દુનિયામાં મોત, દુઃખ કે દર્દ નહીં રહે.

**ઈસ્લામ ધર્મ :-**

દરેક જીવે મૃત્યુનો સ્વાદ લેવો જોઈએ એવી માન્યતા ધરાવનાર આ ધર્મમાં મૃત્યુ માટે સતત તૈયાર રહેવું, મૃત્યુને કદી ન ભૂલવું એવી ધર્માજ્ઞા છે. દરેક વ્યક્તિના મૃત્યુનો સમય નિશ્ચિત થયેલો જ હોય છે.

મુસલમાનો આ ધર્મ પાળે છે. ખ્રિસ્તી અને યહૂદી ધર્મમાંથી ઈસ્લામ ધર્મમાં પણ કયામતની માન્યતા ઉતરી આવી. કયામત એટલે ન્યાયનો દિવસ. એના આગમન પૂર્વેની નિશાની બતાવતાં ઈસ્લામ ધર્મમાં જણાવ્યું છે કે સૂર્ય પશ્ચિમમાં ઉગે, આકાશમાં દજાજલ નામનો વિકરાળ રાક્ષસ દેખાય, સુર નામના ભયંકર નગારાનો અવાજ સંભળાય પછી કયામત આવે છે.[૯] મૃત્યુ પામેલાં જીવનો જ્યાં સુધી ન્યાય ન થાય ત્યાં સુધી તે સ્વર્ગ અગર નરકમાં જતો નથી. પણ અર્ધભાનવાળી સ્થિતિમાં રહે છે. પુરાણની વાત આ પ્રમાણે જ જાણવા મળે છે.

ઈસ્લામ ધર્મમાં સાત સ્વર્ગ તથા સાત નરકની માન્યતા છે. પુણ્યવાન માણસને સ્વર્ગમાં અને પાપીને નરકમાં સ્થાન મળે છે. સ્વર્ગમાં જાતજાતના સુખો હોય છે. નરકમાં પાર વગરના દુઃખો અને ત્રાસ હોય છે.

---

૭. મૃત્યુની મંગળ પળે. ભાનુમતી શાહ-પૃ.૧૧૮.

૮. મૃત્યુમીમાંસા. ૧૩૦.

૯. મૃત્યુમીમાંસા. પૃ.૧૩૬

'કુરાન' માં માણસોના કાર્યો કરતાં તેમની માન્યતાઓ ઉપર વિશેષ વજન મૂકવામાં આવ્યું છે.[10] સ્વજનના મૃત્યુ ઉપર વિલાપ કરવાની મનાઈછે. ઓલિયા-સંત-ફકીરનો મૃત્યુદિન પ્રભુમિલનના દિવસ તરીકે ઉજવાય છે. જૈનોમાં પણ સાધુના મૃત્યુને જય જયકારથી વધાવાય છે અને તેમની પાલખી વરઘોડાના સ્વરૂપે અગ્નિસંસ્કારના સ્થળ તરફ લઈ જવાય છે.

**હિંદુધર્મ :-**

આર્યોએ સ્વીકારેલો હિંદુધર્મ સનાતન ધર્મના નામે પણ ઓળખાય છે. કારણ હિંદુધર્મ સનાતન કાળથી ચાલ્યો આવે છે. વેદો હિંદુ ધર્મના પાયાના ગ્રંથો છે. જુદા જુદા ઋષિઓ દ્વારા તત્ત્વચિંતનના ફળસ્વરૂપે લખાયેલા ગ્રંથો દર્શનગ્રંથોને નામે ઓળખાયા - જેવા કે-

કપિલ મુનિનું સાંખ્ય દર્શન, મહર્ષિ પતંજલિનું યોગદર્શન, ગૌતમમુનિનું દર્શન, મહર્ષિ કણાદનું વૈશેષિક દર્શન, મહર્ષિ જૈમીનીનું પૂર્વ મીમાંસા દર્શન, મહર્ષિ બાદરાયણનું ઉત્તર મીમાંસા દર્શન.

દરેક દર્શનશાસ્ત્રમાં મોક્ષની સ્થિતિનું વર્ણન આવેલું છે. હિંદુ ધર્મ પુર્નજન્મમાં માને છે. તેમ જ વેદ, સાંખ્ય, યોગશાસ્ત્ર અને જૈન આત્માનું અનાદિત્વ, અનંતપણું સ્વીકારે છે. જીવ જ્યાં સુધી મોક્ષ ન પામે ત્યાં સુધી જન્મ મરણના ચક્રમાં ફરતો રહે છે. મરણ પછી જીવાત્માની પરિસ્થિતિ અંગે દરેક દર્શનમાં થોડોક ફેર છે. આપણે તે વિશે જોઈએ.

મીમાંસા દર્શન એમ માને છે કે મોક્ષ, સ્વર્ગાદિની પ્રાપ્તિ વિવિધ વૈદિક કર્મો દ્વારા થાય છે.

શંકરાચાર્યના અદ્વૈત સિદ્ધાંત પ્રમાણે મરણ પછી કાં તો મોક્ષ થાય કે પુર્નજન્મ થાય. મૂળભૂત અજ્ઞાનનો નાશ એટલે કે આત્મસાક્ષાત્કાર થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષની સ્થિતિમાં જીવાત્મા અને પરમાત્માનું અભેદત્વ છે.

રામાનુજાચાર્ય પણ શંકરાચાર્યના મત પ્રમાણે જ વિચારે છે. મુકતાત્મા સ્વર્ગમાં દિવ્ય શરીર પ્રાપ્ત કરે છે. અને નારાયણની જેમ સર્જન, વિસર્જન,

---

૧૦. મૃત્યુની મંગળ પળે. પૃ.૧૧૭.

નિયમન સિવાયની તમામ શક્તિઓ મેળવી શકે છે.

માધ્વાચાર્ય એમ માને છે કે દરેક જીવમાં જ્ઞાનનું પ્રમાણ એકસરખું નથી હોતું. તેથી જ્ઞાનભેદને કારણે આનંદમાં પણ ફરક હોય છે. સ્વામીનારાયણનો મત પણ આ પ્રમાણે છે.

વલ્લભાચાર્યનો માર્ગ પુષ્ટિમાર્ગ છે. તેઓ માને છે કે મોક્ષની સ્થિતિમાં જીવ જુદુ અસ્તિત્વ ધરાવે છે અને શ્રીકૃષ્ણની રાસલીલામાં ભાગ લઈ ભજનાનંદ મેળવે છે.

ન્યાય-વૈશેષિક દર્શન પ્રમાણે મોક્ષ એટલે દુ:ખની આત્યન્તિક નિવૃત્તિ.

સાંખ્ય અને યોગ દર્શન પ્રમાણે સંસારના તાપથી મુક્ત થઈને મોક્ષમાં ગયેલો જીવ આકાશમાં તારારૂપે અવિચલ સ્થાન પ્રાપ્ત કરે છે. સાંખ્ય મતમાં આત્માને નિર્વિકાર તથા નિષ્ક્રિય માન્યો છે.

**ચાર્વાક દર્શન :-**

વૈદિક ક્રિયાકાંડની નિરર્થકતામાં જૈન અને બૌદ્ધની જેમ જ માને છે. ચાર્વાક મત પ્રમાણે શરીરથી અલગ અવસ્થામાં આત્માનું અસ્તિત્વ જ નથી, શરીર જ સર્વસ્વ છે, તેથી ઈંદ્રિયોનો વિલાસમાર્ગ તેમણે અપનાવ્યો. તેઓ માને છે કે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સુખમાં જીવવું, દેવું કરીને પણ ઘી પીવું.[૧૧]

**બૌદ્ધ દર્શન :-**

ચાર આર્યસત્યોના જ્ઞાનને મોક્ષસાધન માને છે.

૧) દુ:ખ, ૨) સમુદય, ૩) નિરોધ અને ૪) માર્ગ.

રાગાદિ નિર્મલ પરંપરારૂપી વાસનાના નષ્ટ થવાથી મુક્તિ મળે છે. નિર્મલ જ્ઞાનની ઉત્પત્તિ એટલે જ મોક્ષ. જીવનસાધનાની પૂર્ણાહૂતિ એટલે જ નિર્વાણ, અને નિર્વાણ એટલે શૂન્યમાં ભળી જવું.

આત્મામાં રહેલા કલેશો અને દોષોને દૂર કરવા ધ્યાન ધરવું અને એમ કરીને આત્માને નિર્મળ કરવા પ્રયત્ન કરવો એ જ ભગવાન બુદ્ધનું લક્ષ્ય હતુ અને તે

---

૧૧. यावज्जीवेत्सुखं जीवेतृणं कृत्वा धृतं पीबेत्। भष्मिभूतस्य देहस्य पुनरागमनं कुतः॥
- સર્વદર્શન સંગ્રહ-માધવાચાર્ય પૃ.૨૪.

માટે તેમણે સંસારને ત્યાજય માન્યો, ભોગથી વિમુખ થવાથી જ, સંયમી જીવન જીવવાથી જ મોક્ષ મળે છે એમ તેમનું માનવું હતું. સંસારમાં રહેલો માણસ પોતાની તૃષ્ણા ઉપર કાબુ મેળવે તો સંસારમાં તેના પરિભ્રમણનું મૂળ છેદાઈ જાય છે એમ કહી તેમણે આસક્તિ, મોહ અને તૃષ્ણાને છોડવાનો ઉપદેશ આપ્યો. કારણ તૃષ્ણા અને વિષયોની આસક્તિ જ જીવને ફરી ફરી જન્મ લેવડાવે છે. ભગવાન બુદ્ધ એમના ભિક્ષુઓને સ્મશાનમાં મૃત્યુ પામેલા માનવોની બળતી, દટાતી, પક્ષીઓ વડે ખવાતી, માટીમાં ગળી જવાતી લાશોને જોવા મોકલતા, સ્મશાનમાં રહેવા મોકલતા. ભિક્ષુઓ તેનું કારણ પૂછે ત્યારે કહેતાં :

'અન્યના મૃત્યુને જોઈ તમારા મૃત્યુ માટે તૈયાર થાઓ, જે સતત પોતાના શરીરને તેમ જ મૃત્યુને સાક્ષીભાવે જોઈ શકે છે તેને માટે મૃત્યુ પવિત્ર મંત્રજાપની અખંડ ધૂન બની જાય છે.'[૧૨]

**જૈન ધર્મ :-**

જેમ વૈદિક પરંપરામાં મતભેદ થવાથી સંપ્રદાયો થયા તેમ શ્રમણ પરંપરામાં પણ મતમતાંતરને કારણે ઘણા સંપ્રદાયો થયા જેમ કે આજીવક, નિર્ગ્રંથ, બૌદ્ધ, દિગંબર, શ્વેતાંબર વગેરે.

જૈન ધર્મનો, જૈન દર્શનનો પાયાનો સિદ્ધાંત છે - आणाए धम्मो :-

જિનેશ્વરની આજ્ઞા એ જ ધર્મ છે. કેવળજ્ઞાન પામ્યા પછી દરેક તીર્થંકર પૃથ્વી પરના લોકોના હિતને અનુલક્ષીને ઉપદેશ આપે છે. જેમાં સર્વ જીવ પ્રત્યેની પારાવાર અનુકંપા હોય છે. આ ઉપદેશમાં તેઓ આત્મજ્ઞાનને પ્રાધાન્ય આપે છે. અપ્રમત્તદશા, અનાસક્તિ, ઈંદ્રિયોનું દમન, દુઃખ આવે ત્યારે ધીરજ અને સહનશક્તિ કેળવી અંતે આત્માનો જય કરવો એ જ પરમ જય છે, એમ કહી તેઓએ ગૃહસ્થધર્મ અને સાધુધર્મ બતાવી તેના આચારોને સમજાવી દુર્લભ એવો ગણાતો મનુષ્યભવ સફળ બનાવવાની હિતચિંતા કરી છે.

જીવન જીવવાની કલાની જેમ ભગવાન મહાવીરે સંકલ્પમૃત્યુ - ઈચ્છામૃત્યુની રજા આપીને મૃત્યુને એક વિશેષરૂપમાં રજુ કર્યું છે. મૃત્યુના સ્વરૂપને અત્યંત ધૈર્યપૂર્વક સમજવું, પામવું, સ્વીકારવું અને એ દ્વારા સર્વોચ્ચ કલાને આત્મસાત્

૧૨. મૃત્યુની મંગળ પળે. પૃ. ૮૮.

કરવી એવી મહેચ્છા તત્ત્વદ્રષ્ટા-વેત્તા પુરુષોની હંમેશા રહે છે. તેઓ દેહ અને આત્માનો સંબંધ અને સ્વરૂપનો સદાકાળ આત્મજાગૃતિપૂર્વક વિચાર કરી રહ્યા હોય છે. જીવનના અંતિમકાળને સુધારવા માટે તેઓ તત્પર રહે છે. જીવન દરમ્યાન કરેલી શુભ આરાધનાઓનું પરિણામ અંતિમકાલની સમાધિ ઉપર રહે છે. અંતિમ આરાધના માટેના વિધિવિધાનો તત્ત્વજ્ઞાનના પાયા પર નિર્ભર છે અને તે સૂક્ષ્મ દ્રષ્ટિથી ગ્રાહ્ય છે તેને માટે આત્માનું અમરત્ત્વ, જડ ચેતનના સંયોગથી દુઃખદતા તથા ભયંકરતા અને ક્ષણિકતા, જન્મ મરણની પરંપરામાં રહેલું દુઃખનું જ્ઞાન હોવું આવશ્યક છે.

મોટાભાગે ઘણા ધર્મો, જગત ઈશ્વરસંચાલિત છે એમ માને છે. ઈશ્વરવાદી આવા ધર્મો સંસારમાં જે બધી વ્યવસ્થા છે તેનો આધાર ઈશ્વરને માને છે. જૈન ધર્મ ઈશ્વરવાદને સ્થાને કર્મવાદને માને છે. આ સંસારમાં જીવને જન્મ, મરણ, દુઃખ, સુખ, પ્રેમ, તિરસ્કાર, જ્ઞાન, યશ, પૈસા જે પણ કંઈ મળે છે તેનો આધાર તેના પૂર્વકૃત કર્મો છે. કર્મોને સરળતાથી સમજાવવા તેના આઠ પ્રકારો જૈન દર્શને આપ્યા છે -

૧) જ્ઞાનાવરણીય કર્મ ઓછેવત્તે અંશે જ્ઞાનનું આચ્છાદન કરે.

૨) દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દ્વારપાળ જેવો છે તે કર્મ પદાર્થનું સામાન્ય દર્શન થવા દેતું નથી.

૩) વેદનીય કર્મનો સ્વભાવ મધથી લેપાયેલી તલવારની ધાર જેવી છે. જે પ્રથમ સુખ અને પછી દુઃખ ઉપજાવે છે. શાતા વેદનીય કર્મ સુખ અને અશાતા વેદનીય કર્મ દુઃખ આપે છે.

૪) મોહનીય કર્મના ઉદયથી જીવ પારમાર્થિક હિતાહિતનો વિવેક ભૂલી પૌદ્‌ગલિક ભાવમાં રમણ કરે છે.

૫) આયુષ્યકર્મનો સ્વભાવ હેડના જેવો છે. હેડમાં પડેલા જીવને મુદત પૂરી થયા સિવાય છૂટકો નથી તેમ આયુષ્ય હોય એટલું ભોગવ્યા વિના છૂટકો નથી.

૬) ચિત્રકારની જેમ નામકર્મ જીવના ગતિ, જાતિ, શરીરાદિ રૂપો કરે છે.

૭) ગોત્રકર્મ કુંભારના જેવુ છે. કુંભારે બનાવેલું માટલું મદિરા ભરવા તથા

માંગલિક કામ બન્ને માટે વપરાય છે. તે જીવને ઉચ્ચ કે નીચ ગોત્ર અપાવે છે.

૮) અંતરાય કર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. રાજાને દાન આપવામાં ભંડારી અંતરાય કરે તેમ અંતરાય કર્મ જીવને દાનાદિમાં અંતરાય કરે છે.

આ આંઠે પ્રકારના કર્મ આત્માની સાથે ક્ષીરનીરની પેઠે બંધાયેલા છે. જૈન શાસનને પામીને તેની બહુમૂલ્યતા સમજીને જે જીવ આ કર્મની સામે યુદ્ધે પડે છે, એક એક કરીને તેનો નાશ કરે છે, તે આત્માની ઉન્નતિને પામે છે. સકલ કર્મોનો નાશ થતાં સિદ્ધિપદ-નિર્વાણને તે પામી શકે છે. સર્વશ્રેષ્ઠ પદને પામવા માટે જૈન દર્શને 'ચૌદ ગુણસ્થાનક' ની આગવી રચના બતાવી છે.[૧૩]

ચૌદ ગુણસ્થાનકની આ નિસરણીમાં એક એક પગલે ચઢતા ચઢતા જીવ આત્માને કર્મના લેપથી છોડાવવા સફળ બને છે. અંતિમ સ્થાન છે અયોગી કેવળી. જૈન દર્શનને સમજનાર, તે પ્રમાણે વર્તવા ઈચ્છનાર દરેક વ્યક્તિનો આ ચૌદ પગથિયાવાળી નિસરણી ચઢવાનો પ્રયાસ હોય છે. કેટલાંક તેમાં સફળ થાય છે, કેટલાંક નિષ્ફળ થાય છે, કેટલાંક થાકી જાય છે, હારી જાય છે, જ્યારે કેટલાંક - 'હાર્યો જુગારી બમણું રમે'ની જેમ બમણા જોરથી પ્રયત્ન આદરે છે અને મોક્ષમાર્ગની યાત્રામાં આગળ ધપે છે.

મોક્ષમાર્ગે પહોંચવા માટે જીવન દરમ્યાન આ બધા પ્રયત્નો કર્યા પછી તેને જીવનના અંતિમ સમય સુધી પકડી રાખવાના હોય છે, નહીં તો શાસ્ત્રમાં એવા પણ દાખલા નોંધાયા છે કે બહુશ્રુત હોવા છતાં અંતિમ સમયે મનને શાંત, સ્વસ્થ રાખી ન શકવાથી તેની દુર્ગતિ થાય છે.[૧૪]

શ્રુત જ્ઞાનમાં યુક્ત હોવા છતાં પ્રતિજ્ઞામાં અનિયંત્રિતાને લીધે ઈંદ્રિયો તેને રંજાડે છે અને તેવો પુરુષ મરણ સમયે મૂંઝાય છે. (મરણસમાધિ ગાથા ૨૭૫)

---

૧૩. ૧) મિથ્યાદ્રષ્ટિ ૨) સાસ્વાદન ૩) મિશ્રદ્રષ્ટિ ૪) અવિરતિ ૫) દેશવિરતિ ૬) પ્રમત્ત સંયત ૭) અપ્રમત્ત સંયત ૮) અપૂર્વકરણ ૯) અનિવૃત્તિ બાદરસંપરાય ૧૦) સુક્ષ્મ સંપરાય ૧૧) ઉપશાંત કષાય ૧૨) ક્ષીણ કષાય ૧૩) સયોગી કેવલી ૧૪) અયોગી કેવલી

૧૪. बाहेति इंदियाइं पुव्वकारियपइट्ठवारिस्स ।
अकयपरिकम्प कीवं मरणे सुयसंपउत्तं पि ॥ મરણસમાધિ ગાથા ૨૭૫.

એટલે કે જીવનભર સત્કાર્ય, સદ્ધર્મ, સદ્ભાવ વગેરેથી મેળવેલું પુણ્ય પણ અંતિમ સમયે જો સ્વસ્થતા સમાધિ ન અપાવી શકે તો મૂલ્ય વગરના બની જાય છે. કારણ કે અંતિમ સમયે જો સમાધિ ન રહે, ક્લેશ, કષાય, આધિ, ઉપાધિમાં જીવ સંડોવાઈ જાય તો આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાનમાં પડી જાય અને તેમ થતાં સદ્ગતિ મળવી મુશ્કેલ બની જાય, કદાચ વિપરીત સામગ્રીઓ મળે, પૂર્વકાલની કરેલી સુંદર આરાધનાઓ કરમાઈ જાય અને નવું અશુભ કર્મબંધાય, આ કારણે અંતિમકાળની ઘડીઓ સંપૂર્ણ સાવદ્યદશામાં શ્રી જિનકથિત આરાધનાઓમાં વ્યતીત થવી જોઈએ.

સર્વ ગતિઓમાં મનુષ્યગતિ શ્રેષ્ઠ છે, તેમાં ચારિત્રપ્રાપ્તિ શ્રેષ્ઠ છે અને તેમાં પણ સમાધિમરણ સર્વશ્રેષ્ઠ છે. અહિંસા, સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્ય એ જૈન ધર્મના ચાર મૂળભૂત પાયા છે. આ ચારે પાયા માણસના જીવનમાં વિચાર, વાણી અને વર્તનમાં સંયમ માંગી લે છે. જૈન સાધુ આ ચારે પાયાનું સુંદર જતન કરી શકે છે, અને તેથી જ કર્મોની જાળને તોડવા સજ્જ થયેલો માણસ પહેલાં આ સંસારની માયાજાળને તોડી સાધુ થાય તો તે ઘણા કર્મોને તે ખેરવી શકે છે. જો કે સાધુપણું તે દ્રવ્યથી કર્મનાશનો ઉપાય છે તેમ ભાવથી તેમાં ઓતપ્રોત થનારાઓને માટે તો તે સદ્ગતિનો રસ્તો ખોલનાર પણ બને છે. દુનિયામાં બધા જીવો આસક્તિ, મોહને તોડી સંસાર છોડવા અસમર્થ હોય છે. તેને માટે જૈન દર્શને બતાવેલાં અણુવ્રતો - જે શ્રાવકે સ્થૂલથી આચરવાના હોય છે તે કર્મને હળવા કરવામાં મદદ કરે છે.

જીવનની અંતિમ ઘડીઓમાં સમાધિ મેળવવા ઈચ્છાનાર સાધક માટે જૈન દર્શને સુંદર માર્ગદર્શન આપ્યું છે. સૌ પ્રથમ તો તેને જિનાજ્ઞા, જિનાગમ પર શ્રદ્ધા હોવી જોઈએ. પોતાનાથી થયેલા દુષ્કૃત્યનો, પાપનો શલ્યરહિતપણે એકરાર કરવો જોઈએ, તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો થયા હોય તેની ક્ષમાપના કરવી જોઈએ. સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્રની સુંદર આરાધના કરવી જોઈએ.

દ્રવ્યથી શરીર, ઉપધિ આદિની અને ભાવથી કષાયોની સંલેખના કરવી જોઈએ. સંકલેશયુક્ત કંદર્પાદિક ભાવનાઓનો ત્યાગ અને અનિત્યાદિ ભાવનાઓનું સેવન જરૂરી છે. કાયા ઉપરનું મમત્ત્વ ઘટાડવા તપનું અનુષ્ઠાન

સેવવું જોઈએ કારણ તેનાથી નિકાચિત કર્મોનો નાશ પણ થાય છે, પરંતુ આ તપ કરતાં પીડા થાય તો તેને સમભાવે સહન કરવી જોઈએ, વિવિધ જાતિમાં પડતા દુઃખને વિચારવા અને સાથે પોતે પણ પૂર્વે નરક, તિર્યંચાદિ જાતિમાં દુઃખો ભોગવેલા છે તે વિચારવું જોઈએ કે તે વખતે અસહાય પરિસ્થિતિ હતી, અત્યારે સમજ છે, શક્તિ છે તો સમભાવે સહન કરવાથી કર્મોનો નાશ થશે અને હાયવોય કે ઉકળાટથી નવા કર્મો બંધાશે.

મરનાર વ્યક્તિની નિર્યામણા કરાવનાર જો ધૈર્યવાન હોય-જેમ કે મદનરેખાએ કરાવેલી યુગબાહુની અંતિમ આરાધના[૧૫] - તો પણ તેને સમાધિમાં લાવી શકાય છે. સાધુજીવનમાં અનશન પર ઉતરેલા સાધુ જ્યારે અસમાધિમાં આવે ત્યારે નિર્યામક આચાર્ય તેને ઉપદેશ દ્વારા, પૂર્વપુરુષોના દ્રષ્ટાંતો દ્વારા ફરીથી સમાધિમાં લાવવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમાં સમાધિમરણ માટે ઉત્સુક બનેલા સાધુ જ્યારે ચારે આહારનો ત્યાગ કરી આત્મોન્મુખ બની જાય છે ત્યારે ઉત્તમ ગુણોથી યુક્ત, સમ્યક્ત્વ ગુણથી શોભતા નિર્યામક આચાર્ય જ તેને સાચવી લે છે. એની દરેક ક્રિયા, લઘુનીતિ, વડીનીતિ આદિમાં અને એમ કરતાં સમાધિ દ્વારા સદ્‌ગતિ અપાવવામાં નિર્યામક આચાર્યનો ફાળો ઘણો મોટો હોય છે.

જૈન દર્શનમાં વ્રતધારી શ્રાવક માટે પણ અંતિમ આરાધનાની વિધિ બતાવી છે.[૧૬]

વિધિપૂર્વક મૃત્યુનો સમય નજીક જાણીને અંતિમ સમયની આરાધનાની વિધિને સંપૂર્ણપણે આરાધવાની ઈચ્છાવાળો શ્રાવક જિનવચનમાં તીવ્ર સંવેગવાળો તથા જન્મ મરણાદિ દુઃખથી ભરેલા સંસારથી ભય પામીને મનમાં વિચારે કે "મને આવા જિનેશ્વરોના વચન ઉપર શ્રદ્ધા થવા છતાં પાપોના ઘરરૂપ આ ગૃહવાસમાં રહેવું કોઈ પણ રીતે યોગ્ય નથી. કુટુંબ, પરિવાર પરની મારી આસક્તિને ધિક્કાર હો ! હું પણ ક્યારે ગીતાર્થગુરુ પાસે ચારિત્ર લઈશ !" આવા પરિણામથી પરિણિત થયેલા વધતા તીવ્ર સંવેગવાળો બને ત્યારે ગુરુ પાસે જઈ કહે કે -

---

૧૫. કથા માટે જુઓ. સમાધિમરણ. મુનિ દીપરત્નસાગર - પૃ. ૧૧૯.
૧૬. અ) સંવેગ રંગશાળા-આઠમુ અણસણ. પ્રતિપત્તિદ્વાર-૩૩૨૪-૩૩૪૬.
બ) ભક્તપરિજ્ઞા - ગાથા ૨૯-૩૫.

'પૂર્વે તમે સૂચવેલાં પ્રમાણે આલોચના, પ્રવજ્યા આદિ લેવાની ઈચ્છાવાળો છું.' ગુરુ તેને નિરવદ્ય પ્રવજ્યા આરોપે. જો તે દેશવિરતિ અને સમ્યક્ત્વનો રાગી હોય, જિનધર્મનો રાગી હોય તો તેને અતિવિશુદ્ધ અણુવ્રતો આપે, નિયાણારહિત, હર્ષથી ઉલ્લાસ પામતો તથા ઉદાર ચિત્તવાળો તે ગુરુને, સંઘને પૂજી પોતાના ધનને જિનમંદિર, જિનબિંબ-પ્રતિષ્ઠામાં, જ્ઞાનના પુસ્તકો, ઉત્તમ તીર્થો, જિનેશ્વરની પૂજામાં ખર્ચે. પરંતુ કોઈપણ રીતે તે સર્વવિરતિમાં બદ્ધ અનુરાગવાળો હોય, વિશુદ્ધ બુદ્ધિવાળો, સ્વજનોના રાગથી મુક્ત અને વિષયોના વિષથી વિરાગી હોય તો તે સંસ્તારક પ્રવજ્યાને સ્વીકારે. જે અણુવ્રતધારી સંથારારૂપ શ્રમણદીક્ષાને પામેલો હોય તે સંલેખનાપૂર્વક અંતકાળે ચારે આહારનો ત્યાગ કરે.

❖ ❖

## પરિશિષ્ટ-૧ ઈતર ગ્રંથોની સાથે મરણસમાધિ ગ્રંથની સમાન ગાથાઓની સૂચિ

| મરણસમાધિ | બૃહત્કલ્પસૂત્ર |
|---|---|
| ૬૨ | ૧૩૦૨ |
| ૧૨૮ | ૧૧૬૯ |
| ૧૩૫ | ૧૧૭૦ |
| ૧૬૦ | ૧૩૫૯ |

| મરણસમાધિ | આવશ્યક નિર્યુક્તિ |
|---|---|
| ૬ | ૧૫૧૬ |
| ૮૩ | ૧૨૧૫ |
| ૨૩૧ | ૧૧૪૦ |
| ૨૩૩ | ૧૨૭૦ |
| ૨૩૪ | ૧૫૯૧ |
| ૪૨૭ | ૮૬૯ |
| ૪૨૮ | ૮૭૨ |
| ૫૧૧ | ૮૪૭ |

| મરણસમાધિ | દસવૈકાલિક નિર્યુક્તિ |
|---|---|
| ૨૩૫ | ૧૧૧ |

| મરણસમાધિ | ઓઘ નિર્યુક્તિ |
|---|---|
| ૧૦૧,૨૨૪ | ૧૧૩૯ |
| ૧૧૧,૨૨૮ | ૧૧૪૨ |
| ૨૨૭ | ૮૦૪ |
| ૨૨૯ | ૮૦૬ |

| મરણસમાધિ | વ્યવહાર ભાષ્ય |
|---|---|
| ૮૫ | ૬૩૨ |
| ૧૦૧,૨૨૪ | ૪૭૧ |
| ૧૨૦,૨૨૨ | ૪૮૧ |
| ૨૭૩ | ૫૨૩ |
| ૪૮૦ | ૫૯૬ |
| ૫૨૫ | ૫૯૯ |
| ૫૨૮ | ૫૬૭ |
| ૫૩૨ | ૫૭૧ |
| ૫૩૩ | ૫૭૨ |
| ૫૩૪ | ૫૭૩ |
| ૫૩૯ | ૫૨૪ |
| ૫૪૦ | ૫૨૫ |
| ૫૪૧ | ૫૨૬ |
| ૫૪૩ | ૫૨૮ |
| ૫૪૪ | ૫૨૯ |
| ૫૪૫ | ૫૩૦ |
| ૫૪૬ | ૫૩૧ |
| ૫૪૭ | ૫૨૦ |

| મરણસમાધિ | નિશીથસૂત્ર |
|---|---|
| ૧૦૧,૨૨૪ | ૬૩૯૨ |
| ૧૨૦,૨૨૨ | ૩૯૭૩ |
| ૪૮૦ | ૩૯૭૧ |
| ૪૮૧ | ૩૯૭૪ |
| ૫૨૫ | ૩૯૭૫ |
| ૫૨૮ | ૩૯૪૩ |
| ૫૨૯ | ૩૯૪૨ |
| ૫૩૦ | ૩૯૪૫ |
| ૫૩૧ | ૩૯૫૪ |
| ૫૩૯ | ૩૯૧૫ |
| ૫૪૦ | ૩૯૧૬ |

| | |
|---|---|
| ૫૪૩ | ૩૯૧૯ |
| ૫૪૭ | ૩૯૧૧ |

| મરણસમાધિ | ઉત્તરાધ્યયન નિર્યુક્તિ |
|---|---|
| ૨૮૪ | ૨૧૭ |
| ૫૦૧ | ૧૧૭ |

| મરણસમાધિ | પિંડ નિર્યુક્તિ |
|---|---|
| ૩૬ | ૬૬૨ |
| ૩૯ | ૬૭૬ |

| મરણસમાધિ | વિશેષાવશ્યક ભાષ્ય |
|---|---|
| ૪૩૧ | ૩૩૨૩ |
| ૫૧૧ | ૩૨૭૨ |

| | |
|---|---|
| ૫૩૨ | ૫૪૦ |
| ૫૩૩ | ૫૫૫ |
| ૫૩૪ | ૫૫૬ |
| ૫૩૫ | ૫૨૬ |
| ૫૩૮ | ૫૫૭ |
| ૫૩૯ | ૪૬૮ |
| ૫૪૧ | ૪૭૦ |
| ૫૪૨ | ૪૭૧ |
| ૫૪૩ | ૪૭૨ |
| ૫૪૫ | ૪૭૪ |
| ૫૪૬ | ૪૭૫ |
| ૫૪૭ | ૪૬૪ |
| ૫૫૧ | ૪૬૫ |
| ૫૫૨ | ૪૬૬ |

| મરણસમાધિ | જીતકલ્પ |
|---|---|
| ૮૫ | ૧૫૪,૫૮૭ |
| ૧૦૪ | ૪૦૯ |
| ૨૨૨ | ૨૨૨ |
| ૨૭૩ | ૪૬૭ |
| ૨૭૪ | ૪૬૪ |
| ૪૮૦ | ૫૩૫ |
| ૪૮૧ | ૫૩૮ |
| ૪૮૨ | ૫૩૦ |
| ૪૮૩ | ૫૩૨ |
| ૪૯૯ | ૫૩૪ |
| ૫૨૫ | ૫૩૯ |
| ૫૨૬ | ૫૧૫ |
| ૫૨૯ | ૫૨૧ |
| ૫૩૦ | ૫૨૨ |
| ૫૩૧ | ૫૨૩ |

| મરણસમાધિ | ભગવતી આરાધના |
|---|---|
| ૧૩ | ૬૨૬ |
| ૧૪ | ૬૨૭ |
| ૫૩ | ૧૮૮૫ |
| ૬૧ | ૧૮૨ |
| ૬૭ | ૨૦૬ |
| ૬૯ | ૧૬૭ |
| ૧૦૧,૨૨૪ | ૫૪૭ |
| ૧૭૫ | ૨૦૯ |
| ૧૭૮ | ૨૪૮ |
| ૧૮૦ | ૨૫૦ |
| ૧૮૪ | ૨૭૪ |
| ૧૮૬ | ૨૫૯ |
| ૧૮૯ | ૨૬૨ |
| ૧૯૫ | ૨૯૯ |
| ૨૩૪ | ૨૦૩૫ |

| | |
|---|---|
| ૨૬૦ | ૧૯૦૨ |
| ૧૨૮ | ૯ |

| મરણસમાધિ | મૂલાચાર |
|---|---|
| ૫ | ૬૦૪ |
| ૧૦૧,૨૨૪ | ૫૬ |
| ૧૨૩ | ૧૫ |
| ૧૨૮ | ૭૯,૪૦૯ |
| ૧૩૨ | ૪૭ |
| ૨૩૩ | ૧૦૯ |
| ૨૩૬ | ૬૪૫ |
| ૨૪૭ | ૭૯ |
| ૨૪૯ | ૮૦ |
| ૨૯૮ | ૯૮ |
| ૨૪૪ | ૭૬ |
| ૨૪૫ | ૭૭ |
| ૨૪૮ | ૮૨ |
| ૨૭૮ | ૮૩ |
| ૩૨૨ | ૧૦૦ |
| ૪૦૨ | ૧૧૯ |
| ૩૬ | ૪૭૯ |
| ૩૯ | ૪૮૦ |

| મરણસમાધિ | ચંદ્રાવેધ્યક |
|---|---|
| ૧૨૮ | ૮૯ |
| ૧૪૪ | ૮૧ |
| ૧૪૫ | ૮૨ |
| ૧૫૦ | ૮૫ |
| ૧૫૧ | ૧૧૪ |
| ૧૬૬,૨૮૩ | ૧૨૫ |
| ૨૯૫ | ૯૫ |

| મરણસમાધિ | તિત્થોગાલી |
|---|---|
| ૧૨૩ | ૧૨૨૩ |
| ૬૩૨ | ૧૨૦૩ |

| મરણસમાધિ | આરાધનાપ્રકરણ |
|---|---|
| ૧૦૧ | ૧૮ |
| ૧૦૨ | ૧૧ |
| ૧૧૦,૨૨૭ | ૫ |
| ૧૧૧,૨૨૮ | ૬ |
| ૧૧૨ | ૭ |
| ૩૩૬ | ૪૯ |
| ૩૩૭ | ૪૮ |

| મરણસમાધિ | આતુરપ્રત્યાખ્યાન |
|---|---|
| ૨૧૦ | ૮૨ |
| ૨૧૭ | ૧૯ |
| ૨૩૩ | ૧૩ |
| ૨૨૦ | ૩૧ |
| ૧૦૧ | ૩૩ |
| ૨૧૪ | ૩૫ |
| ૨૪૦ | ૪૭ |
| ૨૪૪ | ૪૮ |
| ૨૪૭ | ૫૦ |
| ૨૪૯ | ૫૧ |
| ૨૪૮ | ૫૨ |
| ૨૭૮ | ૫૩ |
| ૨૫૬ | ૫૭ |
| ૨૯૩ | ૫૯ |
| ૨૯૪ | ૬૦ |
| ૨૯૮ | ૬૩ |
| ૩૨૨ | ૬૫ |

| મરણસમાધિ | સંસ્તારક પ્રકીર્ણક |
|---|---|
| ૧૩૫ | ૧૧૪ |
| ૫૫૨ | ૧૧૨ |
| ૨૮૭ | ૫૨ |
| ૩૩૭ | ૧૦૪ |
| ૪૦૨ | ૯૮ |
| ૩૬૯,૪૦૩ | ૯૯ |
| ૪૦૫ | ૧૦૧ |
| ૫૫૨ | ૧૧૨ |

| મરણસમાધિ | આરાધનાપતાકા |
|---|---|
| ૧૦૧ | ૧૭૨ |
| ૧૧૦,૨૨૭ | ૨૧૫ |
| ૧૧૧,૨૨૮ | ૨૯૬ |
| ૧૨૦,૨૨૨ | ૨૦૭ |
| ૧૨૯ | ૮૫ |
| ૨૨૭ | ૨૧૫ |
| ૨૨૮ | ૨૧૬ |
| ૨૩૦ | ૨૧૨ |
| ૪૭૮ | ૮૦૮ |
| ૫૪૮ | ૮૦૯ |

| મરણસમાધિ | મહાપ્રત્યાખ્યાન |
|---|---|
| ૮,૩૦૮ | ૧૨૬ |
| ૫૭,૨૦૬ | ૮૬ |
| ૧૧૦,૨૨૭ | ૨૭ |
| ૧૧૧,૨૨૮ | ૨૮ |
| ૧૧૨,૨૨૯ | ૨૯ |
| ૧૨૦,૨૨૨ | ૨૦ |
| ૧૩૫ | ૧૦૧ |
| ૧૬૬,૨૮૩ | ૯૩ |
| ૨૧૦ | ૧૦૧ |
| ૨૧૧ | ૩ |
| ૨૨૦ | ૧૮ |
| ૨૨૨ | ૨૦ |
| ૨૨૩ | ૨૧ |
| ૨૨૬ | ૨૬ |
| ૨૨૭ | ૨૭ |
| ૨૨૮ | ૨૮ |
| ૨૨૯ | ૨૯ |
| ૨૩૦ | ૩૦ |
| ૨૩૧ | ૩૧ |
| ૨૩૨ | ૩૨ |
| ૨૪૫ | ૪૯ |
| ૨૪૬ | ૫૦ |
| ૨૪૯ | ૫૫ |
| ૨૫૧ | ૬૦ |
| ૨૫૫ | ૬૫ |
| ૨૫૬ | ૬૬ |
| ૨૫૭ | ૬૭ |
| ૨૫૮ | ૬૮ |
| ૨૫૯ | ૬૯ |
| ૨૬૨ | ૭૦ |
| ૨૬૪ | ૭૩ |
| ૨૬૫ | ૭૬ |
| ૨૬૭ | ૭૭ |
| ૨૬૮ | ૭૮ |
| ૨૬૯ | ૭૯ |
| ૨૭૦ | ૮૦ |
| ૨૭૩ | ૮૩ |
| ૨૭૪ | ૮૪ |
| ૨૭૫ | ૮૫ |

| | |
|---|---|
| ૨૭૬ | ૮૬ |
| ૨૭૭ | ૮૭ |
| ૨૭૮ | ૮૮ |
| ૨૭૯ | ૮૯ |
| ૨૮૧ | ૯૧ |
| ૨૮૨ | ૯૨ |
| ૨૮૫ | ૯૫ |
| ૨૮૪ | ૯૬ |
| ૨૮૮ | ૯૭ |
| ૨૮૯ | ૯૮ |
| ૨૯૦ | ૧૦૦ |
| ૨૯૩ | ૧૦૨ |
| ૨૯૭ | ૧૦૭ |
| ૩૦૧ | ૧૧૨ |
| ૩૦૨ | ૧૧૪ |
| ૩૦૯ | ૧૨૭ |
| ૩૧૧ | ૧૨૯ |
| ૩૧૨ | ૧૩૦ |
| ૩૧૪ | ૧૩૩ |
| ૩૧૫ | ૧૩૪ |
| ૩૧૮ | ૧૩૭ |
| ૩૧૯ | ૧૩૮ |
| ૩૨૧ | ૧૩૯ |
| ૩૨૨ | ૧૪૧ |
| ૩૨૩ | ૧૪૨ |
| ૫૫૧ | ૮૪ |
| ૫૫૨ | ૮૨ |

| મરણસમાધિ | પ્રવચન સારોદ્ધાર |
|---|---|
| ૧૯ | ૯૪૪ |
| ૩૬ | ૭૪૪ |
| ૩૯ | ૭૪૫ |
| ૮૩ | ૧૦૦ |

| મરણસમાધિ | પંચકલ્પ ભાષ્ય |
|---|---|
| ૧૨૮ | ૧૨૧૮ |
| ૪૭ | ૧૨૧૩ |

| મરણસમાધિ | પંચાશક |
|---|---|
| ૧૦૧,૨૨૪ | ૪૭ |
| ૧૧૦,૨૨૭ | ૩૭ |
| ૧૧૧,૨૨૮ | ૩૮ |

| મરણસમાધિ | ઉપદેશમાલા |
|---|---|
| ૧૯૭ | ૧૨૯ |
| ૧૯૮ | ૧૨૬ |
| ૨૦૧ | ૧૨૮ |
| ૨૦૪ | ૧૨૪ |
| ૨૦૫ | ૧૨૩ |
| ૨૩૭,૪૦૦ | ૨૦૧ |
| ૪૩૦ | ૧૭૪ |
| ૪૪૧ | ૧૧૮ |

## પરિશિષ્ટ-૨ (અ) મરણસમાધિ ગ્રંથમાં આવતાં દ્રષ્ટાંતોના આગમ અને અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખ-સ્થાનો - (૧)

| મરણસમાધિ ગાથા નં. | નામ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|
| ૪૦૯-૪૧૨ | સનત્કુમાર | આવ. વૃત્તિ.પૃ.૨૩૯.આવ.નિ.૪૦૧, આવ.ચૂર્ણિ.પૃ.૬૪,૯૩,૧૬૩,૧૭૮, આચા.વૃત્તિ.(શીલાંકસૂરિ) પૃ.૧૨૬,૧૪૩, ૨૦૬, સૂત્રકૃતાંગવૃત્તિ. પૃ. ૮૨. સ્થા. ૨૩૫. સ્થા. વૃત્તિ. (અભયદેવસૂરિ) પૃ. ૨૭૩,૪૭૪, ઉત્ત. ૧૮.૩૭.ઉત્ત. ચૂર્ણિ. પૃ.૫૦, ઉત્ત.વૃત્તિ(શાંતિસૂરી) પૃ.૭૮,૩૭૬,૫૭૨. |
| ૪૧૩-૪૨૫ | જિનધર્મશ્રેષ્ઠી | મ.સ. ૪૨૩. સનત્કુમાર ચરિત. |
| ૪૨૬-૪૨૭ | મેતારજમુનિ | આવ.નિ. ૮૬૬,૮૭૦-૧. આવ.ચૂર્ણિ. પૃ.૧૯. સ્થા. ૧૫૭,૨૩૬, સ્થા. (અભયદેવસૂરિ) પૃ. ૧૮૨,૪૭૪. |
| ૪૨૮-૪૩૧ | ચિલાતીપુત્ર | આવ.ચૂર્ણિ.૧.પૃ. ૪૯૭, જીતકલ્પભાષ્ય ૫૩૨. જ્ઞાતા. ૧૩૬-૪૦. આવ.નિ. ૮૭૩-૭૬. વ્ય.ભા. ૧૦.૫૯૭. આવ.ચૂર્ણિ.પૃ. ૧૩૯, ભ.૫.૮૮. સંસ્તારક. ૮૬. |
| ૪૩૨-૪૩૩ | ગજસુકુમાલ | અંત.૬.આવ. ચૂ.૧. ૩૫૫,૩૫૮,૩૬૨. વ્ય.ભા.૪.૧૦૫. બૃ.ભા. ૬૧૯૬.આચા.વૃત્તિ.(શીલાંકસૂરિ) પૃ. ૨૫૫, સ્થા. (અભયદેવસૂરિ) પૃ.૨૮૧. |

| મરણસમાધિ ગાથા નં. | નામ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|
| ૪૩૪-૪૩૫ | સાગરચન્દ્ર | આવ.ચૂર્ણિ ૧. પૃ.૧૧૨-૩, આવ.નિ.૧૩૪ વિ.આ.ભા.૧૪૨૦. બૃહત્કલ્પ ભાષ્ય ૧૭૨. |
| ૪૩૬-૪૪૦ | ચંદ્રાવતંસક | ઉત્ત.ચૂર્ણિ.પૃ.૨૧૩. ઉત્ત.નિ, ઉત્ત.વૃ. પૃ.૨૭૫. |
| ૪૪૩ | દમદંત મુનિ | જ્ઞાતા.૧૧૭. આવ.ચૂર્ણિ.૧. પૃ.૪૯૨. આવ.નિ. ૮૬૬, વિ.આ.ભા. ૩૩૩૨-૪. આવ.વૃત્તિ. (હરિભદ્રસૂરિ) પૃ. ૩૬૫. |
| ૪૪૪ | ખંધક મુનિ | નિશીથ ચૂર્ણિ.૪. પૃ.૧૨૭, ઉત્ત. નિ. પૃ.૧૧૪-૫. ઉત્ત. ચૂર્ણિ. પૃ.૭૩. ઉત્ત.સૂ.૧૧૪-૫. જીતકલ્પભાષ્ય. ૫૨૮, ૨૪૯૭-૮, આવ. ચૂ.પૃ. ૨૩૫-૬, બૃ.ભા. ૩૨૭૨-૪, બૃ.ભા. ૫૫૮૩, બૃ. |
| ૪૪૫-૪૪૯ | ધન્ના શાલિભદ્ર | ધન્ના-જ્ઞાતા. ૧૩૬, શાલિભદ્ર-સ્થા. (અભયદેવસૂરિ) પૃ. ૫૧૦. બૃ.ભા. ૪૨૧૯,૪૨૩૩. આવ. પૃ.૨૭. આવ.ચૂ.૧. પૃ. ૩૭૨. આવ.ચૂ. પૃ.૧૩૯. આચા. વૃત્તિ(શીલાંકસૂરિ) પૃ. ૧૮૩. રાજપ્રશ્નીય (મલયગિરિ) પૃ. ૧૧૮. |
| ૪૫૦-૪૬૫ | પાંચ પાંડવ | જ્ઞાતા. ૧૧૭-૧૩૦. આવ. ચૂ.૨.પૃ. ૧૯૭, ૩૦૬, નિશીથચૂર્ણિ, પૃ. ૯૩. પ્રશ્નવ્યાકરણ વૃત્તિ (અભયદેવસૂરિ) પૃ.૮૯. |
| ૪૬૬ | દંડ અણગાર | આવ.નિ.૧૨૭૭. આવ.વૃત્તિ. (હરિભદ્ર-સૂરિ) પૃ. ૬૬૭. આવ.ચૂ.૨. પૃ.૧૫૫. |

| મરણસમાધિ ગાથા નં. | નામ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|
| ૪૬૭-૪૬૮ | સુકોશલ મુનિ | સંસ્તારક-૬૩.આવ.સૂ. પૃ.૨૭. ઉત્ત.વૃ. (કમલાસ્વામી) પૃ. ૫૫ |
| ૪૬૯-૪૭૪ | વજ્રસ્વામી | આવ.ચૂ.૧. ૩૮૧-૪૦૬, ૫૪૩. આવ.નિ. ૭૬૫, ૯૪૪, ૧૧૩૮. વિ.આ.ભા. ૨૭૭૪,૨૯૮૧, ઓઘ.નિ. ૪૫૬. નિશીથ ચૂ.૩. પૃ.૪૨૫. |
| ૪૭૫ | અરણિક મુનિ | ઉત્ત.નિ.પૃ.૯૦. ઉત્ત.ચૂ.પૃ.૫૮, આવ.ચૂ.૨ પૃ. ૯૩. જીતકલ્પભાષ્ય. ૮૧૮ |
| ૪૭૯ | ચાણક્ય | આવ.ચૂ. પૃ.૪૫૬-૫. આવ.ચૂ. પૃ.૪૯, જીતકલ્પભાષ્ય. ૧૩૧. |
| ૪૮૦-૪૮૫ | ઈલાપુત્ર | આવ.નિ.૮૪૭,૮૬૬,૮૭૯. આવ.ચૂ.૧. પૃ. ૪૮૪, ૪૯૮. |

## પરિશિષ્ટ-૨ (બ) મરણસમાધિ ગ્રંથમાં આવતાં દ્રષ્ટાંતોના આગમ અને અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખ-(૨)

| મરણસમાધિ ગાથા નં. | નામ | પરિષહ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|---|
| ૪૮૬ | હસ્થિમિત્ર | ક્ષુધા.- | ઉત્ત.ચૂ.પૃ.૫૩.ઉત્ત.નિ. તથા ઉત્ત.સૂ. પૃ.૮૫. |
| ૪૮૭ | ધનમિત્ર | તૃષ્ણા.- | ઉત્ત.નિ. તથા ઉ.સૂ. પૃ.૮૭. ઉત્ત.ચૂ. પૃ.૫૫. |
| ૪૮૯ | ચારમુનિ. | શીત.- | મ.સ. |
| ૪૯૦ | અરહન્નક | ઉષ્ણ.- | ઉત્ત.નિ.પૃ.૯૦. ઉત્ત.ચૂ.પૃ.૫૮, ઉત્ત.સૂ.પૃ.૯૦, આવ.ચૂ.૨. પૃ.૯૩. કલ્પસૂત્રવૃત્તિ.(સમયસુંદર) પૃ.૨૭૦. પાક્ષિકસૂત્ર વૃત્તિ.(યશોદેવ)પૃ.૨૪ જીતકલ્પભાષ્ય. ૮૧૮. વ્ય.ભા. ૩૩૫૦. |
| ૪૯૧ | રાહાચાર્ય. | અરતિ.- | ઉત્ત.નિ.અને ઉત્ત.સૂ. પૃ.૯૯, ૧૦૦. ઉત્ત.ચૂ. પૃ.૬૨. |
| ૪૯૧ | સ્થૂલભદ્ર | સ્ત્રી.- | આ.વ.ચૂ.૨. પૃ.૧૮૩. ઉત્ત.સૂ. પૃ.૧૦૫. તિત્થોદ્ગાલિક ૭૪૨. નંદીસૂત્ર ૨૪. આવ.સૂ.૧. પૃ.૫૫૪, ૨ જો ભાગ પૃ.૧૮૬. ઉત્ત.ચૂ. પૃ.૬૬. બૃહત્કલ્પ ભાષ્ય. ૨૧૬૪-૫. કલ્પસૂત્ર વૃત્તિ. (લક્ષ્મીવલ્લભ) પૃ. ૧૬૧. નિશીથચૂર્ણિ ૨. પૃ.૩૬૧. આવ.ચૂ.૨. પૃ.૧૫૫. |

| મરણસમાધિ ગાથા નં. | નામ | પરિષહ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|---|
| ૪૯૨ | દત્તમુનિ | ચર્યા. | નિશીથચૂર્ણિ ૩. પૃ.૪૦૮, ઉત્ત.ચૂ. પૃ.૬૭. પિંડનિર્યુક્તિ ભાષ્ય.૪૦. પિંડ નિ. ૪૨૭ (મલયગિરિ) પૃ.૧૨૫-૬. |
| ૪૯૩ | કુરુદત્તપુત્ર | નૈષધિકી | સંસ્તારક ૮૫. ઉત્ત.ચૂ. પૃ.૬૫. ઉત્ત. સૂ. પૃ.૧૦૯. |
| ૪૯. | ગજસુકુમાલ | નૈષધિકી | (ગાથા ૪૩૨,૪૩૩ પ્રમાણે) |
| ૪૯૪ | સોમદત્ત આદિ. | શય્યા | ઉત્ત.ચૂ. પૃ.૬૯. ઉત્ત.નિ. અને ઉત્ત.સૂ. પૃ.૧૧૧. |
| ૪૯૫ | મથુર તથા અર્જુન | આક્રોશ | અંતગડ-૧૩. ઉત્ત. પૃ.૧૧૨-૩. ઉત્ત.ચૂ. પૃ.૭૦. |
| ૪૯૬ | ખંધક મુનિ-શિષ્યો | વધ | નિશીથચૂર્ણિ ૪. પૃ.૧૨૭. ઉત્ત. નિ. પૃ. ૧૧૪-૫. ઉત્ત.ચૂ. પૃ.૭૩. ઉત્ત.સૂ. પૃ.૧૧૪-૫. જીતકલ્પ ભા. ૫૨૭, ૨૪૯૭-૮, આવ.ચૂ. પૃ.૨૩૫-૬. બૃહ.ભા. ૩૨૭૨-૪, ૫૫૮૩. બૃહ.વૃત્તિ (ક્ષેમકીર્તિ) પૃ.૧૩૩૫, ૧૪૭૮. |
| ૪૯૭ | ગીતાર્થ મુનિ | યાચના | મ.સ. |
| ૪૯૭ | કૃષ્ણ | અલાભ | ઉત્ત.૨૨.૮. અંતગડ.૯-જ્ઞાતા-૧૨૬-૭. |
| ૪૯૮ | ઢંઢ અણગાર | અલાભ | ઉત્ત.ચૂ. પૃ.૭૬. ઉત્ત.સૂ. પૃ.૧૧૯ આવ. પૃ.૨૭. આવ.ચૂ. પૃ.૭૫, ૩૭૪. |
| ૪૯૯ | કાલવેશિક | રોગ | ઉત્ત.નિ. પૃ.૧૨૦. ઉત્ત.ચૂ. પૃ.૭૭. આવ.ચૂ. પૃ.૧૧૨. |

| મરણસમાધિ ગાથા નં. | નામ | પરિષહ | આગમ અને અન્ય ગ્રંથો |
|---|---|---|---|
| ૫૦૦ | ભદ્રમુનિ | તૃણસ્પર્શ | ઉત્ત.નિ. અને ઉત્ત.સૂ. પૃ.૧૨૨. ઉત્ત.ચૂ. પૃ.૭૯. |
| ૫૦૧ | સુનંદ શ્રાવક | જલ્લ | ઉત્ત.નિ. અને ઉત્ત.સૂ. પૃ.૧૨૩. ઉત્ત.ચૂ. પૃ.૮૦. |
| ૫૦૨ | ઈંદ્રદત્ત | સત્કાર | ઉત્ત.ચૂ. પૃ.૮૨. ઉત્ત.નિ. પૃ.૧૨૫-૬. |
| ૫૦૩ | આર્યકાલક | પ્રજ્ઞા | ઉત્ત.ચૂ.પૃ.૮૩.ઉત્ત.નિ. પૃ.૧૨૭ બૃહ.ભાષ્ય. ૨૩૯.સ્થા. (અભયદેવસૂરિ) પૃ.૩૩૨. આવ. ચૂ.૨. પૃ.૨૫. |
| ૫૦૩ | અંષાઢાભૂતિ | દર્શન | નિશીથચૂર્ણિ ૧. પૃ.૨૦. સમવાયાંગ-પૃ. ૧૧૮. ઉત્ત.નિ. અને ઉત્ત.સૂ. પૃ.૧૩૩. ઉત્ત.ચૂ. પૃ.૮૭. દસ.વૈ.ચૂ. પૃ.૯૬-૧૦૩. |
| | તિર્યંચોના દ્રષ્ટાંતો | | |
| ૫૦૮-૫૧૦ | મત્સ્ય | | મ.સ. |
| ૫૧૧ | વાનર જૂથપતિ | | આવ.નિર્યુ. વિ.આ.ભા. આરા. પતા. |
| ૫૧૨-૫૨૦ | સિંહસેન ગજવર | | દૃષ્ટિવાદ |
| ૫૨૨-૫૨૩ | બે સર્પ | | આરા.પતા. |

## પરિશિષ્ટ-૩ ઉપયોગમાં લીધેલ પુસ્તકોની સૂચિ


| | |
|---|---|
| અભિધાન રાજેન્દ્ર કોશ- | વિજયરાજેન્દ્રસૂરિશ્વરજી વિરચિત. શ્રી જૈન પ્રભાકર પ્રિન્ટીંગ પ્રેસ-રતલામ. વિ.સં.૧૯૭૦. |
| અનુત્તરોપપાતિક દશા- | શ્રી ઘાસીલાલજી વિરચિત-નિયોજક-કન્હૈયાલાલ. શાન્તિલાલ મંગલદાસ-રાજકોટ. બીજી આવૃત્તિ વિ.સં.૨૦૧૫. ઈ.સ. ૧૯૫૯. |
| અંતિમ સાધના- | સંગ્રાહક-સંપાદક-આચાર્યશ્રી હેમસાગરસૂરિ પ્રકાશક-ધનજીભાઈ દેવચંદ, ૫૭/૫૪, મિરજા-સ્ટ્રીટ. મુંબઈ-૩. વિ.સં.૨૦૨૧- ઈ.સ.૧૯૬૨. |
| આગમ સાર સંગ્રહ- | લલિતવિજયજી-પ્રકાશન-શ્રી કર્પૂર પુસ્તકાલય-સમૌ વિ.સં. ૧૯૯૦. |
| આચારાંગ સૂત્ર- | મૂળ ભાષાંતર-રવજીભાઈ દેવરાજ તથા જૈન સ્કોલર્સ (મોરબી) જૈન પ્રિન્ટીંગ પ્રેસ. અમ. ઈ.સ.૧૯૦૨. |
| આરાધના સાર- | મૂળ તથા અનુવાદ.સંપાદક-અનુવાદક-કનકવિજયજી મહારાજ. પ્રકાશક આ.શ્રી વિજયદાન-સૂરિ જૈન ગ્રંથમાલા, સુરત. વિ.સં. ૧૯૯૭. ઈ.સ.૧૯૪૦. |
| આવશ્યક નિર્યુક્તિ ભાગ-૨- | શ્રી હરિભદ્રસૂરિ પ્રકાશક-ભેરુલાલ કનૈયાલાલ કોઠારી. |
| ઈસિભાસિયાઈ | સંસ્કૃત ટીકા, હિન્દી ગુજરાતી અનુવાદ-ટિપ્પણો. અનુવાદક-સંપાદક-પં.મુનિ શ્રી મનોહર મુનિ. સંશોધક-પં.નારાયણરામ આચાર્ય. (કાવ્ય-ન્યાયતીર્થ) પ્રકાશક-સુધર્મા જ્ઞાન મંદિર, મુંબઈ-૪. ઈ.સ. ૧૯૬૩. |
| ઈસિભાસિય-એક અધ્યયન- | ડૉ.સાગરમલ જૈન,પ્રાકૃત ભારતી સંસ્થાન,જયપુર. |
| ઉત્તરાધ્યયન- | નેમિચન્દ્રાચાર્ય વિરચિત વૃત્તિ. સંપાદક-સંશોધક-વિજયોમંગસૂરિ. વિ.સ.૧૯૯૩. ઈ.સ. ૧૯૩૭. |

ઉત્તરાધ્યયન સૂત્ર- અનુવાદક-મુનિ શ્રી સૌભાગ્યચંદ્રજી. પ્રકાશક-બુધાભાઈ મહાસુખભાઈ શાહ, સાબરમતી (ગુજ.) વી.સં. ૨૪૬૦. વિ.સં. ૧૯૯૧.

ઉત્તરાધ્યયન સૂત્ર - શ્રીમદ્ ભાવવિજયજી ગણિ વિરચિત વિવૃત્તિ. પ્રકાશક - જૈન આત્માનંદ સભા. ભાવનગર. વિ.સં. ૧૯૭૪. ઈ.સ. ૧૯૧૮.

ઉત્તરાધ્યયન સૂત્ર - પ્રિયદર્શીની ટીકા. ઘાસીલાલજી, પ્રકાશક-અખિલ ભારતીય શ્વેતાંબર, સ્થા.જૈન.શાસ્ત્રોદ્ધાર સમિતિ. પ્રમુખ (શાંતિલાલ મંગલદાસ) રાજકોટ.

ઉત્તરાધ્યયન સૂત્ર - અનુ. ટિપ્પણ-ભોગીલાલ જ. સાંડેસરા

ઉપદેશમાલા - ધર્મદાસ ગણિ-સ્વાધ્યાય ગ્રંથ, સંદોહ. પ્રકા-સારા ભાઈ જેસીંગભાઈ. પતાસાની પોળ, અમદાવાદ.

ઉપદેશમાલા - ટીકાકાર રામવિજયજી ગણિકૃત સટિક હિન્દી ભાષાંતરકાર મુનિ પદ્મવિજયજી. સંશોધક મુનિ નેમિચન્દ્ર. પ્રકાશક-નિગ્રંથ સાહિત્ય પ્રકાશન સંઘ, દિલ્હી. ઈ.સ. ૧૯૭૧.

ઉપાસકાધ્યમન- સોમદેવસૂરિ. અનુ-સંપા. પં. કૈલાશચન્દ્ર શાસ્ત્રી. પ્રકા. ભારતીય જ્ઞાનપીઠ વારાણસી.

કાવ્યમાલા - સપ્તમોગુચ્છક. પ્રકા. પાંડુરંગ જીવાજી, નિર્ણયસાગર પ્રેસ. મુંબઈ ૧૯૨૬.

ગચ્છાચાર પયન્ના- સંયોજક-રાજેન્દ્રસુરિ, પ્રકાશક-ભૂપેન્દ્રસૂરિ જૈન સાહિત્ય સમિતિ-આહોર (મારવાડ) વિ.સં. ૨૦૦૨. ઈ.સ. ૧૯૪૫.

ગોમ્મટસાર- ગોમ્મટસાર સંગ્રહ-પરમશ્રુત પ્રભાવક મંડળી. શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ. અગાસ.

ચાર તીર્થંકર- પં.સુખલાલજી-પ્રકા. રસિકલાલ ડાહ્યાભાઈ વોરા. મુંબઈ વી.સં. ૨૪૮૫.

જીતકલ્પસૂત્ર- સંશોધક-પુણ્યવિજયજી, પ્રકા. બબલચંદ કેશવલાલ મોદી. અમ. વિ.સં. ૧૯૯૪.

જૈનાગમ સ્વાધ્યાય- શ્રી દલસુખભાઈ માલવણિયા. પ્રકા. ડૉ. કે. આર. ચન્દ્રા. પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ. ૩૭૫, સરસ્વતીનગર, આઝાદ સોસાયટી, અમ.૧૫. પ્રકા. વર્ષ. ૧૯૯૧.

જૈન ગ્રંથાવલી- જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ. ઈન્દુ-પ્રકાશ સ્ટીમ પ્રેમ. વી.સં. ૨૪૩૫. વિ.સં. ૧૯૬૫.

જૈન ધર્મચિંતન - દલસુખભાઈ માલવણિયા, સંપાદક-રતિલાલ દીપચંદ દેસાઈ. પ્રકાશક-કે. આર. ચન્દ્રા. પ્રાકૃત જૈન વિદ્યા વિકાસફંડ. ૧૯૯૧.

જૈન ધર્મપ્રકાશ- ૧૯૩૯, ઉત્થાન, મહાવીરાંક લેખ. પાર્શ્વનાથના મહાવીરકાલીન સંઘનું ચિત્ર. શ્રીદલસુખભાઈ માલવણિયા

જૈનધર્મવરસ્તોત્ર- ભ વપ્રભસૂરિ, સંપા. હીરાલાલ રસિકલાલ, પ્રકા.- દે ાચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સિરિઝ ૮૪.

જૈનધર્મનો પ્રાણ- પં.સુખલાલજી, પ્રકા.રતિલાલ દીપચંદ દેસાઈ, જ્ઞાનોદય ટ્રસ્ટ, ગ્રંથાંક ૪. ૧ લી આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૨. વિ.સં. ૨૦૨૧. વી.સ. ૨૪૯૧.

જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ- મૂર્તિદેવી જૈન ગ્રંથમાલા, ભારતીય જ્ઞાનપીઠ વારાણસી, પ્રકા.-સંપા.-ડૉ. હીરાલાલ જૈન. વિ.સં. ?૦૦૦. ઈ.સ. ૧૯૪૪.

જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ હીરાલાલ કાપડિયા, પ્રકા. મુક્તિમલ જૈન, મોહનલાલ, વડોદરા. વિ.સં.૨૦૨૫, ઈ.સ.૧૯૬૮.

જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ ૨. અંગબાહ્ય આગમ. જગદીશચન્દ્ર જૈન, મોહનલાલ મહેતા. વર્ષ ૧૯૬૬, પ્રકા.-પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન, વારાણસી.

જ્યોતિષકરંડકસૂત્ર- મલયગિરિકૃત (વૃત્તિયુક્ત) પ્રકાશિકા-ઋષભદેવ કેસરીમલ શ્વેતાંબર સંસ્થા, રતલામ. વિ.સ. ૧૯૮૪. ઈ.સ. ૧૯૨૮.

| | |
|---|---|
| જ્ઞાનાંજલિ- | પુણ્યવિજયજી સ્મૃતિ ગ્રંથ, સંપા-રતિલાલ દીપચંદ દેસાઈ, મહાવીર વિદ્યાલય, મુંબઈ. |
| તિત્થોગાલી- | પ્રકા.-શ્વેતાંબર (ચાર થુઈ) જૈન સંઘ, ઝાલોર-તખતગઢ (પાલિ), શ્રી અચલચંદ જોઈતામલ બાલગોતા. ઓઠવાડા (ઝાલોર), ઈ.સ. ૧૯૭૫. |
| તિત્થોગાલી- | પન્યાસ કલ્યાણ વિજયજી ગણિવર (સંશોધક, સંપાદક, અનુ.છાયા.) ઠાકોર ગજસિંહ રાઠોડ, ન્યાયવ્યાકરણ તીર્થ. |
| તિત્થોગાલી અધ્યયન- | શ્રી દલસુખભાઈ માલવણિયા-જિનવિજયજી અભિનંદન ગ્રંથ. પ્રકા.-મુનિ જિનવિજયજી સન્માન સમિતિ, જયપુર-૧૯૭૧. |
| દશાશ્રુતસ્કંધ સૂત્ર- | ઘાસીલાલ વિરચિત, નિયોજક-કન્હૈયાલાલજી, શાંતિલાલ મંગળદાસ. રાજકોટ (સૌરાષ્ટ્ર) બીજી આવૃત્તિ-વી.સં. ૨૪૮૬, વિ.સં. ૨૦૧૬. ઈ.સ.૧૯૬૦. |
| દસવૈકાલિક સૂત્ર અથવા શ્રમણસાર અને વીરસ્તુતિ- | પ્રકા.-બુધાભાઈ મહાસુખરામ શાહ, ઈ.સ. ૧૯૫૩. |
| ધ્યાનશતક- | ગુજરાતી ભાવાર્થ વિવેચન-ભાનુવિજયજી ગણિવર, પ્રકા.-દિવ્યદર્શન કાર્યાલય-કાળુશીની પોળ, અમદાવાદ. વિ.સ. ૨૦૨૭. |
| નન્દીસૂત્ર- | શ્રીદેવવાચક વિરચિત-હરિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત સંશોધક-પુન્યવિજયજી. પ્રાકૃત ગ્રંથ પરિષદ, વારાણસી. વિ.સં. ૨૦૨૩. |
| નન્દીસૂત્ર- | શ્રીદેવવાચક વિરચિત-જિનદાસગણિમહત્તર વિરચિત ચૂર્ણિ. સંશો. પુન્યવિજયજી. પ્રાકૃત ગ્રંથ પરિષદ, વારાણસી. વિ.સં. ૨૦૨૨. |
| નવપદપ્રકરણ- | આચાર્ય દેવગુપ્તસૂરિ, પ્રકા.-દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, વિ.સં. ૧૯૮૨. |

નિર્યુક્તિ સંગ્રહ- પૂ.આ.શ્રી વિજયસુરિશ્વર પટ્ટધર આ.શ્રી વિજય-જીતેન્દ્રસૂરિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખા બાવલ, શાંતિપુરી (સૌરાષ્ટ્ર).

નિશીથસૂત્ર- ભા-૩, સંપા.-ઉપા.કવિ અમર મુનિ, મુનિ શ્રી કન્હૈયાલાલજી, પ્રકા.-સન્મતિ જ્ઞાનપીઠ લોહામંડી (આગરા) ૧૯૬૦.

નિશીથસૂત્ર- ૪થો ભાગ, સંપા.-પૂ. આગમોદ્ધારક સૂર્યોદય સાગર, પ્રકા.-શ્રેષ્ઠીદેવચંદ લાલભાઈ, વી.સં. ૨૫૦૦.

પંચાશક- પ.પૂ.શ્રી હરિભદ્રસૂરિ વિરચિત-પ.પૂ. શ્રી અભય દેવસૂરિકૃત ટીકાસહિત, ભાવાનુવાદ કર્તા મુનિ શ્રી રાજશેખર વિજયજી, પ્રકા.- પંચાશક પ્રકાશન સમિતિ, નવસારી, વિ.સં. ૨૦૩૪.

પઈણ્ણયસુત્તાઈ- ભાગ-૧, મુનિ શ્રી પુણ્યવિજયજી, અમૃતલાલ ભોજક, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૮૪.

પઈણ્ણયસુત્તાઈ- ભાગ-૨, સંપા.- પુણ્યવિજયજી, અમૃતલાલ ભોજક, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૮૭.

પ્રવચન કિરણાવલી- લેખક-વિજય પદ્મસૂરિશ્વરજી, સંપા.-પૂજ્ય પં.શ્રી શીલચન્દ્રવિજયજી ગણિ, પ્રકા.-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, રાધનપુરી બજાર, ભાવનગર. આવૃત્તિ.૨, ઈ.સ.૧૯૮૭.

પ્રવચન સારોદ્ધાર- ભાષાંતર કર્તા-પં.શ્રાવક હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), પ્રકા.-મોહનલાલ ગોવિંદજી (પાલીતાણા) સન-૧૯૨૧.

પ્રજ્ઞાપનાસૂત્ર- કન્હૈયાલાલજી, પ્રકા.-અ.ભા.શ્વે.સ્થા.જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, પ્રમુખ-શાંતિલાલ મંગળદાસ, રાજકોટ (સૌરાષ્ટ્ર), પ્રથમ આવૃત્તિ-વી.સં. ૨૫૦૦, વિ.સં. ૨૦૩૦, ઈ.સ. ૧૯૭૪.

પકખીસૂત્ર ટીકા- યશોદેવસૂરિ, દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, ગ્રંથાંક-૪, ઈ.સ. ૧૯૧૧, વિ.સં. ૧૯૬૭, વી.સં.૨૪૩૭.

પાક્ષિક સૂત્ર- શ્રમણસૂત્રાદિ સંગ્રહ (સંસ્કૃત ગુજરાતી) મૂલચંદભાઈ ઝવેરચંદ (પાલીતાણા) વી.સં. ૨૪૫૯, વિ.સં. ૧૯૮૯.

પાક્ષિકસૂત્ર વૃત્તિ- સંપા.-સાગરાનંદસૂરિ, પ્રકા.-દેવચંદ લાલજીભાઈ સૂરત, ઇ.સ. ૧૯૧૧.

બૃહત્કથાકોશ- હરિષેણાચાર્ય, સંપા-આદિનાથ ઉપાધ્યે. પ્રકા.-ભારતીય વિદ્યાભવન, મુંબઈ-ઈ.સ.૧૯૪૩

બૃહટ્ટિપ્પનિકા- જૈન સાહિત્ય સંશોધક.૧.૨. પૂના-૧૯૨૫.

ભગવતીસૂત્ર- પં.ઘેબરચંદ બાંઠિયા 'વીરપુત્ર', પ્રકા.-અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન રક્ષક સંઘ, સેલાના - ઈ.સ. ૧૯૭૦.

ભગવતી આરાધના- સંપાદક, અનુવાદક-કૈલાશચન્દ્ર શાસ્ત્રી, પ્રકા.-બાલબ્રહ્મચારી શ્રી હિરાલાલ ખુશાલચંદ દોશી, ફલટણ (બાખરીકર) ઈ.સ. ૧૯૯૦.

ભગવતીસાર - ગોપાલજી જીવાભાઈ, પ્રકા. જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ,અમદાવાદ. ૧લી આવૃત્તિ-ઈ.સ.૧૯૩૮.

મૃત્યુની મંગળ પળે - ડૉ. ભાનુમતી એચ. શાહ - પ્રકાશન. પાર્શ્વ પબ્લીકેશન. અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. ઈ.સ. ૧૯૯૬.

મૃત્યુ મહોત્સવ - પ્રકા.-ચુનીલાલ વાડીલાલ કાપડિયા. શક્તિ પ્રિન્ટરી, અમદાવાદ. વિ.સં.૨૦૨૮, ઈ.સ. ૧૯૭૧.

મૃત્યુ મીમાંસા - ડૉ. સુરેશ વકીલ, પ્રકા.-સ્વપ્નિલ પ્રકાશન. વઢવાણ. પ્ર.આવૃ. ઈ.સ. ૧૯૮૮.

મૂલાચાર સટીક - સંપા.-વટ્ટકેરાચાર્ય, પ્રકા.-માણેકચંદ દિગંબર જૈન ગ્રંથમાલા સમિતિ, વિ.સં. ૧૯૭૭.

મોત પર મનન - કર્તા-ફીરોજ કાવસજી દાવર, આવૃત્તિ-૧. પ્રકા.-ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૭.

યોગ શતક - સંપા.-ઈન્દુકલા હીરાચંદ ઝવેરી, પ્રકા. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. ઈ.સ. ૧૯૪૭.

વિચારસાર પ્રકારણ - પ્રદ્યુમ્નસૂરિ વિરચિત, માણેકસાગર વિરચિત છાયા. પ્રકા. આગમોદ્ધાર સમિતિ. મહેસાણા. વિ.સં. ૧૯૭૯, ઈ.સ. ૧૯૨૩.

વિધિમાર્ગપ્રપા - સંપા.-જિનવિજયજી, પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત. (ગ્રંથાંક-૪૪). પ્રકા.-ઝવેરી મૂલચંદ હીરાચંદ, વિ.સં. ૧૯૯૭.

વિશેષાવશ્યક ભાષ્ય - ભા-૩, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, શ્રી દલસુખભાઈ માલવણિયા, પ્રકા.-લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.

વિશ્વ ધર્મ દર્શન - સાવલિયા બિહારીલાલ શર્મા. પ્રકા.-બિહાર રાષ્ટ્રભાષા પરિષદ સમ્મેલન ભવન, પટના,આવૃત્તિ-૧,વિ.સં.૨૦૦૯. ઈ.સ.૧૯૫૩.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર - મધુકર મુનિ, ઈ.સ. ૧૯૮૨.

વૈરાગ્યની સજઝાય - ઉદયરત્નસૂરિકૃત. શ્રી જૈન સજઝાય સંગ્રહ, સંપા.- સારાભાઈ મણિલાલ નવાબ. શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલી. (પૃ.૯.) વિ.સં. ૧૯૯૬. ઈ.સ. ૧૯૪૦.

સંવેગરંગશાળા - અનુવાદક સંપાદક-પૂજ્ય ભદ્રંકરસૂરિશ્વર, પ્રકાશક-વિજય અણસુર મોટો ગચ્છ, સાણંદ (જિ. અમદાવાદ) વિ.સં.૨૦૩૨, વીર સં.૨૫૦૨.

સણતુકુમાર ચરિય - સંપા.-હરિવલ્લભ ચૂ. ભાયાણી, મધુસૂદન ચિ. મોદી, પ્રકા.-લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ૧લી આવૃત્તિ, ઈ.સ.૧૯૭૪.

શબ્દચિંતામણી - સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ, યોજક-સવાઈલાલ વિ. છોટાલાલ વોરા. પ્રકા.-દોલતરામ મગનલાલ શાહ-વડોદરા, ઈ.સ.૧૯૦૦.

સમવાયાંગસૂત્ર - કન્હૈયાલાલ મહારાજ, અ.ભા.શ્વે.સ્થા.જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, પ્રમુખ-શ્રી શાંતિલાલ મંગળદાસ રાજકોટ-૧૯૬૨.

સમવાયાંગસૂત્ર - મધુકર મુનિ, આગમ પ્રકાશક સમિતિ, વ્યાવર (રાજસ્થાન)

સમાધિમરણ - મુનિ દીપરત્નસાગર, પ્રકા.-અભિનય ગ્રંથ પ્રકાશન, પ્ર.જે.મહેતા (જામનગર) ઈ.સ.૧૯૯૦

સમાધિમરણ - પૂ.બ્ર.શ્રી.ચુનીલાલજી દેસાઈ (રાજકોટવાળા) મહાવીર જૈન આરાધના કેન્દ્ર (કોબા).

સમાધિમરણોત્સાહદીપક - આચાર્ય શ્રી સકલ કીર્તિ વિરચિત, અનુ.- હીરાલાલ સિદ્ધાંત શાસ્ત્રી, સંપા.-દરબારીલાલ ન્યાયાચાર્ય, પ્રકા.-વીર સેવામંદિર ટ્રસ્ટ, ૧૯૬૪, સપ્ટેમ્બર.

સર્વદર્શન સંગ્રહ - મધ્વાચાર્ય.

સહજ સમાધિ - પૂજ્ય વિજય કલાપૂર્ણસૂરિશ્વરજી, પ્રકા. ડૉ. યુ.પી. દેઢિયા, મહાવીર તત્વજ્ઞાન પ્રચારક મંડળ અંજાર (કચ્છ) વિ.સં. ૨૦૪૭.

સૂત્રકૃતાંગસૂત્ર - ઘાસીલાલજી મહારાજ, પ્રકા. શાંતિલાલ મંગલદાસ (રાજકોટ), અ.ભા.સ્થા.જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ પ્રમુખ, ઈ.સ. ૧૯૬૯.

સ્થાનાંગસૂત્ર - મધુકર મુનિ, આગમ પ્રકાશન સમિતિ, વ્યાવર (રાજસ્થાન), ઈ.સ. ૧૯૮૧.

સ્થાનાંગ-સમવાયાંગ - ગુજરાતી અનુવાદ-શ્રી દલસુખભાઈ માલવણિયા, પ્રકા.-પૂંજાભાઈ જૈન ગ્રંથમાલા. ઈ.સ. ૧૯૫૫.

# પુસ્તકમાં આવતા સંકેત ચિન્હો

| | | | |
|---|---|---|---|
| ૧. | અંત. | = | અંતકૃતદશાંગ. |
| ૨. | અનુ.પ્રપા. | = | અનુત્તરોપપાતિકદશા. |
| ૩. | આચા.નિ. | = | આચારાંગ નિર્યુક્તિ. |
| ૪. | આચા.વૃત્તિ | = | આચારાંગ વૃત્તિ. |
| ૫. | આવ.સૂ. | = | આવશ્યક સૂત્ર. |
| ૬. | આવ.ચૂ. | = | આવશ્યક ગૂર્ણિ. |
| ૭. | આવ.વૃત્તિ. | = | આવશ્યક વૃત્તિ. |
| ૮. | આવ.નિ. | = | આવશ્યક નિર્યુક્તિ. |
| ૯. | આતુ. પ્ર. | = | આતુર પ્રત્યાખ્યાન. |
| ૧૦. | આરા. પતાકા. | = | આરાધના પતાકા. |
| ૧૧. | આરા. પ્રકરણ | = | આરાધના પ્રકરણ. |
| ૧૨. | ઉત્ત. સૂ. | = | ઉત્તરાધ્યયન સૂત્ર. |
| ૧૩. | ઉત્ત. નિ. | = | ઉત્તરાધ્યયન નિર્યુક્તિ. |
| ૧૪. | ઉત્ત. ચૂ. | = | ઉત્તરાધ્યયન ચૂર્ણિ. |
| ૧૫. | ઉત્ત. વૃત્તિ. | = | ઉત્તરાધ્યયન વૃત્તિ. |
| ૧૬. | ઓઘ. નિ. | = | ઓઘ નિર્યુક્તિ. |
| ૧૭. | જ્ઞાતા. | = | જ્ઞાતાધર્મકથા. |
| ૧૮. | દસ.વૈ.સૂ. | = | દસવૈકાલિક સૂત્ર. |
| ૧૯. | નિશીથ ચૂ. | = | નિશીથચૂર્ણિ. |
| ૨૦. | પિંડ નિ. | = | પિંડ નિર્યુક્તિ. |
| ૨૧. | બૃ. | = | બૃહત્કલ્પ. |
| ૨૨. | બૃહ.ભા. | = | બૃહત્કલ્પભાષ્ય. |
| ૨૩. | બૃહ.વૃત્તિ | = | બૃહત્કલ્પસુત્રવૃત્તિ. |
| ૨૪. | ભ.પ. | = | ભક્તપરિજ્ઞા. |
| ૨૫. | ભગ.આરાધના. | = | ભગવતી આરાધના. |
| ૨૬. | મ.સ. | = | મરણસમાધિ. |
| ૨૭. | મહા.પચ્ચ. | = | મહાપચ્ચક્ખાણ. |
| ૨૮. | વ્ય.ભાષ્ય. | = | વ્યવહારભાષ્ય. |
| ૨૯. | વિ.આ.ભા. | = | વિશેષાવશ્યક ભાષ્ય. |
| ૩૦. | સ્થા. | = | સ્થાનાંગ સૂત્ર. |
| ૩૧. | સ્થા. વૃત્તિ. | = | સ્થાનાંગ વૃત્તિ. |
| ૩૨. | સંથા.પઈ. | = | સંથારગ પઈણ્ણય. |

❖ ❖

# MARAṆA-SAMĀDHI

## Dr. Aruna Mukundkumar Lattha

The traditional division of the Ardhămagadhi Jain Āgamas into six classes, viz. Anga, Upānga, Mula-Sutra, Cheda-Surta, Prakirnaka and Chulikā-Sutra are well known. MARANASAMĀDHI is one of the ten Prakirnakas. Its extent is 661 Gāthās. It is in the form of the Guru - Śisya dialogue. Its main theme of the work is to show and prescribe the optimum mode of dying voluntarily when one approaches one's end.

With that aim in view various modes of dying are discussed. The method and means of achieving the Samādhi-maraṇ are laid down. Incidentally Jain tenets for leading a prior life are preached Legendary Examples of many men, women and even animals are given - who left their bodies by adopting the Supreme mode of dying and who observed equanimity and tolerance till the last moment. Numerous instructive remarks of respected Ācāryas are cited and references to the Āgamic tradition are given. We have compared this Jain view of the Samadhimarana with the views of the Vaidika and Buddhist traditions and some current thinking about life and death.

This is the first critical and comparative study of the Maraṇa-Samādhi in Gujarati.